ભટ્ટ મોક્ષ મૂલર કૃત

ધર્મની ઉત્પત્તિ તથા વૃદ્ધિવિષેનાં ભાષણ.

ગુજરાતીમાં

૧૬૨૭

ભાષાન્તરકર્ત્તા

બેહેરામજી મેરવાનજી મલબારી

તથા

નવરોજી મંચેરજી સોબેહજીના.

સુધારીવધારી પ્રસિદ્ધકર્ત્તા

બેહેરામજી મેરવાનજી મલબારી

મુંબઈ:
ફોર્ટ પ્રિંટિંગ પ્રેસ,
નો૦ ૧ લો, માપલા બિલડિંગ.

મુંબઈ: સન ૧૮૮૧. સંવત ૧૯૩૮.

PROFESSOR MAX MÜLLER'S

HIBBERT LECTURES

ON

THE ORIGIN AND GROWTH

OF

RELIGION.

TRANSLATED INTO GUJARATI

BY

BEHRAMJI M. MALABARI

AND

NAVROJI M. MOBEDJINA.

EDITED AND PUBLISHED, WITH SUPPLEMENTARY CHAPTERS,

BY

BEHRAMJI M. MALABARI.

Bombay:

PRINTED AT THE "FORT PRINTING PRESS."

1881.

મહારાજાધિરાજ મહારાજ જામશ્રી વિભાજી,

સંસ્થાન નવાનગરના અધિપતિ.

શ્રી કાઠિયાવાડના મારા પ્રવાસમાં આપ મહારાજ તરફથી મારો બહુ ઉત્તેજક સત્કાર થયો હતો. મહાવિદ્વાન્ "મોક્ષમૂલરભટ્ટ"નાં આ અનુપમ ભાષણનું ભાષાન્તર કરવાનો ઉદ્દેશ પણ મને પેહેલાં આપનાજ સંસ્થાનમાં થયો હતો; અને એ શુભ કાર્ય ઉપાડી લેવાની આપે અપેક્ષા દર્શાવી હતી—એ સઘળાંનું આ સમયે સ્મરણ થાયછે. એવા ગ્રંથ વાંચવા-વંચાવવાનો આપનો તો પેહેલાંથી નિયમ છે. આપના પૂજ્ય માતુશ્રીના વિયોગ અને એવાં બીજા કારણથી આ અભ્યાસ હાલ આપને અનુકૂળ લાગે એમ છે.

માટે આ લઘુ ગ્રંથ આપને અર્પણ કર્યોછે તેનો અંગીકાર કરી આપ મહારાજ સેવકનું પ્રયોજન પાવન કરશો.

ઈશ્વર આપના મનનું સમાધાન કરો; આપની ઔદાર્ય આશા સફળ કરો; અને વિજયી **વિક્તોરિયા**ના સામરાજ્યને પ્રતાપે અને સુજ્ઞ મંત્રી સમાજના આગ્રહથી પ્રજાની સંપત્તિનો વિસ્તાર વધતો રહો!

આપનો આજ્ઞાંકિત

પ્રસિદ્ધકર્ત્તા.

મુંબઈ, ૧૮૮૧.

To

His Highness

VIBHAJEE, JAM SAHIB of NAWANAGAR.

May it please your Highness,

I received a most encouraging welcome from your Highness during my travels in Kattywar. It was in your Highness's territory that the idea first suggested itself to me of translating these incomparable Lectures of Professor Max Müller. I am now reminded of this and of your Highness's desire to see the work taken in hand. Your Highness is accustomed to read such works and to have them read. Such studies are likely to prove congenial to your Highness just now owing to separation from your venerable Mother and such other causes.

Therefore, I beg your Highness to sanctify my labours by accepting this little work dedicated to you. May God restore you to peace and realise your generous expectations! May the extent of your people's prosperity be ever increasing under the protection of the universal sway of the Queen-Empress and the endeavours of an enlightened ministry.

THE PUBLISHER.

પ્રસ્તાવના.

———00———

ત્રણ વરસની વાતઉપર મેં મારા ઈંગરેજી પુસ્તકની કેટલીક પ્રત લંડનવાળી પરોપકારી બાઇ, **મિસ મૅનીંગની** મારફતે ત્યાંના થોડાક પ્રમુખ પુરૂષોઉપર મોકલી, તેમાં એક મહાવિદ્વાન **માકસ મઅલર**ઉપર. એ નાની ભેટ મોકલવાને મારે કાંઇ કારણ સરખું નહોતું ; અને તેનો સ્વીકાર કરવાને તેમને અવકાશ હોય એમ પણ નહોતું. તોપણ ઘણાખરા સદ્‌ગૃહસ્થોતરફથી થોડાંક સપ્તવારિયાંમાં ઉત્તર ફરીવળ્યા. એ સઘળા પત્રોમાં **માકસ મઅલરના** શુભ ઉપદેશથી મને બહુજ સંતોષ થયો, અને તે ઉપર આજસુધી હું અમલ કરતો આવ્યો છું:—"આપણે ઈંગરેજીમાં ગદ્ય લખિયે કે પદ્ય ; પણ એટલું તો કદી ભુલવું નહિ કે આપણા દેશની ઉત્તમ સેવા કરવી હોય તો તેના સારતમ વિચારો દર્શાવવાથીજ કરાશે." ગુરૂના ઉપદેશનું એ તાત્પર્ય. ઉપલા પત્રોજોડે કેટલાક વિદ્વાનોએ મારેમાટે પોતાનાં પુસ્તકો મોકલ્યાં—તેમાં પ્રતાપી **ઉલ્યમ ગ્લાડસ્તનના** નિબંધો, **અર્લ આફ શાફ્ટસબરી**નાં ભાષણો, અને વિશેષે કરી **માકસ મઅલરનાં હિબર્ત લેકચર્સ**, ઉપયોગી લાગ્યાં. આ તેજસ્વી ભાષણોવિષે મેં ઘણીવાર સાંભળ્યું હતું. એ ભાષણો કેવાં હશે તેની જાણે મને કાંઇક સહજ કલ્પના થઇ હતી. વાંચ્યાથી તો હું ધારતો તે કરતાં પણ વધારે ચિત્તવેધક લાગ્યાં. **માકસ મઅલરના** ઘણા મત મારા અનુકૂળ સમભાવને હરી લે તેવા—મહાપ્રતાપી આર્યપ્રજાવિષે એમના પ્રૌઢ વિચાર, સકલગુણ સંસ્કૃતવિષે એમના સુભાષિત અભિપ્રાય, એ પ્રજા તથા એ ભાષાના અનેક પરાક્રમવિષે એમના આનંદમિશ્રિત આશ્ચર્યના ઉભરા, એ સઘળાંનું સ્મરણ થતાંજ મારૂં મન લીન થઇગયું. એવા મહાભારત વિષય આ જગત્‌વિષે થોડાજ સમજવા; અને એવા વિષયનું વિવરણ કરનાર મહાપુરૂષ પણ થોડાજ. દુનિયાંમાં વિદ્વાનોતો બહુ પડયા છે. આપણા ભરતખંડમાંએ તેમની સંખ્યા કાંઇ થોડી નથી. યૂરપના વિદ્વાનોની તો ગણનાએ કેમ થઇ શકે ? તેમના વિદ્વત્તાના મહત્વને કોણ

પોહોંચી શકે ? તેમના કુશળ આગ્રહની આપણામાં તો અટકળ કરવાની પણ શક્તિ ન મળે. તોપણ આ સઘળી વિદ્વત્તાના સંચયમાં ઘણુંકરી ઇશ્વરી અંશની સ્ફૂર્ટ રહી જાય છે. **માકસ મઅલરની** બુદ્ધિ તેના વિસ્તારથી કે તેના ગાંભીર્યથી તો એટલીબધી પ્રદીપ્ત થયેલી ન કેહેવાય, પણ તેમાં જે જીવંત દૈવત છે તેથી કરી. સઘળા વિદ્વાનો દૈવિક જ્ઞાનના ભંડારો તો ખરા. પણ **માકસ મઅલર** ભટ્ટ. તો જેવા અખૂટ ભંડારી તેવા અખૂટ દાતા પણ છે. તેઓ પોતે **સમજી** શકે છે એટલુંજ નહિ, પણ બીજાને **સમજાવી** શકે છે. એ વિરલ ગુણ એમની બુદ્ધિનું પરિબળ છે. આ વિશ્વના અદ્રશ્ય પણ સર્વદર્શી આત્મા—તેનું જ્ઞાન મનુષ્ય આત્માને કેમ મળ્યું, એ સિદ્ધાંત જે બુદ્ધિને સફળ થયો તેમાં મનુષ્યકરતાં કાંઇક અધિક દૈવત હોવું જોઇયે.

એવા એવા તરંગ, **માકસ મઅલરનું** પુસ્તક વાંચતાં, મારા મનમાં ઉછળવા લાગ્યા. ઉપકારના આવેશમાં કર્ત્તાને એક પત્ર લખી પુછ્યું, કે તમારાં ભાષણો, જેની યુરપમાં એટલીબધી પ્રશંસા થઇ, તે મજસરખા અભ્યાસી કદાપી થોડાં ઘણાં સમજી શકે; પણ જે લાખો આર્યપુત્રો પરભાષાનો અભ્યાસ આદરતાજ નથી તેમને તો એ ભાષણો અગમ્ય શાસ્ત્ર જેવાંજ કે ? કર્તાએ પ્રેમયુક્ત ઉત્તર વાળતાં જણાવ્યું:—"એ ભાષણ રચતાં મારા ઇંગ્રેજી શ્રોતાજનકરતાં તમારા સ્વદેશી વાંચનાર તેવિષે શું કહેશે તેના વિચારમાં હું વધારે હતો—" "એનું સંસ્કૃતમાં ભાષાન્તર થયલું જોવાને મને બહુ અભિલાષા છે." મેં મારા મિત્રમંડળમાં એ વાત ચર્ચી જોઇ; પણ કોઇએ બીડું ઝડપ્યું નહિ. ત્યારે મેં ફરી પુછ્યું—"સંસ્કૃત તો માફ કરશો, પણ હાલ ગુજરાતીમાં હોય તો કેમ ?" "એ પણ ઠીકછે; તમારાં કામવિષે મને અત્યંત કાળજી રેહેશે. મને આશા છે કે તમને સઘળી રીતે આશ્રય મળશે. મને ભરોસો છે કે સરકાર પણ તમને સહાય કરશે," ઇત્યાદી લખી, કર્ત્તાએ સત્વર તેમ કરવાના મને સર્વાધિકાર આપ્યા. એમની આતુરતાથી ઉમંગ પામી મેં પણ મારા મનમાં ગાંઠ વાળી કે તનમનધન અર્પી આ કામ પાર પાડવું. ગુજરાતી તો કરવું; પણ ગમે એમ કરી સંસ્કૃત ભાષાન્તરનીએ પેરવી કરવી ; એમ વિચારતાં મરેઠી, બંગાળી, હિંદી અને તામીલ ભાષાન્તરવિષે પણ લાભ થયો.

આ સઘળું મારાસરખા વિદ્યાર્થીને એક સાહસ જેવું લાગ્યું. પણ નિજમન વિચાર કરયો કે આ અલ્પ આયુષનો એક ભાગ આવા શુભ કાર્યને અર્પણકરવાસમાન પુણ્ય, જીવડા, કશું નથી. હાલ તો મનની આશા મનમાં રાખી ગુજરાતી ભાષાન્તરની ગોઠવણપાછળ મચ્યો. મોટી ખૂટ અવકાશ અને જ્ઞાનની હતી. આથી કેટલીક વારતો બહુ મુઝવણ થઇ. આરંભમાંજ કામ ઘણું વિકટ લાગ્યું. લખાણ લેઇ બેસવા ગમેજ નહિ. એ ક્યારે થઇ રેહેશે?—એવા ભયભિત વિકલ્પ થવા લાગ્યા. ફરી વિચાર કરતાં એ કામ કોઇ બીજાને સોંપવા ઇચ્છા થઇ—દામ આપી ભાષાન્તર કરાવી, પછી છપાવી પ્રસિદ્ધ કરવું. પણ એવડી સંપતિ કોની પાસે? સારે ભાગ્યે એ વાત મારા મિત્ર, ભાઇ નવરોજજી મંચેરજી મોબેદજીના-ને કરી. તેઓએ ધીરજ મળે એવા માર્ગ દેખાડયા. બંને મળી નક્કી કર્યું કે ભાષાન્તર કરી કોઇ માસિક ચોપાનિયામાં છપાવવાં—પછી પૈસા-ની જોગવાઇ થાય તો પુસ્તકદ્વારે પ્રસિદ્ધ કરવાં. ભાઇ નવરોજજી પેહેલાં બે ભાષણો લેઇ બેઠા. હવે માસિક ચોપાનિયાની ખોળ કરવા નિકળ્યા. એમાં કાંઇ ઊતેજનજેવું દેખાયું નહિ. એક મિત્રે સર્વથી મોટી આશા એ આપી કે તમારા ભાષાન્તરમાંથી પસન પડતા છુટા છવાયા ઉતારા છાપતા જઇશું. આ વાત અમારે ગળે કેમ ઉતરે? હવે તો પ્રજા માત્રને શરણે જવું એમ નિશ્ચય કર્યો. મુંબઇની પ્રજા એવાં કામ પાછળ ઝાઝી ખંતી નથી; તોપણ મને પોતાને અભિમાન હતું કે જે પ્રજાએ મારાસરખાના ગ્રંથોને આશ્રય આપ્યો હતો, તેઓ માકસ મઅલરના આ પ્રધાન પુસ્તકનો અનાદર કરશે નહિ. એમ ધારી પેહેલાં એ વાત કેટલાક સુજ્ઞ ઇંગ્રેજ મિત્રોને કહી. મિ૦ મારતિન ઊડ, મિ૦ ઉઅર્ડસવર્થ, મિ૦ બર્ડઉડ, મિ૦ કેન્ડી, મિ૦ મેકનાટન, મિ૦ ગિબ્સ, આદિ વિદ્વર્જનોએ એ કામ ઊપાડી લેવાની ભલામણ કરી. ધન્ય અમારા પારસી અને હિંદુ બંધુઓ-ને કે થોડાજ માસમાં પૈસાની રેલછેલ થઇગઇ. છપામણ બંધામણ તો સહજ નિકળી આવ્યું. હવે જીવમાં જીવ આવ્યા, અને ઉમંગથી કામ આરંભ્યુ.

પણ થોડીજ વારમાં શાસ્ત્રીબાવાના ભવ્ય વિચાર આપણી ગરીબડી ગુજરાતીમાં ઉતારતાં ત્રાહિ ત્રાહિ પોકારવી પડી. બંને ભાષાન્તર-કર્તા સરખા વિદ્વાન્! ઘણીવાર કર્તાના વિચાર તેની તેજસ્વી વાણીને

લીધે સમજી તો જઇયે; પણ અનુભવવિના ગુજરાતીમાં એવા વિચારને યોગ્ય આકાર આપી દર્શાવવાની શકિતજ ક્યાંથી? વાણીની એવડી પ્રસાદીજ નહિ. પોતે સમજિયે; પણ વાંચનાર—સાધારણ બુદ્ધિને વાંચનાર—એકજ વાર વાંચી સમજે એવી ભાષાદ્વારાએ આ વિચારો દારવા એ બહુજ કઠિણ થઇ પડયું. એકેક વાક્યઉપર બબ્બે અને ત્રણ ત્રણ કલાક વાંકાવળી વિમાસણ કરવી પડી. શબ્દકોશમાં જોઇયે તો વારંવાર ભુલા પડિયે! શબ્દના અર્થ આપવાને બદલે તેમાં તો ઘણીવાર અનર્થ કરેલા માલમ પડે. એક શબ્દનેમાટે લખે:—'એક જાતનું ફુલ.છે'; બીજામાટે "એવું એક ફળ આવેછે." ત્રીજા માટે અરધા 'ગજને નકામો ખુલાસો. ઘણાખરા શબ્દ શોધ્યા મળેજ નહિ! હવે કેમ કરવું? પણ આ પીડા ટળી નહિ એટલામાં બીજી આવી ઊભી રહી. ભાષાન્તર કરતાં શાસ્ત્રનું જ્ઞાન જોઇયે—ધર્મશાસ્ત્ર અને ભાષાશાસ્ત્ર બંનેનું. અમારે તો બંને જોડે આદિ વેર. આ સમયે મારા પરમ મિત્ર મનસુખરામ સૂર્યરામનું સ્મરણ થયું. આ સુજ્ઞ વેદાન્તી અમારા શ્રમના છેલા આશ્રમ થયા. અહિયાં અમારા મનનું સમાધાન થયું. પુસ્તકનો વિષય મનસુખરામભાઇના મનમાં તો રમી રહેલો. તોપણ ઘણી ઘણી વાતે એમને બહુ પજવ્યા છે. અમારા શિષ્યગુરૂભાવને લાભ લઇ દિવસે તેમજ રાત્રિ સમે, બેસતાં ઉઠતાં જેમ ફાવ્યું તેમ, એ ક્ષાંત સ્નેહીને પકડયાકર્યા. ચાર ભાષણ ઉકલાવતાં મનસુખરામભાઇને ચોસઠવાર પકડયા હશે. આ વાત લક્ષમાં લેતાં, પુસ્તકના ઘણાખરા ગુણ ભાઇ મનસુખરામને પ્રતાપે સમજવા; દોષ સઘળા અમારા. થોડી સૂચનાસારૂ અમારા વિદ્વાન્ મિત્ર રા૦ રા૦ કાશીનાથ ત્રિયંબક તીલંગ, તથા રા. રા. મણિલાલ નભુલાલ દ્વિવેદી ને આભારી છિયે; તેમજ મૂળગ્રંથકર્ત્તાએ પણ કૃપા કરી ઘણાક શબ્દ વિષે ખુલાસા કર્યાછે તે માટે તેમનો આ અવસરે માનસહિત ઉપકાર માનિયે છિયે.

પુસ્તક વાંચી જોતાં, તેમાં બહુ દૂષણ રહી ગયાં છે એવું સ્પષ્ટ દીસે છે. એના કારણોમાં મુખ્ય એકે એ કામનો પાયો ચાર હાથે રચાયો છે; અને તેને પૂર્ણ કરતાં, ચાર શું, પણ આઠ, કે સોળ હાથ કહો તો ચાલે. આજ કારણથી એકાકારતા (uniformity) પણ બરાબર સચ-

વાઇ નથી. જોડણીમાં પણ કાંઇક અશુદ્ધિ કે વિચિત્રતા લાગશે. જેમ **માનસ**-એ શબ્દને **મનુષ્યનો** બને તેટલો થોડો અપભ્રંશ કરવાનો હેતુ હતો. કેટલીક વાર ભાષા સાધારણ પારસીથી વાંચી શકાય એમ કરવાજતાં, અને ગુજરાતી છાપાકળાની સામગ્રી હજી સંપૂર્ણ નહિ હોવાથી, પણ દૂષણો દેખાશે. એ સઘળાં કરતાં ભાષા—બનતાંસુધી સરળ અને એકજ વાર વાંચવે સમજાય એવી કરવાના સઘળા યત્નછતાં—કેટલીકવાર કઠિણ અને કઠોર લાગશે. પણ એ સઘળાં દૂષણો દર્શાવતાં કારીગરને ઠપકો આપતાંપેહેલાં પરીક્ષક કારીગરના સાધનને ધ્યાનમાં લેશે તો સારૂં. મારે પોતાને મન સર્વથી મોટું દૂષણ તો એ કે ભાષા અ-ગુજરાતી લાગે. એમ ન થાય તેની યોગ્ય સંભાળ તો લીધી છે; પરીક્ષક જોશે કે એમાંના ઘણાખરા દોષ કેવળ અનિવાર્ય છે. ખરૂં છે કે કોઇ વિદ્વાનને હાથે આ કામ વધારેસારૂં થાત; પણ તેવા કોઇ શોધ્યા મળ્યા નહિ. અને મળતે તો તે અમારા જેવો આગૃહ અને અમારા જેવો અત્યુત્સાહ તો ભાગ્યેજ વાપરતે. અમારે તો એ પ્રિય કર્મ (labour of love) હતું—ભાડુતી લખનારને તેવું ન હોય.

ભાષા કઠિણ લાગે તો વાંચનાર જોશે કે ધર્મ અને શાસ્ત્રને લગતી ભાષા એથી બહુ સરળ નહિ થવાની. જે વિચારનેમાટે ગુજરાતીમાં શબ્દજ ન મળે તેને માટે સંસ્કૃત માતાકને ગયાવિના છુટકોજ નહિ. અને કેટલીકવારતો અનાર્ય વિચારનેમાટે નવાજ શબ્દનો ઉપયોગ કરવો પડયોછે. પુસ્તક ગમે એમ કરી વાંચવાયોગ્ય કરતાં આખું વરસ વહિ ગયું; અકેક પાનાઉપર અઠવાડિયાં વીતી ગયાં; અકેક શબ્દને માટે વિદ્વાન્ મિત્રોને વિનવવા પડયા. **માક્સ મઅલર**બાવાના કામપાછળ રક્તનું પાણી કરવું પડયુંછે.

માક્સ મઅલર તો, **રાસ્ત** ગોફતારના સુજ્ઞ અને રસિક તંત્રીના કેહેવાપ્રમાણે, ઋષિજેવા છે. ખરે! આપણા અવતારવિષેનો જે મોટો ભેદ છે તેને એમની તીવ્ર દૃષ્ટિયે જાણે વીંધી નાખ્યો છે. એમના વિચાર દેવદત્ત લાગેછે, પછી તેમાં સત્ય કેટલું છે તે તો પ્રત્યેક પરીક્ષકે પોતે જોવાનું છે. કેટલાક મહાવિદ્વાનો એમના વિચાર સ્વીકારતા નથીજ. તોપણ એમની વાણી પ્રાસાદિક છે એ વાત તો એમના શત્રુ

પણ ના પાડી શકતા નથી. એમના વચનામૃતનો કાંઇક પ્રસાદ આર્ય પ્રજાને પ્રાપ્ત થાય એ મારો મૂળ હેતુ. આ વિષયમાં કર્ત્તાની બુદ્ધિ તો તેજસ્વી સૂર્યજેવી છે : ભાષાન્તરકર્ત્તાની શક્તિ ઝાંખા દીવાસમાન છે. વાણીના વિસ્તારમાં કર્ત્તા તો વિશાળ સાગરસરખા છે : ભાષાન્તરકર્ત્તા એક નાના કૂપજેવા છે. **માક્સ મચ્અલર**ના વિચાર અને તેની વાણીને ગુજરાતીમાં ઉતારવાં એ તો મહાસાગરના અપાર વિસ્તારને એક સાંકડી ખાડીમાં વહીજવાસરખું છે. આ કામ એક પ્રકારનું મિથ્યાભિમાન છે--અને જો તે પ્રજાને કશા ઉપયોગમાં ન આવે તો મારા સાહસ માટે મને શાસન થયું કેહેવાશે. આઓ પ્રયત્ન મારે મન જાણે એક ઋષિરાય પોતાના વિચાર એક બાળકને મોંહે પ્રકટ કરતા હોય એવો છે.

ગમે તેમ હો—આ યત્નથી મેં તો કાંઇ પૂણ્યપ્રાપ્તિ કરી હોય એમ મને અભિમાન આવે છે. આ લઘુ ગ્રંથ, અને એની પાછળ જે સંસ્કૃત, મરેઠી, હિંદી અને તામીલ ભાષાન્તરો મારા હસ્તક બહાર પડશે, એ મારે મન એક પ્રકારનું સમર્પણ છે. મનુષ્ય માત્રને કાંઇ લોભ તો છેજ; મારા લોભમાંનો આ એક છે. જો આ ભાષાન્તરથી કોઇ ચિત્તભ્રમ આર્યજનને સંસારના સંતાપવચ્ચે કાંઇક શાંતિ મળશે—તેના પ્રતાપી પૂવજોના પરાક્રમનું તેને કાંઇ સ્મરણ થશે—અને આ બાહ્ય વિશ્વાત્માનું અવલોકન કરતાં તેના અંતરાત્માને તે સમજી શકશે—છેલે, પરમાત્મા જે સર્વોત્તમ સત્ છે, જે અનાદિ, અનંત, અમર છે, જેની આંખના પલકારામાં આ વિશ્વનો સઘળો વિસ્તાર વ્યાપી રેહ્યો છે—તે પરમાનંદ પરમાત્માને પિછાનવાનું જો આ અલ્પ યત્નથી મારા કોઇ આર્યબંધુને સાધન મળશે: અને (મારા મૂળ હેતુ પ્રમાણે) જે અનુપમ આર્યજરમને મનુષ્ય ઇતિહાસના ચમત્કારોમાંના મુખ્ય બે, આર્યધર્મ અને આર્યભાષા, એ બંનેને પોતાનું આખું આયુષ અર્પણ કર્યું છે, તે મહાપ્રતાપી મુનિ **માક્સ મચ્અલર**ના અનુભવનો કાંઇક સ્પર્શ મારા સ્વદેશી ભાઇઓને થશે,—તો મારા પવિત્ર આશયને હું પોંહોંચ્યો એમ માનીશ.

બેહેરામજી મેરવાનજી મલબારી.

તા૦ ૩૧ મી દીસેમ્બર ૧૮૮૧.

ધર્મ.

——00——

ધર્મ (Religion) એટલે શું? કોઇપણ વિષયસંબંધી વાદ ચલાવતાંપેહેલાં, તે વિષય તેમજ તે વાદના સંબંધમાં જે જે પરિભાષા (Terms) વાપરવામાં આવે તેના અર્થ બંને પક્ષે સ્વીકારવાજોઇયે. આ તો અવશ્યછે. ત્યારે હવે ધર્મ એટલે શું ? ધર્મ શબ્દની વ્યુત્પત્તિ તપાસતાં, તેનો મૂળ અર્થ, જે કોઇનું ધારણ—ઉદ્ધાર કરે તે—પડતાં ને ટેકો આપે તે. ધર્મનેમાટે ઇંગરેજીમાં Religion શબ્દ છે, તે લાતીન Religio, Religere, એટલે બાંધવું, એકઠું કરવું, વિચારવું, મનન કરવું, ઇત્યાદી ઉપરથી નિકળ્યો છે. ધર્મ (Religion)ના એ મૂળ અર્થ થયા. પણ એ અર્થને આજે એ શબ્દની વ્યાખ્યાસાથે ભેળીનાખવા એ તો કાળદોષ કહેવાય. કોઇપણ શબ્દ ઘણીવાર પોતાને મૂળઅર્થે રેહેતો નથી. જેમ મનુષ્યમંડળમાં સુધારા વધારા (પછી કહો કુધારા બિગાડા) નો સ્વાભાવિક પ્રવાહ છે, તેમજ શબ્દમંડળમાં પણ જાણવું. તોપણ ધર્મ એટલે પેહેલાં ધરનાર, અને પછી પડતાંને હાથઆપનાર એ બેવચે કાંઇ અગમ્ય ભેદ નથી. એથી પણ વધારે સમજીશકાય તેવો ભેદ Religionના હાલના અર્થમાં અને Religere=વિચારવું, એમાં છે. ધારવું, વિચારવું, મનન કરવું, અને માનવું, એ સઘળા એકજ માનસિક ક્રિયાના જુદા જુદા પ્રવાહ છે. ધારવું એ એક નાનકડું ખુણામાં વેહેતું નાળું હતું. વિચારવું એ એક ઉભરતી નદી થઇ. મનન કરવું અને માનવું એ બંને નદીના વધતા જતા વિસ્તાર; તેઓએ આગળવધતાં સાગર અને મહાસાગરનાં રૂપ લીધાં. પણ એ મહાસાગરનું મૂળ જુવો તો પેલું નાનકડું ખુણેવેહેતું નાળું. આ ક્રિયાને વિદ્વાનો પ્રસારણ (Development) કે પ્રકાશન (Evolution) કહેછે. કર્ત્તા એને પરિણામ એવું બહુ-અર્થી નામ આપેછે. ધર્મ શબ્દના મૂળઅર્થ તરફ નજર કર્યાપછી, હવે ધર્મ એ હાલ શું દર્શાવેછે તેનો વિચાર કરવો યોગ્ય છે. ધર્મ જેવા અગાધ ભેદના ભંડારવિષે સઘળા મનુષ્ય એકજ વિચાર કરે, એ તો બનેજ નહિ. તોપણ જેઓ પોતાની બુદ્ધિ અને વિદ્વત્તાએ આપણાં માનને યોગ્ય થયાછે તેમાંના થોડાક એવિષે શું ધારેછે તે જાણ-

વાથી આપણો હેતુ કાંઇક સફળ થશે. ત્યારે એકંદર લેતાં, ધર્મ એટલે શ્રદ્ધા (એકીન) પૂજા, નીતિ, આનંદ પ્રદર્શન (Extatic Vision) આશા કિંવા ભય, તર્ક (ગુમાન), અજ્ઞાત (Unknown) ને ઓળખવામાટે માણસને જે તૃષ્ણા થાયછે તે. આ બધા, અને એથીએ બહુવધારે ધર્મના અર્થ છે, અને તેમાં કોઇપણ બેવચે કાંઈક અર્થાંતર છેજ. કેટલીક પ્રજામાં ધર્મ જેવો કોઇ શબ્દજ નથી, તોપણ તે પ્રજા પેલા અજ્ઞાતની પૂજા તો કરેછેજ. જાન સ્તુઅર્ત મિલ કહેતો કે દેવ અને ઇશ્વર એ બધાએ ફોકટના ફાંફાં છે; તોપણ એ બુદ્ધિનો બળિયો એક સ્ત્રીને દેવી બનાવી તેની છચોક પૂજા કરતો! એને મન શ્રેષ્ઠ મનુષ્ય તેજ પૂજાને પાત્ર; દેવદેવતા જેવું તો કશુંએ નહિ; ઇશ્વરબીશ્વર એ સહુ નામના! તોપણ કેમ કહેવાય કે જાન સ્તુઅર્ત મિલ ધર્મ નહિમાનતો? આપણે જાણિયે છિયે કે એને પણ એક ધર્મ હતોજ. એ પણ ધર્મ નહિતો શું? બ્રાહ્મણો દેવને માનેછે; બુદ્ધધર્મ દેવનો અનાદર કરેછે. શું તેઉપરથી બુદ્ધલોકને ધર્મ નથી એમ કેહેવાય? ખરૂં જોતાં, ધર્મવિનાનો તો કરોડમાં એકપણ મનુષ્ય નહિ હશે. શ્રેષ્ઠ બુદ્ધિથી પ્રદીપ્ત થયેલો અને શાસ્ત્રમાત્રમાં નિપૂણ એવો પુરૂષ જે અનંત શકિતનું મનન કરેછે, તે ધર્મ; તેમજ એક બુદ્ધિહીણ અને અભણ જંગલી, જેની સ્થિતિ વાનરથી ચઢતી નથી, તે જે પથ્થરના કકડાની પૂજા કરેછે, તે પણ ધર્મજ છે.

કાન્ત નામનો જર્મન અર્થશાસ્ત્રી કહેછે કે ધર્મ એટલે માત્ર નીતિ; જે મનુષ્ય પોતાના આચારવ્યવહારને ઇશ્વરાજ્ઞા કરી સમજેછે તે ધર્મ માને છે. (આ મત આપણા ઘણાખરા પારસી સુધારાવાળાને બેસતો આવેછે.)

વળી ફિશ્તે નામનો બીજો વિદ્વાન્ એથી વિરૂદ્ધ મત આપેછે. તે કહેછે કે ધર્મ છે તે કાંઇ વ્યવહારિક કામમાટે નથી; શુદ્ધ સુનીતિ એ આપણા અર્થ માટે બસ છે; બાકી ધર્મ એ તો અજ્ઞાની કિંવા બિગડી ગયલા પ્રજામંડળને છાજે. (આ વાત આપણા હાલના વૈષ્ણવ બંધુઓને ગળે ઉતરશે નહિ). ફિશ્તે કહેછે કે ધર્મ એટલે જ્ઞાન (વેદાંતિયો, જય બોલો!) આ બે વિદ્વાનોમાંજ મતભેદતો ખાસા પડી ચુકયા. ત્યારે હવે ખરો કોણ? કાન્ત કે ફિશ્તે? કર્તા કહેછે બંને ખરા પણ અને

ખોટા પણ. જો પ્રત્યેક પક્ષવાળો કહે કે ધર્મ હું કહું છું તેવો હોવો જોઈયે, તો ઠીક; ધર્મ તે સુનીતિ; સુનીતિને ઈશ્વરાજ્ઞા સમજવી એ ધર્મ; એમજ હોવું તો જોઈયે; પણ એમ નથી એટલું યાદ રાખવું.

શ્લિયરમેકર નામનો બીજો પ્રખ્યાત વિદ્વાન્ કહેછે કે ધર્મ એટલે પૂર્ણ પરાધીનતા. તેમાં બીજો વિદ્વાન્ (**ફ્રાઈરબાક**) ઉમેરો કરી કહેછે કે પરાધીનતાજોડે લાભ પણ જોઇયે. અર્થાત, માણસ પોતાનું તનમન, મુખ્યત્વે કરી મન, જે શક્તિને તે માનેછે તેને આધીન રાખેછે; તેમજ પૂજાવ્યવહારમાં તે માત્ર સ્વાર્થ શોધેછે. ઇશ્વર સ્તુતિ કર્યાપછી લાગલો તે દાન માગવા પડેછે; પૂજા કરવાનો અર્થ એજ કે કાંઇ લાભ થાય. એ પણ ખરૂંજ છે!

પણ **હેગલ** નામનો બીજો વિદ્વાન્ ટેલ કરતાં લખેછે કે જો **શ્લિયરમેકર** કહેછે તેમ ધર્મ એટલે પૂર્ણ પરાધીનતા, તો પછી આખી દુનિયામાં શ્વાનસમાન ધર્મિષ્ઠ કોઇ નમળે; કારણ, કુતરો જેટલો પોતાના ધણીને આધીન છે તેટલો આધીન કયો માણસ પોતાના દેવને હશે? પણ ના, **હેગલ** કહેછે, ધર્મ એટલે પુર્ણ પરાધીનતા નહિ, પણ સંપૂર્ણ સ્વાધીનતા. ધર્મ તે કાંઇ પરતંત્રતા નહિ, પણ સ્વતંત્રતા. આ બે વિદ્વાનોના મતમાં કેવડો મોટો ભેદ! તોપણ બંનેનું કેહેવું તો વાજબીજ છે.

ફ્રાઈરબાક અને **કોન્ત** લખી ગયાછે કે માણસ મનુષ્ય સ્વભાવથી કાંઇ ઉંચાને સમજી શકવાનો નહિં. ત્યારે ધર્મ એટલેતો મનુષ્યમાત્રની પૂજા; એકેક મનુષ્યની નહિ, પણ આખા મનુષ્યવર્ગની. તે બેને મનથી મનુષત્વની સમષ્ટી (The genius of humanity) એ યાજિક અને દેવ બંને. **ફ્રાઈરબાક** આગળ વધી કહેછે કે અહંભાવ (self-love) વિના ધર્મ નહિ હોય. એમ પણ છેજ.

હરદર કહેછે કે મનુષ્ય સ્વભાવની શ્રેષ્ઠ કેળવણીનું મૂળ ધર્મ સંબંધી દંતકથાંમાં છેઃ તો **ફ્રાઈરબાક** કહેછેકે ધર્મ એ મૂળ રોગ છે; માણસનું રાગીષ્ટ અંતર તેના ધર્મનું, અરે તેની સઘળી વિપત્તિનું મૂળ છે. **હિરોકલેતસ** કહીગયો છે કે ધર્મ એ એક રોગ છે, જો કે તે પવિત્ર રોગછે!
શિલર કહીજાયછે કે હું તો કોઇ ધર્મ કબુલ રાખતો નથી; અને

તે મારા ધર્મનેજ લીધે! એટલે, જે ખરા ધર્મ સમજે તેને લૌકિક ધર્મ સ્વીકારવામાં માલ નથી. એ પણ ખરૂંજ તો.

એક કહેછે કે માણસના અંતઃકરણની ગુપ્ત પ્રાર્થના તે ધર્મ. બીજો પુછેછે, તેથી શું વળ્યું? કાંઇ ક્રિયાકર્મ તો જોઇયે? તેવિનાનો ધર્મ કેવો? ત્રીજો કહેછે એ બંને વાત ખોટીછે——અંતઃકરણની ગુપ્ત પ્રાર્થના કહો, કે બહારનાં ક્રિયાકર્મ કહો—એતો માત્ર વહેમ છે, ધર્મ તો નહિ.

હવે ધર્મની વ્યાખ્યા શોધતાં આપણે થાક્યા. અને 'કશુંએ નક્કી તો થયું નહિ. ખરી વાત એ છે કે ધર્મ એટલે શું એ પ્રશ્ન પુછવા સરખો નથી, અને એનો એકજ ઉત્તર મળયોએ નથી અને મળશે પણ નહિ. ધર્મ એટલે આ, પેલું અને બધુંએ—ધર્મ એટલે આએ નહિ, પેલું-એ નહિ, અને કશુંએ નહિ! વાંચનાર પુછશે કે ત્યારે આટલીબધી પંચાતી શીદને કરી? એ કાંઇ પંચાતી નહોય; એ તો પંચમતી વિચાર એકઠા કર્યા છે. એમાં બહુ શિખવાનું અને સમજવાનું છે હો! ધર્મ એટલે શું એતો બહુજ વિકટ પ્રશ્ન છે. પણ નિજધર્મ કે અંતરધર્મ (Subjective Religion, Faith) ના આપણા કર્ત્તા જે અર્થ કરેછે તે જાણવા જોઇયે. અંતરધર્મ એટલે મનુષ્ય માત્રમાં જે એવી સંભાવ્ય શક્તિ (Potential Energy) છે કે જેથી અનંતને સમજીશકાય, તે શક્તિ. મને લાગેછે કે ખરા ધર્મની આ સર્વથી સ્પષ્ટ અને સમજીજવાય એવી વ્યાખ્યા છે.

હવે એ સંભાવ્ય શક્તિ અને એના અર્થવિષે વિચાર કર્યે. એમ કરતાં ધર્મનો ખ્યાલ કેમ ઉભો થયો તે જણાશે. સઘળા પક્ષવાળા વિદ્વાન્ આટલું તો સ્વીકારશે કે માણસને ઇન્દ્રિ (Sense) અને બુદ્ધિ (Reason) છે; અને એએ પોતપોતાની ક્રિયા કરી જાયછે. વળી સઘળાને એટલું પણ સ્વીકારવું પડશે કે ઇન્દ્રિ છે તે સહજ (આપણી સાથે જન્મેલી) છે. અને બુદ્ધિ તેનું પ્રસારણ છે; તેથી ઇન્દ્રિ જે ક્રિયા કરેછે તેના ફળને સાધન કરી બુદ્ધિ ક્રિયા કરેછે. બીજી રીતે બોલતાં, આપણે કાંઇ જોઇયે છિયે કે સાંભળિયે છિયે, તે ક્રિયાનો પાસ આપણા મનઉપર પડેછે; તેથી હવે આપણે જોયેલી કે સાંભળેલી વસ્તુ અનુભવિયે છિયે. પેહેલી ક્રિયાના ફળને ભાસના (percept) કહિયે બીજી ક્રિયાના ફળને 'ભાવના' (concept) કહિયે. બીજીને પેહેલીનો પરિણામ કહોતો ચાલે.

પણ એ તો અંતવાન્ વસ્તુની વાત થઇ; અનંતનું કેમ ? કર્તા કહેછે કે હિયાં એક ત્રીજો ગુણ ત્રીજી ક્રિયા કરેછે. એ ત્રીજો ગુણ શ્રદ્ધા અથવા અંતરધર્મ (Subjective Religion) અને એ ત્રીજી ક્રિયા તે અનંતને પિછાનવાની શક્તિ. એ ક્રિયાનું ફળ તે સર્વોત્તમ પરિણામ છે. પેહેલાં, ઇન્દ્રિથી કોઇ અંતવાન્ વસ્તુની આપણને જાણ થાય છે, પછી બુદ્ધિને બળે તેને અનુભવી તે અંતવાન્ વસ્તુનું કલ્પાંન્તર કરતાં શિખ્યેછિયે; અને ત્રીજી અને છેલીવાર—એ બે ક્રિયા થયાપછી, બંનેના આશ્રય અને સમ્મતીથી, શ્રદ્ધાનેલીધે, અંતવાન્ઉપરથી અનંતનો વિચાર કરવા શિખ્યેછિયે. ૧. ઇન્દ્રિ, ૨, બુદ્ધિ, ૩,શ્રદ્ધા. શ્રદ્ધા એ કાંઇ નહિ પણ ઇન્દ્રિ અને બુદ્ધિ એનો પક્વ થયેલો ગુણ છે—અથવા તેને માત્ર પેહેલા સહજ કરણ (સાધન) ની વૃદ્ધિ કહો તો તેમ.

એ અંતર ધર્મ (કે શ્રદ્ધા) કેહેવો વિલક્ષણ ભેદ છે ! એ ભેદ માણસથી કેમ સમજાય ? કર્ત્તા કહે છે કે એમાં ભેદ છે તો ખરો, પણ વિલક્ષણ શેનો ? એમાં નવાઇ જેવું કાંઇ નથી. ભેદ તો સઘળામાં છે. એ શ્રદ્ધાકરતાં બુદ્ધિમાં કે ઇન્દ્રિમાં થોડો ભેદ છે ? આંખે જોઇયે છિયે અને કાને સાંભળ્યે છિયે, એ કેમ અને શાથી અને શામાટે, એ ભેદ કેવા ભયંકર છે ? એ ક્રિયા કેમ બને છે તે તો સર્વ ભેદમાં મોટો ભેદ છે તોપણ એ ભેદવિષે કોણ વિચાર કરવા બેસેછે ? એ તો રોજનુ લાગ્યું-વળી આંખ છે તો જોઇયેછિયે અને કાન છે તો સાંભળ્યેછિયે-તેમાં નવાઇ કેવી ? સહુ સ્વાભાવિકજ છે તો ! આવા વિચાર કરી મન મનાવવું પડે છે. અને જયારે એમજ છે, ત્યારે ધર્મજ્ઞાન, (શ્રદ્ધા) જે ઇન્દ્રિજ્ઞાન અને બુદ્ધિજ્ઞાનનો માત્ર પરિણામ છે, તે મસ મોટો ભેદ છે એમ કહી વિસ્મય પામવાથી શું વળ્યું ? ઘણાક વિદ્વાનો બુદ્ધિ છે તે ઇન્દ્રિનો પરિણામ છે એ વાત સ્વીકારે છે, તોપણ તેમને એ બુદ્ધિ ગુણ સમજાય નહિ એવો લાગે છે ! જો બુદ્ધિ (વિચારવાની શકિત) ને નિયમિત રીતે વાપરિયે તો તે ઇન્દ્રિજોડે નિકટના સંબંધમાંજ રેહેશે. નહિ તો તે હાથમ રેહેનારૂ નહિ. તેમજ શ્રદ્ધા કે ધર્મજ્ઞાનવિષે પણ સમજવું.

હવે અંતવાન્ અને અનંત એટલે શું તે જોઇયે. અંતવાન વસ્તુ તે એવી કે જે ઇન્દ્રિજ્ઞાનથી પારખી શકાય કે બુદ્ધિજ્ઞાનથી ગણી

શકાય. તે માટે અનંત એટલે અંતવિનાનું એમ નહિ સમજવું પણ અંતબહારનું. આ અગત્યનો ભેદ કદી ભુલવો ન જોઇયે. શબ્દના ચોકસ અર્થ સ્વીકાર્યા પેહેલાં આવા મોટા વિષય કદિયે સમજાશે નહિ.

જેઓ એમ કહે છે કે ધર્મ જેવું કશું છેજ નહિ અને હોવું પણ ન જોઇયે તેઓનો મુખ્ય વાદ એ છે કે આપણામાં ઇન્દ્રિજ્ઞાન અને બુદ્ધિજ્ઞાન પોતપોતાની ક્રિયા કર્યાં જાયછે; અને એ બંનેથી મનુષ્યશક્તિ સઘળાં કાર્યને પુરી પડેછે; તેમજ, એ બંનેને લીધે ધર્મજ્ઞાન (શ્રદ્ધા) જેવા ગુણની મનુષ્યને કશી અગત્ય પણ નથી. અને વળી ઇન્દ્રિજ્ઞાન અને બુદ્ધિજ્ઞાન એ બેથીજ મનુષ્યને ધર્મજ્ઞાન જેવો ગુણ મળવાનો કશો સંભવ પણ નથી. એના ઉત્તરમાં કર્તા કહે છે કે તમારાજ વચન સ્વીકારી હું સિદ્ધ કરી આપીશકે જો ઇન્દ્રિ પોતાની ક્રિયા કરતીરહે અને તેને આધારે બુદ્ધિ પોતાની ક્રિયા કરતીરહે, તો એ બંને ક્રિયાના પરિણામ દાખલ શ્રદ્ધાને આવવાનો સંભવ છે એટલુંજ નહિ, પણ એ શ્રદ્ધા આપણને અવશ્ય થઇ પડશે!—જો ઇન્દ્રિજ્ઞાન અને બુદ્ધિજ્ઞાન આપણામાં છે, તો ધર્મજ્ઞાન હોવુંજ જોઇયે; હોવાવિના રહેજ નહિં, તમારે જોઇયે એમ અટકાવોનૅ. ધર્મજ્ઞાન (શ્રદ્ધા) જેવી કોઇ શક્તિ મનુષ્યમાં છે એવું સિદ્ધ કરવાને આપણને એકજ વાતની અગત્ય છે—તે ઇન્દ્રિજ્ઞાન, જેને માટે આપણી સામેવાળ્યા પોતેજ હા કહે છે. ઇન્દ્રિજ્ઞાન મળ્યું તો ધર્મજ્ઞાન પોતાની મેળેજ આવશે—બીજું પેહેલાનું પરિણામ છે. એ ધર્મજ્ઞાનનું મૂળ શોધતાં કોઇ નવી શક્તિ કે છુપા ભેદની કશો જરૂર નથી. તેમજ કાંઇ શ્રૃતિ (પ્રકટિકરણ) ની પણ જરૂર નથી. ઇન્દ્રિજ્ઞાન મળ્યું કે માત્ર ઇતિહાસનેજ આધારે ધર્મજ્ઞાન સિદ્ધ થશે.

આગળ વધતાં ગુરૂરાય કેહેવા માગેછે કે મનુષ્યમાં ધર્મની કાંઇ જુદી પ્રેરણા નથી—અથવા ધર્મ કાંઇ એક મનુષ્ય કે એક પ્રજાને ઇશ્વરે સઘળો તાજો અને તૈયાર કરેલો, ઉંચકીને આપી દીધો ન હોય, કે લો ભાઇ આ ધર્મ. ધર્મ તો માત્ર ઇન્દ્રિ અને બુદ્ધિની ક્રિયાનો પરિણામ છે. અને એ ગુણ અથવા જ્ઞાન આપણને શું શિખવે છે? અંતવાન્ જે વિષે ઇન્દ્રિ અને બુદ્ધિ સમજાવવાને પૂર્ણ સામર્થવાન્ છે, તે અંતવાન્‌ની

પેલીમેર જે અનંત છે, તેને પિછાનવા શિખવે છે. એનુજ નામ ધર્મ; એજ ધર્મનું મૂળ.

શું આપણે જોઇયેછિયે, સાંભળયેછિયે, ઇત્યાદી, તે સઘળી વસ્તુ અંતવાન્જ છે? ના, નેત્રથી જુવો કે ઉપનેત્રથી, પણ કોઇ પણ અંતવાન્ની પેલીમેર કાંઇ અનંતછે. પ્રત્યેક બિંદુની પેલીમેર એક બીજું બિંદુ છેજ. ખરે! જેને આપણે હદ અથવા અંત કરી કહિયે છિયે, તે શબ્દ અને તે કલ્પના પોતેજ દર્શાવેછે, કે તે હદ અથવા અંતની પેલીમેર કાંઇ **હદવિનાનું કે અંતવિનાનું** છેજ—નહિતો એ શબ્દ અને એ કલ્પના ક્યાંથી!

તમે પુછશો કે મનુષ્યને તેની પાંચે ઇન્દ્રિવતી અંતવાન્ વસ્તુનું જ્ઞાન મળેછે, ત્યારે અનંતનું જ્ઞાન તે ક્યાંથી લાવ્યો? પણ એમાં પુછવાજેવું શું છે? જે ઇન્દ્રિવડે એને અંતવાન્ની જાણ થઇ, તેજ વેળા, તે તેને અનંતનું પણ ભાન કરેછે. પ્રત્યેક વસ્તુ, જેનો અંત હજી મને નથી જણાતો એવું માનસ સમજે, તે વસ્તુ તેને મન અનંત. અને જો કે આ અનંતને જોતાંકરતાં આપણે કશાને ગણી, સરખાવી, માપી કે નામ આપી શકતા નથી, તોપણ અનંત સરખું કાંઇકછે એતો આપણે જાણયેછિયે. તે અનંત આપણે જાણયેછિયે એટલુંજ નહિ, પણ તે આપણને લાગેછે, કારણ આપણે બધી બાજુએ તેની અડોઅડ ઉભાછિયે. ખરૂં કહો તો આપણે અદૃશ્ય (જે અનંતનું બીજું નામ છે) ને જોઇયેછિયે. તમે પુછશો, ભાઇ અદૃશ્ય (નહિ દેખાય તેવાં) ને જોવાય કેમ? પણ એમ બને છે. તથાપિ, જો અદૃશ્ય ને જોઇયેછિયે એમ બોલવું અયુક્તાભાસ (paradox) કે શબ્દશ્લેષ જેવું લાગે, તો કહોકે તે અદૃશ્ય આપણી આંખમાં, કાનમાં આદિ, ઠોકી ઠોકી કહેછે કે, લો આ રહ્યો હું અદૃશ્ય. આંખ, કાનાદિ જે ઘડીયે અંતવાન ને જુવેછે, સાંભળેછે ઇત્યાદી, તેજ ઘડિયે તે અનંતને પણ જુવે છે, સાંભળે છે આદિ.

અને એટલુંજ નહિ. ધારો કે એક માણસ એક ઉંચા પર્વત ઉપર, કે એક વિસ્તીર્ણ મેદાનમાં, કે એક દ્વિપઉપર ઉભો છે, જે દ્વિપ એક અપાર સમુદ્રની માંહે છે અને જેને માથે આસમાનનો ઘેરાવ ફરી વળ્યો

છે—અને નક્કી માનજો કે આવી જગ્યાએ ઉભેલા માણસને તે અનંતનું જ્ઞાન પેહેલું થશે, પછી અંતવાનનું! તેની કંટાળો આવે એવી એકરંગી જીંદગીના ઝાંખાં ટિપકાંવાળા ચિત્ર (અંતવાનના અનુભવ) ની પાછળ જે પૂર્વંગ વિસ્તાર છે, તે પેલા અનંત દર્શાવેછે. આનું નામ **અનંત મોટો** (The Infinitely Great).

હવાં **અનંત નાના** (The Infinitely Small) ની વાત. અનંત આપણને અંતવાન્‌ની **પેલીમેર** મળેછે એટલુંજ નહિ, પણ અંતવાન્‌ની માંહે પણ મળેછે. એવી નાનામાં નાની વસ્તુ **સૃષ્ટિ**માં કોઇ નથી કે જે તેથી એ નાની નહિ થઇ શકે. આપણે જાણ્યે તો છિયે કે કાળો, ધોળો આદિ રંગ આવેછે. કાળો તે આ, અને ધોળો તે પેલો એ પણ આપણે સમજ્યે છિયે. પણ કાળાનો કાળાસ ઉતરતો ઉતરતો કયાં તે ધેરો થયો; અને ધેરાનો ધેરાસ ઉતરતો ઉતરતો કયાં આગળ તે ધોળો થઇગયો; એ વાત કોની આંખ્યથી કે કયાં યંત્રથી જણાશે? જાત જાતના રંગ પણ કાંઇ પેહેલાંથી ન હોતા. પેહેલાં તો બે **હશે. એ** તો વધતાં વધતાં—એકમાં બીજો નાખ્યાથી, એકમાંથી બીજો કહાડયાથી—આટલાબધા થયા. આટલું તો નક્કી, કે બ્લુ (આસમાની) રંગ જે આપણે આટલો સાધારણ જાણ્યે છિયે, તેવિષે **વેદ**માં કે **અવસ્તા**માં કે યુનાની ધર્મશાસ્ત્રમાં કશો શબ્દ પણ નથી—તો જો કે આસમાન તરફ તો એ પૂર્વ પ્રજાની નજર વગર થાકવે ટિકયા કરતી! હિયાં પણ ત્યારે પ્રસારણ (Development) અને પ્રકાશન (Evolution) ની વાત આવી.

ત્યારે હવે આપણને કેહેવામાં કશી અડચણ નહિ કે અનંતવિનાં અંતવાન્ ન હોય: અને આ અનંતની ભાવનામાં આપણને મનુષ્ય ધર્મના આખા ઐતિહાસિક પરિણામનું મૂળ મળીઆવેછે.

ધણી વાર આપણે સારા વિદ્વાનોને બોલતા સાંભળ્યે છિયે, કે અંતવાન્ બુદ્ધિ અનંત વસ્તુનો વિચાર કરી ન શકે; માટે આપણાં ધર્મપુસ્તકઉપરજ આસ્થા રાખી મનમનાવવું એ ઠીકછે. પણ ખરે, આવા મત આપણા શાસ્ત્રને કે આપણી પોતાની બુદ્ધિને શોભા આપનાર નથી-શોધ કરવા જેવું બીજું લાભકારી શું છે?

આપણા શોધમાં હવે આપણે આ આશયે આવ્યા કે મનુષ્યમાં જે ઇન્દ્રિયજ્ઞાન છે તેથી કરીનેજ ધર્મજ્ઞાન તેને અવશ્ય છે; અને એ ધર્મજ્ઞાન (કિંવા શ્રદ્ધા, એકીન) એટલે, અનંત, જે સઘળા અંતવાન્‌માં અને તેની પેલીમેર પ્રસરી રહ્યોછે, તે અનંતને પિછાનવાની સંભાવ્ય શક્તિ.

આ અનંતને આપણા પેહેલા વડીલોએ ધારવામેળે અંતવાન્‌ની પેહેલાં જોયોહશે. એ અનંત પેહેલાંતો તેમને પહાડ કે નદી કે ઝાડમાં, સૂર્ય, વરસાદ, વિજળી કે ગર્જનામાં જણાયો હશે. તે અનંતનું તેમની પાસે કાંઇ નામ નહોતું. એ નામ આપતાંપેહેલાં તો તેઓએ તેને ગર્જના કરનાર, વરસાવનાર, પ્રકાશલાવનાર, આયુષ્ય લાવનાર, ઇત્યાદી કરી કહ્યોહશે. પાછળથી તેનો જોડે વધારેનિકટના સંબંધ પડવાથી, તેને કર્ત્તા, રાજ્યકર્ત્તા, આશ્રયદાતા, રાજા, પિતા, પતિ, અધિપતિ, દેવ, દેવાનુદેવ, કારણ, કારણનું કારણ; અને જેમ જેમ જોનાર અને અનુભવનારની બુદ્ધિ ખીલતી ગઇ, તેમ તેમ આગળવધી, તે અનંતને અવિનાશી, અજ્ઞાત અને છેલે અજ્ઞેય એવાં નામ આપ્યાં.

આ સઘળું શું દેખાડે છે? કે માણસમાં ઇન્દ્રિ, બુદ્ધિ અને શ્રદ્ધા નામના જે ગુણ છે, તેને આધારે એક પછી એક ક્રિયાદ્વારાએ તે અનંતને પિછાનવા શિખ્યો—જે અનંતને પિછાનવાની શક્તિ કાંઇ અકસ્માત્‌ નથી, પણ ઉત્તરોત્તર ક્રિયાઓનો માત્ર પરિણામ છે : કે વિશ્વમાંજેમ સઘળી વસ્તુ ઉગેછે અને વૃધેછે, તેમ ધર્મ પણ ઉગ્યોછે અને વધ્યોછે; કે સર્વ પ્રજાના ધર્મનું મૂળ તો એકજ—પેલા અનંતને પિછાનવાની તૃષ્ણા—પણ ધર્મની વૃદ્ધિ જુદી પ્રજામાં જુદી રીતે થઇ હતી. એ વૃદ્ધિ આર્યપ્રજામાં કેવી રીતે થઇ તે કર્ત્તા પોતે આ પુસ્તકમાં સમજાવશે. આપણને જાણવું હતું તે જાણ્યું—કે ધર્મ છે, ધર્મ સંભવિત છે, ધર્મ અવશ્ય છે. કે એ ધર્મ એક કોમળ બીજ (અનંતની ભાવના) માંથી ફુટી, હજારો વરસ વૃદ્ધિ પામી, હાલ એક ભવ્ય વૃક્ષ થઇ ઉભો છે. એ સઘળું કાંઇ-એક અણચિંત્યો બનાવ નથી. ઇશ્વરે ધર્મ રચીકરી વેદકાળ પૂર્વના આર્યપિતાને, કે જગતપ્રસિદ્ધ જરથોસ્ત સ્પિતમાનને કે હજરત મુસાને પેહેલવેહેલો આપ્યો—એ તો મનુષ્ય બુદ્ધિ રચેલી અતિશયોક્તિ છે એવું

કર્ત્તાના મતનું લક્ષણ લાગેછે. એ રચનાની પણ અગત્ય હતી. અગત્ય વિના કશું બનતું નથી. માટે એ મહાસુખદ રચનાને તુચ્છકારી કહાડવી ન જોઇયે. એ રચનાને મનુષ્ય અવતાર અને મનુષ્યનો ઉદ્ધાર ગણવો કે નહિ, એનાજ ઉપર આ ચોરયાસીના ફેરામાંથી મુક્ત થવાની આશા બાંધી બેસવું કે નહિ, અમારો ધર્મ ખરો અને તમારો ખોટો એવા અભિમાનથી મનુષ્ય બંધુત્વ તોડી નાખવું કે નહિ, એ પ્રશ્નો જુદાજ છે, અને તેનો વાંચનારે પોતાની બુદ્ધિ અને પોતાના અનુભવ આધારે ઉત્તર વાળવાનો છે.

બેહેરામજી મેરવાનજી મલબારી.

મોક્ષમૂલર મત સારાંશ.

——00——

ભાષા તથા ધર્મનાં મૂળ અને વૃદ્ધિવિષે કર્ત્તા અતિ વિલક્ષણ વિચાર-રચના રચેછે. એમનો મત વાસ્તવિક હોય કે નહિ એ વાંચનારે તપાસવાનું છે. પણ એમના સુયુકત વિચારમાટે કોઇથી બાધ ન લેવાય. આપણે જાણિયે છિયે કે એક વૃક્ષના બીજમાં તેની જીંદગીનું મૂળ હોય છે; એ નાનકડાં બીજમાંથી મોટું ઝાડ થાયછે, અને તેઉપર ફળ પાનાદિ ઉગેછે. આતો આપણે પોતાના અનુભવથી જાણિયે છિયે. વળી સિદ્ધપદાર્થશાસ્ત્રથી આપણે એટલું પણ શિખ્યાછિયે, કે પદાર્થ માત્ર પરમાણુ (atoms) ના બનેલા છે. તેજ પ્રમાણે, ગુરૂરાજ કહેછે કે ભાષા પણ આસરે ૪૦૦—૫૦૦ (કે પછી વધારે) ધાતુ કે મૂળતત્વની બનેલી છે; એટલે મનુષ્ય માત્ર હાલ જે જે ભાષા વાપરેછે તે સઘળી, અને જે જે વિચાર દર્શાવવાને એ ભાષા કામ આવેછે તે બંનેનાં મૂળ જોશો તો મુઠીભર નાના ધાતુ, જેમાંનો પ્રત્યેક કોઇ પૃથક વિચાર દર્શાવતો નહિ, પણ સામાન્ય એટલે એક વર્ગના ઘણા ઘણા વિચાર દર્શાવતો. આ પ્રથમમૂળઉપર ભાષા માત્રનો પાયો રચાયો છે. કર્ત્તા ઇંગરેજી શબ્દ Man અને આપણા **મનુષ્ય**નુ મૂળ **મનુ**માં કાહાડેછે. **મનુ** એટલે વિચાર કરનાર. મનુષ્યજ વિચાર કરી શકેછે, પશુથી એમ થતું નથી. હિયાં આપણા કર્ત્તા **દારવિન** મતથી વિરૂદ્ધ જાયછે. મહાવિદ્વાન **દારવિન** કહેછે કે પશુસ્થિતિમાંથી માનસ બન્યો—કે વાનર સુધરી મનુષ્ય થયો—એ મતનું **માકસ મઆલર**ના મતથી ખંડણ થાયછે.

હવે ઉપલા ૪૦૦—૫૦૦ ધાતુ કયાંથી આવ્યા તેનેમાટે કર્ત્તા ધારેછે કે એતો મનુષ્ય જન્મથી લાવ્યોછે. પશુકરતાં મનુષ્યમાં જે જન્મથી વધારે જાતિ ગુણછે તેમાંનો એ પણ એક. આ ધાતુઓનો ધીરે ધીરે, જેમ જેમ મનુષ્યવાણી વિસ્તાર પામતી ગઇ તેમ તેમ, લોપ થતો ગયો. પ્રથમજ માત્ર તેની અગત્ય હતી.

વળી કર્ત્તાના ધારવાપ્રમાણે સઘળી ભાષા એકજ મૂળમાંથી નિકળી હોય એ અસંભવિત નથી; કારણ કે આર્યન, તુરાની અને સેમેતિક એ ત્રણ મોટા વર્ગમાં પણ કેટલાક મૂળ ધાતુ તો સામાન્ય છે. ઉપલા ધાતુ પ્રથમ મનુ (વિચાર કરનાર) ના ઉપયોગમાં આવ્યા હશે; પણ એ ધાતુઉપરથી મહાન્ ભાષા—સંસ્કૃત, ઝંદ, હિબ્રી, લાતિન, ઇત્યાદિ, ક્યારે થઇ, એ કેહવું કઠિણ છે. પૂર્વ અને પશ્ચિમની ઘણીક અર્વાચીન ભાષા ઉપલી મહાન્ ભાષામાંથી નિકળીછે; પણ તે મૂળભાષાના જન્મકાળની કશી નક્કી ખબર પડતી નથી.

જેમ ભાષાનાં મૂળ અને વૃદ્ધિવિષે કર્ત્તા તર્ક બાંધેછે તેમજ ધર્મવિષે પણ. ધર્મ માત્ર એક નાનકડા મૂળમાંથી ઉત્પન્ન થયોછે—તે મૂળ પેલા અનંતને પિછાનવાની મનુષ્યમાં જે સંભાવિક શક્તિછે તે· એવિષે આપણે વિસ્તારથી લખ્યુંછે.

વાંચનારને જાણવું અગત્યનું છે કે પદાર્થપૂજા (Fetishism) એ ધર્મનું આદિ સ્વરૂપ છે એવા મતસામે કર્ત્તા લંબાણથી વાદ ચલાવેછે (જુવો એમનું પુસ્તક પૃષ્ટ ૫૩ થી ૧૨૮ સુધી).

કર્ત્તા પોતાનું નામ સંસ્કૃતમાં "મોક્ષ મૂલર ભટ્ટ" એમ લખેછે. આપણે તો એમને એમનાં મૂળ નામ "માકસમઅલર"થી બોલાવ્યે છિયે. "મોક્ષ મૂલર" એ સંસકૃત શબ્દરચનામાં સ્વાભાવિક લાગે છે, અને તેમાં સારૂં ચાતુર્ય વાપરેલું દીસેછે. "મોક્ષ મૂલર" નો અર્થ જુવો તો—**મોક્ષ** કેહતાં આત્માનું છુટાપણું—અને **મૂલર** તેના મૂળમાં વસનાર—જાણે આપણા **બ્રહ્માનંદ** નામની નકલ કરી હોયને !

ખે. મે. મ.

જીવનચરિત્ર સાર.

મહાવિદ્વાન્ **માકસ મચ્ચલર** સને ૧૮૨૩માં જરમનીના દેસઓ નામના શેહેરમાં જનમ્યા હતા. એમના પિતાનું નામ ઉલ્હેમ **મચ્ચલર**. તેઓ પ્રખ્યાત કવિ થઇ ગયાછે. એમની માતાતરફથી પણ એઓ સારા સંબંધ ધરાવેછે. **માકસ મચ્ચલર** બચ્ચપણથીજ ઉદ્યોગી તથા ચપળ હતા, અને એમને ગાયનઉપર સ્વાભાવિક અભિરૂચી હતી. સન ૧૮૪૩ માં, એટલે વીસ વરસને વયે, એમણે **લીપઝીકની** પાઠશાળામાં 'દાકતર આફ ફિલૅાસૅાફી'નો પદવી સંપાદન કરી; અને ત્યાં હિબ્રી, અરબ્બી, અને સંસ્કૃતનો અભ્યાસ આદર્યો. બીજે વરસે શેલિંગ અને બૅાપનાં ભાષણ સાંભળવા બને તે માટે આપણા યુવાન પંડિત **જરમનીની** રાજધાની **બરલિન** ગયા. બરલિનમાં એમને પ્રતાપી વિદ્વાન્ હુમબોલ્ડ તથા બીક જોડે પરિચય પડયો. અને ત્યાંજ રૂકટે નામના વિદ્વાન્ પાસે ફારસી ભાષા શિખ્ખવામાંડી.

સન ૧૮૪૫માં ફ્રાન્સની પાઠશાળાના પ્રખ્યાત શિક્ષાગુરૂ **યુજીન બરનુફની** કીર્ત્તિ સાંભળી **માકસમચ્ચલર પારીસ** આવ્યા. બરનુફે એમની બુદ્ધિ સહજ સમજી લીધી, અને ઋગવેદસંહિતા છપાવી પ્રસિદ્ધ કરવાને એમને આગ્રહ કર્યો. આ કામ સિદ્ધ કરવાના હેતુથી **માકસ મચ્ચલર** ૧૮૪૬માં ઈંગ્લંડ આવ્યા. આવ્યાકેડે એવી ગોઠવણ થઇ કે નામદાર **ઈસ્ટ ઈન્ડિયા** કંપનીને ખરચે ઋગવેદસંહિતા **આકસફર્ડમાં** છાપવી, અને એ કામની દેખરેખ કરવા આપણા કર્ત્તાએ આકસફર્ડમાંજ નિવાસ કર્યો. ઋગવેદ છાપવાનું મહાકર્મ ઇંગ્લંડસિવાય બીજા કોઇ દેશમાં થાય એમ નહોતું. ધન્ય એવા વિદ્યાઉત્તેજક દેશને !

સન ૧૮૫૪ માં **માકસ મચ્ચલર** આક્સફર્ડની મહાન્ પાઠશાળામાં આર્વાચીન યુરોપીયન ભાષાના શિક્ષાગુરૂ થયા. ૧૮૬૮ માં એ પાઠશાળાએ કમ્પૅરેટિવ ફિલૅાલૅાજી (Comparative Philology) નો જે નવો વર્ગ સ્થાપ્યો તેના પાઠક થયા.

આપણા કર્ત્તાનો પેહલો ગ્રંથ, હિતોપદેશના ભાષાન્તરનો, ૧૮૪૦ માં પ્રસિદ્ધ થયો. ૧૮૪૩ માં એમણે કાળિદાસકૃત 'મેઘદૂત'નું જરમન ભાષામાં ભાષાન્તર કર્યું; તેમાં મૂળ સંસ્કૃત છંદ જરમન છંદમાં બહુજ ચતુરાઇથી ઉતાર્યા. આથી એમની બુદ્ધિવિષે ઊંચ મત બેઠો. એટલુંજ નહિ, પણ સંસ્કૃત અને જરમન વચ્ચે કેટલો સંબંધ છે તે પણ જોવાને બની આવ્યું. સન ૧૮૫૯ માં 'પ્રાચીન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ' એ નામનું પુસ્તક કર્ત્તાએ રચી બહારપાડ્યું.

૧૮૬૧ માં એમણે "ભાષાશાસ્ત્રવિષેનાં ભાષણ" એવા નામનો ગ્રંથ આરંભ્યો. આ પુસ્તકમાળામાં નવ ભાષણ સમાયલાં છે. ૧૮૬૪ માં બીજાં બાર ભાષણ પ્રસિદ્ધ કરી વિષય સમાપ્ત કીધો. એ ગ્રંથની બહુ આવૃતિ નિકળી ચુકી છે; તેમજ ફ્રેંચ, જરમન, ઇતાલિયન, રૂશિયન આદિ ભાષામાં એનાં ભાષાન્તર પણ થયાં છે. એસિવાય આપણા કર્ત્તાએ બીજાં ઘણાંક પુસ્તકો રચ્યાં છે જેવિષે આ લઘુ નિબંધમાં લખવા બનતું નથી.

માકસ મઅલરના જન્મારાનું સાર્થક કર્મ, ઋગવેદસંહિતા, તેનાં છ મોટાં પુસ્તક થયાંછે. એ છ અંક ૧૮૪૯ થી ૧૮૭૫ સુધીમાં પ્રસિદ્ધ થયા. આ સ્થૂલ પુસ્તક વિષે વિદ્વાન્ દાકતર **માર્તિન** હાઉગ લખી ગયા છે કે ૧૮૬૨માં **પુના** શેહરમાં ૭૦૦ વિદ્વાન્ બ્રાહ્મણોની એક સભા મળી એ પુસ્તક તપાસી ગયા, અને તે સાતસો બ્રાહ્મણોએ અભિપ્રાય આપ્યો કે **અમારા હસ્તલિખિત ગ્રંથોકરતાં આ પુસ્તકનું મૂળ લખાણ વધારે સંપૂર્ણ છે**; એમ કહી તેઓએ આ નવા ગ્રંથને આધારે પોતાનું શાસ્ત્ર સુધારી લીધું!

એજ ઋગવેદસંહિતાના સંબંધમાં કર્ત્તાએ થોડા વખતમાં Chips from a German Workshop નામનું ૨૦૦૦ મોટાં પૃષ્ટનું પુસ્તક છપાવ્યું.

આવા અતાગ શ્રમનો વિચાર કરતાંજ સાધારણ વાંચનાર તો છક્ક થઇ જાય!

હાલ ગુરૂજી "પૂર્વ દેશનાં ધર્મપુસ્તક" એવા નામના ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં ગુંતાયલા છે. એમાં બ્રાહ્મણ, બુદ્ધ, જરથોસ્તી, ચીનાઇ અને મહમદી ધર્મનાં પુસ્તકો આવી જાય છે. પ્રત્યેક પુસ્તક એક કે વધારે પ્રખ્યાત વિદ્વાન્ લખે છે, તેને **માકસ મઅલર** સુધારી કરી છપાવી પ્રસિદ્ધ કરેછે. આના ૨૪ થી વધુ ગ્રંથ થશે.

આપણે વાંચી ગયા કે મહાગુરૂ **માકસ મઅલર** એક કવિ પિતાના પુત્ર છે. એઓ પોતે પણ કવિ છે. કવિતાનાં ખાસ પુસ્તકો નથી લખ્યાં; પણ એમના પ્રત્યેક ગ્રંથ કે નિબંધમાં કવિત્વશક્તિની સુવાસના પ્રસરી રહીછે. ગમે એવા અગમ્ય વિષયવિષે વિવેચન કરતાં પણ એમની ભાષા સદા સરળ, સુશોભિત, અને કવિત્વચમત્કૃત્તિથી ભરપૂર લાગેછે. અને આવી સુયુક્ત ભાષા બીજાઓ પેઠે, કાંઇ ન્યાય કે સત્યવિષેના પોતાના અજ્ઞાનને ઢાંકવા માટે પોતે વાવરતા નથી. કર્त्ताને સંવાદ કરવાની રૂચી નથી; કારણ એમની પ્રકૃત્તિ અત્યંત દયાશીળ અને અનિષેધક છે. એઓ કહેછે કે ગમે એવો ધર્મ હોય તેમાં કાંઇપણ સત્યનો અંશતો છેજ. એ એમના સ્વભાવનું લક્ષણ છે. તોપણ જ્યારે વાદવિવાદમાં ઉતરવું પડે ત્યારે તે કોઇથી ડરતા નથી, અને સામીપક્ષવાળાના હુમલાને હઠાવવામાં કાંઇ બાકી રાખતા નથી.

આપણા ગુરૂ યૂરપનાં સઘળા વિદ્વાન્ મંડળના એક માંડળિક (સભાસદ) છે. પ્રશિયા દેશના નાઈટ છે. ઈંગ્લંડના તો તેઓ એક પ્રિય પુત્ર થઇ રહ્યાછે. ત્યાંના વિદ્વાનો એને છોડતા નથી; ત્યાંના પરાક્રમી પુરૂષોના એ પ્રમુખ મંડળમાં છે. વિલાયતના મહાત્મા એમને મિત્ર કેહવામાં માન અને શોભા માને છે. એઓ જન્મે કાંઇ અંગરેજ નથી. તોય અંગરેજી ભાષા એવી તો ઉત્કૃષ્ટ વાપરેછે કે ભલા ભલા અંગરેજો પણ બાજુ રહે. હજારો વિદ્વાન અને લાખો અભ્યાસી એમના પ્રશંસી થઇ રહ્યાછે.

શબ્દશાસ્ત્રવિદ્યાના તો એમને સ્થંભ કહિયે તો ચાલે; એ નવાં પણ અતિઉપયોગી શાસ્ત્રમાં એમના બરાબરિયાજ નથી. ધર્મશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના જ્ઞાનવિષે એમની બુદ્ધિ કેવળ અનુપમ છે.

હિબ્બર્ત લેકચર્સ નામના એમનાં ભાષણ, જેનો આ પુસ્તકમાં વિસ્તારથી અર્થ કરવામાં આવ્યો છે, તેમાં એમની બુદ્ધિ તથા વિદ્વત્તા બહુજ પ્રકટી રહી છે. એ ભાષણો કર્ત્તા પોતાની મરહુમ દીકરીને નિચલી કરૂણાજનક વાણીથી અર્પે છે:—

> "જેના પ્રિય સ્મરણથી આ ભાષણ લખતાં મને ઉત્તેજન, ઉદ્દેશ અને આધાર મળ્યાં તેને એ ભાષણ પિતાની પ્રીતિના સ્મરણ, ચિન્હ દાખલ અર્પણ કર્યાં છે."

બેહેરામજી મેરવાનજી મલબારી.

The Publisher's grateful acknowledgments are due to the Director of Public Instruction for his grant of Rs. 500 which he looks upon as a very encouraging moral support. No less encouraging has been the support accorded by other enlightened subscribers.

મેહેરબાન ડાઇરેકટર ઑફ પબ્લિક ઇન્સત્રકશન સાહેબે રૂ૫૦૦) નો જે અત્યુત્તેજક આશ્રય પ્રસિદ્ધકર્ત્તાને આપ્યો છે તેનમાટે તે તેમનો બહુ આભાર માને છે.; તેમજ બીજા સુજ્ઞ ગ્રાહકોએ જે આશ્રય આપ્યો છે તે પણ કોઇ પ્રકારે થોડો ઉત્તેજક નથી.

INTRODUCTION.

(*Translated literally from Gujarati.*)

About three years ago I sent a few copies of my book of English verse to some prominent Englishmen through the benevolent Miss Manning of London; among them one to Professor Max-Müller. I had no particular object in sending these little presents so far; nor had I any hope of acknowledgments, which, however, I received from most of the gentlemen a few weeks after. Of all these Max-Müller's enlightened advice gave me much satisfaction, and I have to this time acted up to it ....
'Whether we write English verse or English prose, let us never forget that the best service we can render is to express our truest Indian or German thoughts in English." This was the substance of the *Guru's* admonition. Some of these scholars sent me copies of their works along with letters—of these the Essays of the renowned William Gladstone, the Speeches of the Earl of Shaftesbury, and especially the Hibbert Lectures of Prof. Max-Müller promised to prove useful. I had often heard before of these luminous Lectures. I had an idea, by instinct, as it were, as to their value. On a perusal I found them more attractive than I had expected. Many of Max-Müller's views were such as to at once win my yielding sympathies—his sublime theories about the most-noble Aryan race, his eloquent opinions about the all-gifted Sanskrit, his outbursts of admiration for the achievements of that race and that language—the remembrance of all this fascinated my

mind. The world (of literature) can boast of few such grand old themes; and few such great men may the world hold to treat of such great topics. We certainly know of many learned men. Our own Bharta Khanda possesses not a few. How can we even enumerate the scholars of Europe? Who can realise the magnitude of their learning? We lack the power of even conceiving their consummate perseverance. Still, in all this wealth of erudition we generally miss the divine spark. Max-Müller's intellect does not shine so much by reason of its extent or altitude as owing to the living spark which illumines it. Philosophers are all, of course, so many custodians of knowledge. But Max-Müller Bhatta is as exhaustless a donor as he is a custodian. He not only *understands* a thing himself, but has the power of *making others understand it*. This rare quality is the crowning trait of his genius There must be something more than human in the intellect that seems successfully to grapple with the problem—How came the human soul to have a knowledge of the unseen but all-seeing Soul Universal!

Such wavelets of thought began to float over my mind on going through the Hibbert Lectures. In the impulse of gratitude I wrote to the author:—Your Lectures, which have acquired such celebrity throughout Europe, may perhaps be studied to some purpose by students like myself; but are they to remain a sealed book for the millions of Aryans who never study a foreign language?" In reply the author lovingly said, 'When writing them I was often thinking of my friends in your country more than of my audience at Westminster . . . I am anxious to see them translated into Sanskrit . . . . I am deeply interested in the effect they may produce in India . . .' I mentioned the matter to friends, but none would take it up. I wrote again:—Excuse me for Sanskrit now; but what say you to a Gujarati translation to begin with?" The author approved of the proposal, again expressing his anxiety and the hope that the Government and the public would assist me, as

they do in all such cases. He also made over to me the copyright. Impelled by his zeal, I resolved at any sacrifice to carry the enterprise through. Gujarati would I certainly do; but I must have Sanskrit too done anyhow. At this time I also felt a desire for Marathi, Bengali, Hindi and Tamil translations.

To a mere student all this appeared to be a great enterprise. But I said to myself, my soul, no merit so great as of devoting a part of this brief life to such an enterprise. *Hiding* this hope within mine own heart for the time, I set about arranging for the Gujarati translation. My great want was of leisure and of knowledge. This frightened me a good deal for a time. It felt to be a very hard task in the beginning. I had not the courage to take up pen and paper—oh, when will it all be over?—I kept repeating to myself full of misgivings. On second thoughts it struck me that the best course would be to hand over the work to another for a consideration, and to publish it afterwards. But where were the funds to come from? Fortunately, I opened my heart to my friend, Mr. Navroji Mancherji Mobedjiná. He suggested reassuring means. We two arranged to have our translations published in some periodical by instalments, which we might collect for final publication when I had the means. Mr. Navroji took up the first two Lectures (IV & V.) I now sallied forth in search of a periodical, but could find no encouragement in any quarter. The best hope a friend could hold out was "we shall try to give select extracts from your translations". This concession was not sweet enough to be swallowed.

It now remained to us to fall back upon the tender mercies of the public. The Bombay public do not care much for this sort of work.; but I felt assured that the public, who had supported an author like myself, would not despise these noble dessertations of Max-Müller's. I therefore first put the matter before a few sympathising European friends; and it soon met

with the approval of lovers of literature like the Hon. Mr. James Gibbs, Messrs. Martin Wood, William Wordsworth, Herbert Birdwood, Edward Candy, Chester Macnagten and others. To the credit of my Parsi and Hindu brethren I may say that in a few months we had a liberal supply of money. We could easily meet the printing and binding charges at any rate. Confidence was now restored, and work was resumed with renewed interest.

But soon after we began to cry out against the all-but-hopeless task of rendering the *Shastri-Bawa's* transcendant thoughts into such a meagre vernacular as Gujarati. Both translators were about equally learned! Very. often, owing to his luminous expression, we could understand the author's meaning; but whence to bring the power, without experience, to clothe his thoughts in suitable vernacular? We had no such command of language. We could ourselves understand his thoughts—but we found it extremely difficult to lead these thoughts through such language as would strike the reader—of ordinary intelligence—at the very first perusal. We have often had to pass two and three hours in brown study in rendering one word. If we entered into the verbiage of Dictionaries, we often lost our way. Instead of giving a meaning to words, they often seemed to make words more unmeaning. For one word a Dictionary would say:—"It is a sort of flower". Another word it would define as "a kind of fruit;" for a third word it would offer a worthless explanation two feet long. Most of the more difficult words would be conspicuous by their absence. What to do now? But before one trouble was over, we had to confront another. We needed a knowledge of the *Shastras* in translating—of the *Shastra* (Science) of Religion and the *Shastra* of Language.

In this trouble I thought of my best friend, Mansukhram Suryaram Tripathi. This enlightened Vedantin was my final *áshrama* (asylum.) In him I found rest from my distrac-

tions. Mr. Mansukhram was quite familiar with the subject. Still, I do believe, I have worried him a good deal. Taking advantage of our relations as pupil and teacher, I besieged this most patient friend night and day, busy or at leisure, just as it suited me. I must have troubled Mr. Mansukhram at least sixty four times in reading four lectures with him. With these facts before me, I must say that most of the merits of the work are to be attributed to Mr. Mansukhram; the faults are all mine. I have to thank my friends Messrs. Manilal Nabhulal Dwivedi and Kashinath Trimbak Telang for a few suggestions, corrections, &c. My respectful thanks are also due to the author for his kindness in having supplied me with a list of technical terms.

On opening the volume I find many faults reproaching me. In excuse I may urge that the foundation of the work was laid by four hands, and that in the work of superstruction were required not four nor eight, but I might say sixteen hands. To this cause again may be assigned want of uniformity here and there. There are some blemishes due to my anxiety to make the language accessible to Parsee readers, also to the imperfect state of the art of printing. Besides this the language may sound harsh or unintelligible in a few places—in spite of all our efforts to make it natural and intelligible at a glance. But it would be well if the critic considered the nature of his materials before blaming the workman for his faults. The worst fault to me is that the language should anywhere read non-Gujarati. I have taken all care to avoid this blemish: if any still remains, the critic will see that it was inevitable. Possibly a scholar might have produced better execution. But I found none willing to undertake the first trial. Even if I had found someone, I doubt if he would have given the work the enthusiastic and persevering attention which we have bestowed upon it. To us it was a labour of love—no hireling could take it so.

If the language is found difficult, the reader will see that the discussion of such subjects as Religion and Science could not be couched in simpler language. When we found no word in Gujarati to express a thought, we could not help seeking help from mother Sanskrit. Sometimes we had to use strange words for non-Gujarati thoughts. To be brief, a whole year has been devoted to making the book as readable as possible; a single page has taken weeks to be done; for a single word we have often had to seek aid from learned friends. Indeed, we have had to turn our blood into water in interpreting father Max-Müller to our people.

In the words of the intelligent and appreciating Editor of *Rast Goftar*, Max-Müller is 'like a Prophet.' Indeed, his keen vision seems to have penetrated, as if it were, the great mystery of our life. His words feel like inspired,—it is for individual critics to ascertain what truth underlies them. We know that some great thinkers do not accept his theory; still, none of them has denied that his powers of expression are divine. My first object is to give my Aryan countrymen the benefit of his lucidly argued theory. In this connection the author's genius is like the brilliant Sun—the translators' minds are like a flickering lamp. In the field of expression the author's thoughts flow into the Ocean—the translators' into a small well. To render Max-Müller's thoughts and words into Gujarati is like diverting the vast expanse of the ocean into a narrow channel. The idea may appear an empty boast; and if the realisation of it so far is found of no use to the public, I shall feel the result as punishment for my rash enterprise. The whole effort seems to me to be like that of a sage speaking his thoughts by the mouth of an infant.

Be this what it may—I, for my part, feel as if I had acquired some merit even by this indifferent performance. This little volume, and the Sanskrit, Marathi, Bengali, Hindi and Tamil that will follow, are to my mind, a *Samarpana* (a pious dedication). Every man has some ambition; this is part of my

life's ambition. If this translation bring peace to any Aryan brother in the midst of the world's distractions; if it remind him of the exploits of his illustrious ancestors; if in contemplating the Objective Self he is led, by it, to a study of the Subjective Self—finally, if an Aryan brother find my feeble attempt a means of comprehending the *Parmanada* (the Highest Happiness) *Parmatma* (the Highest Self) who is the superlative *Sata* (Essence), the Unborn, the Infinite, the Immortal, in the glance of whose eye is reflected the whole extent of the Universe—and (according to my original design) if the attempt give my countrymen, by contact, some insight into the experiences of the incomparable Arya-German, the *Muni* (Sage) Max-Müller, who has consecrated his whole life to the interpretation of the two principal phenomena of human history, namely, the Aryan Faith and the Aryan Speech, then I may well feel satisfied that I have reached my sacred goal.

BEHRAMJI M. MALABARI.

Bombay, December 31*st* 1881.

સ્પર્શ્ય,* અર્ધસ્પર્શ્ય તથા અસ્પર્શ્ય પદાર્થોની પૂજા.

—— oo ——

આપણે જે જગ્યાએથી નિકળી, જે ઠેકાણે અને જે માર્ગે જવા માગિયે છિયે, તે જગ્યાની, તે ઠેકાણાની તથા તે માર્ગની બરાબર તપાસ કરિયે. ધર્મવિષયક વિચારનાં અસલ મૂળ જે ઠેકાણે નિકળે છે તે ઠેકાણે આપણે જવા માગિયે છિયે ; પણ આપણે આશયે (મંજલે) પોહોંચવામાટે આપણે એક હાથઉપર **પદાર્થપૂજા**વિષે તથા બીજા હાથઉપર **મૌલિકશ્રુતિ**† વિષે જે જે વિચારો જણાયલા છે તેનો ઉપયોગ નથી કરવો. આપણી પાંચે ઇન્દ્રિયોથી જે જ્ઞાન મળે છે, અને જેનો ઉપયોગ કરવાને દરેક માનસ છુટ મુકેછે, તે જ્ઞાનથી પેહલો આરંભ કરીને આપણે એક એવા માર્ગની ખોળ કરિયે, કે જે માર્ગે સોધા, જોકે કદાચ ધીરે જતાં, આપણી ઇન્દ્રિયોથી નહિ મળેલા, અથવા કાંઈ નહિતો સંપૂર્ણ રીતે નહિ મળેલા ભાવ, એટલે પેલા અનન્ત, અદ્‌ભૂત અને દિવ્ય (ઇશ્વર)નાં વિવિધ રૂપોનાં જ્ઞાન વિષે ભાવ લાવવાને બની આવે.

---

* **સ્પર્શ્ય**નો મૂળ અર્થ લાગણીથી જણાય તે. પણ કર્તા એ શબ્દને પાંચે ઇન્દ્રિયથી પરખાય એવે અર્થે વાપરે છે, જેમ કરવામાં કશી અડચણ જણાતી નથી. સંસ્તકૃતમાં ઇન્દ્રિયગોચર શબ્દ છે તેનો આ જગ્યાએ ઉપયોગ કરવો સુગમ પડતું નથી. ભાષાન્તર કર્તા.

† **મૌલિકશ્રુતિ**=ઇશ્વરે માનસને મૂળથી જે વાણી કહી છે તે. ભાષાન્તર કર્તા.

ધર્મનું પ્રમાણ સઘળીજ રીતે કદિયે ઇન્દ્રિય-ગમ્ય હોતું નથી.

———00———

સઘળા ધર્મો, પછી તેઓ બીજી બાબદોમાં ગમે એવા જુદા પડતા હોય, પણ આ એક વાતમાં સદા મળતાજ છે, તે એકે તેઓનાં પ્રમાણ કદી ઇન્દ્રિને બળે સઘલીજ રીતે પરખાય એવાં નથી હોતાં. આ નિયમ **પદાર્થ પૂજા**ને પણ લાગુ પડે છે; કેમકે જ્યારે એક જંગલી પોતાના ભક્તિપદાર્થ (Fetish)ની પૂજા કરેછે, ત્યારે તે એક સાધારણ પથ્થરનેજ પૂજે છે એમ નથી, પણ તે પથ્થર, કે જેનો સ્પર્શ કરી શકાય અથવા જેને પકડી શકાય, તે ઉપરાંત કાંઇ બીજી વસ્તુને પણ પૂજે છે, કે જે વસ્તુ આપણાં હાથ, કાન, અને આંખની શક્તિથી જણાતી નથી.

આવું શાથી બને છે? એવી કઇ ઐતિહાસિક ક્રિયાથી આપણી ખાતરી થાય છે કે જે કાંઇ આપણી ઇન્દ્રિયોથી માલમ પડેછે તે સિવાય તેમાં બીજું પણ કાંઇ અદૃશ્ય છે કે હોય, જેને ટુંક વખતમાં આપણે અનન્ત, અદ્ભૂત કે દિવ્ય કહેવા શિખ્યા? બેશક કદાપિ એમ પણ હોય કે જે વસ્તુઓને આપણે અણદીઠ, અનન્ત અને દિવ્ય ગણિયે છિયે, તેમાં કેવળ આપણી ભૂલ અથવા કેવળ વેહમ હોય. પણ જો એમ હોય તો આપણને જાણવાની વધારે જરૂર છે કે દુનિયાંના આરંભથી તે આજસુધી જે માનસો બીજી સર્વ વાતે દેખીતી રીતે સાવધ જણાય છે, તેઓ આ એકજ બાબદમાં મૂઢ કેમ બન્યા? એનો આપણને જવાબ મળવો જોઇયે છે; જો નહિ મળે તો ધર્મને યથાશાસ્ત્ર પ્રતિપાદન માટે કેવળ અયોગ્ય ઠરાવવો પડશે.

બાહ્ય પ્રકટિકરણ.*

જો માત્ર શબ્દોથીજ આપણા વિચાર જણાવી શકાય એવું આપણે ધારતા હોત, તો આપણને કેહવું પડત કે સઘળા ધર્મવિષયક વિચારો જે ઇન્દ્રિય જ્ઞાનની હદ બહાર જાય છે, તેઓ કોઇ બાહ્ય પ્રકટિકરણને આધારે હોવા જોઈએ. આ પ્રમાણે બોલવું ઠીક લાગેછે, અને આ દુનિયાંમાં એવો ધર્મ તો કોઇ ભાગ્યેજ હોય જેવિષે આમ સમજાવવામાં ન આવતું હોય. પણ આ તકરાર જયાં જયાં આપણને નડતી આવે ત્યાં ત્યાં તેને પદાર્થપૂજનારની ભાષામાં માત્ર મુકવી જોઇયે, એટલા માટે કે ધર્મવિષયક વિચારોનાં મૂળ તથા વૃદ્ધિનો ઐતિહાસિક અભ્યાસ કરવામાં આપણને જે જે અડચણો નડે છે, તે તે કાઢી નાખવામાં એ તકરાર કેટલી થોડી કામે લાગે છે, તે જણાય. ધારોકે આપણે **આશાન્તી** લોકના એક ધર્મ-ગુરૂને પુછયું હોય કે "તમે કેમ જાણ્યું કે તમારો ભકિતપદાર્થ સાધારણ પથ્થર નથી પણ કોઈ બીજી વસ્તુ છે; પછી તેને જે તમારે ગમે તે સમજો": અને ધારો કે તે એવો જવાબ દે કે "એતો ભક્તિપદાર્થે પોતે મને એવું કહ્યું છે"—તો તેવે પ્રસંગે આપણે શું જવાબ દઇયે? અને તોપણ પ્રથમ પ્રકટિકરણનો વિચાર, પછી તમારે ગમે તે આકારમાં તેને મુકો તોય, સદા એકલી આ તકરાર ઉપરજ આધાર રાખે છે. માનસના જાણવામાં કેમ આવ્યું કે સૃષ્ટમાં દેવો છે? કાંકે એતો દેવોએ પોતેજ માનસોને કહ્યુ છે. આ એક એવો વિચાર છે કે જે અતિકનિષ્ટ તેમજ અતિશ્રેષ્ઠ સુધરેલા જાતોમાં જોવામાં આવે છે. **આફ્રિકા**ના લોકોમાં આ એક ચાલુ કેહવત છે કે "હમણાકરતાં આગળ આકાશ માનસની વધારે પાસે હતું, તથા સર્વથી મોઠો દેવ, જગતકર્ત્તા પોતેજ

* **પ્રકટિકરણ** એટલે ખુલ્લુ કરવું તે. માનસને કાંઈ ગેબી અથવા કુદરતી બશારત થાય છે તે.

માનસ જાતને ડહાપણના પાઠ શિખવતો હતો; પણ ત્યાર પછી તે તેઓ પાસેથી જતો રહ્યો, અને હમણા તેઓથી ઘણો દૂર આકાશમાં નિવાસ કરે છે." **હિંદુઓ** પણ એમજ કહે છે; અને તેઓ તથા **યુનાનિયો** આપણને જણાવે છે કે દેવો વિષે તેઓ જે કાંઈ માને છે તે તેઓના પૂર્વજોની સત્તા ઉપરથી છે, કે જેઓ દેવોજોડે વધુ નિકટ સંબંધમાં રહેતા હતા.

પણ સવાલ એ છે કે દેવો વિષે વિચાર, અથવા જે કાંઇ આપણા જોવામાં આવતી નથી તેવી વસ્તુનો વિચાર, પેહલવેહલો માનસના મનમાં, વળી ઘણાજ પુરાતન વખતના આપણા વડીલોના મનમાં પણ, શી રીતે આવ્યો? 'ઇશ્વિર' એવો વાચ્ય માનસને કેમ મળ્યો એ ખરૂં સિદ્ધાંત છે: કારણકે દેખીતા અથવા અણદીઠ કોઇ પણ પદાર્થને તે વિચાર લાગુ પાડે તે આગળ માનસે પોતે તે વાચ્ય સારી પેઠે સમજેલો જોઇયે.

અંતર પ્રકટિકરણ.

———oo———

જ્યારે એવું માલમ પડ્યું કે બહારની (ઇન્દ્રિયોની) શાક્ષિથી અનન્ત, અણદીઠ અથવા દિવ્ય એની ભાવના આપણા મનવિશે ઠસાવી શકાતી નથી, ત્યારે એવું ધાંરવામાં આવ્યું કે એ અગવડ કોઇ બીજા શબ્દથી મટાડી શકાશે. કેટલીક બાજુથી આપણને જણાવવામાં આવ્યું છે કે માનસમાં કોઇ 'ધર્મસૂચક અથવા વેહેમરૂપી પ્રેરણા છે, જેથી બીજાં સર્વ પ્રાણિયો કરતાં એકલું માનસજ અનન્ત, અણદીઠ તથા દિવ્યવિષે વિચાર બાંધવાંને શકિતવાન થયું છે.

હવે આ જવાબને પણ **પદાર્થપૂજાને** અનુસરતી સાદી ભાષામાં ફેરવી નાખિયે તો, હું ધારૂં છું કે આપણી ભોળાઇથી આપણે પોતે અજાયબ થઇશું.

જો આપણને એક **આશાન્તી** એમ કહે કે, મારા ભકિત-પદાર્થમાં સાધારણ પથ્થર ઉપરાંત હું કાંઇ બીજું જોઈ શકું છું, કારણકે તે બીજું જોવાની મારામાં પ્રેરણાબુદ્ધિ છે, તો તે **યુરોપીયન** કેળવણીની અસરથી ઠાલા શબ્દ-જ્ઞાનમાં કેટલો બધો આગળ વધ્યો છે, તે જોઈ આપણે ઘણુંકરી અજાયબ થઇશું ; પણ મનુષ્યવિષે અભ્યાસ કરવામાં ભટાઇ કરી નહિ જાણે એવા જંગલિયોની મદદથી આપણને ઘણો લાભ થાય એ માનવું કઠીણ પડે. ધર્મ-વિષયક વિચારોનું મૂળ સમજાવવા આપણી સાધારણ મનશકિત કરતાં ધર્મ-પ્રેરણા વધારે ચઢતી છે, એમ કબુલ કરવું તે, ભાષાનું મૂળ સમજાવવામાટે આપણામાં ભાષાજ્ઞાનની કાંઇક પ્રેરણા છે, અથવા આપણી ગણવાની શકિત ક્યાંથી આવી તે સમજાવવા આપણામાં ગણિતશકિત જન્મથીજ છે, એમ કબુલ કરવા બરાબર છે. એવો ખુલાસો આપવો એ તો પેલી જુની વાત જેવું થાય, કે ફલાણા ફલાણા કરિયાણાથી ઉંઘ આવે છે, કારણ તો કે' ભાઇ તે કરિયાણામાં ઉંઘ લાવવાનો ગુણ છે !

આ બંને જવાબોમાં સત્યનો કાંઇક અંશ છે તે હું ના નથી પાડતો ; પણ અસત્યના આખા ઢગલામાંથી સત્યના તે દાણાને પેહલાં ચુંટી કાઢવો જોઇયે. ટુંકમાં પતાવવાસારૂ, તેમજ **પ્રથમ પ્રકટિકરણ** એટલે **આપણે** શું સમજિયે છિયે, તથા ધર્મની પ્રેરણા એટલે **આપણે** શું સમજિયે છિયે, તેનો સારીપેઠે ખુલાસો કીધા પછી, એ શબ્દોનો આગળ ચાલતાં ઉપયોગ કરવામાં કદાચ અડચણ નથી ; પણ એ શબ્દો એટલીં બધી વાર ખોટે અર્થે વપરાયલા છે, કે હવે પછી એઓનો ઉપયોગ નહિજ કરવો વધારે ડહાપણ ભરેલું ગણાય.

આ પ્રમાણે ઘણીક અડચણો, જે આપણા મોંહસાંમે ઉભી છે, તેમાંથી આટલી સેહલાઇથી જે માર્ગે અત્યાર સુધી છટકી શકાતું હતું તે માર્ગ તજી દેવા પછી, જયારે આપણે ધર્મવિષયક વિચારોનાં મૂળ જાણવા

માગિયે, ત્યારે આપણને માત્ર એટલુંજ કરવાનું બાકી રહે છે, કે પ્રથમ પ્રકટિકરણ અથવા ધર્મપ્રેરણા એ બે માંહેના એકની પણ મદદવગર, તે ધર્મવિષયક વિચારનાં મૂળનું કારણ શોધીકાઢવામાં આપણી મેહનત કેટલી પાર પડશે. આપણી પાસે આપણી પાંચે ઇન્દ્રિયો છે, તથા આપણી સન્મુખ આખી દુનિયાં જેવી છે તેવી પડેલી છે, જે વાતની સાબેતી આપણી ઇન્દ્રિયો આપે છે. સવાલ એ છે કે, આપણે પેલીમેરની (બીજી) દુનિયાંવિષે કેમ જાણ્યું ? અથવા ખરૂં કહિયે તો આપણા આર્ય વડીલોએ કેમ જાણ્યું હશે ?

ઇન્દ્રિયો તથા તેઓનું પ્રમાણ.

——oo——

હવે આપણે પેહલાથીજ આરંભિયે. આપણી પાંચે ઇન્દ્રિયોથી જે કાંઇ જણાય તેને આપણે **વાસ્તવિક** અથવા **સ્પષ્ટ** કરીને કહિયે છિયે. કોઇ નહિ તો અસલી માનસ તો એમ કહે, અને આપણી ઇન્દ્રિયો જે કાંઇ સત્ય જ્ઞાન છે તેજ વાસ્તવિક રીતે જણાવે છે કે નહિ, એવો સવાલ એની વચે ખેંચી લાવવો જોઇતો નથી. આપણે હાલ કાંઇ **બરકલે*** અને **હ્યૂમ**† કે વળી **એમ્પીડાકલીસ**‡ અથવા **ઝેનોફેનીસ**§ સરખા માટે પણ લખતા નથી, પણ ચોથી કે કદાપિ ત્રીજી ઉત્પત્તિકાળના કોઇ ગુફામાં રેહનારવિષે લખિયે છિયે. તેને મનશુ એક હાડકું, જેને તે હાથ લગાડી શકે, જોઈ શકે

---

* એક મહા વિદ્વાન ખ્રિસ્તિ ધર્મગુરૂ જેણે ચાર્વાક મતનું બહુ સારી રીતે ખંડણ કર્યુંછે.

† એક મહાન ઈતિહાસ લખનાર.

‡ એક પ્રાચિન કાળનો મહા વિદ્વાન જે પુનર્જન્મવિષે સારાં લખાણ કરી ગયોછે.

§ એક યુનાની વિદ્વાન જે અદ્વૈત મતનો સ્થાપનાર કહેવાયછે.

ચાખી શકે, સુંઘી શકે અને જરૂર પડી તો ભાંગીને સાંભળી શકે, તેજ બહુ વાસ્તવ, જેટલું બની શકે એટલું વાસ્તવ છે.

તોપણ એટલી પેહલી મંજલેજ ઇન્દ્રિના બે વર્ગોવચ્ચે ભેદ રાખવો જોઇયે, જેમકે એક વર્ગમાં **લાગવાની, સુંઘવાની** તથા **ચાખવાની**, કે જેઓ કોઇ વાર જુની (palaioteric) ઇન્દ્રિયો કેહવાય છે તે ; તથા બીજા વર્ગમાં **જોવાનો** તથા **સાંભળવાની** ઇન્દ્રિયો, જેઓ નવી (Neoteric) ગણાય છે તે. પેહલી ત્રણ ઇન્દ્રિયો આપણને સૌથી ઘણી ભૌતિક ખાતરી આપે છે, અને પાછલી બેમાં કોઈ વેળા શક રહી જાય છે, કે જેઓનું કામ (કાંઈ જોયેલું કે સાંભળેલું) આગલી ઇન્દ્રિયોની મદદથી વારંવાર ખરૂં પાડવું પડેછે.

સ્પર્શ ઈન્દ્રિ કોઇ પણ વાસ્તવત્વ*ની ઘણીજ ચોકસ સાબેતી આપતી દેખાય છે. એ ઈન્દ્રિ સર્વથી ઉતરતી છે, અને અમુક ઉપયોગમાટે સર્વથી થોડીજ વપરાય છે તથા સર્વથી થોડીજ ખીલવવામાં આવેલી છે, અને પરિણામ વાદને આધારે જોતાં સર્વથી જુની તરીકે ગણાયલી છે. એની પછી અમુક ઉપયોગસર વધારે વપરાતી ઇન્દ્રિયો **વાસ** તથા **સ્વાદ**ની છે. એમાંની પેહલી પ્રાણિયોના તથા બીજી બાળકોના વપરાસમાં વધારે ખાતરી કરવા માટે આવેછે. ચઢતા વર્ગનાં પ્રાણિયોમાંનાં ઘણાંકને બાહ્ય વાસ્તવત્વ† પારખવામાટે **વાસ** ઈન્દ્રિ સર્વથી અગત્યની જણાઇ છે ; અને એથી ઉલટું, માનસની બાબદમાં, અને મુખ્ય કરીને સુધરેલાં માનસની બાબદમાં, એનો કાંઇયે કામસર ઉપયોગ થતો ઘણું કરીને બંધ પડયો છે. એક બાળક કોઈ પદાર્થના વાસ્તવત્વવિષે ખાતરી કરવાના કામ સિવાય **વાસ**નો થોડોજ ઉપયોગ કરે છે. તે પેહલાં તેને હાથ લગાડે છે, અને બની શકેતો પછી તેને મોંહમાં ઘાલે છે. જેમ જેમ આપણે મોટા થઇયે છિયે તેમ તેમ આ છેલ્લા રીત છોડી

---

* વસ્તુપણું

† બાહ્ય વાસ્તવત્વ એટલે બહારથી જણાય એવું વસ્તુપણું.

દઇયે છિયે, પણ ખાતરી કરવા માટે હાથ લગાડી પારખવાની પેહેલી રીત ચાલુ રહી છે. ઘણાંક માનસો હાલ પણ એમ કેહશે કે, જે આપણા હાથને લાગી નહિ શકે તે વાસ્તવ નથી, તો જોકે એટલીજ ખાતરોથી તેઓ એમ કેહવાની બોંહોંસ નહિ કરશે કે, સર્વ વસ્તુઓ જે વાસ્તવ છે તેને **વાસ** કે **સ્વાદ** હોવોજ જોઇયે.

સ્પષ્ટ શબ્દનો અર્થ.

——oo——

ભાષાથી પણ ઉપલી વાત બહાલ રહેલી માલમ પડેછે. જ્યારે કશાના વાસ્તવત્વમાટે વાજબી રીતે શક રાખી શકાતો નથી, એવું આપણે કેહવા માગિયે છિયે, ત્યારે આપણે તે વસ્તુને **સ્પષ્ટ** અથવા **દેખીતી** કહિયે છિયે. જ્યારે **રોમન** લોકોએ એ વિશેષણ બનાવ્યું, ત્યારે એનો અર્થ શું, અને તેઓ તેથી શું કેહવા માગતા હતા, તે તેઓ સારીપેઠે જાણતા હતા. તેઓ **સ્પષ્ટ** (Manifest) શબ્દનો અર્થ હાથથી અડકી શકાય અથવા ઠોકી શકાય, એવી વસ્તુનો કરતા હતા. '**ફેન્ડો**' (Fendo) શબ્દ એ એક જુનું **લાતિન** ક્રિયાપદ છે, જેનો અર્થ 'ઠોકવું' 'મારવું' એવો થાયછે, કેજે offendo અથવા defendo એટલે 'કોઇપાસેથી ધક્કો મારીને દુર કરવું' અથવા 'મારવું' શબ્દોમાં જળવાઇ રહેલુંછે. જેમ Fustis એટલે લાકડી, એ શબ્દ Fos–tis, Fons–tis, Fond–tis માટે વપરાયછે, તેમ Festus એક જુનું અનિયમિત કૃદંત fend અને tus ને માટે વપરાયછે. * * * *

જે મૂળમાંથી Fendo, Fustis, અને Festus શબ્દો નિકળ્યાછે તે કેવળ જુદુંછે, અને તે 'ધન' (dhan) અથવા 'હન' (han) છે જેનો અર્થ 'તોડી પાડવું' થાયછે, અને જે ગ્રીક શબ્દ 'થીનીન' મારવું 'થીનાર' હાથેલી, સંસ્કૃત 'હન' મારી નાખવું, 'નિધન' મોત, ઈ૦ શબ્દોમાં જણાયછે.

આ પૃથ્વીઉપરના અસલી વસનારા જે પદાર્થોને **સ્પષ્ટ** અથવા વાસ્તવ ગણે તે વિષય ઉપર હવે આપણે પાછા જઇયે. એક પથ્થર, હાડકું અથવા સીપ કે ઝાડ, પહાડ અથવા નદી, કે વળી જાનવર અથવા માનસ, એ સર્વ વાસ્તવ પદાર્થો ગણાય, કેમકે એ સર્વે હાથથી અડકી શકાયછે. ખરૂં જોતાં, જે સાધારણ પદાર્થો તેઓના **લાગણી** જ્ઞાનથી જણાય તે સર્વ તેઓને મનશુ તો વાસ્તવ થાય.

લાગણી-પદાર્થોના સ્પર્શ્ય અને અર્ધ-સ્પર્શ્ય વિભાગ.

——00——

તોપણ મૂળજ્ઞાનના આ જુના સંગ્રહને આપણે બે વર્ગમાં વેંહચી શકશું:—

(૧) કેટલાક પદાર્થો, જેવાકે પથ્થર, હાડકાં, સીપ, ફુલ, ફળ, ઝાડનાં ડાંખળાં, પાણીનાં ટીપાં, માટીના ઢગલા, જાનવરોનાં ચામડાં, અને જાનવરો પોતે, એ સઘળાં સઘળી બાજુએથી જાણે હાથં-વતે અડકી શકાય છે. એ પદાર્થો પોતાની સંપૂર્ણતામાં આપણી સમક્ષ છે, તેઓ આપણા હાથમાંથી છટકી શકશે નહિ. એઓમાં નહિ જણાયલું અથવા નહિ જાણી શકાય એવું કાંઇએ નથી. એ પદાર્થો પ્રથમ મંડળીના ઘણાજ જાણીતા ઘેરગતુ વપરાસના શબ્દો છે.

(૨) પણ જ્યારે આપણે ઝાડ, પર્વત, નદી, અથવા પૃથ્વી વિષે બોલિયે, ત્યારે વાત જુદી છે.

ઝાડો.

——00——

એક ઝાડ, કાંઇ નહિ તો પ્રાચિન જંગલમાંનું એક જુનું રા-ક્ષસી ઝાડ, જોનારને છક્ક કરી નાખે અને ઘેરી લિયે એવા કાંઇક અંશ

ધરાવે છે. તેનાં ઘણાં ઉંડાં ગયલાં મુળિયાં આપણને માલમ પડે એવાં નથી, તથા તેનું મથાળું આપણે માથે ઘણું ઉંચે ગયેલું હોયછે. એવાં ઝાડનીચે આપણે ઉભા રહી તેને હાથ લગાડી શકિયે, ઉંચું ડોકું કરીને જોઈ શકિયે; છતાં એકજ પલકારે તે સામટું આપણા ધ્યાનમાં આવી શકશે નહિ. એ સિવાય આપણા પોતાનાજ કેહવા પ્રમાણે ઝાડમાં જીવ છે; જોકે ભારવટિયું તો નિર્જીવ છે. અસલી લોકો પણ એમજ સમજતાં હતાં, અને આ વિચાર જણાવવા માટે 'ઝાડ જીવેછે' કરીને નહિતો બીજી કઈ રીતે તેઓ બોલી શકે? એ પ્રમાણે બોલ્યાથી તેઓ એટલું બધું નહિ કેહવા માગતા હતા, કે ઝાડમાં કાંઈ ઉંફાળો, દમ, તથા ધડકતી નાડ ચાલેછે. પણ આટલું તો તેઓ ચોકસ માનતા હતા, કે જે ઝાડ તેઓની નજર આગળ ઉછરી આવતું તથા ઉગતું હતું, અને જેઉપર ડાંખળાં, પાંદડાં, ફુલ તથા ફળ ઉગતાં હતાં, જે પોતાના પાંદડાં શિયાળામાં ખેરવતું, અને જેને છેલે સરવાળે કાપી અથવા મારી નાખવામાં આવતું, તેમાં તેઓનાં ઇન્દ્રિ જ્ઞાનથી નહિ માલમ પડે એવું, નહિ જણાયલું અને વિલક્ષણ, પણ જેનાં અસ્તિત્વ માટે ના કેહવાય નહિ એવું કાંઈ વાસ્તવ છે; અને આ નહિ જણાયલી, નહિ જાણી શકાય એવી, તોપણ ના નહિ પાડી શકાય એવી કોઈ વસ્તુ તેઓમાંના વધારે વિચારવંત માનસોને સદા આશ્ચર્યનું મૂળ થઇ પડી. એક હાથઉપર તેઓની ઇન્દ્રિથી તે સમજાતી હતી, પણ બીજા હાથઉપર તે તેઓ પાસેથી છટકી જતી, 'પડી જતી, અને અલોપ થઇજતી હતી.'

પહાડો.

—00—

'એજ પ્રમાણેની અજાયબી પહાડ, નદી, સમૂદ્ર અને પૃથ્વીના અવલોકન સાથે ભેળાઇ ગઈ. જો આપણે એક પહાડને તળિયે ઉભા રહીને તેની વાદળાંમાં ગુમ થતી ટોંચતરફ ઉંચે નજર કરિયે, તો જેમ

એક રાક્ષસની સામે વેંહેંતિયાં ઉભાં હોય તેમ આપણે આપણા મનથી લાગિયે છિયે. વળી એવા પણ પહાડો છે કે જે તદન પસાર નહિ થઇ શકાય એવા છે, કે જેની ખીણમાં વસનારા લોકો તેઓને પોતાની નાની સરખી દુનિયાંનો છેડો સમજે છે. અરૂણોદય,* સૂર્ય, ચંદ્ર તથા તારા એ પહાડોમાંથી ઉગતા દેખાયછે; આકાશ તેઓની ઉપર ટેકો દઇ પડેલું દેખાય છે; અને જ્યારે આપણી નજર તેઓની છેક ઉંચામાં ઉંચી દેખીતી ટોંચ સુધી જાય છે, ત્યારે જાણે આપણે પેલી ગમની બીજી દુનિયાંના ઉંબર સુધી જઈ પહોંચ્યા હોઇએ એમ લાગે છે. હિંઆં આપણા પોતાના સપાટ અને ગીચ વસ્તી વાળા યૂરપખંડનો તથા બરફથી ઢંકાયલા સઘળા મહીમાવાળા **આલપસ** પર્વતનો પણ આપણે વિચાર કરવાનો નથી; પણ તે દેશ કે જ્યાં પેહલવેહલાં વેદની ઋચાઓ ગવાઈ હતી, અને જ્યાં **ડાકતર હુકરે** એક ઠેકાણે ઉભા રહીને વીસ બરફથી ઢંકાયલી ટોંચ જોઇ હતી, કે જે દરેક ૨૦,૦૦૦ ફીટ ઉંચી હતી, અને જેઓ ઉપર ૧૬૦ અંશ કરતાં વધારે લંબાયલો દ્રષ્ટિમર્યાદાનો આસમાની ગુંબજ ટેકો દઇ ઉભેલો હોય એવો જણાતો હતો, તે વિષે વિચાર કરિયે—અને ત્યારેજ આવાં મંદીરનો દેખાવ એક બહાદુર દીલને પણ અનન્ત (ઇશ્વર) ની ખરી હાજરી હજુર કેવું ધ્રુજાવી નાખે તે આપણે સમજવા માંડીશું.

નદિયો.

—oo—

પહાડો પછી પાણીના ધોધ તથા નદિયો આવે છે. જ્યારે આપણે એક નદીવિષે બોલિયે છિયે ત્યારે (જાણવું કે) એવા નામનું મળતું ખરેખરૂં કાંઈ નથી. ખરી વાત છે કે આપણે રોજ આપણા રેહઠાણ પાસેથી પસાર થતો એક પાણીનો જથ્થો જોઇયે

---

* **અરૂણોદય,** સહવારનું પાહોર.

છિયે. પણ કદિયે આખી કે તેની તેજ નદી આપણા દીઠામાં આવતી નથી. તે નદી આપણને ગમે એવી જાણીતી હોય, તોપણ તેના બેમાલુમ મૂળ અને બેમાલુમ મુખ એબંને આગળ આપણી પાંચે ઇન્દ્રિયોની નજર* તે છટકાવી જાય છે.

સેનેકા પોતાના એક પત્રમાં લખે છે કે: 'આપણે મોટી નદિયોનાં મથાળાં અથવા મૂળ વિષે ત્રાસથી વિચાર કરિયે છિયે. જે નાળું અણચીતુ અથવા ધસારાબંધ અંધારામાંથી નિકળી આવે છે તેને માટે આપણે વેદી બાંધિયે છિયે. ગરમ પાણીના ઝરાની આપણે પૂજા કરિયે છિયે, અને અમુક સરોવરને તેમનાં અંધારાંને લીધે તથા અગાધ ઉંડાણનેલીધે પવિત્ર સમજિયે છિયે.'

જે સર્વ લાભ, નદીના કિનારા ઉપર વસ્તાં લોકોને તેઓનાં ખેતર ફળવંત થયાથી, ઢોરોને ચારો મળ્યાથી, અથવા શત્રુની સાંમે કોઇ પણ કીલ્લા કરતાં સરસ બચાવ થયાથી મળે છે, તેનો વિચાર કર્યા વિના, તથા વળી એક ગુસ્સે થયલી† નદીથી જે ભયંકર નુકસાન થાય છે, અથવા તેના મોજામાં ડુબી ગયાથી જેઓનું એકાએક મોત નિપજે છે, તેનો પણ વિચાર કર્યા વિના, જેમ એક પરદેશી ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, તેની ખબર પડતી નથી, તેમ તેના રોહ અથવા ઝરાનો દેખાવજ માત્ર આ દુનિયાંના અસલી રેહવાસીઓના દીલમાં એક એવી લાગણી ઉત્પન્ન કરવાને પુરતો હતો, કે પૃથ્વીની જે નાની રજકણને તેઓ પોતાની, અથવા પોતાનાં ઘર તરીકે ગણતા હતા, તેની પેલી પાર ચહારે બાજુએથી અણદીઠ, અનંત અથવા દિવ્ય શકિતઓથી તેઓ ઘેરાયલા છે.

---

* જાણવાની શકિત.

† નુકસાનકારક પુર આવેલી.

પૃથ્વી.

વળી પૃથ્વી જેની ઉપર આપણે ઉભેલા છિયે તે કરતાં બીજું વધારે વાસ્તવ આપણને કશું જણાતું નથી. પણ જો આપણે, એક આખા પથ્થર અથવા આપલફળને જેવું ગણિયે છિયે તેમજ આખી પૃથ્વીને પણ ગણીને તે માટે બોલિયે તો તેનો બરાબર ખ્યાલ ઉપજાવવાને આપણી જ્ઞાન શકિતયો અશકત છે, અથવા તો અસલી ભાષા બનાવનારાઓની જ્ઞાનશકિતયો અશકત હતી. તેઓ પાસે એક નામ તો હતું, પણ તે નામથી જે જણાતું હતું તે હદ્દવાળું, અથવા દેખીતી દ્રષ્ટિમર્યાદાથી જે ચહારે બાજુએ ઘેરાયલું છે તે નહિ, પણ તેની પેલીમેર જે ફેલાયલું છે, જે થોડુંક દેખીતું અને ખુલ્લું પણ ઘણું વધારે અણદીઠ અને અસ્પષ્ટ છે, તે હતું.

અસલી માનસે આ પેહેલા વિચારો ઘણા પ્રાચિન કાળમાં દોડાવેલા હોવા જોઇયે કે જે આપણને વગર વિસાતના જણાય, પણ એ ઉપરથી કઇ તરફ આપણને જવાનું બની આવે, તેનો જો વિચાર કરિયે, તો તે ઘણા નિર્ણયકાર માલુમ પડે છે.

ઇન્દ્રિથી અથવા તર્કશકિતથી જણાય એવા અંતવંત (finite) પદાર્થો જેમને હાથ લગાડી શકાય, તેઓની સમજ (ધ્યાનમાં આવ્યા) ઉપરથી આ વિચારો, માનસને ગમે કે ન ગમે તોપણ, જે પદાર્થો તદન સમર્યાદ નથી તે સમજવામાં તેને મદદ કરે, કે જે પદાર્થો વેહેંતથી માપી શકાતા નથી, અથવા દ્રષ્ટિનો મોટામાં મોટાં કુંડાળાંથી જોઇ શકાતા નથી. આ વિચારરૂપી પગલાં પેહલાં ગમે એવાં નાનાં હોય, તોપણ અનન્ત અને બેમાલુમ શકિત સાથનો ઇન્દ્રિથી જણાય એવો સંબંધ જે દિશા માર્ગે માનસ ઉંચામાં ઉંચી ટોંચ ઉપર પોંહોંચી શકવાને, એટલે કે અનન્ત અને ઇશ્વિરી શકિતનો ખ્યાલ કરવાને, સરજેલું છે, તે માર્ગે તેને પેહલવેહલો વેગ અને સદા નીભે એવી સૂચના એજ પગલાંથી મળ્યાં.

અર્ધસ્પર્શ્ય પદાર્થો.

ઇન્દ્રિયપ્રાપ્ય પદાર્થના આ બીજા વર્ગને હું અર્ધસ્પર્શ્ય કહું છું; એટલા માટે કે પેહલો વર્ગ જેને આપણે આપણા કારણસર સ્પર્શ્ય ઇન્દ્રિયપ્રાપ્ય તરીકે ગણ્યો છે, તેથી એ બીજા વર્ગને નિરાળો રાખી શકાય.

આ બીજો વર્ગ બહુ મોટો છે; અને એ વર્ગને લગતા તરેહવાર ઇન્દ્રિયપ્રાપ્ય પદાર્થો વચ્ચે જાણવાજોગ ભેદ છે. દાખલા તરીકે, એક ફુલ અથવા નાનું ઝાડ, એ વર્ગને લગતું ભાગ્યેજ જણાય, કારણકે તેઓમાં એવું થોડુંજ છે કે જે ઇન્દ્રિયજ્ઞાનથી નહિ જણાય. અને વળી એવી પણ વસ્તુઓ છે કે જેમાં ખુલ્લાં અથવા દેખીતાં કરતાં ગુપ્ત અંશ વધારે રહેલો છે. દાખલાતરીકે, આપણે પૃથ્વી લઇયે, તો એ ખરૂં છે કે તેને આપણે ઇન્દ્રિયોથી પારખી શકિયે છિયે, એટલે સુંઘી, ચાખી, હાથ લગાડી, જોઇ, તથા સાંભળી શકિયે છિયે. પણ તેના એક ઘણા નાના ભાગથી વધુ કદિએ આપણા જાણવામાં આવશે નહિ, અને પ્રથમ જમાનાનું માનસ તો આખી પૃથ્વી વિષે સામટો વિચાર કદિ ભાગ્યેજ કરી શક્યું હોય. તેના જોવામાં માત્ર તેના ઘરઆગળની જમીન, કે ખેતરમાંનું ઘાસ, કદાપિ એકાદ જંગલ અને દ્રષ્ટિમર્યાદા ઉપરનો એકાદ પહાડ આવે—માત્ર એટલુંજ. જે બેહદ વિસ્તાર તેની દ્રષ્ટિમર્યાદાની પેલીમેર પડેલો છે તે, જો આપણે એમ કહી શકિયે તો, તે માત્ર નહિ જોવાથીજ જુવે છે, એટલે માત્ર પોતાની મનોદ્રષ્ટિથી જુવે છે.

એમ બોલતાં આપણે કાંઇ **શબ્દશ્લેષ*** કરતા નથી. એ વાત એવી છે કે જે આપણે પોતેજ ખરી પાડી શકશું. જયારે, પણ આપણે એક ઉંચા પહાડના મથાળા પર ચઢીને આસપાસ જોઇયે છિયે

---

* શ્લેસ, શબ્દ સાથે રમત.

ત્યારે આપણી નજર એક ટોચ ઉપરથી બીજી ઉપર અને એક વાદળ ઉપરથી બીજાં ઉપર જાય છે. આપણે હવે થોભિયે છિયે તેનું કારણ એમ નહિ કે બીજું વધારે કાંઈ જોવાનું રહ્યું નથી, પણ એ કે, આપણી નજર વધારે આગળ જવા ના પાડેછે. જેમ ઘણાંક લોકો ધારે છે તેમ પેલી પાર જે અનન્ત દેખાવ છે તે કાંઇ માત્ર અક્કલ દોડાવ્યાથીજ આપણે જાણિયે છિયે એમ નથી; પણ આપણે તેની સાથે ખરેખરા સંબંધમાં આવિયે છિયે, તેને જોઇએ છિયે તથા જાણિયે છિયે. આપણી ઇન્દ્રિ અથવા જાણવાની શક્તિની હદ છે, એવુ જાણ્યાથીજ પેલી પાર એક બીજી દુનિયાંછે એમ આપણી ખાતરી થાય છે; એ હદ જાણ્યાથી એ હદની બહાર શું છે તે પણ આપણે જાણિયે છિયે.

આ ખરી વાતો જે આપણી સન્મુખ છે તેનો યથાર્થ ખુલાસો જે એકજ રીતે કરી શકાશે, તે રીતે કરતાં આપણે અચકાવું જોઈતું નથી. આપણી આગળ, એટલે આપણી ઇન્દ્રિયો આગળ, દેખીતી અને સ્પર્શ્ય અનન્ત શકિત છે. કારણ કે અનન્ત એટલે જેનો છેડો અથવા અંત નથી તેજ માત્ર નહિ, પણ જેની હદ આપણાથી તેમજ વળી આપણા સૌથી પેહલા પૂર્વજોથી પણ ખરે કળી શકાઇ નહિ હોય, તે પણ આપણે મનશુ અનંત છે.

અસ્પર્શ્ય પદાર્થો.

———oo———

પણ હવે આપણે આગળ ચાલિયે. આ સર્વ અર્ધસ્પર્શ્ય કેહવાતા લાગણીપદાર્થો જો જરૂર પડી તો હજી આપણી કોઇકિ ઇન્દ્રિયોથી સાબેત કરી શકાશે. એ દરેક પદાર્થનો કાંઇ નહિ તો થોડો ભાગ પણ આપણા હાથથી અડકી શકાય છે.

પણ હવે આપણે એક ત્રિજી જાતના પદાર્થો ભણી આવિયે છિયે, કે જેમાં એટલું પણ બની શકતું નથી. જોકે આ પદાર્થો જોઇ

અથવા સાંભળી શકાય છે, તો પણ હાથથી ઢાંકી શકાતા નથી. એઓ
માટે આપણે શું વિચાર ધરાવિયે છિયે ?

આપણને નવાઇ જેવું લાગશે કે જોવાઇ શકાય તોપણ અ-
ઢકી નહિ શકાય એવા પદાર્થો કેમ હોય ; પણ દુનિયાં એવા પદા-
ર્થોથી ખરેખર ભરપૂરછે. અને વધારે નવાઇ જેવું એ છે કે પ્રાચિન
કાળના જંગલીને તેઓને લીધે ઘણી અગવડ પડી હોય એમ લાગતું
નથી. ઘણાં ખરાં માનસને વાદળાં માત્ર દેખાયછે, પણ તે કાંઇ
પકડાતાં નથી. પણ જો કદી વાદળાંને અર્ધસ્પર્શ્ય પદાર્થોમાં ગણિયે,—
અને મુખ્ય કરીને પહાડી દેશોમાં—તોપણ આકાશ, સૂર્ય, ચંદ્ર, અને
તારા તો એવાછે કે જેઓમાંના કોઇને કદિયે હાથ લગાડી શકાતો નથી.
આ ત્રિજા વર્ગને હું **નહિ સ્પર્શ્ય**, અથવા જો મને એક *સાંકેતિક
શબ્દ ઘડી કહાડવાની રજા હોય તો, **અસ્પર્શ્ય** કેહવા માગુંછું.

આ પ્રમાણે એક સાદા આત્મિક પૃથક્કરણ† થી **પદા-
ર્થોના ત્રણ વર્ગ** આપણે શોધી કહાડયાછે, કે જેઓ આપણી
ઇન્દ્રિયોથી જણાયછે, પણ જેઓ પોતાનાં વાસ્તવત્વનો ત્રણ ઘણી
જુદીજ જાતના છાપ આપણાં મનઉપર ઠસાવે છે.

(૧) સ્પર્શ્ય પદાર્થો, જેવાકે, પથ્થર, સીપ, હાડકાં, ઇત્યાદિ. વિદ્વાન
મંડળનો પેલો મોટો ભાગ જે એવું ધારે છે કે પદાર્થપૂજા સર્વ
ધર્મોનો પેહલો આરંભ હતો, અને જેઓ એમ ખાતરી આપેછે કે ધર્મ
વિષે પેહલવેહેલો વેગ અંતવંત (ઇન્દ્રિ તથા કલ્પનાથી જણાય એવા)
પદાર્થોથીજ મળ્યો હતો, તેઓ આ પદાર્થોને ઘણા પ્રાચિન કાળમાં
ધર્મપૂજા માટે વપરાતા ધારેછે.

(૨) અર્ધસ્પર્શ્ય પદાર્થો જેવાકે ઝાડ, પહાડ, નદી, સમૂદ્ર, પૃથ્વી ;
જે વર્ગને હું **અર્ધ દેવતા** કેહવા માગુંછું તે આ પદાર્થોથી ભરાયછે.

(૩) અસ્પર્શ્ય પદાર્થો, જેવાકે, આકાશ, તારા, ચંદ્ર, સૂર્ય તથા
અરૂણોદય; આપણને જે પદાર્થોને આગળ ચાલતાં **દેવતા** કેહેવા પડશે,
તેનું મૂળ આ પદાર્થોમાં જણાય છે.

---

* **આત્મિક** = આત્મા જ્ઞાનને લગતું.

† **પૃથક્કરણ** = જુદું પાડવું તે.

પ્રાચિન કાળના માનસોની તેઓના દેવતાનાં સ્વરૂપ વિષે સાક્ષી.

———00———

અસલી ગ્રંથકર્ત્તાઓ તેઓના દેવોનાં સ્વરૂપવિષે શું ધારતા હતા તેનો વિચાર તેઓની લખેલી કેટલીક હકીકત ઉપરથી પેહલાં કરિયે. **એપિકારમસ*** જણાવે છે કે, પવન, પાણી, પૃથ્વી, સૂર્ય, વસ્તેવ અને તારા એ દેવો છે. **પ્રાદિકસ**† કહેછે કે સૂર્ય, ચંદ્ર, નદી, નાળાં અને સાધારણ રીતે બોલતાં જે સર્વ પદાર્થો આપણને ઉપયોગી છે, તે સર્વને અસલી લોકો દેવો તરીકે ગણતા હતા; જેમકે **મીસર** દેશના લોકો **નાઈલ** નદીને એક દેવ ગણતા હતા. અને એટલા માટે રોટલીને **દેમેતર**, વાઇન દારૂને **દાયોનીસોસ**, પાણીને **પોસીદાન**, અને વસ્તેવને **હેફીસતોસ** તરીકે પૂજતા હતા. જર્મન. લોકોના ધર્મ વિષે **સીઝર** પોતાનો એવો વિચાર જણાવતાં કહી જાયછે કે, તેઓ સૂર્ય, ચંદ્ર તથા અગ્નિની પૂજા કરતા હતા. **હીરોદોતસ**‡ ઇરાનિયોવિષે બોલતાં એમ કહી જાય છે કે, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, આતશ, પાણી તથા પવનને તેઓ ભોગ આપતા હતા.

સેલસસ§ ઇરાનિયો માટે બોલતાં એમ જણાવે છે કે, તેઓ **દીસ** એટલે આકાશનાં ચક્રને ડુંગરોની ટોંચઉપર ભોગ આપતા હતા. તે વળી વધુ એમ કહે છે કે, એ **દીસ** માણીને **દીસ** અથવા '**ઘણોજ ઉંચો**,' અથવા **ઝેયસ**, અથવા **એદોનાઈ**, અથવા **સેબાઓથ**, અથવા **એમન** અથવા (સાધઆન લોકો જેને **પાપ** કહે છે, તેમાંનું ગમે તે કહિયે તો તેની ઝાઝી ચિંતા નહિ.

* એક યુનાની કવી અને વિદ્વાન.

† એક યુનાની સૂફી.

‡ એક મોટો યુનાની ઇતિહાસ કર્ત્તા જેને ઇતિહાસનો પિતા કરી કહેછે.

§ એક રૂમી વૈદ અને વિદ્વાન.

ક્વિનતસ કરશિયસ* હિંદુઓના ધર્મનું નિચે પ્રમાણે વર્ણન કરે છે :—

જે પણ પદાર્થને તેઓ માન આપવા લાગ્યા તેને તેઓ દેવ કેહતા, મુખ્ય કરીને ઝાડો, કે જેને નુકસાન કરવું પાતકી ગણાય છે.

વેદની શાક્ષી.

હિંદુઓનો ધર્મ કે જેનુ વર્ણન **સિકંદરના** સાથી તથા અનુયાયી† ઓએ આપ્યું છે, તે ખરેખર શું હતું તે તપાસવા માટે હવે આપણે **વેદનાં** પુરાતન મંત્રોભણી નજર કરિયે. આ મંત્રો, કે જે આર્યખંડમાં મનુષ્ય કવિતાના સર્વથી જુનાં શેષ તરીકે આપણી પાસે જળવાઈ રહેલાં છે, તે કોણની સ્તુતિ માટે છે? એ નથી ઝાડના થડ કે પથ્થરને માટે, પણ નદિયો, પહાડો, વાદળાં, પૃથ્વી, આકાશ, અરૂણોદય, તથા સૂર્યને માટે, એટલે કે સ્પર્શ્ય અથવા એવા કેહવાતા પૂજાપદાર્થો (Fetishes) માટે નહિ, પણ જે જે પદાર્થોને આપણે અર્ધસ્પર્શ્ય અથવા અસ્પર્શ્ય ગણ્યા, તેજ પદાર્થોને માટે છે.

ખરેખર આ એક અગત્યનું પ્રતિપ્રમાણ છે, અને વળી તે એવું છે કે જેને માટે સો વરસની વાત ઉપર કોઇ આશા નહિ રાખત. કાંકે તે વેળા એમ કોણે ધાર્યું હોત કે **સિકંદરના** ઇતિહાસ લખનારાઓનું હિંદુસ્થાન અને ત્યાંના લોકો વિષેનું વર્ણન સમકાળિક સાક્ષીથીજ માત્ર નહિ, પણ **સિકંદરની** હિંદુસ્થાન ઉપરની ચઢાઇની ઓછામાં ઓછી ૧૦૦૦ વરસ પૂર્વનાં ભણતરની સાક્ષીથી કોઇ દીવસે આપણે ખોટું પાડવાને સામર્થવાન થઇશું?

---

* એક રૂમી ઇતિહાસ કર્તા.

† અનુયાયી=પુઠી આવનાર,

પણ આપણે એથીએ આગળ વધી શકશું; કાંકે હિંદુસ્થાનના આર્ય લોકોની ભાષા સાથે **ગ્રીસ, ઈતલિ,** અને યુરપના બાકીના ભાગના **આર્ય** લોકોની ભાષાનો મુકાબલો કર્યાથી **આર્ય** પ્રજા જુદા જુદા ટોળામાં વેંહચાઇ ગઇ તેની આગમચ જે ભાષા બોલાતી હતી તેનો કેટલોક ભાગ પાછો ઉત્પન્ન કરી શકાશે.

અખંડિત આર્ય ભાષાની સાક્ષી.

અસલી **આર્ય** લોક નદી તથા પહાડોવિષે, પૃથ્વિ તથા આકાશ વિષે, અરૂણોદય તથા સૂર્ય વિષે શું ધારતા હતા તથા એ પદાર્થોમાંથી જે કાંઈ તેઓના ઇન્દ્રિયજ્ઞાનથી જાણવામાં આવતુ તે વિષે શું વિચારતા હતા, તે હજી પણ આપણ થોડીક હદ સુધી નક્કી કરી શકશું, કેમકે તેઓએ આ પદાર્થોને કેવી રીતે નામ આપેલાં છે તે આપણે જાણિયે છિયે. આ પદાર્થોનાં નામ તેઓએ તેમની ક્રિયાશકિતની કાંઇક રીત જોવા ઉપરથી આપ્યાં છે, કે જે શકિતવિષે તેઓ પોતે સારી પેઠે જાણીતા હતા; જેમકે મારવું, ધક્કો મારવો, ઘસવું, માપવું, જોડવું અને જેની સાથે પેહલાંથીજ અમુક અવાજો અવશ (બેતાકાદ*) થતા હતા; આ અવાજો ભાષાવિદ્યામાં જેને **મૂળ** કહેછે તે રૂપે હળવે હળવે બદલાઇ ગયા.

હાલ જેટલું મારા સમજવામાં આવેછે તે પ્રમાણે તો સઘળી ભાષા તથા સઘળી વિચારોનું આ મૂળ છે, અને અનુમાન તથા મહાભારત ગ્રંથકર્ત્તાઓના વિધવિધ વાંધાઓથી ગુચવાયા વગર **પ્રોફેસર નોયરે** આ વાત ખુલ્લી રીતે આપણીઆગળ મુકી તેમાં તેની ફીલસુફીની ખરેખરી ખુબીછે, એમ હું ધારૂંછું.

---

* બેતાકાદ=અવશ=પોતાની મેળે થઇ જતા.

ભાષાનું મૂળ.

——00——

ભાષા પેહલવેહલી કાંઇ પણ ક્રિયામાં પ્રકટી નિકળે છે. કેટલાંક સાદાંમાં સાદાં કામો, જેવાંકે મારવું, ઘસવું, આંચકો મારવો, નાખવું, કાપવું, જોડવું, માપવું, ખોડવું, વણવું, ઇત્યાદિ, તે કરતી વેળા અમુક બેતાકાદ અવાજો, જેમ ઘણી વાર હમણાં, તેમ ત્યારે પણ થતા હતા; કે જે અવાજો પેહલાં ઓગમમાં અને બદલાતા રેહતા હતા, પણ આસ્તે આસ્તે વધારેને વધારે થતા ગયા. પેહલવેહલે આ અવાજોનો સંબંધ માત્ર ક્રિયા સાથે જોડી શકાય. દાખલા તરીકે **મર** શબ્દ ઘસવાના, પથ્થર ઘુંટવાના, હથિઆરો તિક્ષણ કરવાના કામો સાથે, બોલનાર ધણી કે બીજા કોઇને પણ હજી યાદ આપવાના કાંઇ પણ ઇરાદા વિના, જોડાયલો માલમ પડશે. તોપણ થોડા વખતપછી આ **મર** અવાજથી જાણે એક બાપ પોતે કામે જવાનો છે, એટલે કાંઇ પથ્થરના ઓજારો ઘસવા અથવા ઘુંટવા પોતે જવાનોછે, તે કામ જણાવી શકયો હોય એટલુંજ નહિ. અમુક અને સમજ્યા વિનાન રેહવાય એવો ભાર મૂકીને તથા અમુક ચાળા કરીને એ શબ્દનો ઉચ્ચાર કર્યાથી, તે બાપ પોતાનાં છોકરાંને તથા ચાકરોને જ્યારે પોતે કામ કરતો હોય ત્યારે આળસુ નહિ રેહવાને સમજાવી શકે. **મર !** શબ્દ ત્યારે જેને આપણે 'આજ્ઞાર્થ' કહિયે છિયે તે થશે. તે તદન સમજ પડે એવો થશે, કાંકે આપણા ધાર્યા પ્રમાણે માત્ર એક નહિ પણ ઘણાક શખસો, જેઓ એક સામાન્ય ધંધામાં ગુંતાયલા હોય, તે સર્વ પેહલેથી તેનો ઉપયોગ કરતા આવેલાછે.

થોડો વખત રહીને વળી એક નવું પગલું ભરવામાં આવે. પોતાને તથા બીજાઓને આજ્ઞાર્થ કેહવાને માત્ર **મર** ઉપયોગી થઈ પડે એમ નહિ (**મર**, ચાલો અપણે કામ કરિયે !) પણ જે પથ્થરો સાફ કરવાના હોય તેઓને એક ઠેકાણેથી બીજે ઠેકાણે—સમુદ્ર કિનારેથી એક ગુફાઆગળ, કે ચાકની ખાણથી તે એક મધપુડાનાં

ઝુપડાં આગળ—લઇ જવાની જરૂર જણાય તો **મર** શબ્દથી દર્શાવાય એટલુંજ નહિ, પણ જે પથ્થરો સાફ કરવા માટે તથા ઘસવા માટે આણેલા હોય, તે તથા જે પથ્થરો કાપવાના, ઘસવાના, તથા સાફ કરવાના કામમાં વપરાયા હોય, તે પણ દર્શાવાય. આ પ્રમાણે **મર** એક આજ્ઞાર્થ ચિન્હ થાય, કે જે કામનેજ માટે વધુ વપરાય નહિ, પણ તે કામને લગતાં જુદાં જુદાં કર્મોને સ્પષ્ટ રીતે દેખાડવામાં પણ વપરાય.

તો પણ **મર** સરખા એક અવાજનો આ પ્રમાણે અર્થ લંબાવ્યાથી તુરત ગુંચવાડો ઉઠયા વગર રહે નહિ; અને એ ગુંચવાડાની કળણાં સટાડવાને કોઇ યુક્તિ કરવાની મરજી સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય.

જો **મર** એટલે 'ચાલો આપણે પથ્થર ઘસિયે' અને **મર** એટલે 'હવે ત્યારે ઘસવાના પથ્થર', એ બેની વચ્ચે ભેદ રાખવાની જરૂર જણાય, તો તે જુદી જુદી રીત થઈ શકે. સૌથી સેહલી અને પેહલી રીત તો એ હતી કે બોલતાં સ્વર બદલવો અને જુદો અવાજ કાઢવો. આ આપણે **ચીનાઈ** અને બીજી એકાક્ષર ભાષાઓ, જેમાં એકજ શબ્દને જુદી જુદી રીતે બોલ્યાથી જુદા જુદા અર્થ થાય છે, તેમાં ઘણી સરસ રીત જોઇયે છિયે.

બીજી એવીજ જાતની સાદી યૂક્તિદર્શક અથવા આંગળીથી દેખાડવાની નિશાની હતી, કે જેને સાધારણ રીતે **સર્વનામ મૂળો** કહે છે; તથા તેઓને **મર** જેવા અવાજો સાથે જોડયાથી બે વચ્ચેનો ભેદ જણાતો હતો. દાખલા તરીકે 'અંહીં ઘસવુ' તેનો અર્થ 'માનસ ઘસે છે' કરીને થાય; અને 'ત્યાં ઘસવુ' તેનો અર્થ 'જે પથ્થરને ઘસવામાં આવે છે' તે થાય.

આ ક્રિયા ઘણી સેહલી દેખાય, પણ તે એજ ક્રિયા હતી કે જેથી માનસ પેહલવેહલે કર્ત્તા અને કર્મ વચેનો ભેદ સમજ્યું, એટલુંજ નહિ પણ ક્રિયાના કરનાર અને થયેલી ક્રિયાની સમજ

ઉપરાંત. એક કામ, કે જેથી ક્રિયાના કરનાર અને તેના કર્મ અથવા પરિણામવચ્ચે ભેદ જાણી શકાય, તે વિચાર તેના મનમાં ઉત્પન્ન થયો.

ભાસના દર્શક અવાજ ઉપરથી અસલી માનસે પાહોમ અને એકી રકમે ભાવના દર્શક અવાજ ઉભો કીધો તે આજ રસ્તે, કે જેને માટે આજ સુધી કોઈ ખુલાસો કરી શક્યું નથી, પણ જે **નોયરની** ફીલસુફી મારફત સંપૂર્ણ રીતે સમજી શકાય છે.

જે અવાજો વારંવાર બનતાં કામો સાથે સ્વાભાવિક રીતે થાય છે, તેઓ પ્રથમથીજ ઉપક્રમી ભાવનાના ચિન્હ છે, એટલે કે વારંવાર ઉત્પન્ન થયલી લાગણિયો કે જે સામટી એક તરીકે આપણા જાણ્યામાં આવે તેનાં ચિન્હ છે. જેવા આ અવાજો સ્વરથી અથવા બીજી બહારની કોઇ નીશાનીથી જુદાં રૂપમાં બદલાઈ જાય, કે જેથી કોઈ ક્રિયાના કર્ત્તા, કારણ, સ્થળ, કાળ અથવા તેના કર્મ જણાવી શકાય, તેવુંજ આ સઘળા શબ્દોનું સામાન્ય તત્વ, જેને આપણને મૂળ કરીને કેહવાની ટેવ છે, તે બની જાય છે; વધતું એ નહિ અને ઘટતું એ નહિ, પણ સ્વરસંબંધી મૂળ કે જે અમુક રૂપ ધરાવનાર તથા સાધારણ કામ દર્શાવનાર, અને તેટલામાટે ભાવનાદર્શક, તેજ થાય છે.

આ વિચારવાનું કામ બરાબર જોતાં ભાષાશાસ્ત્રને લગતુ છે; તોપણ અહીં ધર્મશાસ્ત્રવિષે બોલતાં આપણે તેને સમૂલુ છોડી દઇ શકતા નથી.

પ્રથમ ભાવના.

દાખલા તરીકે, એક નદીવિષે બોલતાં પ્રાચિન કાળના લોકો તેને માટે શું વિચારતા હતા, તે જો આપણે જાણવા માગિયે તો, તેનો જવાબ એ છે કે તેઓ તેને માટે જેવું વિચારતા હતા તેવેજ નામે તેને બોલાવતા હતા, અને આપણા જાણવાપ્રમાણે તેઓએ તેને જુદાં જુદાં નામ આપ્યાં હતાં; જેમકે **દોડનાર** (સરીત);

ઘોંઘાટ કરનાર (નદી અથવા ધુની); અથવા જો તે સીધીને સીધીજ વેહતી હોય તો **ખેડનાર** અથવા હળ (સીરા=નદી, સીરા=હળ અથવા તીર); અથવા ખેતરોને જો તેથી પુષ્ટિ મળતી જણાય તો **મા** (માતર); અથવા જો તે એક દેશને બીજા દેશથી છુટો પાડતી અને બચાવ આપતી હોય તો **બચાવનાર** (સિંધુ, સિંધ, સિધતિ=દુર રાખવું તે ઉપરથી). આ સઘળાં નામોમાં તમે જોશો કે નદી જાણે કામ કરતી હોય એમ ગણાયલી છે. જેમ માનસ દોડે છે, તેમ નદી પણ દોડે છે; જેમ માનસ બુમ પાડે છે, તેમ તે પણ બુમ પાડે છે; જેમ માનસ ખેડે છે, તેમ તે પણ ખેડે છે; જેમ માનસ ચોકી કરે છે, તેમ તે પણ કરે છે. પેહલ વેહલે નદીને હળ કહેલી નથી, પણ ખેડનાર કહેલી છે; એટલુંજ નહિ પણ હળને પોતાને પણ લાંબા વખત સુધી એક સાધન તરીકેજ માત્ર નહિં પણ એક કર્ત્તા તરીકે ગણેલું છે. હળ છે તે જુદું પાડનાર, કે ચીરનાર, કે વરૂ છે, અને તેથી દરમાં રેહનાર ડુક્કર અથવા ચીરી નાંખનાર વરૂનું જે નામ તેજ ઘણીક વેળા હળને આપ્યામાં આવે છે.*

દરેક પદાર્થને ક્રિયાશક્ત તરીકે ઓળખવામાં આવ્યો તે વિષે.

——00——

આ પ્રમાણે હવે આપણે સમજવા માંડિયે છિયે કે, અસલી માનસની આસપાસ જે આખી સૃષ્ટિ હતી તે તેણે કવી રીતે જેરવી અથવા પચાવી, એટલે કે દરેક જગ્યાએ તે જે ક્રિયા કરતો હતો તેને મળતી ક્રિયા શોધી કહાડી, અને જે અવાજો આગળ તેની પોતાની ક્રિયાસાથે કરવામાં આવતા હતા તે અવાજો તેની આસપાસના ક્રિયાકારોને લાગુ પીડયા.

---

* વેદમાં **વિકનો** અર્થ **વરૂ** અને હળ બંને થાય છે.

અંહી ભાષાનાં અત્યંત ઉંડાણમાં પછવાડેથી જણાયલાં રૂપો જેને આપણે (Figurism) (Animism) આત્માજ જીવ અને શરીરની વૃદ્ધિનું ખરૂં સત્વ છે એ વિચાર, (Anthropopathism) ઇશ્વરમાં મનુષ્યનાજ વિકારો છે એ વિચાર, (Anthropomor-phism) ઇશ્વરનું રૂપ મનુષ્ય જેવું છે એ વિચાર કહિયેછિયે, તેનાં ખરાં મૂળ રહેલાં છે. તેઓને અંહી આપણે અગત્યની વસ્તુ તરીકે—ભાષા તથા વિચારને લગતી અગત્યની વસ્તુ તરીકે પિછાનિયે છિયે, નહિકે પાછળથી જે સ્વતંત્ર કાવ્યરૂપી ભાવના જેવા તે દેખાય છે તે તરીકે. જે વખતે એક પથ્થરને તેણે પોતે અણિયાળો કીધો હતો તે પથ્થરને પણ પોતાના પ્રતિનિધી તરીકે તે ગણતો હતો, અને તેને **કાપનાર**, નહિ કે એક **કાપવાની વસ્તુ** કેહતો હતો; જ્યારે તેનો માપ ભરવાનો સળિયો, **માપનાર** તરીકે, તેનો હળ, **ફાડનાર** તરીકે, તથા તેનું વહાણ **ઉડનાર**, અથવા **પક્ષી** કેહવાતું હતું, ત્યારે નદી **બુમ પાડનાર**, પહાડ **બચાવનાર**, ચંદ્ર **માપનાર** કરીને નહિ કેહવાય તો બીજી કઈ રીતે કેહવાય? ચંદ્ર તેણીની, અથવા ખરી રીતે **તેની** દરરોજની ચાલમાં આકાશ માપતો હોય એમ દેખાતો, અને એમ કરતાં દરેક ચંદ્ર માસનો પરિવરતન એટલે વખત ગણવામાં માનસને ઉપયોગી થઇ પડચો. માનસ તથા ચંદ્ર સાથે કામ કરતા હતા, સાથે માપણી કરતા હતા, અને જેમ એક માનસ ખેતર અથવા મોટું લાકડું ભરવામાં મદદ કરે તે માપનાર, કહેકે **મા—સ** ('મા'=માપવું, બનાવવું ઉપરથી) કેહવાચો તેમ ચંદ્ર પણ **માસ**= માપનાર કેહવાચો. સંસકૃતમાં ચંદ્રનું આ ખરેખરૂં નામ છે કે જે ગ્રીક **મીઈસ**, લાતિન **મેનસિસ**, અંગ્રેજી **મૂન** સાથે લગભગ એક મળતું આવે છે.

ભાષામાં આ પગલાં સર્વથી સેહલાં અને જે સ્વિકાર્યાવિના આપણને નહિ ચાલે એવાં છે. આગળ તેઓ ગમે એવાં ઉલટાં સમજવામાં આવ્યાં હોય, તોપણ હાલતો આપણને પુર્ણ સમજ પડે

એવાં છે. માનસની ભાષા તથા વિચારના વધારા પાછળ માત્ર સંભાળ અને ધીરજથી આપણે જવું જોઇયેછે એટલુંજ.

ક્રિયાશક્ત* તે માનુષ† નહિ.

૦૦

ચંદ્રને **માપનાર** અથવા સુથાર પણ કહ્યોછે. તેટલાજ ઉપરથી એમ નથી ઠરતું કે અસલી ભાષાશાસ્ત્રિયોને ચંદ્ર અને માનસ વચ્ચે કશો ભેદ માલમ પડ્યો નહિ. ખરી વાત છે કે અસલી માનસોના પોતાના વિચારો આપણા પોતાના વિચારો કરતાં ઘણા જુદા હતા; પણ તેઓ મુર્ખ હતા એવું આપણે એક ક્ષણવાર પણ માનવું ન જોઇયે. તેઓએ પોતાની ક્રિયા, અને નદિ, પહાડ, ચંદ્ર, સૂર્ય અને આકાશનો ક્રિયા વચ્ચે કાંઇક મળતાપણું જોયું માટે, તથા જે નામથી તે ક્રિયા જણાય તે નામો તેમને આપ્યાં માટે તેઓ માનસને તેમજ ચંદ્રને **માપનાર** કેહતા તથા એક ખરેખરી **મા**ને તથા **નદી**ને પણ **મા** કેહતા તે ઉપરથી તેઓ **માનસ** અને **ચંદ્ર, મા** અને **નદી** વચ્ચે કાંઇજ ભેદ સમજતા ન હતા એમ વિચારવું નહિ જોઇયે.

જ્યારે દરેક જણાયલી અને નામવાળી વસ્તુને ક્રિયાશક્ત તરીકે ગણવી પડતી હતી, અને જો ક્રિયાશક્ત, તો આકારવાળી ગણવી પડતી હતી, જ્યારે એક પથ્થર **કાપનાર** (ગણાતો) હતો, દાંત **દળનાર,** અથવા **ખાનાર,** અને ગીમલેટ, **નાકુંપાડનાર,** કેહવાતા હતા, ત્યારે એક માપનાર અને ચંદ્ર વચ્ચેનો ફેર પારખવામાં તથા શબ્દોનો અસલ ગુણ કાઢી નાખવામાં, એટલે ખરેખરૂં જોતાં નાન્યતર બનાવવામાં, હથિયાર અને હાથ વચ્ચે અને હાથ અને માનસ વચ્ચે ખુલ્લો ફેર સમજવામાં, તથા વળી એક પથ્થરને આપણા પગ તળે ચંપાનાર વસ્તુ તરીકેજ માત્ર ગણવામાં, બેશક ભારે મુશ્કેલી પડી હશે. રૂપ, પ્રાણરૂપ, અથવા મનુષ્યરૂપ આપવામાં કશી મુશ્કેલી પડી નહતી.

* ક્રિયાશક્ત અથવા કારણશક્ત=Active.

† માનુષ=Human.

આ પ્રમાણે ચેતનધર્મારોપ (personification) નું સિદ્ધાંત જેણે ધર્મ અને પુરાણોક્ત ઈતિહાસના આગલા વિદ્યાર્થીઓને આટલો બધો શ્રમ આપ્યો હતો, તે આપણા કામસર કેવીરીતે ઉલટાઈ ગયું છે તે આપણે જોઇયે છિયે. આપણું સિદ્ધાંત ભાષા કેવી રીતે ચેતનધર્મારોપ આપવા લાગી તે નહિ, પણ કેવીરીતે એ રૂપ કાઢી નાખવાને શક્તિમાન્ થઈ, તે છે.

વ્યાકરણની જાતિ.

———oo———

સાધારણ રીતે એવું ધારવામાં આવેછે કે વ્યાકરણને લગતી જાતિ, નિર્જીવ વસ્તુને જીવંત રૂપ આપવાનું કારણ હતું. પણ એ કારણ તો નહિ પણ પરિણામ છે. બેશક જે ભાષામાં વ્યાકરણ સંબંધી ભેદ પૂર્ણરીતે નક્કી થયલો છે તેમાં, અને મુખ્યકરીને એવી ભાષાના પાછલા વખતમાં, નિર્જીવ પદાર્થને જીવંત રૂપ આપવું કવિયોને સુગમ પડેછે. પણ આપણે અહિં તો "ઘણા આગલા જમાના વિષે બોલિયે છિયે. વળી લિંગદર્શક ભાષાઓમાં પણ એક વખત એવો હતો કે લિંગનાં આ ચિન્હ તેઓમાં હતાં નહિ. આર્ય ભાષા કે જેમણે પાછળથી વ્યાકરણની જાતિની રીત આટલીબધી પૂર્ણપણે ખીલવી, તેઓમાં સર્વથી જુના શબ્દોમાંના કેટલાક જાતિ-રહિત છે. જેમ **પેતર** (pater) નરજાતિ, તેમ **મેતર** (mater) નારીજાતિ નથી, તેમજ નદી, પહાડ, ઝાડ, અથવા આકાશનાં સર્વથી જુનાં નામો વ્યાકરણની જાતિનાં કોઇપણ બહારનાં ચિન્હ દેખાડતાં નથી." પણ સર્વ જુનાં નામો જોકે જાતિ ચિન્હ વગરનાં હતાં તોપણ તેઓ ક્રિયાશક્ત હતાં.

ભાષાની આવી સ્થિતિમાં ક્રિયાશક્ત અથવા પુરૂષવાચક નહિ એવી વસ્તુવિષે બોલવું લગભગ અશક્ય હતું. પ્રત્યેક નામ કોઈ પણ ક્રિયાશક્ત વસ્તુ દેખાડતું હતું. જો **કલ્કસ** (calx)=**એડી**નો અર્થ **લાત મારનાર** થાય તો **કલ્કસ**નો અર્થ **પથ્થર** એવો પણ

થાય. નામ આપવાની આ સિવાય બીજી રીત હતી નહિ. એડી. જો પથ્થરને લાત મારે તો પથ્થર એડીને મારે; તેઓ બંને **કલ્કસ** હતાં. વેદમાં **વિ** એટલે એક **પક્ષી** અથવા **ઉડનાર** થાય છે, પણ એજ શબ્દનો અર્થ વળી **તીર** પણ થાય છે. '**યુદ્ધ**' નો અર્થ **લડનાર, હથિયાર** અને **લડાઈ** એમ થતા.

તોપણ જ્યારે 'હિથાં—લાત' અને 'ત્યાં—લાત,' એટલે **લાત મારનાર,** અને **લાત ખાનાર,** અને છેલે જીવંત અને નિર્જીવ નામો વચ્ચે બહારની નીશાનિયોથી ભેદ સમજવાનું બની શક્યું ત્યારે ભાષાની વૃદ્ધિમાં તે એક મોટું પગલું ભરેલું જણાયછે. ઘણીક ભાષા એ હદથી આગળ વધી શકી નથી. આર્ય ભાષામાં આ કરતાં પણ એક વધુ પગલું ભરવામાં આવ્યું હતું, તે એ કે જીવવાળી વસ્તુમાં નર. અને નારીજાતિ વચ્ચે ભેદ રાખવામાં આવ્યો. એ ભેદ પુરૂષવાચક નામો દાખલ કર્યાથી નહિ પણ સ્ત્રીજાતિનાં નામ દાખલ કર્યાથી, એટલે કે સ્ત્રીઓને માટે અમુક સાધિત પ્રત્યય જુદા રાખ્યાથી શરૂ થયો. એમ થયાથી બાકીના સઘળા શબ્દો નરજાતિના થયા. હજી વધારે પાછળના વખતમાં જે વસ્તુ નાન્યતર હતી, એટલે નર કે નારી નહિ પણ જે પ્રથમ અને દ્વિત્ય વિભક્તિમાં માત્ર ઘણુંકરીને હોય તેમને માટે અમુક રૂપો જુદાં રાખવામાં આવ્યાં.

એટલામાટે વ્યાકરણની જાતિ જોકે પાછલા વખતમાં પુરાણોક્ત ઇતિહાસ કાવ્યમાં રચવામાં બહુ મજબુતપણે સાહ્ય કરેછે, તોપણ તે કાંઇ **ખરી ગતિ**આપનાર શક્તિ નથી. આ ગતિ આપનાર શક્તિ તો ભાષા અને વિચારની જાતિમાં સ્વાભાવિક રીતે ભળાયલી છે. માનસ પાસે પોતાના કામ માટે વાચાની નિશાનિયો છે. તે આસપાસ દુનિયાંમાં પોતાનાં કામને મળતાં કામો જોયછે; અને વાચાનાં પેલાંજ ચિન્હોથી દુનિયાંની તરેહવાર વસ્તુઓને મનમાં લઇ સમજે છે. કારણકે નદી **બચાવનાર** કેહવાય, તેટલાજ

માટે નદી પાસે હાથ, પગ અને બચાવ કરવાનાં હુથિયાર છે; અથવા તો ચંદ્ર જે આકાશને **જુદું પાડેછે** અને **માપેછે** તેટલા માટે **તે** સુથાર છે એમ તે વિચારતો નથી. આ ભુલભરેલા વિચારનો ઘણો ભાગ પાછલા વખતનો છે. હજી તો આપણે વિચારની ઘણી ઉતરતી હદ આગળ છિયે.

સહાયકારક ક્રિયાપદો.

——oo——

આપણે ધાર્યે છિયે કે વાક્યો વગર ભાષા, અને સંયોગી શબ્દવિના વાક્ય બની શકે નહિ. આ વિચાર ખરો પણ છે અને ખોટો પણ છે. જો આપણે એમ સમજતા હોઇયે કે વાક્ય એટલે જેનો કાંઈ અર્થ ઉઠે તે, એટલે કે એક એવું ઉચ્ચારણ કે જેથી કાંઇ મતલબ જણાતી હોય તો **તે** સમજ ખરી છે.

પણ જો આપણે એવું સમજતા હોઇયે કે વાક્ય એક એવુ ઉચ્ચારણ છે કેજે ઘણા શબ્દો, તથા એક વિશેષક, વિશેષ્ય, અને સંબંધક મળીને બનેલુંછે, તો તે ખોટુંછે. એકલો એક આજ્ઞાર્થ શબ્દ એક વાક્ય છે; ક્રિયાપદનું પ્રત્યેક રૂપ એવું વાક્ય થાય. જેને આપણે હમણાં **નામ** કહિયે છિયે **તે** અસલ એક જાતનું વાક્ય હતું, કે જેમાં એક તો તેનું મૂળ અને બીજું પ્રત્યય દાખલ ગણાયલો કોઇ શબ્દ આવતો હતો, કેજે શબ્દ પેલાં મૂળથી જણાયલી વસ્તુ દેખાડતો હતો. એમજ વળી જ્યારે એક વિશેષ્ય અને વિશેષક સાથે આવયા હોય ત્યારે આપણે કહી શકયે કે હિંયા સંબંધકનો અલોપ થયોછે, પણ ખરી વાત તો એ છે કે પેહલવેહલાં તે બોલવામાં વપરાતો નહતો; તેની ગરજ નહતી એટલુંજ નહિ, પણ પ્રથમ ભાષામાં સંબંધક વાપરવો કેવળ અશક્ય હતું. 'વર બોનસ' (vir bonus=માનસ સારૂં) ને બદલે 'વર ઍસ્ત બોનસ'

(vir est bonus=માનસ સારૂં છે) બોલવાને શક્તિવાન્ થવું એ મનુષ્ય વાચાના સૌથી પાછલા વખતનાં પરાક્રમો માંહેનું એક છે.

આપણે જોયું કે આગલા આર્યોને કોઇ પણ વસ્તુ છે એ સિવાય કોઇ બીજી રીતે બોલવાને, એટલે કે વિચારવાને, ભારી પડતું હતું. એક વસ્તુ માત્ર છે અથવા હતી એમ બોલવામાં પણ તમને એવીજ અડચણો નડતી હતી. કોઈ ક્રિયા જે તેઓએં પોતે કીધી હોય તે ફલાણી વસ્તુએ પણ કીધી એમ બોલીનેજ. તે વિચાર તેઓ પ્રથમ જણાવી શકતા હતા. હવે મનુષ્ય માત્રની સામાન્ય ક્રિયા **દમલેવાની** છે, માટે જ્યારે કોઇ વસ્તુ છે કરીને આપણે બોલ્યે છિયે ત્યારે તેને બદલે તેઓ એમ બોલતા હતા કે ફલાણી વસ્તુ **દમ લે છે.**

અસ્=દમ લેવો.

અસ્ ધાતુ જે હજી he is (તે છે) શબ્દોમાં જોવામાં આવેછે, તે ઘણો જુનો ધાતુછે. આર્ય ટોળાના છુટા પડયા અગાઉ એ શબ્દ ભાવાર્થે વપરાતો હતો. તોપણ આપણે જાણ્યે છિયે કે (as) અસ્નો અર્થ **થવું** કરીને થાય તે આગળ **દમ લેવો** કરીને થતો હતો.

અસ્ ઉપરથી નિકળતો સૌથી સાદો સાધિત, સંસ્કૃત અસ્-ઉ (as—u)=દમ હતું; અને એ ઉપરથી ઘણુંકરીને અસુ-ર (asu-ra) એટલે જેઓ **દમ લે છે**, જેઓ **જીવેછે**, જેઓ **છે**, તેઓ; તથા છેલે સરવાલે હયાત દેવો [તથા વેદ માંહેના અસુરનું અતિ જુનું નામ થયું હોય.*

*સંસ્કૃત **અસુ** શબ્દ ઝંદનો **અહુ** છે જેનો અર્થ અવસ્તામાં અંતઃકરણ, જ્ઞાનચાં એવા થાયછે. (જુઓ દારમેસતેતરનું પુસ્તક, 'ઓરમઝદ એટ એહરીમન' પા૦ ૪૭). જો ઝંદમાં **અહુ** શબ્દ **ખાવંદ, સાહેબ** એવા અર્થે વપરાતો હોય તો તે ઉપરથી **અહુર—મઝદ** શબ્દમાંના **અહુરનો** અર્થ પણ **સાહેબ, ખાવંદ** એવો થયો,

ભૂ=ઉગવું.

——00——

જ્યારે આ ધાતુ **અસ્**=દમલેવો, અગવડભરેલો જણાયો*. દાખલા તરીકે જ્યારે ઝાડપાન તથા બીજી ચીજો જે ખુલ્લી રીતે દમ લેતી નથી તેમને લાગુ પાડતાં અગવડભર્યો જણાયો, ત્યારે એક બીજો ધાતું **ભૂ,** જેનો અસલ અર્થ ઉગવું થતો હતો, ગ્રીક **ફુઓ** જે આપણા (To be) 'તુ-બી' માં હજી જોવામાં આવેછે, તે લેવામાં આવ્યો. આ શબ્દ પ્રાણીમાત્રને માટેજ નહિ પણ સર્વ વનસ્પતી તથા દરેક ઉગતી વસ્તુ તથા પૃથ્વીને પોતાને પણ લાગુ પાડવામાં આવતો, કે જે **ભૂસ્** એટલે ઉગતી કેહવાતી હતી.

વસ્=વસવું.

——00——

છેલે જ્યારે આથી પણ વધારે ઓહોળી ભાવનાની જરૂર જણાઇ, ત્યારે **વસ્** ધાતુ, કે જેનો અર્થ વસવું, રેહવું એવો થતો હતો, તે લેવામાં આવ્યો. આ શબ્દ સંસ્કૃત **વસ-તુ**=ઘર તથા ગ્રીક **અસતુ**=શેહરમાં માલમ પડેછે, અને અંગ્રેજીમાં 'આઇ વૉઝ' (I was) માં પણ તેની કાંઇક નિશાની હજી દેખાયછે. જે સઘળા પદાર્થોને ઉગવાને અથવા દમ લેવાનો વિચાર લાગુ પાડી શકાતો ન હોય તેમને માટે આ શબ્દ વાપરી શકાય. આકારરહિત

તથા એક ઉપપ્રત્યય '**ર**' ની મેળવણીથી બન્યો, એમ ઠરતું નથી. ઝંદમાં **અહુ**નો અર્થ **દમ** તથા **સાહેબ** એવા બે કદાચ થતા હોય, જેવીરીતે **ઋતુ**નોઅર્થ **અનુક્રમ** અને **અનુક્રમ રચનાર** થાયછે. ઝંદમાં **અહુ** શબ્દનો અર્થ **સાહેબ** થાયછે. તેટલામાટે સંસ્કૃતમાં **અસુર**ને પણ તેજ અર્થ આપવો એવી તકરાર કબુલ રાખવાજોગ નથી.

અથવા જડ આત્માનો વિચાર કહી દેખાડવાને આ શબ્દથી પેહલ-વેહલી જોગવાઇ મળી હતી. ખરૂં જોતાં નર, નારી અને નાન્યતર નામની ઉત્પત્તિ વચ્ચે તથા આ ત્રણ સહાયકારક ક્રિયાપદોના દાખલ થવા વચ્ચે કાંઇક અમુક એકમળતાપણું જણાય છે.

મૌલિક વ્યાક્તિકરણ.

અસલી આર્ય લોકોને સૂર્ય, ચંદ્ર, આકાશ, પૃથ્વી, પહાડો અને નદિયોવિષે કાંઇ પણ બોલવું કેવી રીતે બની શક્યું હતું તે રીત ઉપર આ ટીકા લાગુ પાડિયે. જ્યારે આપણે બોલ્યે છિયે કે ચંદ્ર છે, પવન વાયછે, વરસાદ વરસેછે, ત્યારે તેને બદલે તેઓ માત્ર એમ વિચારી તથા બોલી શકતા હતા કે **સૂર્ય દમ લેછે**, (સૂર્યો અસ્તિ) **ચંદ્ર ઉગેછે,** (મા ભવતિ), **પૃથ્વી વસેછે,** (ભૂર્ વસ્તિ) **પવન** અથવા **ફુકનાર ફુંકેછે,** (વાયુર્ વાતિ) **વરસાદ વરસે છે** (ઇંદ્ર ઉનત્તિ, અથવા વૃશા વર્શતિ અથવા સોમઃ સુનોતિ.)

માનસની નજર આગળ સૃષ્ટિના જે જે ખેલ થતા હતા તે મનમાં સમજવાને અને મોહથી બોલવાને સૌથી પેહલાં કેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેવિષે આપણે અહિં બોલ્યે છિયે. સંસ્કૃતની બહુ પૂર્વે ભાષાએ કેવી કેવી રીતે વળાણ લીધી હતી તે દેખાડવાને માટે માત્ર આપણે સંસ્કૃત વાપર્યે છિયે. સમજ્યા પછી મોઢેથી બોલવું કેવી રીતે નક્કી થયું, અને તરેહવાર બોલવું દંત-કથાનું રૂપ લેતાં કેવી રીતે સમજશક્તિ ઉપર પાછી અસર કરતું ગયું, અને એ ક્રિયા અને પ્રતિક્રિયાથી અસલી પુરાણોક્ત ઇતિહાસ જરૂર પડતાં કેમ ઉદ્દ્પન્ન થયો, એ સર્વ સવાલો પાછલા વખતના વિચારને લગતા છે, જેને વાસ્તે હમણાં આપણે હિયાં ખોટી થવું

જોઇતું નથી. આ સંબંધમાં એકજ એવી બાબદ છે જેને માટે જેટલું બોલ્યે એટલું ઓછું. કારણકે આગલા આર્યો તરેહવાર ક્રિયાનાં નામોથી સૂર્યને પીછાનતા હતા, કારણકે સૂર્યને **પ્રકાશ આપનાર, ગરમી આપનાર, બનાવનાર** અથવા **પાળનાર** કેહતા હતા, કારણકે ચંદ્રને **માપનાર** તથા અરૂણોદય (ઉષા)ને **જાગૃત કરનાર**, ગર્જનાને **ગગડાટ કરનાર**, વરસાદને **વરસાવનાર**, તથા દેવતાને **ઝડપથી દોડનાર** કેહતા હતા, તેટલા માટે આ સઘળા પદાર્થોને તેઓ હાથ અને પગવાળાં માનસ સમજતા હતા એમ આપણે વિચારવું નહિ જોઇયે. 'સૂર્ય દમ લેછે' એમ વળી જ્યારે તેઓ બોલતા ત્યારે પણ તેમની એમ કેહવાની મતલબ નહિ હતી કે સૂર્ય, ફેફસાં અને મોહથી દમ લેનારૂં એક માનસ અથવા પ્રાણી છે. ગુફામાં રેહનાર આપણા પૂર્વજો જેમ મૂર્ખ નહિ હતા તેમ કવિપણ ન હતા. 'સૂર્ય અથવા પાળનાર દમ લેછે,' એમ કેહવાથી, સૂર્ય ગતિ ધરાવેછે, આપણી માફક હાલચાલ કરી શકેછે, એવું બતાવા સિવાય તેમનો બીજો કાંઇએ હેતુ ન હતો. અસલી આર્યોને ચંદ્રમાં બે આંખ, એક નાક, અથવા એક મોંહ દેખાતું નહિ હતું, અથવા વારેઘડીએ ફુંકતા પવનને આકાશનાં ચહારે ખુણામાંથી ભરેલા ગાલનાં બાળકો પવન ફુંકતાં સમજતા નહિ હતા. આ સઘળું અંતાર પછી આવશે. પણ મનુષ્ય વિચારની આ પેહલી સ્થિતિમાં એમ ન હતું.

સાદૃષ્ય (મળતાપણું) ની કલ્પના પ્રથમ નિષેધાર્થ હતી.

—oo—

જે વખતવિષે હાલ આપણે બોલ્યે છિયે, તે વખતે આપણા આર્ય પૂર્વજો, જે પદાર્થોનું આપણે અંગસ્પર્શ

અથવા અસ્પર્શ્ય તરીકે વર્ણન કીધું છે તેઓને જીવરૂપ, કે મનુષ્ય-રૂપ કે મનુષ્યગુણરૂપ આપવાને બદલે, તેઓની અને પોતાની વચ્ચે કોઇ પણ કલ્પિત મળતાપણું જોયા કરતાં ભેદ જોયાથી બહુ વધારે અજાયબ થયા હતા, એમ હું ધારૂં છું.

આ મતને મળતી એક અજાયબ જેવી સાબીતી વેદમાં જળવાઇ રહેલી આપણને મળી આવેછે, તેની યાદ આ ઠેકાણે તમને આપું છું. જેને આપણે **તુલના** (મુકાબલો) કહિયે છિયે તે આજે પણ વેદનાં ઘણાંક મંત્રોમાં **નકાર** છે. આપણે 'ખડક જેવું મક્કમ' બોલિયે છિયે તેને બદલે વેદના કવિયો 'મક્કમ એક ખડક નહિં' કરી બોલેછે, એટલે કે સરખાપણું બતાવવાને બીનસરખાપણા ઉપર ભાર મૂકેછે. તેઓ દેવને સ્તુતિમય ભજન (Hymn) અર્પે છે તે 'કાંઈ મિષ્ટાન નહિ,' એટલે જાણે મિષ્ટાનજ હોય. નદી બરાડતી પાસે આવેછે, 'ગોધો નહિ', એટલે ગોધાની પેઠે; અને **મરૂત** અથવા તુફાન-દેવતાઓ તેઓના પૂજારિયોને પોતાના હાથમાં લેતા હોય એમ કેહવાય છે, જેમ 'એક બાપ દીકરાને નહિ,' એટલે જેમ એક બાપ પોતાના દીકરાને પોતાના હાથમાં લેછે તેમ.

આ પ્રમાણે બેશક સૂર્ય અને ચંદ્ર હાલચાલ કરતા કેહવાતા હતા, પણ પ્રાણી તરીકે નહિ; નદિયો બરાડ મારતી તથા મરાતી હતી, પણ તેઓ માનસ **નહિ** હતી; પહાડો તોડી પડાય તેવા નહિ હતા, પણ તેઓ લડવૈયા **નહિ** હતા; વસ્તેવ જંગલને ખાઇ જતો હતો, તોપણ તે કાંઈ સિંહ **ન** હતો.

આવા વચનોનું વેદમાંથી ભાષાંતર કરતાં '**ન**'=નથી નો અર્થ આપણે "સરખું" કરીને હમેશાં કરિયે છિયે. પણ આટલું કેહવું અગત્યનું છે કે કવિયો પોતે સરખાપણાં કરતાં બીનસરખાપણાંથી, જો વધારે નહિ તો, તેટલાજ પ્રથમ અજાયબ થયા હતા.

સ્થાઇ ગુણ નામો.

——00——

સૃષ્ટિવિષેના આ વિવિધ પદાર્થો, કે જેઓએ ઘણા પુરાતન વખતથી કવિયોનું ધ્યાન ઉસ્કેર્યું હતું, તેઓવિષે બોલતાં સ્વાભાવિક રીતે કવિયોએ બીજાં નામો કરતાં અમુક ગુણનામોનો ઉપયોગ વધારે કર્યો હોય. આ સૃષ્ટિના પદાર્થો એકેકથી જુદા હતા; તોપણ તેઓમાં કેટલાક ગુણો સામાન્ય હતા; તેને લીધે તેઓ અમુક સામાન્ય નામથી જણાતા હતા, અને પાછળથી દરેક ગુણ નામનાં મથાળાં નીચે એકેક વર્ગમાં વેંહચાઇ જતા; અને એ રીતે એક નવી ભાવના ઉભી થતી. આ સઘળું બની શકે એવું હતું—ખરેખરૂં શું બન્યું તે આપણે તપાસિયે.

વેદતરફ નજર કરતાં આપણને જણાયછે કે જે મંત્રો જળવાઇ રહેલાંછે તે સઘળાં આગલા હિંદુ વેદાંતિયોના વિચાર પ્રમાણે અમુક દેવતાઓને અર્પણ કીધેલાં છે. આ 'દેવતા' શબ્દ આપણા **ડીઈતી** (Deity) શબ્દને બરાબર મળતો આવે છે, પણ તેઓમાં **દેવતા** શબ્દ આ અર્થમાં કદી પણ વપરાયલો નથી. **દેવતા દેવ**નો જે હાલ અર્થ થાય છે એ અર્થમાં સમજવાનો વિચાર હજી સુધી ઉત્પન્ન થયો ન હતો. આગલા હિંદુ ટીકાકારો પણ જણાવી જાયછે કે **દેવતા** એટલે મંત્રોમાં જે પુરૂષની અથવા જે કોઇ પદાર્થની સ્તુતિ કરવામાં આવતી તે, એટલે કે તે મંત્રનું કર્મ; તથા મંત્રનો બોલનાર અથવા ગાંનાર, એટલે સ્તુતિગાયનનો કર્ત્તા તે **ઋષિ** અથવા **સિદ્ધ** કેહવાતો. એ પ્રમાણે જેનો ભોગ આપવાનો હોય તેનેવિષે પણ મંત્રોમાં બોલવામાં આવે ત્યારે તે ભોગ **દેવતા** કેહવાયછે; અથવા ભોગ આપવાનાં કામમાં આવતું વાસણ, કે એક રથ, લડાઇનો કુહાડો, અથવા ઢાલ માટે બોલવામાં આવે, ત્યારે પણ એ પદાર્થો **દેવતા**જ કેહવાય છે. વેદસૂક્તોમાં મળી આવતા કેટલાક સંવાદ ઉપરથી માલમ પડે છે કે બોલનાર ધણીને

ઋષિ અને જેને વિષે બોલાતું હોય તેને **દેવતા** કહેલો છે. ખરૂં જોતાં **દેવતા** એક પારિભાષિક શબ્દ થયો, જેનો અર્થ દેશી વેદાંતિયોના મત પ્રમાણે જે વસ્તુવિષે કવિ બોલ્યો હોય તે સિવાય બીજું કાંઇજ નહિ. જોકે ઋગવેદના સૂકતોમાં આ ભાવવાચક શબ્દ **દેવતા** 'દીઇતી' જણાતો નથી, તોપણ હિંદુસ્થાનના આગલા કવિયોએ પોતાનાં મંત્રો જે સર્વ પ્રાણીવિષે ગાયાં છે, તેમાંના ઘણા ખરા **દેવ** કેહવાતા હતા. જો **યુનાની** લોકને આ **દેવ** શબ્દનો પોતાની ભાષામાં અર્થ કરવો પડયો હોત, તો જે પ્રમાણે આપણે **ગ્રીક** શબ્દ **થીઑાસ** નો તરજુમો **દેવ** શબ્દથી, આપણે શું ધારિયે છિયે તેનો ઘણો વિચાર કર્યા વિના, **દેવો** કરીને કરિયે, તેમ તેઓ ઘણું કરીને **થીઑાઈ** શબ્દ વાવરત. પણ જ્યારે આપણે આપણા મનશુ પુછિયે કે, વેદકાળના કવિયો **દેવ** શબ્દના ઉપયોગથી શો વિચાર જણાવતા હતા, ત્યારે આપણને માલમ પડેછે કે **ગ્રીક, થીઑાસ** અથવા અંગ્રેજી **ગોડ** God શબ્દથી જે વિચાર જણાયછે તેથી તે ઘણો જુદો હતો; અને **વેદ, બ્રાહ્મણ, આરણ્યિક,** અને **સૂત્રમાં** પણ વળી આ શબ્દ 'દેવતા'નો અર્થ સદા વધતો અને બદલાતો જણાશે. **દેવતાનો** ખરો અર્થ જોશો તો એના મૂળ ધાતુથી શરૂ થઇ છેક હાલની એ શબ્દની જે વ્યાખ્યા થાયછે તેનો માત્ર ઇતિહાસ છે. દેવનો અસલ અર્થ **દીવ** ધાતુ, **પ્રકાશવું** ઉપરથી **પ્રકાશતું** એવો થતો હતો. શબ્દકોશોમાં તેનો અર્થ **ઈશ્વર** અથવા **ઈશ્વરી** એવો આપેલો છે. પણ વેદનાં સૂકતોનું ભાષાંતર કરતાં જો આપણે સદા **દેવનો** અર્થ Deus અથવા **ખુદા** કરીને કરિયે, તો જાણે કાળગણત્રીમાં ૧૦૦૦ વર્ષની આપણે ભુલ કર્યા બરાબર કેટલીક વાર થાય. જે વખતનો હાલ આપણે વાત કરિયે છિયે તે વખતે દેવતા, જે અર્થ હાલ આપણે કરિયે છિયે તેવો અર્થ ધરાવનારા હતાજ નહિ. તેઓ ધીમે ધીમે વપરાસમાં ઘુસતા જતા, એટલે કે દેવનું નામ અને તે વિષેના ખ્યાલ પસાર થતાં હતાં. 'પેદા કીધેલી વસ્તુઓનો વિચાર

કરતાં કરતાં માનસમાં ઇશ્વરવિષે વિચાર હળવે હળવે ઉત્પન્ન થતો હતો.'* વેદનાં સૂકતોની ખરી કિંમત આજ છે. જ્યારે **હિસિયડ**† આપણને દેવતાઓના વંશની ગયલા વખતની જાણે તવારીખ આપે છે, ત્યારે વેદમાં આપણને દેવતાઓની વંશાવળીજ—તેઓનાં જન્મ અને વૃદ્ધી—માલમ પડે છે; અને વળી આપણને પાછલા વખતનાં સૂકતોમાં—જો વખતમાં પાછલાં નહિ તો રીતમાં પાછલાં—આ ઇશ્વરી ભાવનાની વૃદ્ધિની પાછલા વખતની રચના જણાય છે.

પણ વેદમાં **દેવ** શબ્દ માત્ર એકલો એકજ નથી, કે જે ઋષિયોએ સંશોધેલી સર્વ વસ્તુમાં જે સામાન્ય ગુણ છે તે પેહેલાંથી દેખાડતાં, છેલે સરવાળે દેવનાં એક સામાન્ય નામ તરીકે વપરાવા લાગ્યો. **વસુ** જે વેદમાં અમુક દેવતાઓનું ઘણું સાધારણ નામ છે, તેનો પણ પ્રથમ અર્થ **પ્રકાશતું** થતો હતો.

આગલા કવિયોને જ્યારે બીજું સઘળું મરી જતું અને ખાક થઇ જતું જણાયું, ત્યારે તેઓને આ પદાર્થોમાંના કેટલાક અવિકારી અને અવિનાશી લાગ્યા. તેથી એ વસ્તુને **અમરત**, નહિ મરી જાય તેવા, **અગર**, નહિ ઘરડા થાય એવા અથવા નહિ નાશ પામે એવા કહ્યા.

જ્યારે સર્વ વસ્તુઓ, માનસ તથા પ્રાણી પણ, બદલાતી, નાશ પામતી, અને મરી જતી હતી, અને એવો વિચાર જ્યારે જણાવવાની જરૂર પડતી કે સૂર્ય અથવા આકાશ જેવી વસ્તુઓ કેવળ અવિકારી, અવિનાશી અને અમરજ નથી, પણ પોતાની ખાસ જીંદગી ધરાવે છે, ત્યારે **અસુર** શબ્દ વપરાયો, જેને માટે મને કાંઇજ શક નથી કે તે **અસુ**=શ્વાસ ઉપરથી નિકળેલો છે. જ્યારે **દેવ** શબ્દ સૃષ્ટિના ચકચકીત અને સમશીલ દેખાવોનેજ માટે વપરાતો હતો, ત્યારે **અસુર**નો વપરાસ કરવામાં એવો કશો અટકાવ ન હતો, અને તેટલા માટે ઘણા અસલી વખતથી સૃષ્ટિની

* જુઓ Brown, 'Dionysiak Myth' 1. P. 50.

† એક પ્રાચીન યુનાની કવિ

શુભ તેમજ દુષ્ટ શક્તિયોને લાગુ પાડવામાં આવ્યો હતો. આ **અસુર** શબ્દનો અસલ અર્થ **શ્વાસ ધરાવતું**, અને પાછળથી **દેવ** એવો થયો, તેમાં પાછલા વખતના ધર્મોમાં જે મતને 'એનિમિસમ' (એટલે પ્રાણી માત્રના સઘળા ચમત્કાર પ્રાણ શક્તિથી થાય છે એવું મત) કહે છે તેનાં કાંઇક પ્રથમ ચીન્હો દેખાય છે.

બીજું વિશેષણ **ઈશીર** છે, જેનો પ્રથમ અર્થ ઘણો ખરો **અસુરના** જેવોજ હતો. **ઇશ** એટલે **ચીક, કૌવત, ઝડપ, તેજ,** તે ઉપરથી ઉત્પન્ન થયલો **ઈશીર** શબ્દ વેદ માંહેના કેટલાક દેવતાને મુખ્ય કરીને **ઇંદ્ર, અગ્નિ, અશ્વિન, મરૂત, અદિત્ય,** તેમજ પવન, રથ, અને મન સરખી વસ્તુઓને પણ લાગુ પાડવામાં આવ્યો. તેનો એસલ અર્થ ઝડપવાળું, તેજદાર, **ગ્રીક** શબ્દો **ઍરૅાસ, ઈકથસ** અને **અરૅાન મીનૅાસ**માં દેખાઇ આવેછે, અને એનો **ગ્રીક** ભાષામાં સાધારણ અર્થ **ઈશ્વરી** અથવા **પવિત્ર** થાયછે, તેનું કારણ, સંસકૃતના **અસુર**=દેવના અર્થનું જેવું કારણ અપાયું તેવુંજ સમજવું.

વેદના દેવતાઓમાં સ્પર્શ્ય પદાર્થો.

—oo—

પદાર્થોના જે ત્રણ વર્ગો સ્પર્શ્ય, અર્ધ સ્પર્શ્ય, અને અસ્પર્શ્ય, આપણે કીધાછે, તે તરફ પાછા આવતાં આપણને જણાય છે કે પેહલો વર્ગ ઋગ વેદમાં કેહવાતા **દેવતાઓ**માં કવચિતજ માલમ પડેછે. પથ્થર, હાડકાં, સીપ, વનસ્પતી અને બીજી સઘળી પદાર્થ:પૂજામાં ગણાતી વસ્તુઓ જુના સૂકતોમાં બીલકુલ જણાતી નથી, જોકે વધારે પાછલા' વખતનાં મંત્રોમાં, મુખ્ય કરીને **અથર્વવેદ**માં તેઓ માલમ પડે છે. મનુષ્ય કળાથી બનેલી જે વસ્તુઓની ઋગવેદમાં સ્તુતિ ગાવામાં આવે છે તે એવી છે કે **ઉઅર્ડસ્વર્થ** અથવા **તેનિસંન** પણ તેવી સ્તુતિ ગાઇ શકે—જેવીકે રથ, કમાન, તીરનો ભાથો, કહાડી, પડઘમ, યજ્ઞક્રિયાના વાસણો, તથા એવીજ બીજી

વસ્તુઓ છે. એ વસ્તુઓએ કોઈપણ વખતે પોતાનું જુદું જુદું રૂપ–લક્ષણ લીધેલું જણાતું નથી. પણ માત્ર **ઉપયોગી**, અથવા **કિંમતી** તરીકે ગણાયલી છે, અને કદાચિત ઘણું થયું તો પવિત્ર તરીકે ગણાયલી હોય*

વેદના દેવતાઓમાં અર્ધ-સ્પર્શ્ય પદાર્થો.

પણ જ્યારે આપણે બીજા વર્ગ તરફ આવિયે છિયે ત્યારે વાત ઘણી જુદીજ છે. જે વસ્તુઓનું આપણે અર્ધસ્પર્શ્ય પદાર્થ તરીકે વર્ણન કીધું છે તેમાંની ઘણી ખરી દરેક વસ્તુ વેદના કહેવાતા દેવતાઓમાં જણાય છે. આપણે ઋગવેદ ૧, ૯૦, ૬–૮ માં આ પ્રમાણે વાંચિયે છિયે :—

'સત્યવંત મનુષ્ય ઉપર પવન મધ નાખે છે, નદિયો મધ નાખે છે ; આપણા રોપા મીઠા થાઓ,' ૬.

'રાત્રિ અને પરોઢિયું એ મધ થાઓ ; પૃથ્વી ઉપરનું આકાશ મધથી ભરેલું રહો ; આકાશ આપણો બાપ મધ થાઓ'; ૭.

---

* એવું કેહવાય છે કે વાસણો અથવા હથિયારો કદી પણ પૂજા પદાર્થ થતાં નથી જુઓ Kapp 'Grundlinien der philosophic der Technidk' 1878. P. 104. પોતાનાં લખાણના ટેકામાં તે Caspari 'Urgeschichte der Menschheit' I 309 ટાંકે છે. H. Spencer on Principles of Sociology ના પેહલા ભાગને ૩૪૩ પાને એથી ઉલટુંજ આપણે વાંચિયે છિયે. 'હિંદુસ્થાનમાં એક સ્ત્રિ, જે ટોપલીમાં તેણીની જરૂર જોગી વસ્તુ રહે છે અથવા આવે છે, તેની પૂજા કરે છે; અને તેને ભોગ આપે છે ; તેમજ ચોખાની ઘંટી તથા બીજાં હથિયાર જે તેણીને ઘરસંસારી કામમાં મદદ કરે છે તેને એજ રીતે ગણે છે. એક સુતાર તેના 'વાંસલા, કુહાડા, તથા બીજાં હથિયારોની એજ પ્રમાણે પૂજા કરે છે, અને તેની આગળ ભોગ આપે છે. એક બ્રાહ્મણ જે કલમથી તે લખતો હોય તે કલમની ; એક સિપાહ જે હથિયારો તે લડાઈમાં વાપરતો હોય તે હથિયારની; એક કડિયો તેની થાપોની એજ પ્રમાણે પૂજા કરે છે. ડુબોઈ (Dubois) ન કેહવા ઊપર ઘણો ભરોસો રખાય નહિ-પણ એના કરતાં વધારે કાબેલ મી૦ લૈયલ (Lyall) ની સાક્ષી આપણી પાસે છે, કે જો પોતાના પુસ્તક Religion of an Indian Province માં આજ પ્રમાણે કહે છે. 'ખેડુત તેના હળની, માછી તેની જાળની, વણકર તેની સાલની પૂજા કરે છે એટલુંજ નહિ, પણ એક મેહતો તેની કલમની અને નાણાવટો તેના ચોપડાની પૂજા કરે છે.' હવે અંહી સવાલ એ છે કે **પૂજા કરવી** એટલે શું ?

આપણાં ઝાડો મધથી ભરપુર રહો; સૂર્ય મધથી ભરપુર રહો; આપણી ગાયો મીઠી થાઓ'; ૮.

મેં શબ્દ શબ્દનુ ભાષાંતર કર્યુંછે, અને **મધુ** જેનો અર્થ મધ થાય છે તેને તવોને તેવો રેહવા દીધો છે, પણ તેનો અર્થ સંસકૃતમાં એ કરતાં ઘણો વધારે છે. મધનો અર્થ ખોરાક અને પાન (પીવાનું), મીઠો ખોરાક અને મીઠું પાન, થતો હુતો. અને તેથી તાજગી આપતા વરસાદ, પાણી, દુધ અને કોઇપણ જીવ ખુશ કરનારી વસ્તુ **મધ** કેહવાઇ; આવા અસલી શબ્દોનો આપણે કદિયે સંપૂર્ણ અર્થ કરી શકશું નહિ; માત્ર લાંબા વખત સુધી અને સંભાળથી કીધેલા અભ્યાસથીજ આગળા કવિયોનાં અને વક્તાઓનાં મનમાં આ શબ્દોએ કેવા કેવા તરંગ ઉભા કીધા હોય તેનો અટકળ કરવાને સામર્થવાન થઇયે છિયે.

વળી ઋગવેદ ૧૦, ૬૪, ૮ માં આ પ્રમાણે છે:—

'અમે અમારી મદદે ત્રણ-સાત (એકવીસ) દોડતી નદિયો, તે મોટું પાણી, ઝાડો, પહાડો, અને અગ્નિને બોલાવિયે છિયે'.

ઋગવેદ ૭, ૩૪, ૨૩. 'પહાડો, પાણી, રસાળ રોપા, અને આકાશ તથા પૃથ્વી, તેનાં ઝાડપાન સાથે અને બંને દુનિયા (રોદસી) અમારી દોલત બચાવો'.

ઋગવેદ ૭, ૩૫, ૮ 'દીર્ઘ દ્રષ્ટિવાન સૂર્ય શુભશુકન ભરેલો ઉગો; ચારે દિશા શુભ શુકન ભરેલી થાઓ; મજબુત પહાડો શુભ શુકન ભરેલા થાઓ, તેમજ નદિયો તથા પાણી'.

ઋગવેદ ૩, ૫૪, ૨૦. 'મજબુત પહાડો અમારૂં સાંભળો.'

ઋગવેદ ૫, ૪૬, ૬. 'ઘણા વખાણેલા પહાડો અને ચળકતી નદિયો અમારો બચાવ કરો'.

ઋગવેદ ૬, ૫૨, ૪ 'ઉગેતા સહવારના પ્રહાર મારો બચાવ કરો! ઉભરાતી નદિયો મારો બચાવ કરો!
જયારે દેવોને અમે બોલાવિયે ત્યારે પેલા પિતાઓ મારો બચાવ કરો!'

ઋગવેદ ૭, ૩૫, ૨. 'અમે આકાશ અને પૃથ્વીનું સંરક્ષણ માગિયે છિયે; અમને પાપથી દુર રાખવા માટે નદિયો, પેલી માવતરો અને ઘાસવાળા પહાડો, સૂર્ય, તથા સહવારના પ્રહારની અમે પ્રાર્થના કરિયે છિયે. સોમરસ આજ અમને આરોગ્યતા અને સંપતિ આપો'.

છેલે નદિયો, અને મુખ્ય કરીને પંજાબની નદિયો, જેની હદ આગળ વેદકાળ ઈતિહાસના જે થોડાક બનાવો આપણને ખબર છે તે બનાવો બન્યા હતા, તેઓનું એક બીજું સંસકારિત સંબોધન આ છે.

ઋગવેદ ૧૦, ૭૫, 'ઓ નદિયો અંહી વીવસ્વતના સ્થળમાં તમારી અતિ ઘણી મોટાઈ કવિ જાહેર કરે એમ કરો.' સાત સાતના ઝુમખામાં તેઓ ત્રણ માર્ગે આવ્યાં છે.' પણ સઘળા મુસાફરોમાં (નદિયોમાં) સિંધુ તેના બળથી ચઢતી છે;' ૧

'જ્યારે તું ઈનામને માટે દોડી ત્યારે તને ચાલવા માટે વરૂણે એક રસ્તો બનાવ્યો. સઘળા વેહતા ઝરાઓમાં તું સરદાર છે, તેથી તું પૃથ્વીની એક ઉભી ટેકડીપર આગળ વધે છે;' ૨

'અવાજ પૃથ્વીની ઉપર આકાશ તરફ જાય છે, પેલી ચકચકીત દમામ સાથે અપાર બરાડ મારે છે, જેમ વાદળમાંથી ઝાપટાં ગગડાટ સાથે તુટી પડે છે, જ્યારે સિંધુ ગોધાની માફક બરાડતી આવે છે;' ૩

'જેમ પોતાના બાળકની પાસે મા જાય છે તેમ બરાડતી ગાયો (નદિયો) તારી પાસે પોતાનાં દુધ સાથે આવેછે. જેમ એક રાજા લડાઇમાં લશ્કરની બંને બાજુઓને લઇ જાયછે તેમ, જ્યારે તું આ નીચે ધસીજતી નદિયોની સન્મુખ આવી પોંહચેછે, ત્યારે તેઓને તું ચલાવી લઇ જાયછે.' ૪

'ઓ ગંગા, યમુના, સરસવતી, સુતુદ્રી, પુરૂશણી, હું તમારી સ્તુતિ કરૂંછું તે કબુલ રાખો! અસિકની (અકેસીનસ) સાથે સાંભળો ઓ મરૂદવ્રિધા અને વીતસ્તા (હાઇદાસપીસ, બેહત) સાથે સાંભળો, ઓ, અર્જિકીયા, સુશોમ સાથે!' ૫

'તારી મુસાફરીમાટે ત્રિશતામા સાથે પેહલે જોડાઇને, આ સિંધુ, તું સુસરતુ, રાસા, અને સ્વેતી સાથે જાયછે, કુભા (કોપહેન, કાબુલ નદી) સાથે ગોમતી (ગોમલ) સુધી, મેહત્નુ સાથે ક્રુમુ (કુરમ) સુધી, કે તેઓની સાથે તેજ રસ્તે તું જાય;' ૬

'ચકચકીત, પ્રકાશતી, મોટા દબદબા સાથે તેણી વાદળાંને મેદાનમાંથી લઇ જાયછે, પેલી અજીત સિંધુ, ઝડપવાળીઓમાં સર્વથી ઝડપવાળી, ખુબસુરત ઘોડીના જેવી, એક જોવાલાયક દેખાવ;' ૭.

'ઘોડા, રથ, પોશાક, સોનુ, ચારો, ઉન તથા ઘાસથી ભરપૂર, પેલી સિંધુ ખુબસુરત અને જુવાન, જે દેશમાં મધ વહેછે ત્યાં પથરાય છે;' ૮

'સિંધુએ પોતાના હલકા રથને ઘોડા જોડયા છે; આ યુદ્ધમાં આપણે માટે તેણી લુટ જીતો! કારણકે પેલા અટકાવી નહિ શકાય એવા પ્રખ્યાત અને પ્રતાપિ રથની કીર્તિ મહાન શોભાને પામીછે;' ૯.

હજારો આરાધનામાંથી આ મેં ચુંટી કાઢીછે, કારણ કે એઓ પૂર્ણ રીતે સમજી શકાય તેવા અર્ધસ્પર્શ્ય પદાર્થો, અર્ધ-દેવતાઓને માટે છે.

જે સવાલનો હવે આપણને જવાબ આપવાનો છે તે આ છે:—

શું આ પ્રાણિયો ને દેવતા કે દેવી કેહવાં જોઇયે? કેટલાક ફકરાઓમાં તો ખચીત આપણાથી સામેલ થઈ શકાશે નહોજ, પણ જોકે આપણે અનેકેશ્વરવાદી નથી, તોપણ આવા બોલવામાં વાજબીપણે સામેલ થઈ શકિયે કે ઝાડો, પહાડો, નદિયો, પૃથ્વી, આકાશ, અરૂણોદય, અને સૂર્ય આપણા ઉપર કૃપાશીળ અને ખુશ રહો.

જયારે પહાડો, નદિયો અને બાકીનાં સઘળાંની આરાધના માનસનું રક્ષણ કરવાસારૂ કરવામાં આવી, ત્યારે એક અગત્યનુ પગલું આગળ ભરવામાં આવ્યું એમ સમજવું. એ પણ હજી સમજ પડે એવું છે. **નેલ** નદીને માટે અસલી **મિસર** દેશના લોકો

શું વિચારતા હુતા તે આપણે જાણિયે છિયે, અને હાલના વખતમાં પણ કોઈ **સ્વિસ** દેશહીતકારી, પોતાને અને પોતાના ઘરને પારકા દુશમનોથી બચાવવાને પોતાના પહાડો અને નદિયોની સહાયતા માગે એમાં કાંઇ ખોટું નથી.

પણ એક પગલાં પછી બીજું પગલું ભરાય છે. પહાડોને સાંભળવા માટે વિનંતી કરવામાં આવી. એ પણ અમુક હદ સુધી સમજ પડે એવું છે. કારણ કે જો તેઓ સાંભળવાના નહિ હોય તો તેઓને બોલાવિયેજ શું કરવા?

સૂર્યને ઘણો દુર જોનાર કહ્યોછે—કાં નહિ? ઉગતા સૂર્યનાં પેહલાં કીરણ અંધકારમાંથી આરપાર પસાર થતાં અને દર સહવારે આપણાં છાપડાં આગળ નજરે પડતાં શું આપણે જોતા નથી? શું આ કીરણો આપણને જોવાને શક્તિમાન્ કરતાં નથી? ત્યારે સૂર્ય દૂર રોશનીઆપનાર, દૂર નજરકરનાર, દૂર જોનાર, કાં નહિ કેહવાય?

નદિયોને **મા** કેહવામાં આવી છે—નહિ કાં? શું તેઓ મેદાન અને તે ઉપરનાં ઢોરોને ખોરાક પોંહચાડતી નથી? શુ આપણી જીંદગી પોતેજ નદિયો, જેનાં પાણી બરાબર ઋતુસર મેળવવામાં આપણે નિરાશ થતા નથી, તેઓ ઉપર આધાર રાખતી નથી?

અને જો આકાશ 'બાપ નહિ' એટલે 'બાપ જેવો' અથવા છેલે સરવાળે બાપ કેહવાય તો—શું તે આપણું સંરક્ષણ, આપણો બચાવ, અને આખી પૃથ્વીનો બચાવ કરતું નથી? આકાશ જેવું ઘરડું, ઉંચું, કોઈ વખત તેટલું માયાળુ અને કોઈ વખત તેટલું ભયંકાર, બીજું કાંઇ છે*? આપણી ભાષામાં જેને આપણે

* કુદરતની શક્તિઓ ઉપર ભાવ રાખનાર ગ્રંથકર્ત્તા આપણને કવચિતજં મળે, કે જેઓ પોતાનો બચાવ એક દેવને માનનારાઓના હુમલાસામે કરતા હોય; એટલુંજ નહિ પણ એકજ દેવને ખરા તરીકે માન્યા પછી કેવે પ્રકારે જુદા જુદા સ્વતંત્ર દેવતાઓવિષેનો ભાવ સાચવી રખાય, તે વિચારવું આપણને કઠણ છે. તોપણ એવા ફકરાઓ આપણી પાસેછે સેલસસ (પછી તે ગમે તે હતો) જે True Story નામની ચોપડીનો ગ્રંથકર્ત્તા, જેનો રદીઓ આરિજેને આપેલો આપણે જાણિયે છિયે, તે ખુલી રીતે યુનાની લોકોના અનેકેશ્વરમતનો,

શક્તિઓ (beings) કહિયે છિયે. તથા જેને આપણા પૂર્વજોની ભાષામાં દેવ[†] અથવા ચકચકીત લોકો કરીને વારંવાર કહ્યા છે, તેઓની આરાધના આપણને મધ આપવાને એટલે ખુશી, ખોરાક, સુખ આપવાને માટે, જો કરવામાં આવી હોય, તો તેથી આપણે અજાયબ થતા નથી; કારણ કે આપણે પણ જાણિયે છિયે કે તેઓ સર્વેથી આપણું કલ્યાણ થાય છે.

જે પેહલી વિનતી આપણને અજાયબ જેવી લાગે છે તે એ છે કે, જ્યારે દોષથી આપણને દૂર રાખવાને માટે તેઓને અરજ કરવામાં આવે છે. આ વિચાર પાછલા વખતનો છે એમ ખુલ્લી રીતે માલમ પડે છે; અને વેદમાંથી એ મળી આવે છે, તેટલા માટે આપણે એમ નહિ વિચારવું કે વેદમાં જે છે તે સઘળું એકજ વખતનું લખેલું છે. જો કે વેદનાં સૂક્તો આસરે ઇ૦ સ૦ પૂ૦ ૧૦૦૦) વરસ ઉપર એકઠાં કરવામાં આવેલાં છે, તોપણ તેઓને એકઠાં કરવામાં આવ્યાં તેની ઘણી આગમજનાં તેઓ હોવાં જોઇયે. શ્રેષ્ઠ વૃદ્ધિને માટે તે સૂક્તોને વખત પુષ્કળ મળ્યો હતો. વળી આપણે ભુલવું ન જોઇએ કે પ્રત્યેક બુદ્ધિ (આન પુરૂષના વિચાર) જે આ સૂક્તોમાં બહાર પડેછે, તે કેટલીકવાર સદિયો આગળથી સત્ય જીતવા માટે જતાં લશ્કરના મુખ્ય ભાગના ધીમા

યાહુદી અથવા ખ્રીસ્તીઓના એકેશ્વરમતની સામે બચાવ કરેછે, તે લખેછે કે 'યાહુદીઓ આકાશ તથા આકાશવાસી લોકને માન આપેછે, પણ તે ઉંચા આકાશમાંના સર્વથી મોટા, સર્વથી પ્રૌઢ ચમત્કારને તેઓ માન આપવાના નહિ. તેઓ અંધારાની છાયાની તથા ઊંઘના ખોટા દેખાવોની આરાધના કરેછે; પણ ભલાઈના પેલા ચકચકીત અને પ્રકાશીત દૂતો, પેલા અધિકારિયો જેઓથી શિઆળામાં વરસાદ વરસે છે, ઉનાળામાં ગરમી પડે છે, વાદળાં વિજળી, તથા ગગડાટ, તથા પૃથ્વી ઉપરનાં ફળ અને સર્વ જીવતાં પ્રાણિયો ઉત્પન્ન થયાં છે તથા રક્ષણ પામે છે, પેલી શકિતયો કે જેઓ મારફત ઈશ્વર પોતાને જાહેર કરે છે, પેલા ભવ્ય આકાશી કાસદો, પેલા ફરેસ્તા, જેઓ ખરાજ ફરેસ્તા છે, તેઓને માટે કશી દરકાર કરતા નથી, તથા કાંઈજ ધ્યાન આપતા નથી'. Froude, 'On Origen and Celsus' in Fraser's 'Magazine,' 1878 P. 157.

† ઉપનીશદોમાં **દેવ** શબ્દ **શક્તિ** અથવા **બુદ્ધિ** અર્થે વપરાયલોછે; ઇંદ્રિયોને પણ વારંવાર **દેવ** કેહવામાં આવેછે, તેમજ વળી તેઓને **પ્રાણ** પણ કેહવામાં આવેછે. દેવતાનો પણ કોઇ વખત શકિત તરીકે અર્થ કરવો જોઇયે.

પણ ચાલુ વધારાની પહેલાંથી ખબર આપેછે. (બુધ્ધિમાન પુરૂષો સાધારણ લોકોની સેંકડો વરસ આગમજ સત્યની શોધમાં ફાવી નિકળે છે.)

આપણે ઘણા આગળ વધી ગયા છિયે. જો કે જે પગલાં આપણે ભર્યાંછે તે સાદાં અને સેહલાં હતાં, પણ હવે આપણે એમ ધારિયે કે આપણે વેદના કવિયોની સન્મુખ ઉભા રહ્યા છિયે, તથા વળી જે કવિયોએ નદીને **મા** અને આકાશને **બાપ** કહ્યાં છે, તથા જેઓ પોતાને પાપમાંથી મોકળા કરવા તથા પોતાનું સાંભળવાને તેઓને અરજ કરતા હતા, તેઓની પણ સન્મુખ ઉભા રહ્યા છિયે, અને જો આપણે તેઓને પુછિયે કે નદિયો, પહાડો અને આકાશ શું તેઓના **ઈશ્વર** હતા, તો તેઓ શું જવાબ દે? હું ધારૂં છું કે આપણે શું પુછિયે છિયે તે તેઓ સમજીએ શકશે નહિ. કેમકે એવું પુછવું તો જેમ આપણે નાનાં બાળકને પુછિયે કે માનસ, ઘોડા, માખ, અને માછલીને તમે પ્રાણી ગણોછો, કે **ઓક**ઝાડને તથા **વાયોલેટ**રોપાને વનસ્પતી ગણોછો, તે પ્રમાણે થાય. તેઓ જરૂર જવાબ આપશે કે 'નહિ'. કારણકે હજી તેઓમાં ઉંચી તર્કશકિત આવી નથી કે જેથી તેઓને પાછલા વખતમાં ઘણી જુદી જુદી વસ્તુઓને એકજ દેખાવે પારખવાને બની આવે છે. જેમ જેમ માનસો અર્ધ-સ્પર્શ્ય તથા અસ્પર્શ્ય પદાર્થો તરફ વધારેને વધારે ચોકસ વલાણ ધરાવતા ગયા, તેમ તેમ દેવતા વિષેના ખ્યાલ બેશક તેઓના મનવિશે ઉભા થતા ગયા. અસ્પર્શ્ય અને અજાણ વસ્તુ, જે આ સઘળી અર્ધ-સ્પર્શ્ય વસ્તુઓમાં ગુપ્ત હતી, તેમનો શોધ જયારથી આપણી એક અથવા વધુ ઇંદ્રિયોમાં તેમને મળતી કોઇ વસ્તુ શોધી કાઢવામાં આપણે નિષ્ફળ થયા, ત્યારથી શરૂ થયો. લાગણીજ્ઞાનની સંપૂર્ણ હાલતમાં, એટલે કે આપણી પાંચે ઇંદ્રિયોની જાણમાં જે કાંઇ આવે તેમાં, જે જે જણાતું નહિં હતું તે છે એમ માની લેવામાં આવતું હતું, અથવા તેની ખોળ બીજે ઠેકાણે થતી હતી. આ પ્રમાણે જયાં સુધી કોઇપણ ઇંદ્રિથી માલમ નહિ પડે એવી, તોપણ વાસ્તવ

તરીકે કબુલ રખાયલી, એટલુંજ નહિ પણ જે પ્રમાણે ઝાડો, નદિયો, અને પહાડો માનસજાતને લાભ કરે છે તેજ પ્રમાણેના લાભકારી વસ્તુના વર્ગ આગળ આપણે આવી પહોંચ્યા ત્યાં સુધી, બે અથવા માત્ર એકજ ઈંદ્રિથી માલમ પડતી વસ્તુની એક દુનિયાં આપણી આગળ ઉભી થતી ગઈ.

જે પગથિયાં મારફત આપણે અર્ધ-સ્પર્શ્ય ઉપરથી અસ્પર્શ્ય પદાર્થો તરફ અને લૌકિક ઉપરથી અલૌકિક પદાર્થો ઉપર જઈયે છિયે તેની વચગાળેનાં પગથિયાં ઉપર આપણે વધારે બારીકીથી ધ્યાન પોંહચાડિયેઃ—અને પેહેલો **અગ્નિ** આવે છે.

અગ્નિ (આતશ)

હવે અગ્નિ તદન દેખીતો હોય, એટલુંજ નહિ, પણ સ્પર્શ્ય હોય એમ લાગે છે; અને ખરેખર તેમ છેજ. પણ અગ્નિને હાલ આપણે જેવી રીતે જાણિયે છિયે તે ભુલી જઇને પૃથ્વી ઉપરનાં અસલી માનસોને મનશુ તે કેવો હતો તેનો વિચાર કરી જોઇયે. એમ પણ બન્યું હોય કે અગ્નિ સળગાવવાનો હુનર જાણ્યા વિના માનસ ભાષા અને વિચારો ગોઢવવા લાગ્યો હોય, અને એવી હાલતમાં કેટલોક વખત સુધી પૃથ્વીઉપર તે વસ્યો હોય. તોપણ અગ્નિ સળગાવવાનો શોધ, જેથી તેની જીંદગીમાં એક પૂર્ણ ફેરફાર થઇ ગયો જોઇયે, તેની આગળ તેણે વિજળીના ચમકારા જોયલા હતા, સૂર્યનો પ્રકાશ અને તેની હુંફ તેને જણાયલાં હતાં, તથા વિજળીથી અથવા ઝાડોના ઘસારાથી ઉન્હાળામાં જંગલો સળગી ઉઠીને નાશ પામતાં પણ કદાચ તેણે ભારે ઘભરાટથી જોયલાં હોય. આ દેખાવોમાં તથા તેઓના અલોપ થવામાં કંઇક અત્યંત ગુચવાડો ઉપજાવે એવું હતું. એક પળે અગ્નિ અહીં હતો, તો બીજી પળે જતો રહેલો જણાતો. તે આવ્યો કયાંથી? અને ગયો કયાં? જો

આપણે જેને ભૂત કહિયે છિયે તે કદીપણ દુનિયાંમાં હતું, તો તે આ આગલા વખતમાં માનસને મનશુ અગ્નિ હતો. શું તે વાદળાં ઉપરથી નહિ આવતો? શું તે દરિયામાં ગુમ નહિ થતો? શું તે સૂર્યમાં નહિ વસ્તો? શું તે તારાઓમાંથી પસાર થતો નહિ? આ સઘળા સવાલો આપણને નજીવા લાગે ખરા, પણ માનસ અગ્નિને પોતાના તાબામાં રાખવા શિખ્યો તે આગળ એ સવાલો કેવળ સ્વાભાવિક હતા; અને ઘસારાથી અગ્નિ ઉત્પન્ન કરવા શિખ્યા પછીએ તેનું કારણ અને પરિણામ માનસ સમજી નહિ શકયો હતો. જેને આપણે અજવાળું અને ગરમી (હુંફ) કહિયે છિયે તેના દેખાવો એકાએક તેઓની નજરે પડતા હતા. આ દેખાવથી તેઓ મોહિત થઇ જતા, અને જેમ છોકરાં હમણાં પણ અગ્નિથી મોહિત થઇ આપણે ગમે એટલાં વારિયે તોપણ તેની સાથે રમવાનાં, તેમ તેની સાથે આગળ માનસો રમતાં હતાં, અને જ્યારે તેઓ તેને વિષે બોલવા તથા વિચારવા લાગ્યાં, ત્યારે તેઓ શું કરી શકયાં વારૂ? અગ્નિ જે કાંઇ કરે તે ઉપરથી માત્ર તેને નામ આપી શકે; અને આ પ્રમાણે તેઓએ તેનું નામ અજવાળુંઆપનાર અથવા બાળનાર એવું પાડયું, કારણ તે વિજળીના ઝળાંમાંનો બાળનાર અથવા સૂર્યમાંનો અજવાળું આપનારછે, એમ તેઓને લાગ્યું. તેની ઉતાવળી હીલચાલ, તથા તેનું અણચીંતુ દેખાવું અને અલોપ થવું માનસને ઘણાંજ આશ્ચર્ય પમાડતાં હતાં, અને તેથી તેને **ઉતાવળો** અથવા **ચાળાક** (Ag-nis) સંસકૃતમાં **અગ્નિસ** અને લાતિનમાં **ઇગ્નિસ** એ નામ આપ્યું.

એટલી બધી વાતો અગ્નિવિષે તો કેહુવાઇ શકાય, જેવીકે લાકડાંના બે કકડાને તે શી રીતે છોકરો થતો; જનમતાં સાથ પોતાના માબાપને, એટલે કે જે બે લાકડાંના કકડામાંથી તે ઉત્પન્ન થયો તેઓને, કેવી રીતે ખાઇ જતો; પાણી લાગતાં કેવો ગુમ થતો અથવા બુજાઇ જતો; એક મિત્ર તરીકે પૃથ્વી ઉપર કેવી રીતે રેહતો; આખાં જંગલો કેવી રીતે કાપી નાખતો; પાછલા વખતમાં

અપાતા ભોગને પૃથ્વીઉપરથી આકાશ ઉપર કેવી રીતે લઇ જતો; અને દેવો અને માનસોની વચ્ચે દુત તથા વચ્ચેપડનાર શી રીતે થતો, એ સઘળું જાણ્યે તો આપણને તેનાં સંખ્યાબંધ નામોથી, પ્રતિષ્ઠાનામોથી તથા **અગ્નિ** વિષેની અતિઘણી જુની વાતો અથવા કથાથી અજાયબ થવા જેવું કાંઈ નથી. અને સર્વ કથાઓ-માંની જુની કથા, કે અગ્નિમાં અણદીઠ અને બેમાલુમ તોપણ ના નહિ પડાય એવું કાંઇક હતું—કદાપિ ઇશ્વર પોતે—તો તથી પણ આપણે અજાયબ થવાની કાંઇ જરૂર નથી.

સૂર્ય.

અગ્નિ પછી સૂર્ય આવેછે, જેને કેટલીક વેળા અગ્નિ તરીકેજ ઓળખવામાં આવ્યોછે. માત્ર જોવાની ઇંદ્રિ સિવાય સૂર્ય બીજી સઘળી ઇંદ્રિયોની શકિત બહાર હોવાથી હજી સુધી આપણે ઉપર કહેલી સઘળી વસ્તુઓથી જુદો પડે છે. પૃથ્વીના પ્રથમરહેવાસીના મનમાં સૂર્યને માટે કેવા વિચાર ઉત્પન્ન થયા હશે તે બરાબર જાણવાને આપણે કદી પણ સામર્થવાન થઈ શકશું નહિ. સૂર્યમાં આપણે કેવી રીતે વસિયે છિયે, ફરહર કરિયે છિયે, તેમાં આપણી સત્તા (હયાતી) કેવી રીતે સમાયલી છે, તેને કેવી રીતે આપણે બાળિયે છિયે, શ્વાસ સાથે શરીરમાં લઇયે છિયે, તથા તેની ઉપર ગુજરાન કરિયે છિયે, તેનું વર્ણન **તિનડાલે*** ખરી છટાદાર ભાષામાં છેલામાં છેલી શોધોને આધારે કીધું છે, તે શોધો પણ આ પ્રકાશ અને જીંદગીનાં મૂળ, આ મૌન (મૂગા) મુસાફર, આ પ્રતાપી હાકેમ, આ રોજીંદી અથવા વાર્ષિક ગતિમાં વિદાય થતા મિત્ર અથવા મરણપામતા વીરવિષે, માનસજાતની પેહલી સમજમાં શું આવ્યું હશે, તેનો ખ્યાલ આપણને આપી શંકતા નથી. પ્રાચીન પુરાણોકતઇતિહાસ, જે આર્યપ્રજાની

* એક મહા વિદ્વાન ઇંગરેજ શાસ્ત્રજ્ઞ.

રોજીંદી વાતચીતનો સંગ્રહ હતો, તે આટલો બધો સૂર્યને લગતોજ કાં હતો એમ લોકો અજાયબ થાય છે; પણ એને લગતો નહિ તો બીજાં શાને લગતો હોય વારૂ? સૂર્યનાં નામો જેમ અગણિત છે, તેમ તેવિષેની વાર્તા પણ અગણિત છે; પણ સૂર્ય કોણ હતો, ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો, એ પેહલેથી તે છેલે સુધી એક ભેદ રહી ગયો. જો કે બીજા કોઇપણ પદાર્થ કરતાં વધારે સારી રીતે તે જણાયલો છે, તોપણ તેમાં સદા કાંઈક ગુહ્ય સમી રહેલુ છે. જેમ એક માનસ બીજાની આંખમાં જોઇને તેના અંતઃકરણની ઉંડી ખોહ માપવાની પેરવી કરે, અને તેના છેક ગુહ્ય આત્માને પોંહચવાની આશા રાખે—અને જોકે તે આત્મા તેને જડતો નથી, દેખાતો નથી, અથવા હાથ લગાડયાથી માલમ પડતો નથી, તોપણ તેની સત્તા તે માને છે, અને તેવિષે કદી શક લાવતો નથી, બલકે તેનેમાટે માન તથા પ્યાર પણ ધરાવતો હોય,—તેમ માનસ કોઇ બીજા આત્માના સંભાવને માટે આતુરતાથી સૂર્ય તરફ ઉંચે જોતો, અને જોકે તે સંભાવવચન તેને કદી મળતાં નહોતાં, અને જો કે ખમી નહિ શકાય એવા મોટા ઝળકાટથી તેની ઇંદ્રિયો ઝાંખવી મારી જઇ અથવા આંધળી થઇ પાછી હઠી જતી, તોપણ પેલું અદ્રષ્ય ત્યાં છે તે વાતનો તેને શક નહિજ હતો, તેમજ જ્યાં તેની ઇંદ્રિયો ફાવી ન શકતી, જ્યાં તેની સમજમાં અથવા ધ્યાનમાં તે ઉતરી નહિ શકતું, ત્યાં પણ માનસ આંખ બંધ કરીને તેઉપર વિશ્વાસ રાખે, નીચે પડીને તેની પૂજા કરે, એ બની શકે એમ છે.

હિંદુસ્થાનમાં **સંથલ** જાતના ઘણા કનિષ્ટ લોક સૂર્યની પૂજા કરેછે એવું કેહવાયછે. તેઓ સૂર્યને **ચંદા**, એટલે ચળકતો, કહેછે, કે જે નામ વળી ચંદ્રનું પણ છે. આ નામ ઘણું કરીને સંસકૃત **ચંદ્ર** હશે. તેઓ સાથે જે ખ્રિસ્તિ ધર્મકથકદૂત (Missionaries) રહ્યા હતા તેઓને તે લોકોએ જણાવ્યું કે **ચંદાએ** દુનિયાં પેદા કીધી છે; અને જ્યારે તેઓને કેહવામાં આવ્યું કે એ **ચંદા** દુનિયાં પેદા

કીધી એમ કેહવું મૂર્ખાઇભર્યું છે, ત્યારે તેઓએ જવાબ વાળ્યો કે 'અમે કંઇ **દેખીતા ચંદાને** માટે નથી કેહતા પણ **અણદીઠ ચંદાને** માટે કહિયે છિયે.'

પ્રભાત.

પ્રભાત, પૂર્વે ઉગતા સૂર્ય, ઝઝકળું, તથા અસ્તપામતા સૂર્યને માટે કેહવાતું હતું. પણ કેટલોક વખતકેડે આ બે દેખાવ જુદા જુદા થઈ ગયા, અને એમ થતાં પુષ્કળ વાર્તા તથા કથાનો સંગ્રહ થયો. પ્રભાત અને સાંજની સાથેજ થોડા વખતમાં દિવસ અને રાત તથા તેમના જુદા જુદા બેવડા પ્રતિનિધિયો **દિયોસકોરોઈ,** સંસ્કૃતના બેઉ જોડ **અશ્વિનો,** તથા વળી આકાશ અને પૃથ્વી અને તેઓનાં બહુરૂપી વંશ આવેછે. ખરેખર હિયાં આપણે ધર્મ અને પ્રાચીન કથાના મધ્ય ભાગમાં આવી લાગ્યા છિયે.

વેદના દેવતાઓમાં સંભળાય એવા પદાર્થો.

અત્યાર સુધી આપણે જે જે અસ્પર્શ્ય પદાર્થોવિષે વિચાર કર્યા છે તે સર્વ આપણી પાસે લાવેલા હતા, અને જોવાની ઇંદ્રિથી પારખી શકાતા હતા. હવે જે બીજા પદાર્થો, જ્યારે બીજી સર્વ ઇંદ્રિયોથી દૂર વસે છે, ત્યારે માત્ર આપણી સાંભળવાની ઇંદ્રિથીજ આપણી પાસે લાવી શકાયછે, તેઓવિષે આપાણને વિચાર કરવાનો છે.*

---

* **ઝેનોફોન** આ પ્રમાણે કહેછે (જુઓ (Mem. IV. 3. 14) 'સૂર્ય જે સઘળાંને દેખાયછે તે પોતાની સામુ માનસને જોવા દેતો નથી. પણ જો કોઈ તેની સામુ ટીકી ટીકીને જોવાનું કરે તો તેની આંખ આંધળી કરી નાખેછે. વળી તમને માલમ પડશે કે દેવના કારભારિયો અણદીઠ છે, કેમકે આતો દેખીતું છે કે વિજળી ઉપરથી આવેછે અને તેને માર્ગમાં જેકાંઇ મળે છે તેમાંથી પસાર થઈ જાયછે. પણ તે આવતી, જતી રેહતી, અથવા કોઇ ઉપર પડતી દેખાતી નથી; તેમજ પવન પણ દેખાતો નથી. તો પણ તે જે કાંઇ કરેછે તે તો આપણે સારી પેઠે જાણિયે છિયે, તથા આપણી પાસે આવેલો જણાય છે.

ગર્જના.

——00——

આપણે ગગડાટ સાંભળિયે છિયે, પણ જોઇ શકતા નથી, અથવા હાથ લગાડી, સુંઘી, કે ચાખી શકતા નથી. એક આકાર-રહિત ઘોંઘાટ અથવા ગગડાટ, જે આપણે ખાતરીપૂર્વક સમજી શકિયેછિયે, તે અસલી આર્યોની કલ્પનામાં સમી શકયો નહિ. જ્યારે તેઓના સાંભળવામાં ગગડાટ આવતો, ત્યારે જેમ જંગલમાંથી એક બરાડતો અવાજ સાંભળીને તેઓ કોઈ બરાડનાર અથવા સિંહ કે કોઇ બીજાં પ્રાણી (પછી ગમે તે હો) ને માટે તરતજ વિચાર લાવે, તેમ ગગડાટ કરનાર વિષે બોલતા હતા. એક આકાર-રહિત બરાડની સમજ તેઓને નહિ હતી. હવે ત્યારે ગગડાટકરનાર અથવા બરાડમારનારનાં નામમાં આપણને કશાંનું પેહલવેહલું નામ મળી આવેછે કે જે કદી પણ જોવામાં આવતું ન હતું, પણ જેની સત્તા કે સારૂં નરસું કરવાની શકિત માટે કશોએ શક ન હતો. વેદમાં ગગડાટ કરનારને રૂદ્ર કહે છે. અને એક વખત એવું નામ પ્રકટ થયા પછી રૂદ્ર અથવા બરાડમારનારને, વિજ ઘુમાવતો, તીરકામઠાં લઇ ફરતો, પાપીને મારતો, તથા પૂન્યવાનને બચાવતો, અને અંધકાર પછી પ્રકાશ, ગરમી પછી તાજગી, અને માંદગી પછી આરોગ્યતા લાવતો, કાં કેહવામાં આવેછે, તે આપણે સારી પેઠે સમજી શકિયે. ખરેખરૂં જોતાં, એક ઝાડની પેહલી પાંદડી ફુટયા પછી તે ગમે એવી ઝડપે વધવા માંડે તો તે જોઇને આપણને અજાયબી લાગવી નહિ જોઇયે.

વાયૂ.

——00——

બીજો લાગણી-પદાર્થ, જે મૂખ્ય કરીને આપણી લાગવાની ઇંદ્રિથીજ માલમ પડે છે, અને જો કે તે વારંવાર આપણા કાનની મદદથી તથા આડકતરી રીત આંખથી જણાય છે, તે **વાયૂ** છે. જેવો ભેદ આપણે ફુંકનારે અને ફુંક વચ્ચે રાખિયે છિયે તેવો ભેદ અસલી વિચાર અને ભાષામાં એને માટે પણ નહિ હતો. બંને એકજ છે, અને થોડાં ઘણાં આપણને પોતાને મળતાં આવે છે. **વાયૂ** એટલે ફુંકનાર, તથા **વાત** એટલે ફુંક અથવા પવનના ઝપાટાની વેદમાં સ્તુતિ કરેલી આપણને મળી આવે છે, પણ તેમાંએ નર તરીકે, નાન્યતર તરીકે નહિ. જોકે વાયૂની ઝાઝી વાર સ્તુતિ ગાવામાં આવી નથી, તોપણ જ્યારે પણ ગાવામાં આવી છે ત્યારે તો તે એક અતિપ્રૌઢ આસન ધરાવતો દીસે છે. તેને આખી સૃષ્ટિનો રાજા, પ્રથમ પેદા થયલો, દેવોનો શ્વાસ, દુનિયાંનું બીજ કરીને કેહવામાં આવેલો છે, કે જેના અવાજો આપણે સાંભળિયે છિયેં, જો કે તેને કદી જોઈ શકતા નથી.

મરૂતો, તુફાન-દેવતા.

——00——

વાયૂ સિવાય બીજા તુફાન-દેવતા અથવા જેને વેદમાં **મરૂત** એટલે **છુંદનારા** અથવા **ઠોકનારા** કહ્યા છે, કે જેઓ ઘેલાં માનસની પેઠ વિજળી અને ગગડાટ સાથે ધુળ ઉડાવતા, ઝાડોને મરડી નાખતા, કે ભાંગી નાખતા, ઘરોનો નાશ કરતા, અને માનસો તથા જાનવરોનો જીવ લેતા, પહાડોને ફાડી નાખતા અને ખડકોના ટુકડા કરતા, ધસી આવે છે, તેઓ છે. એઓ પણ આવે છે અને જાય છે,

પણ કોઈથી પકડાતા નથી, અને ક્યાંથી આવ્યા અને ક્યાં ગયા, તે પણ કોઇ કહી શકતું નથી. તોપણ આ તુફાન-દેવતાઓની હયાતીવિષે કોણ શક લાવશે? કોણ તેઓની આગળ વાંકો વળી નમશે નહિ? અથવા તો સુવેણ, સુવિચારો અથવા સુકર્મોથી તેઓને પ્રસન્ન કરશે નહિ? 'તેઓ આપણો ભુકો કરી નાખશે, આપણે તેઓનો નહિ કરી શકશું,' આ કળનામાં પણ ધર્મવિચારને લગતું કાંઇક મૂળ જાણાય છે; એટલુંજ નહિ પણ એ એક ધડો છે જે **શ્લાયરમેકર**ના* મત કરતાં ઘણા જનો આપણા વખતમાં પણ વધારે સારી રીતે સમજી શકશે, કે જે ધણીના મત પ્રમાણે આપણો આધાર કેવળ એક એવી વસ્તુઉપર છે કે જે આપણું જો કે માપ કરી શકે છે તોપણ આપણે તેનું કરી શકતા નથી. હવે ત્યારે એક બીજી અસલી કથા, કે જેમ અગ્નિમાં તેમ પવનમાં પણ કાંઇ અણદીઠ, અજાણ્ય, તો પણ ના નહિ પડાય એવું—કદાચ ઇશ્વર પોતે—છે, તો તેથી આપણને શું અજાયબ થવું ઘટે છે?

વરસાદ અને વરસાવનાર.

———oo———

છેલે આપણને વરસાદનો વિચાર કરવાનો રહ્યોછે. અસ્પર્શ્ય પદાર્થોના વર્ગમાં એ ખરે ભાગ્યેજ આવી શકે; અને જો એને માત્ર પાણી તરીકે ગણવામાં આવે તથા તે નામ આપવામાં આવે, તો એ સ્પર્શ્ય શબ્દના દરેક અર્થ પ્રમાણે સ્પર્શ્ય પદાર્થ ગણાય; પણ અસલી વિચારોની વળાણ મળતાપણાં કરતાં જુદાપણાં ઉપર વધારે ગયલી જણાયછે. પ્રાચીનકાળના માનસને મનશુ વરસાદ માત્ર પાણી નહિ, પણ એવું પાણી કે જે ક્યાંથીઆવેછે તે હજી તેને ખબર ન હોતી; એવું

---

* એક પ્રખ્યાત જરમન ધર્મજ્ઞાની તથા ભાષાજ્ઞાની.

પાણી કે જે જો ઘણો વખત સુધી આવે નહિ તો ઝાડપાન, પ્રાણી, તથા માનસનું મોત નિપજાવે છે; અને જ્યારે પણ પાછું આવે છે ત્યારે સૃષ્ટિમાં આનંદોસ્તવ કરી નાખે છે. કેટલાક દેશમાં ખરાડ મારનાર (ગર્જના કરનાર) અથવા ફુંકનાર (વાયૂ) ને વરસાદ આપનાર સમજ્યામાં આવ્યા હતા. પણ બીજા દેશો, જ્યાં વરસાદનું વાર્ષિક આવવું માનસને મનશુ મરણ જીવનની વાત હતી, ત્યાં ગર્જના કરનાર તથા ફુંકનાર સાથે એક વરસાવનાર અથવા સીપનાર ઉત્પન્ન કર્યામાં આવ્યો હોય, તો તેથી આપણે આશ્ચર્ય પામવું ન જોઇયે. સંસકૃતમાં વરસાદનાં ટોપાંને **ઈંદુ-ઉ** કહે છે, કે જેઓ પોતેજ નર જાતીનાં છે; અને જે તેમને મોકલે છે તે **ઇન્દ-ર, વરસાવનાર, સીપનાર** કેહવાય છે. આ નામ વેદમાં મુખ્ય દેવતાનું નામ છે, જેની પૂજા હિંદુસ્થાન અથવા સાત નદિયોની ભૂમીમાં આવી વસેલા આર્યો કરતા હતા.

વેદનું સર્વદેવમંડળ.

———00———

આપણે એ પ્રમાણે જોઈચુકયા કે આકાશ, જે અસલ પ્રકાશ આપનાર, દુનિયાંને પ્રકાશિત કરનાર અને તેટલા માટે **દ્યિઓસ** અથવા **ઝિયસ** અથવા **જુપિતર** કેહવાતું, તેને બદલે તરેહવાર દેવતાઓ, જેઓ આકાશમાંની કેટલીક મુખ્ય શક્તિયો, જે ગગડાટ, વરસાદ અને તુફાન દેખાડે છે, તેમને કેવી રીતે ગણ્યામાં આવ્યા. એ દેવતાઓસિવાય આખાં જગતને ઢાંકવાની અને તેનું રક્ષાણ કરવાની જો ક્રિયા નહિ તોપણ, શક્તિ હતી કે જે આકાશને માત્ર આસમાન તરીકેજ સમજ્યાને બદલે એક ઢાંકનાર અથવા સર્વસમાવસકરનાર દેવની કલ્પના ઉભી કરવામાં વળી મદદ કરે. 'ઢાંકનાર દેવ' તરીકેની પદ્દિ ઉપરથી તે સહજ રાતના દેવમાં

બદલાઇ જાય, કે જે વળી દિવસના દેવથી નિરાળો છે. અને આ પ્રમાણે રાત અને દિવસ, સહવાર અને સાંજ, આકાશ અને પૃથ્વીદર્શક પરસ્પર સંબંધ ધરાવતા દેવોની કલ્પના ઉભી થાય. હવે આ ફેરફારોમાંહેલો દરેક આપણી આંખ આગળ વેદમાં માલમ પડે છે. અને એ ફેરફારોથી જોડિયા દેવો ઉત્પન્ન થયા છે, જેવા કે **વરૂણ,** સર્વસમાવસ કરનાર દેવ, ગ્રીક યુરેનૉસ તથા **મિત્ર**, દિવસનો પ્રકાશિત સૂર્ય ; **અશ્વિનો**, સહવાર અને સાંજ ; **દ્યાવા-પૃથિવી,** આકાશ અને પૃથ્વી, ઇ૦.

આ પ્રમાણે વેદના કવિયોનું લગભગ આખું સર્વદેવમંડળ, અને આર્યવૃતનું સર્વથી પુરાનું સર્વદેવમંડળ આપણી નજર સામે જાણે ઉભું થતું આપણે જોયું. આપણે તો માત્ર મૂળ તપાસ્યાં છે, પણ જો કવિતાનાં કીરણ અને તર્કવિદ્યાની ગરમી આગળ આ મૂળો મુકવામાં આવે તો તેની વૃદ્ધિ કેટલી બધી થાય તે આપણે સહજ વિચારી શકિયે. દેવતા તથા દેવોના આપણે ત્રણ વર્ગ ઓળખવા શિખ્યા છિયે ; હું દેવતા (Gods) શબ્દ વાપરૂં છું, કેમકે બીજો કોઈ મળતો નથી; **પ્રાણી** (Beings), **શક્તિ** (Powers), **ગતિશક્તિ** (Forces), **અસુર** (Spirits) એ સઘળા શબ્દો વાપરી નહિ શકાય એટલા ભાવવાચક અથવા મનોગત છે.

(૧) **અર્ધ-દેવતા;** જેવા કે ઝાડો, પહાડો, નદિયો, પૃથ્વી અને સમુદ્ર (અર્ધ સ્પર્શ્ય પદાર્થો.)

(૨) **દેવતા** જેવા કે આકાશ, સૂર્ય, ચંદ્ર, અરૂણોદય, અગ્નિ, (અસ્પર્શ્ય પદાર્થો); વળી ગગડાટ, વિજળી, વાયુ અને વરસાદ ; જો કે આ છેલ્લા ચાર તેઓના અનિયમિત દેખાવોને લીધે એક જુદા વર્ગમાં મુકા શકાય, અને જેઓ અત્યંત ક્રિયાશક્ત અને ક્રિયાદર્શક (Dramatic) દેવોના ગુણ ધરાવે છે.

દેવો.

——00——

આ સર્વ પદાર્થો માટે **દેવો** અને **દેવતા** શબ્દો કરતાં બીજો વધારે વિજોડ (કઢંગો) શબ્દ જણાતો નથી. એક વર્તુલનાં બે મધ્યબીંદુ વિષે બોલવું જેવું અયોગ્ય છે તેવું ઇશ્વરને માટેનો આપણો શબ્દ બહુવચનમાં વાપરવો તર્કશાસ્ત્ર પ્રમાણે છે. પણ એ વાત એક કોરે મુકતાં **દેવતા** શબ્દ અથવા ગ્રીક **દીઑઇ** કે લાતિન **દીઆઈ** વાપરવો એ વખતની ગણત્રીમાં ગાળો મુકવા જેવું છે. સર્વથી સરસ રીત તો એ છે કે સંસકૃત શબ્દ **દેવ** જાળવી રાખવો. જેમ આપણે આગળ જોઈ ગયા તેમ દેવોનો અસલ અર્થ પ્રકાશતું થાય છે, અને તે આકાશ, અગ્નિ, અરૂણોદય, સૂર્ય, તથા વળી નદિયો, ઝાડો, પહાડોને લાગુ પાડવા માટે એક વિશેષણ હતો. આ પ્રમાણે તે શબ્દ એક સાધારણ નામ થયું અને વેદમાં પણ એવું જુનું કોઇ મંત્ર નથી કે જેમાં **દેવ** શબ્દ રાત અને શિયાળાની અંધકાર શકિતયો વિરૂદ્ધ આકાશવાસી અને પ્રકાશતા પ્રાણી વિષેની પ્રારંભની સામાન્ય કલ્પના નહિ દેખાડતો હોય. તેનો મૂળાર્થ જેમ જેમ ભુલાતો ગયો, તેમ તેમ **દેવ** શબ્દ સર્વ પ્રકાશતી શકિતયોનું નામ થયું, અને એજ શબ્દ લાતિન **દીયસ** અને આપણા **દીઇતી** શબ્દમાં હમણાં મળી આવે છે. વેદનો **દેવ** અને આપણો **દિવીનિતિ** (ઇશ્વરી અથવા આકાશી શકિત) કે જે આપણા અર્થ સારે છે તે એની વચે જેવું ધ્વનીનું તેવુંજ વિચારનું પણ નૈરંતર્ય* છે.

---

* ચાલુપણું

દેખીતું અને અણદીઠ.

——00——

હું જે તમને દેખાડવા માંગતો હતો, એટલે કે દેખીતા પદાર્થ ઉપરથી અણદીઠ ઉપર તથા ચળકતાં પ્રાણી, દેવો, જેમને નદીની પેઠે હાથ લગાડી શકાય, ગગડાટની પેઠે સાંભળી શકાય, સૂર્યની પેઠે જોઇ શકાય, તેઓ ઉપરથી જે દેવો અથવા દેવતાઓ હાથ લગાડી, સાંભળી કે જોઈ શકાય નહી, તેઓ ઉપર કેવી રીતે આવવું થયું, તે આપણે જોયું છે. આપણા વડીલો ઇંદ્રિયોથી માલમ પડે તેવી વસ્તુના મંડળમાંથી, ઇંદ્રિયોથી માલમ નહી પડે એવી વસ્તુના મંડળ તરફ વધ્યા તેનો ખરેખરો પત્તો **દેવ** અથવા **દ્યુસ** શબ્દમાં દેખાય છે. સૃષ્ટિએ પોતેજ તે માર્ગ દર્શાવ્યો હતો; અથવા જો સૃષ્ટિ પોતે પણ વેશધારણ કરેલ એક દેવીજ હોય, તો તેના કરતાં કોઇ વધારે મોટી અને ચઢિયાતી શકિતએ માર્ગ દેખાડ્યો હોય. એ જુને માર્ગે હાલ જેમ આપણે જઇયે છિયે, તેમ આગલા આર્યો પણ જાણીતા ઉપરથી અજાણ, અને સૃષ્ટિ ઉપરથી સૃષ્ટિના કર્ત્તા આગળ પોંહુચ્યા હતા.

પણ તમે કેહશો કે 'એ પ્રવાસ અઘટિત હતો. એ આપણને અનેકેશ્વરમત, અને એકેશ્વરમત ઉપર લઇ જઇને, છેલે સરવાલે સઘળા સત્યવાન વિચારનારાને નાસ્તિક બનાવે. માનસને કર્ત્તા અથવા કર્મ માટે નહિ પણ કાર્ય અને ખરાજ બનાવો માટે બોલવાની સત્તા છે'.

મારો ઉત્તર આ છે: 'ખરૂં છે કે તે રસ્તો વેદના આર્યોને, અનેકેશ્વરી, એકેશ્વરી, અને નાસ્તિક મત તરફ લઇ ગયો; પણ અસલી દેવો અથવા દેવતાને નાકબુલ રાખ્યા પછી તેઓ કરતાં જે વધારે ચઢતું હતું, એટલે જગતનો ખરેખરો આત્મા, તેમજ તેઓનો પોતાનો ખરો આત્મા. જ્યાં સુધી જડ્યો નહિ ત્યાં સુધી તેઓ

મુગા બેઠા નહિ. આપણે પોતે પણ અસલી આર્યોથી આ વિષયમાં જુદા નથી. આપણે પણ જયારે એક કામ જોઇયે ત્યારે તેના કર્તાને, અને એક ખરો બનાવ જોઇયે ત્યારે તેના બનાવનારને કબુલ રાખવો જોઇયે. તે કર્તા અથવા બનાવનારને કાઢી નાખો, અને પછી ખરી વાત ખરી તરીકે રેહશે નહિ, અને કાર્ય, કાર્ય તરીકે રેહશે નહિ. આપણી સઘળી ભાષા, એટલે આપણો આખો વિચાર, આપણી સત્તા, તે ઉપર આધાર રાખે છે. તે કાઢી નાખો તો આપણા મિત્રની આંખો સ્વાભાવિક શક્તિ ખોહી દશે, તે આંખો જાણે કાચની થશે, ખરાં તેજવાળી નહિ. તે કાઢી નાખો તો આપણો આત્મા અલોપ થઈ જશે. આપણે પણ પછી કર્ત્તા નહિ, પણ માત્ર કાર્ય બની જઈશું, કાર્યશક્તિ વિનાનાં યંત્રો, આત્માવિનાનાં પ્રાણિયો બનશું.

ના, પેલો જુનો માર્ગ, જયાંથી આર્ય લોકો દેખીતાં ઉપરથી અણદીઠ, અને અંતવાન ઉપરથી અનંતભણી ગયા, તે માર્ગ લાંબો અને ઉભા ચઢાવવાળો હતો ; પણ તે ખરો માર્ગ હતો, અને જોકે તેના છેડા સુધી આપણે અંહી પૃથ્વી ઉપરથી પોંહચી નહિ શકિયે, તોપણ આપણે તે ઉપર વિશ્વાશ રાખશું, કારણ કે આપણે માટે બીજો કોઈ માર્ગ છેજ નહિ. ઠેકાણે ઠેકાણેથી માનસ તે માર્ગે આગળ અને આગળ વધ્યો છે. જેમ જેમ આપણે ઉંચે જતા જઇયે છિયે, તેમ તેમ આ જગત્ નાનું થતું જાયછે, અને આકાશ આગળ આવતું જાયછે. પ્રત્યેક નવી દ્રષ્ટિમર્યાદા નજરે પડતાં આપણી નજર વધારે ઓહળી થતી જાયછે, આપણું હૃદય વધારે મોટું થતું જાયછે, અને આપણા શબ્દનો અર્થ વધારે ઉંડો થતો જાયછે.

મારા પરમ મિત્રોમાંનો એક, કે જેનો અવાજ થોડું કની વાત ઉપર **ઉવેસ્તમિન્સ્તર**ના મઠમાં સભળાતો હતો, અને જેની તાદૃશ (આબેહુબ) છબી, જે એક સ્નેહિને હાથે ચિતરાયલી હોવાથી મારા શ્રોતાજનો (સાંભળનારા)નાં મનંવિશે ઉભી રેહશે, તેના

શબ્દો હું ટાંકું: **ચાર્લસ કિંગસલે** કહી જાયછે કે—"પેલા ભોળાદીલના આપણા પૂર્વજો પૃથ્વીઉપર આસપાસ નજર ફેરવી જોઇને પોતાનાં મનસાથે બોલતા કે, તે **સર્વપિતા**, જો સર્વ-પિતા કહીં હોય, તો કયાં છે? આ પૃથ્વીમાં તો નહિ; કારણ કે તેનો તો નાશ થશે. તેમજ સૂર્ય, ચંદ્ર, તારામાં નહિ; કેમકે તે-ઓનો પણ નાશ થનાર છે; તે, કે જે સર્વદા જીવે છે, તે કયાં છે?"

"પછી તેઓએ ઉંચે નજર કીધી અને સૂર્ય, ચંદ્ર, તારા, અને જે પણ સઘળું વિકારી છે અને રેહશે તેની પેલી પાર, જેમ તેઓએ ધાર્યું હતું તેમ ખુલ્લું, આસમાની આકાશ, આકાશનું અપાર મંડળ તેઓએ દીઠું."

"તે કદિયે બદલાયું નહિ. તે સદા જેમ હતું તેમજ રહ્યું. વાદળાં અને તુફાન તથા ગાજી રહેલી દુનિયાંનો સર્વ ઘોંઘાટ, તેની ઘણે નીચે થતો રહ્યો. પણ તે આકાશ સદાના જેવું ખુલ્લું અને શાંત રહ્યું. પેલો નહિ બદલાય એવો સર્વ-પિતા અવિકારી આકાશમાં હોવો જોઇયે; આકાશના જેવો ચળકતો, પવિત્ર, અને અનંત; વળી આકાશના જેવોજ મૌન અને અત્યંત દૂર."

અને તે સર્વ-પિતાને કયે નામે બોલાવતા હતા?

પાંચ હજાર વરસની વાતઉપર, અથવા કદાચ તેની પણ પૂર્વે, આર્યપ્રજા, જે હજી સંસકૃત, ગ્રીક કે લાતિન ભાષા બોલતી ન હતી, તે તેને **દિયુ-પતર**, આકાશ-પિતા કેહતી હતી.

ચાર હજાર વરસની વાતઉપર, અથવા કદાચ તેની પણ પૂર્વે, જે આર્યો પંજાબની નદિયોની દક્ષિણે આવી વસ્યા હતા, તેઓ તેને **દિયોષ-પિતા**, આકાશ-પિતા કેહતા હતા.

ત્રણ હજાર વરસની વાતઉપર, અથવા કદાચ તેની પણ પૂર્વે, **હેલેસપોન્ત**ના કીનારાઉપર વસતા આર્યો તેને **ઝિ-યસ-પેતર** આકાશ-પિતા કેહતા હતા.

બે હજાર વરસ ઉપર, ઈતલીના આર્યો પેલાં ચળકતાં

આકાશ, **પેલા પ્રૌઢ પ્રકાશ** તરફ જોયું અને તેને **જુ-પિતર,** આકાશ-પિતા કરી કેહતા.

અને એક હજાર વરસ ઉપર એજ **આકાશ-પિતા અને સર્વ-પિતાની** પ્રાર્થના **જર્મની**નાં ઘોર જંગલોમાં આપણા પોતાના પૂર્વજો, ટ્યુતોનિક આર્યોએ કીધી હતી, કે જ્યારે તેનું અસલી નામ **તિયુ** અથવા **ઝિયો** કદાચ છેલીજ વાર સાંભળવામાં આવ્યું હશે.

પણ કોઈ પણ વિચાર અથવા કોઇ પણ નામ સમૂળુંજ ભુલી જવાતું નથી. અને અંહી આ અસલી મઠ, કે જે એક વધારે જુના વખતના રોમન મંદીરનાં ખંડેર ઉપર બાંધવામાં આવેલો છે, તેમાં પણ પેલો અદૃશ્ય, અનંત, જે આપણી સર્વ બાજુએ હાજર છે, પેલો નહિ જણાયલો, પેલો સૃષ્ટિનો ખરો આત્મા અને જે આપણો પોતાનો પણ ખરો આત્મા છે, તેનું નામ જો આપણને જોઇતું હોય તો, આપણે પોતે પણ ફરી એક વાર બાળકપેરે એક નાની અંધારી ઓરડીમાં ગુઠણ મડિયે પડી, આ કરતાં વધારે સારૂં નામ ઉચ્ચારી નહિ શકવાના કે: 'આપણો **પિતા** જે આકાશમાં વસે છે.'

અનંતતા તથા નિયમના વિચાર.

શ્રદ્ધા એ કાંઈજ નથી કે જેનું જ્ઞાન પ્રથમ ઇંદ્રિયો-ની જાણમાં ન આવતું હોય.

———oo———

દરરોજ, દર અઠવાડિયે, દર માસે, અને દર ત્રણ માસે લોકોમાં ઘણાં બોહોળાં વંચાતાં વર્ત્તમાનપત્રો હાલ આપણને એવું સમજાવાની એકેક સાથે સરસાઇ કરેછે કે, ધર્મનો વખત વહી ગયો છે; કે ધર્મભાવ માત્ર આપણી સમજશક્તિની ભૂલ છે અથવા તો બાળ્યાવસ્થામાં લાગુ પડેલો કાંઇ રોગ છે; કે દેવતાઓ અંતે સપડાઇ ગયા છે અને ખોટા ઠરી ચુક્યા છે; કે ઇંદ્રિયો મારફતે જે જ્ઞાન મળે છે તે સિવાય બીજું કાંઇ સંભવિત નથી; કે આપણે તથ્ત્વ (ખરેખરી વાત) તથા અંતવાન (Finite, એટલે ઇંદ્રિથી જણાય એવા) પદાર્થોથી સંતોષ પામવું જોઈયે, અને અનંત, અદ્ભૂત, અથવા ઇશ્વરી એવા શબ્દોને ભવિષ્યના શબ્દકોશ માંહેથી કાઢી નાખવા જોઇયે. આ ભાષાણોમાં કોઈ પણ પ્રકારના ધર્મનો બચાવ કે તે ઉપર હુમલો કરવાનો મારો હેતુ નથી: આ બે કામમાંના એક અથવા બીજા માટે માનસનો કાંઇ ટોટો નથી. મારૂં કામ, જે મેં પોતેજ ગોતી કાઢયું છે, અને જે મને લાગ્યું કે આ ભાષાણોના સ્થાપનાર*ના આત્માએ મારે માટે ગોતેલું છે, તે કેવળ જુદું છે. તે કામ ઇતિહાસ તથા માનસિકશાસ્ત્રને લગતું છે. અમુક ધારેલો ધર્મ, સંપૂર્ણ, અસંપૂર્ણ, અથવા ખરો કે ખોટો છે તે, પરમાર્થજ્ઞાની, પછી તેઓ બ્રાહ્મણ કે શ્રમણ, મોબેદ કે મુલ્લાં, રાબી

---

* મી૰ રાબર્ટ હિબર્ટ.

કે 'દાકુતર ઑફ્ દિવીનિતી' ની પદ્વિ ધરાવનાર ધર્મગુરૂ હો, તેમને મુકરર કરવા દો. જે આપણે જાણવા માગિયે છિયે તે એ છે કે, ધર્મ શી રીતે સંભવિત છે; આપણા સરખાં મનુષ્યોને ધર્મ પ્રથમ કેમ મળ્યો હશે? ધર્મ શું છે? અને હાલ જેવા છે તેવા શાથી બન્યો?

જ્યારે આપણે ભાષાવિદ્યા શિખતા હોઇયે ત્યારે, આપણો સર્વથી પેહેલો ઉદ્દેશ એક ભાષા બીજી કરતાં વધારે સંપૂર્ણ છે, અથવા એક ભાષામાં બીજી કરતાં વિલક્ષણ નામો કે અદભૂત ક્રિયા-પદો વધારે છે, તે શોધી કાઢવાનો નથી. આપણે એવી ખાતરીથી કાંઈ આરંભ કરતા નથી કે પ્રથમમાં માત્ર એકજ ભાષા હતી—કે જે **ભાષા** એવાં નામને યોગ્ય હોય—હાલ છે, કે ભવિષ્યમાં થશે. ના, આપણે તો માત્ર ખરી બીનાઓને એકઠી કરિયે છિયે; તેઓને જુદા-જુદા વર્ગોમાં ગોઠવિયે છિયે, તેઓના અર્થ સમજવાની પેરવી ક-રિયે છિયે, અને એવે પ્રકારે સઘળી ભાષાની ખરેખરી પૂર્વગ સ્થીતિ, મનુષ્ય વાચાની વૃદ્ધિ તથા નાશ જે નિયમો ઉપર આધાર રાખેછે તે નિયમો, અને ભાષા માત્ર જે સ્થળ (Goal) તરફ જવાની વૃ-લાણ ધરાવે છે તે સ્થળ, વધારે અને વધારે શોધી કાઢવાની આશા રાખ્યે છિયે.

ધર્મવિદ્યામાં પણ એજ પ્રમાણે છે. આપણામાંનો દરેક જન પોતાની સ્વદેશી ભાષા અથવા પોતાના સ્વદેશી ધર્મને માટે પોતાનો જુદો ભાવ ધરાવતો હશે; પણ ઇતિહાસકર્ત્તા તરીકે આપણે સર્વ તરફ એકજ સરખી વર્ત્તણુક રાખવી જોઇયે. ધર્મના ઇતિહાસની જે જે સાબીતિયો આખી દુનિયાં ઉપર મળી આવે તે સઘળીને એકઠી કરવાનું, બારીકીથી તપાસવાનું, અને જુદાજુદા વર્ગોમાં ગોઠ-વવાનું માત્ર આપણું કામ છે, અને આ પ્રમાણે ધર્મ માત્રની અ-વશ્ય પૂર્વગ સ્થીતિ, મનુષ્યધર્મની વૃદ્ધિ અને વિનાશ જે નિયમો ઉપર આધાર રાખેછે તે નિયમો, તેમજ જે ઇશ્વરને પીછાનવાની ધર્મ માત્ર વલાણ રાખેછે તે ઇશ્વરને શોધી કાઢવાનો યત્ન કરિયે

છિયે. સંસારમાં માત્ર એકજ સાર્વજનિક ભાષા થઇ શકે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર આપવો જેટલો ભારી છે, તેટલોજ ભારી એકજ સંપૂર્ણ સાર્વજનિક ધર્મ થઇ શકે કે નહિ એ પ્રશ્ન છે. જો આપણે એટલુંજ જાણવા સામર્થવાન થયા કે, એક અત્યંત અસંપૂર્ણ ભાષાની પેઠે એક અત્યંત અસંપૂર્ણ ધર્મ પણ આપણી સઘળી કલ્પના શક્તિથી સમજી નહિ શકાય એવો કાંઇક વિચિત્ર છે, તો, એ ઢડો, જુદી જુદી વેદાંતશાળાઓમાં ઘણાક ઢડા શિખ્યા બરાબર છે.

આતો એક ઘણી જુની કેહવત છે કે, કોઈપણ વસ્તુની ઉત્પત્તિ જાણ્યા સિવાય આપણે તેને કદી પોછાની શકતા નથી. આપણે ધર્મ વિષે ઘણું જાણતા હોઇયે, આપણે દુનિયાંની ઘણી ખરી ધર્મપોથિયો, પંથપોથિયો, પ્રશ્નોત્તરાવળિયો, અને પ્રાર્થના વિધિયો વાંચી ગયા હોઇયે, તોપણ ખુદ ધર્મ કાંઈ એવું હોય કે તેને સમજવું આપણી કલ્પનાની કેવળ બાહાર હોય, સિવાય કે તે જ્યાંથી પેહેલો નિકળ્યો ત્યાંથી તેનાં ઉંડાંમાં ઉંડાં મૂળ સુધી આપણે પોંહચવાને શક્તિવાન થઇયે. એ કરતાં, એટલે ધર્મનાં સજીવ અને આદિ મૂળો શોધવાનો યત્ન કરતાં, સઘળા વિદ્વાનોએ જે કાંઈ લેવાની છુટ આપેલી છે, પછી તે વિધિવાદી (Positive) કે નિષેધવાદી, (Negative) હોય, તે સિવાય કાંઈ પણ બીજું આપણે આગળથી સ્વિકારવું નહિ જોઇયે. મારાં પેહલાં ભાષાણમાં મેં ખુલાસો કીધો છે કે, વિદ્વાનોની કબુલાતો પ્રમાણે ચાલવાને હું કેવો તૈયાર છું, અને મારા કામના છેક છેડા સુધી એ કબુલાતોને વળગી રેહવા માગુંછું. આપણને કેહવામાં આવ્યું હતું કે સઘળું જ્ઞાન, જ્ઞાન તરીકે ગણાય તેટલા માટે, બે અને માત્ર બેજ દ્વારાએ પસાર થવું જોઇયે, ઇંદ્રિદ્વારા અને તર્કદ્વારા. ધર્મજ્ઞાન, ખરૂં કે ખોટું, આ બે દરવાજામાંથી પસાર થયલું હોવું જોઇયે. એટલા માટે આપણે આ બેઉ દરવાજા આગળ આપણું મથક કરિયે છિયે. કોઈ પણ વસ્તુ જે આ બે સિવાય બીજે દ્વારે દાખલ થયલી છે એવો દાવો કરે, પછી તે દ્વાર 'પ્રથમ પ્રકટિકરણ' કેહવાય, કે 'ધર્મ પ્રેરણા'

કેહવાય, તોપણ તેને વિચારથી ઉલટો ગણીને નાકબુલ કરવો જોઇયે; અને જે પણ કાંઈ પેહલે ઇંદ્રિયોના દરવાજામાંથી પસાર થયાવિના તર્કશક્તિને દરવાજે દાખલ થયલુંછે એવો દાવો કરે, તેને પણ પુરતી સત્તા વગરનું ગણી નાકબુલ રાખવું જોઇયે, અથવા કાંઇ નહિ તો પેહલે દરવાજે જઇને પોતાની યોગ્યતાની પૂર્ણ સાબીતી દેખાડવા ત્યાં પાછા જવા તેને આજ્ઞા કરવી જોઇયે.

આ સરતો બુહાલ, રાખ્યાપછી મેં મારાં ભાષણોનો મુખ્ય હેતુ એવોજ રાખ્યો કે, ધર્મને લગતા વિચારોને પેહલવેહેલા આપણી ઈંદ્રિયોના દરવાજામાંથી પસાર થતી વેળાએ પકડવા. એટલે કે જે કલ્પનાથી ધર્મ વિચારનું મુખ્ય સત્વ બનેલુંછે તે કલ્પનાનાં લાગણી કે ઈંદ્રિથી માલમ પડે એવાં ભૌતિક (Material) મૂળો શોધી કાઢવાં.

મેં પેહલવેહલાં એવું દેખાડવાનો યત્ન કીધો કે, અનંત વિષેનો વિચાર, કે જે સઘળા ધર્મવિચારોનું મૂળછે, તે માત્ર તર્કશક્તિએ શુન્યતામાંથી ઉત્પન્ન કર્યો નથી, પણ તેને આપણી ઈંદ્રિયોએ તેનાં મૂળરૂપમાં આપેલો છે. જો અનંત વિષેના વિચારને ઈંદ્રિથી જણાય એવા પદાર્થનો ટેકો ન હોય તો, આપણને આપણી સરત પ્રમાણે તેને નાકબુલ કરવો પડે. સર **વીલ્યમ હેમિલતન**ની સાથે જો એકમળતા થઇને આપણે કહિયે કે, અનંત વિષેનો ખ્યાલ તર્કશાસ્ત્ર પ્રમાણે અવશ્ય છે; તથા આપણને (ઈશ્વરે) એવા બનાવેલાછે કે જ્યાં પણ સ્થળ અને કાળની હદ ઠરાવિયે તોપણ તે હદની પેલીમેર સ્થળ અને કાળ છે એમ આપણી સમજમાં આવે છે, તો એમ બોલવું પૂર્ણ કેહવાય નહિ. હું ના નથી પાડતો કે એ સર્વમાં સચ્ચાઈ છે; પણ હું માનું છું કે હું પોતે એમ કબુલ કરવાને બંધાયલોછું કે આપણી સામીપક્ષવાળાએ એવો વાદ કબુલ રાખવોજ જોઇયે એમ નથી. એટલા માટે મેં એવું દેખાડવાનો યત્ન કર્યો કે અંતવાન (Finite) ની પેલીમેર, પાછળ, નીચે અને અંદર, અનંત સદા આપણી ઇંદ્રિયોથી દેખાય છેઃ તે આપણી

ઉપર ધર્યો આવેછે, આપણી ઉપર દરેક બાજુએથી વધતો જાયછે. જેને આપણે સ્થળમાં અને કાળમાં, આકારમાં અને ભાષામાં અંતવાન (Finite) કહિયે છિયે, તે એક બુરખો અથવા જાળ, જે આપણે પોતેજ અનંત (Infinite) ઉપર નાખીછે, તે સિવાય બીજું કાંઈ નથી. જેટલું અંતવાનવિના અનંત કલ્પનામાં નહિ આવી શકે, તેટલુંજ અનંતવિના અંતવાન ખુદ એકલુંજ આપણી કલ્પનામાં નહિ આવી શકે એવું છે. જે અંતવંત પદાર્થો આપણને ઇંદ્રિયો, શ્રદ્ધા કે બીજું ગમે તે કહો, તેથી જણાય છે, તેઓ સાથે જેવે પ્રકારે તર્ક-શક્તિ વર્ત્તે છે, તેવેજ પ્રકારે અનંત, કે જે અંતવાનને તળિયે માલમ પડે છે, તેની સાથે પણ વર્ત્તે છે. જેને આપણે ઇંદ્રિ, તર્ક અને શ્રદ્ધા કહિયે છિયે, તે માત્ર એકજ દૃષ્ટાનાં ત્રણ કાર્યો છે: પણ ઇંદ્રિવિના આપણાં સરખાં મનુષ્યને તો સમજશક્તિ અને શ્રદ્ધા બંને અશક્ય છે.

હિંદુસ્થાનના પ્રાચીન ધર્મનો ઈતિહાસ જેટલો આજ સુધીમાં આપણે શોધવા શક્તિવાન થયા છિયે તેટલો આપણને જાણે અંતવાનના પડદા" પછવાડે સંતાયલા અનંતને નામ આપવાના તરેહવાર યત્નોના વર્ણન સરખો છે. હિંદુસ્થાનના અસલી આર્યોને, વેદના કવિયોને, પેહલવેહલાં તે અદૃશ્ય, તે બેમાલુમ અથવા અનંત, ઝાડો, પહાડો અને નદિયોમાં; અરૂણોદય અને સૂર્યમાં; અગ્નિ, તુફાન-વાયુ અને ગર્જનામાં કેવી રીતે દેખાયો; અને આ સઘળામાં એક આત્મા, એક સત્વ, એક ઇશ્વરી ટેકો, અથવા ગમે તે બીજું નામ તેને આપો, તેછે, એમ કેવી રીતે તેઓએ માની લીધું; અને એમ માનતાં દેખીતા પદાર્થોની પછવાડે અણદીઠની, તથા લૌકિક પાછળ અલૌકિક અને અંતવંત પાછળ અથવા માંહે અનંતની સમક્ષતા (હાજરી) તેઓને સદા કેવી રીતે જણાતી હતી, તે આપણે જોયુંછે. તેઓએ આપેલાં નામ (the nomina) ખોટાં હોય, પણ જે નામ આપ્યું (the numina) તેની પાછળ કીધેલા શોધ વાસ્તવિક હતા. ગમે તેમ હોય, પણ આપણામાંના ઘણાખરાઓને

એ શોધ જેટલે દૂર લઇ ગયોછે, તેટલેજ દૂર અસલી આર્યોને પણ તે કેવી રીત લઈ ગયો હતો, એટલેકે **પિતા આકાશમાં છે** તેની પીછાન કેવી રીત થઈહતી, તે આપણે જોયું છે.

એટલુંજ નહિ, પણ આપણે જોઇશું કે એ શોધ તેઓને એ કરતાં પણ વધારે આગળ લઈ ગયો. ઇશ્વર પિતા **નથી,** એટલે પિતા**સમાન** છે, અને પાછળથી **પિતા છે,** એવો ખ્યાલ વેદમાં ઘણા પ્રાચીન કાળનો માલમપડેછે. ઋગવેદનું પેહલુંજ સૂક્ત, જે અગ્નિવિષે છે, તેમાં આ પ્રમાણે છે: 'જેમ એક પિતા પોતાના પુત્રઉપર કૃપા રાખેછે તેમ તું અમારીઉપર રાખજે'. એજ વિચાર ફરી ફરી વેદનાં મંત્રોમાં આવ્યા કરેછે. ઋગવેદ ૧,૧૦૪,૯ માં આપણે આ પ્રમાણે વાંચિયે છિયે. 'અમને સાંભળ, ઈંદ્ર, પિતા સમાન.' ૩,૪૯,૩ માં કવિ કહેછે કે ઈંદ્ર એક પિતા પ્રમાણે ખોરાક આપેછે; અને આપણીઉપર માયા રાખેછે. ૭,૫૪,૨ માં એક પિતા તેના પુત્રોતરફ જેવી માયા રાખેછે તેવોજ માયાળુ થવાને તેને વિનતી કરવામાં આવેલીછે. વળી ઋગવેદ, ૮,૨૧,૧૪ માં આપણે વાંચિયે છિયે કે 'જ્યારે તું ગર્જના કરેછે, અને વાદળાંને એંકઠાં કરેછે, ત્યારે તું પિતાસમાન કેહવાયછે'. ઋગવેદ ૧૦,૩૩,૩ 'જેમ ઉંદરો પોતાની પુછડી કરડી ખાયછે, તેમ હું જે તું સર્વશક્તિમાન ઇશ્વરનો પૂજારીછું, તેને દુઃખ ખાઈ જાયછે. ઓ સર્વશક્તિમાન ઇંદ્ર, એક વખત અમારી ઉપર કૃપાળુ થા! અમારી ઉપર પિતા સમાન થા!' ઋગવેદ ૧૦,૬૯,૧૦ 'જેમ એક પિતા પોતાના પુત્રને ખોળામાં બેસાડેછે, તેમ તેને તેં બેસાડ્યો.' ઋગવેદ ૩,૫૩,૨ જેમ એક પુત્ર તેના વસ્ત્રની કોરથી પોતાના પિતાને પકડેછે, તેમ આ અતિમધુર ગાયનથી હું તને પકડુંછું.' ખરેખર એવી થોડીજ પ્રજાઓ છે કે જેઓ પોતાના ઈશ્વિર, અથવા ઈશ્વરોને **પિતાનું** નામ આપતી ન હોય.

પણ જેમ આપણી બાળ્યાવસ્થાના ભાવમાં* ઇશ્વરને પિતા કેહવાથી દીલાસો મળેછે, તેમ જોકે અસલી આર્યોને પોતાના ભાવની બાળ્યાવસ્થા† માં દીલાસો મળ્યો હતો, તોપણ તેઓને થોડા વખતમાં માલમ પડ્યું કે **પિતા** પણ મનુષ્યનામ હતું, અને સઘળાં મનુષ્યનામોપેઠે એ નામ પણ જેટલું જણાવવું જોઇયે તે જોતાં ઘણુંજ થોડું જણાવી શકયું. એક બાળક જે પૂર ભાવથી જીવેછે અને મરી જાયછે, કે તે એક ઘરથી બીજે ઘર અને એક પિતાપાસેથી બીજા પિતાપાસે જાયછે, તેના જેવી સ્થીતિ જેમ આપણે માગ્યે છિયે, તેમ આપણા અસલી વડીલોની સ્થીતિ પણ આપણે માગ્યે. જેમ દરેક બાળક મોટું થતાં જાણેછે કે તેનો પિતા માત્ર એક બાળકસમાન છે તથા બીજા પિતાઓનો પુત્ર છે; જેમ ઘણાંક બાળકોને જે વિચારોથી તેમના મનમાં **પિતા**ગુણનું કેવળ સત્વ ઉત્પન્ન થયું હતું, તેવિષેના વિચાર મોટપણમાં આવતાં એક પછી એક તજી દેવા પડયા, તેમ આપણા પૂર્વજો એવું જાણવા શિખ્યા અને આપણને શિખવાનું છે કે, જો **પિતા** શબ્દ હજી આપણે ઇશ્વરને લગાડવા માંગતાહોઇયે. તો તેમાંથી એક પછી એક સઘળા વાચ્યો, ખરે તેમાં જે પણ કલ્પિ શકાય, તે સઘળું કાઢી નાખવું જોઇયે. એ શબ્દ (પિતા) જેટલો માનસને લાગુપડી શકેછે તેટલો ઇશ્વરને લાગુ પડતો નથી; જેટલો ઇશ્વરને લાગુ પડી શકેછે તેટલો માનસને લાગુ પડતો નથી. 'પૃથ્વી ઉપર કોઇ પણ માનસને તારો પિતા કેહતો ના : કારણ કે તારો પિતા તો એકજ છે જે આકાશમાં છે.' ઉપમા જેમ પ્રથમમાં નિષેધાર્થથી થઇ, તેમ ઘણીક વેળા તેનો અંત પણ નિષેધાર્થથી આવેછે. પેલો અનંત, કે જેની સમક્ષતા માનસને સર્વ ઠેકાણે જણાઇ છે, તેને અપાયલાં અગ્નિ, તુફાની-વાયુ, આકાશ, ધણી અથવા એવાંજ બીજાં નામો કરતાં બેશક **પિતા** નામ વધારે સારૂંછે. પણ વળી પિતા પણ એક અબળ (અધુરૂં) મનુષ્ય નામછે કે જે

* બચપણમાં જે વિશ્વાસ રાખ્યે છિયે તે.

† માનસ વિશ્વાસ (અર્કીન) રાખવા શિખ્યો તે વખત.

કદાચ વેદના કવિયોને મળેલાં નામોમાં શ્રેષ્ઠ હોય. પણ જેટલે દૂર પૂર્વથી પશ્ચિમછે, તેટલું દૂર જેને તેઓ ગોતતા હતા તે એ નામથી દૂર હતો.

આગલા આર્યોએ સૃષ્ટિના દરેક ભાગમાં અનંત વિષે જે જે શોધો કીધા તે તપાસ્યાપછી, અને ઝાડો, નદિયો, અને પહાંડોથી આરંભીને આકાશ-પિતાના નામ સાથે સમાપ્ત થતાં જે સુઘળાં નામો તેને તેઓએ આપ્યાં તે સમજવાને યત્ન કીધાપછી, આપણને હવે બીજા કેટલાક ખ્યાલોની ઉત્પતિમાટે વિચાર કરવાનો છે, કે જેઓ, જોકે પેહલવેહલે આપણી ઇંદ્રિયોની બીલકુલ હદ બહાર ગયલે. જણાય, તોપણ તેઓનાં ઉંડામાંઉંડાં મૂળ અને ખરા પ્રારંભ પેલી અંતવાન એટલે દ્રશ્ય સૃષ્ટિમાં દેખાડી શકાશે, અને જયારે હજી એં દુનિયાંજ એકલો એકજ ધોરી માર્ગ સઘળે હતો અને હજીસુધી છે, કે જયાંથી આપણે અંતવાન ઉપરથી અનંત, લૌકિક ઉપરથી અલૌકિક અને સૃષ્ટિ ઉપરથી સૃષ્ટિના ઇશ્વર પાસે પોંહચી શકિયે છિયે, ત્યારે તે અંતવાન સૃષ્ટિને આપણે એટલીબધી ધિક્કારવાને શામાટે તત્પર છિયે તે કેહવું કઠણ છે.

વેદમાં આવતો દેવ-વંશ (વંશાવળી).

———oo———

આ વિચીત્ર સંસારમાં આપણું એકાએક આવવું થયું એમ ધારીને આ વાત જાણવાનો યત્ન કીધો કે કિયા પદાર્થોએ ઘણું-કરીને આપણા અતિ પુરાતન વખતના વડવાઓને ચોંકાવ્યા હોય, છક્ક કીધા હોય, અથવા ભયભિત કીધા હોય; તથા કિયા પદાર્થોએ મૂઢ પેઠે ખાલી નિહાળીને અજાયબીથી જોવાને બદલે તેઓમાં જાણ-વાની જીજ્ઞાસા ઉત્પન્ન કીધી હોય; અને જે જે દેખાવો તેઓની નજરઆગળથી પસાર થતા તે ઉપર ચિત્ત લગાડી પેહલવેહલાં

મનન કરતા શાથી બેઠા હોય. આ કીધાપછી વેદના કવિયોના વિચારો સાથે આપણી અટકળોને સરખાવી જોઇ, ખરી ખોટી સાબીત કરવાનો યત્ન કીધો; કે જે કવિયોના ગાયનોમાં ઘણા પ્રાચીન કાળના ધર્મ-વિચારોની નોંધો, જો સઘળાવિષે નહિતો મનુષ્ય' જાતની જે શાખામાં આપણે આવેલા છિયે તેને વિષે, જળવાઇ રહેલીછે. બેશક મનુષ્ય વિચારના પ્રારંભની વચ્ચે, અને અતિ સંપૂર્ણ છંદમાં અને અતિ સંસ્કૃત (સંસ્કારેલી) ભાષામાં પેહલાં સ્તુતિ ભજનો રચાયાં તેની વચ્ચે કેટલાક વંશનો ગાળો પડયો હશે, જે ગાળો સેંકડો, બલકે હજારો વરશોથીજ ગણી શકાય એવો હશે, અને હોવોજ જોઇયે. તોપણ જો એક વખત પણ ભાષાની સત્તા તળે મનુષ્ય-વિચાર આવ્યો હોય (ભાષાથી બરાબર જણાવી શકાયો હોય) તો તેનું નૈરંતર્ય એવુંછે કે, વેદનાં મંત્રો સંભાળથી તપાસતાં, આપણી ઘણીખરી અટકળો જેટલી ખરી પડેલી જણાઇછે તે આપણને જેટલાંને માટે આશા રાખવાને સત્તા હતી તે કરતાં અતિ વધારેછે. જે પદાર્થોને આપણે એમ ગણીને જુદા કાઢયા હતા, કે તેઓ આપણા મનઉપર એવો વિચાર ઠસાવવાને શક્તિમાન છે, કે જે કાંઈ જોઇ શકાય, સાંભળી શકાય, અથવા લાગણીથી પારખી શકાય, તે ઉપરાંત તેઓમાં કાંઇકિ વિશેષ છે, તેજ પદાર્થો જો આપણે વેદઉપર વિશ્વાસ રાખ્યે તો 'જે બારીમાંથી અસલી આર્યોએ અનંતતા માંહે પેહલવેહલે ડોકાવી જોયું હતુ'' તે બારિયો તરીકે કામે લાગ્યા હતા.

અનંત વિષે સર્વથી પ્રાચીન ભાવના.

———oo———

જયારે હું 'અનંતતા' કરી કહું છું ત્યારે અનંતને તેના પ્રમાણાર્થેજ, એટલે કે અતિશય નાના અથવા અતિશય મોટા તરીકે આપણે લેવો નહિ. જોકે અનંતની આ ભાવના ઘણી સાધારણ છે, તોપણ

તે અર્થમાં ઘણીજ કંગાલ અને ખાલી (અર્થરહિત)છે. પ્રાચીન આર્યો અનંતનો આકાર પ્રત્યેક અંતવાન પદાર્થની જુદી જુદી આકૃતિ પ્રમાણે જુદો માનતા હતા, કે જે અતવંત પદાર્થોની પાછળ તે અનંત સર્વવ્યાપક આધાર અથવા ભરતિયું છે. જેટલું વધારે દેખીતું, સંભળાય એવું, સ્પર્શ્ય અથવા અંતવાન, તેટલું ઓછું અણદીઠ, ન સંભળાય એવું, અસ્પર્શ્ય અથવા અનંત માનસના ધ્યાનમાં આવતું હતું. જેમ જેમ ઇંદ્રિયોની પારખવાની શક્તિની હદ ફેરવાતીગઈ, તેમ તેમ તેઓની હદબ્હાર શું હશે તેની શંકા બદલાતી ચાલી. દાખલા તરીકે, પરોઢિયાં અથવા તુફાન-વાયુકરતાં એક નદી અથવા પહાડનો ખ્યાલ મનમાં ઉત્પન્ન કરવામાટે તેનીપાછળ અણદીઠ (વસ્તુ) જે છે, તે ઘણીજ થોડી છે એમ ધારવું પડે. પરોઢિયું દર સહવારે આવેછે; પણ તે શું છે અને કયાંથી આવે છે તે કોઈ કહી શકતું નથી. 'વાયુ પોતાને ગમે ત્યાં ફુંકે છે, અને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે કયાંથી આવે છે તે તું કહી શકતો નથી.' નદીમાં પૂર આવ્યાથી, અથવા પહાડ તુટીપડયાથી, જે ખરાબી થાય તે સમજવું સેહલું હતું; પણ પવનનાં સખત તુફાન આવી પોંહચતાં ઝાડો શાથી મરડાઇ જાયછે, તથા અંધકાર થઇરહે તેવાં ગાજવીજ સાથેનાં તુફાનમાં પહાડોના કકડા કરીનાખનાર, અને તબેલા તથા ઝુપડાં ઉખેડીનાખનાર કોણ છે, તે સમજવું વધારે કઠણ હતું.

માટે અર્ધ-દેવતા તરીકે જણાયલા દેવતાઓ, જેઓ ઘણુંકરી ઇંદ્રિયોની પારખવાની શક્તિની હદમાંહે હંમેશાં રહેછે, તેઓને જે અભિનેય રૂપથી બીજા દેવતાઓ પરખાયછે, તે ભાગ્યેજ મળ્યું હોય. અને વળી આવાં રૂપલેનાર દેવતાઓમાં જેઓ તદન અણદીઠ હતા, અને જેઓના પ્રતિનિધી (બદલી) તરીકે સૃષ્ટિમાં કાંઇજ હતું નહિ, જેવાકે **ઇંદ્ર** વરસાવનાર, **રૂદ્ર** બરાડનાર, **મરૂતો** છુંદનાર (Pounders) અથવા તુફાન-દેવતા અને વળી **વરૂણ** સર્વસમાવનાર, તેઓ પ્રકાશીત આકાશ, પરોઢિયાં અથવા સૂર્યકરતાં

ઘણું વધારે સાકાર અને પુરાણોક્ત રૂપ થોડા વખતમાં પકડે. વળી આ સઘળી શક્તિઓનું જે કાંઇ અનંત અથવા અદ્દભૂત લક્ષણછે, તે તરતજ મનુષ્યરૂપમાં ફેરવાઈ જાય. તેઓને **અનંત** કેહવામાં નહિ આવે, પણ ઘણું કરીને અજેય, અવિનાશી, અક્ષય, અમરં, અજાત, સર્વવ્યાપક, સર્વજ્ઞ, સત્યસંકલ્પ, અને છેલ્લે, **અનંત** જેવી કેવળ ભાવ સંજ્ઞા અપાય એવી આશા રાખવી જોઇયે.

આપણે આશા રાખવી જોઇયે એમ હું કહું છું, પણ તેજ વેળાએ હું એમ પણ કહું છું કે આવો આશા બાંધવાની ટેવ ઘણી વેળા અતિ જોખમભરી છે. વિચારનાં નવાં પડોને તપાસી વળતાં કાંઇ પણ આશા નહિ રાખવી, તેમજ માત્ર ખરી બીના એકઠી કરવી, જે મળે તે સ્વિકારવું, અને તે મનમાં પચાવવાનો યત્ન કરવો, એજ રીત સદા ઉત્તમ છે.

અદિતિ=અનંત.

જ્યારે પેહલવેહલે મારા જાણવામાં આવ્યું કે, વેદમાં ખરેખર એક દેવતા છે કે જેને માત્ર અપાર અથવા અનંત અને સંસકૃતમાં **અ—દિતિ** કેહવામાં આવે છે, ત્યારે જેમ હું ખરેજ આશ્ચર્ય પામ્યો હતો, તેમ તમે પણ જાણીને આશ્ચર્ય પામશો.

અદિતિ શબ્દ નકારવાચક પ્રત્યય **અ** અને **દિતિ** ઉપરથી નિકળ્યોછે. **દિતિ** વળી **દા** (**દ્યતી**)=**બાંધવું**, એ ધાતુ ઉપરથી નિયમ પ્રમાણે નિકળેલો છે; કે જે ધાતુ ઉપરથી કૃદંત **દિત**, બાંધેલું, અને નામ **દિતિ** એટલે **બાંધવું**, તથા **બંધ**, નિકળેલાંછે. એટલામાટે **અદિતિ**નો અસલ અર્થ વગરબંધનું, નહિ બાંધેલું, અથવા નહિ ઘેરીલીધેલું, અપાર, અનંત, અનંતતા, એવો હોવો જોઇયે. એજ ધાતુ ગ્રીક શબ્દો **દિયુ** એટલે **હું**

બાંધું, **દિઆદનુઅ** તાજ, એટલે માથાની આસપાસ બાંધેલું, તેમાં જણાયછે. **દિતિ** નામ ગ્રીકમાં **દિસિસ** શબ્દથી અને **અ-દિતિ, આ-દિસિસ**થી જણાવી શકાય.

અદિતિ એટલે **અનંત** નામ ધરાવનાર કોઈ દેવી પાછલા વખતની હોવી જોઇયે એમ કેહવું સેહલું છે. પણ શું હોવું જોઇયે તેની અટકળ કર્યાના કરતાં શું છે તે જાણવાની પેરવી કરવી એ વધારે ડહાપણભરેલું છે. **અનંત**ની શુદ્ધ માનસિક ભાવના અર્વાચીન વખતની લાગી માટેજ વેદના આપણા મોટા વિદ્વાન અભ્યાસિયોમાંના કેટલાકોએ **અદિતિ** પાછલા વખતની કલ્પના છે એમ ઠરાવ્યું; કેજેથી **તેના** પુત્રો, પેલા વિખ્યાત **આદિત્યો** અથવા સૂર્ય-દેવતાઓના નામો સમજાવવાને બનો આવે. કોઈ પણ મંત્રમાં **અદિતિને** એકલીજ સંબોધેલી નથી, તેથી તેઓએ એવું અનુમાન કર્યું કે વેદ-કાવ્યની બનાવટની છેલી ઘડીએ તેને એક દેવી તરીકે દાખલ કરેલી છે.

ગ્રીક શબ્દ **ઝીયુસ**સાથે એકમળતા **દ્યૌસ્** નામ વિષે પણ એમજ કેહવાય. વેદમાં જે દેવતાઓમાટે લાંબાં મંત્રો ગાવામાં આવેછે તેમાં **અદિતિ**કરતાં પણ **દ્યૌસ્** નામ ઓછી વાર જોવામાં આવેછે. પણ એટલામાટે **દ્યૌસ્**ની ઉત્પત્તિ અર્વાચીન કાળની હોયાને બદલે હિંદુસ્થાનમાં સંસકૃતનો કે ગ્રીસમાં ગ્રીકનો એક પણ શબ્દ બોલાયો તેની પૂર્વે તે હતો એમ આપણે જાણ્યે છિયે. ખરેખર સર્વથી પ્રાચીનકાળના દેવતાઓમાંહેનો એ એક છે કે જેને ઈંદ્ર, રૂદ્ર, અગ્નિ, ઇ૦ ઇંદિ દેવતાઓએ દબાણ કરી જાણે કહાડી મુકયો હોય.

અદિતિ અર્વાચીન દેવી નથી.

—00—

હું ધારૂં છું કે **અદિતિ**ની પણ એજ ગતિ થઇછે. **દ્યૌસ્** આકાશ, **પૃથિવી** ભૂમી, **સિંધુ** નદિયો, આદિ, ખરેખરા

પ્રથમ દેવતાઓનાં સ્મરણમાં તેનું નામ આવેછે. અને **આદિ-ત્યોની** માત્ર આનુમાનિક માતા હોવાનેબદલે તે સઘળા દેવતા-ઓની માતા ગણાયલી છે.

આ વાત સમજવામાટે તેની પોતાની જન્મભૂમી કઇ હતી, **અદિતિ** એટલે અપાર, અનંત એવું નામ કોણે સૂચવ્યું હશે, અને જગત્‌માં એવો કયો દેખીતો ભાગ હતો, કે જેને પ્રથમ આવું નામ લગાડવામાં આવ્યું હોય, તે જાણવાને આપણે યત્ન કરવો જોઇયે.

અદિતિનું સ્વાભાવિક મૂળ.

———00———

હું ધારૂંછું, અને તેમાં થોડોજ શક છે કે, અદિતિ એટલે **અપાર** નામ અરૂણોદયના સર્વથી જુના નામોમાંહેનું એક હતું, અથવા વધારે ખરૂં બોલિયે તો આકાશનો તે ભાગ કે જ્યાંથી રોજ સહવારે પૃથ્વીને જોઇતો પ્રકાશ અને જીવ બહાર પ્રકટી નિક-ળતા હતા, તેનું નામ હતું. અરૂણોદય તરફ જરી નજર કરો, અને એક ક્ષણવાર તમારૂં જ્યોતિષશાસ્ત્ર ભુલી જાઓ; અને હું તમને પુછું કે રાત્રિના અંધકારનો પડદો જ્યારે ધીમે ધીમે ઉંચકાતો જાયછે, જ્યારે હવા પારદર્શક અને સચેત થતી જાયછે, અને અજ-વાળું કયાંથી આવેછે તેની તમને ખબર પડયાવગર પ્રકાશ થવા માંડેછે, ત્યારે તમારી નજર લાંબે ફેંકતાં, જેટલે દૂર જઈ શકે તેટલે દૂર પણ ફાકટ તાણી તાણીને જોયા પછી, શું તમને એમ નહિ લાગશે કે તમે જાણે અનંતની આંખ ભણીજ જોતા હોય? આગલા વખતના ઋષિયોના મનમાં અરૂણોદય બીજી દુનિયાંના સો-નેરી દરવાજા ખોલતો હોય એમ લાગતો હતો. અને જ્યારે આ દરવાજા સૂર્યને પોતાનો જયવંત માર્ગ આપવાને માટે ઉઘાડા રેહતા હતા, ત્યારે તેઓનું ચિત્ત અને તેઓની દૃષ્ટિ બચ્ચાંપેરે આ અંતવાન

જગતની મર્યાદાની પેલીમેર નિકળી જવાની પેરવી કરતાં હતાં. અરૂણોદય તો આવતો જતો, પણ તેની પાછળ પેલા પ્રકાશ અથવા અગ્નિના ઉછળતા સમુદ્રમાંથી તે અરૂણોદય ઉત્પન્ન થાયછે, તે પાછળ રહી જતો. શું આ દેખીતો અનંત નહિ? અને વૈદિક કવિયોએ એને **અદિતિ** એટલે અપાર, પેલે પારનો, એકેએક અને સર્વની પેલેપારનો, એવું જે નામ આપ્યું તે કરતાં બીજું વધારે સારૂં નામ શું આપી શકાય!

હું ધારૂંછું કે એક દેવતા જે પ્રથમ એટલી બધી મનોગત જણાતી હતી, કે તેની જન્મભૂમી પણ જગતમાં કોઈ ઠેકાણે જડતી નહિ હતી, તથા એટલી બધી અર્વાચીન કાળની, કે વેદમાં તે છે એમ પણ માન્યામાં કદાચિંજ આવી શકે, તે કેવે પ્રકારે હિંદુ મનનું જુનામાં જુનું સહજજ્ઞાન અને નવી ઉત્પત્તિ થઈ હશે તે આ પ્રમાણે આપણે સમજી શકિયે છિયે.* વધારે પાછલા વખતમાં આ અપાર **અદિતિ** આકાશ અને વળી પૃથ્વી લેખેજ ગણાઇ હશે, પણ અસલતો તે આકાશ તેમજ પૃથ્વીકરતાં બહુજ વધારે હતી. જે મંત્ર દિવસ અને રાતના પ્રતિનિધિ **મિત્ર** અને **વરૂણ**ને અર્પેલુંછે તેમાં આપણે એમ વાંચિયે છિયેઃ 'ઓ મિત્ર તથા વરૂણ, તમે તમારો રથ, જે પ્રાતઃકાળે સોનેરી રંગનો છે, અને જેને સૂર્યાસ્ત થતાં લોઢાંની દાંડી હોયછે, તે ઉપર બેસોછો'† 'ત્યાંથી તમો **અદિતિ** અને **દિતિ** જુઓછો,' એટલે કે જેકાંઈ પેલીમેર અને જેકાંઈ અહીંછે, જેકાંઈ અનંત અને જેકાંઈ અંતવાન છે, જેકાંઇ મર્ત્ય અને જેકાંઈ અમરછે, તે જુઓછો.

---

* ઋગવેદ સંહિતાના મારાં ભાષાંતરમાં ઋગવેદમાંની અદિતિવિષે પૂર્ણ વર્ણન કર્યુંછે. (પુ.૧લું. પૃષ્ટ ૨૩૦—૨૫૧) એ વિષયઉપર ડાકતર આલફ્રેદ હીલેબ્રેન્ડે એક ઉત્કૃષ્ટ નિબંધ "Ubar die Göttin Aditi" નામનો ૧૮૭૬માં બહાર પાડેલોછે. 'દા' એટલે **બાંધવું** ધાતુ ઉપરથી અદિતિ નિકળ્યો એમ તે કહેછે. પણ તેનો અર્થ **અવિનાશ** એવો કરેછે અને સર્વવ્યાપક એવો નહિ થઇ જાય તેની સંભાળ લેતો જણાયછે.

† સહવારના અને સાંજનાં અજવાળાં વચેનો ફેર સોનાં અને લોઢાંની ધાતુના રંગ વચેના ફેરથી દેખાડવામાં આવેલોછે.

બીજો કવિ અરૂણોદયને **અદિતિનું** મુખ કહેછે, તે એવું દર્શાવવા કે **અદિતિ** અંહી પોતે અરૂણોદયજ માત્ર નથી, પણ તેની પેલીમેર તેનથી કાંઈક વધારે છે.

સૂર્ય અને સૂર્યમંડળના બીજા દેવતા પૂર્વ દિશા તરફથી ઉ-ગેછે એટલા ઉપરથી આપણને સારી પેઠે સમજ પડેછે કે **અદિતિ** તેજસ્વી દેવોની મા કેહવાઇ હશે, તથા મુખ્યકરીને **મિત્ર** અને **વરૂણ**ની (ઋગવેદ ૧૦,૩૬,૩), **અર્યમન્** અને **ભગ**ની અને છેલે પેલા સાત, બલકે આઠ આદિત્યોની, એટલે પૂર્વ તરફથી ઉગતા સૂર્યમંડળના દેવોની મા કેમ કેહવાઇ હશે તે પણ આપણે સમજી શકયે. સૂર્યને માત્ર **આદિત્યજ** કહ્યો નથી (ઋગ-વેદ ૮,૧૦૧,૧૧ **બટ્ મહાનસી સૂર્ય; બટાદિત્ય મહાનસી;** સૂર્ય, ખરેજ તું મોટો છે ; આદિત્ય, ખરેજ તું મોટો છે); પણ વળી **આદિતેય** પણ લેખ્યો છે. (ઋગ-વેદ, ૧૦,૮૮,૧૧)

બેશક લગભગ પ્રથમથીજ **અદિતિ**ને કેવળ નારી રૂપ મળ-વાનું કારણ, આ તેના પુત્રોવિષે વારંવાર બોલવામાં આવ્યું તે છે. તે જોરાવર, ભયાનક, અને રાજકીય પુત્રોની મા છે. પણ કેટલાં-એક વાકય એવાંછે કે જેમાં **અદિતિ** નર દેવતા હોય, અથવા કાં-ઇજ નહિતો જાતિરહિત શક્તિ હોય, એમ ગણાયલી છે.

જો કે અદિતિ અરૂણોદયજોડે નિકટ સંબંધ ધરાવેછે, તોય તેનું સ્મરણ સહવારમાંજ નહિ પણ મધ્યાન તેમજ સંધ્યાકાળે પણ થોડા વખતમાં થવા લાગ્યું, જ્યારે આપણે **અથર્વ-વેદ** (૧૦.૮,૧૬)માં વાંચિયછિયે કે 'જ્યાંથી સૂર્ય ઉગેછે અને જ્યાં અસ્ત પામેછે તેને હું સર્વથી પ્રાચીન ગણું છું, અને તેની પેલેપાર કોઇ જતું નથી,' ત્યારે આપણે 'સર્વથી પ્રાચીન'નો અર્થ ઘણું કરીને **અદિતિ** કરી શકિયે. આ પછી તરતજ **અદિતિ**ની સર્વ ઘટતી પૂજા અને ભક્તિ કરવામાં આવેછે, અને અંધકાર અને અંધારામાં ભટકતા શત્રુઓને હાંકી કાઢવાનેજ નહિ, પણ વળી માનસને તેના પાપથી મુક્ત કરવાને પણ તેને વિનવવામાં આવીછે.

અંધકાર અને પાપ.

——oo——

આ બંને વિચારો—અંધકાર અને પાપ—જે આપણને ઘણા જુદા લાગે છે, તેને આગલા આર્યો એકેક સાથે અતલગના સંબંધમાં જોડાયલા ગણતા હતાં. એક વિચાર, જેવાકે શત્રુનો ભય, તે કેટલીક વખત, બીજો વિચાર, જેવા કે પાપનો ભય,—જે પાપને આપણે સર્વથી દુષ્ટ શત્રુ ગણવો જોઇયે—તેને લેતો આવેછે, તે દેખાડવાને હું તમારી આગળ થોડુંક વાક્ય વાંચી સંભળાવું છું. 'ઓ આદિત્યો, વરૂઓના મોહમાંથી અમને છોડવો, જેવો એક બાંધી મુકેલો ચોર હોય, ઓ અદિતિ!' 'દિવસની વેળા અમારાં ઢોરનું રક્ષણ અદિતિથી થાઓ, તે અદિતિ જે કદી ઠગાતી નથી, તે રાતની વેળા તેઓનું રક્ષણ કરે; તે અચળ વૃદ્ધિવડે સંકટમાંથી અમારૂં રક્ષણ કરે;' (અંહસઃ શબ્દ જે સંસ્કૃતમાં આવેછે તેનો મૂળ શબ્દ પ્રમાણે અર્થ, ફીકરથી, પાપની જાણથી નિપજતા ગુંગળાટથી એવો થાયછે.) 'અને પેલી ડાહી અદિતિ દિવસે અમારી પાસે મદદ લઇ આવે!' 'અમને અદિતિ કૃપા કરી સુખ આણી આપે અને સંકટમાં શત્રુને હાંકી કહાડે!'

અથવા વળીઃ 'અદિતિ, મિત્ર અને વરૂણ અમે તમારીસાંમે કાંઈ પાપ કર્યું હોય તો તે માફ કરો. ઓ ઇંદ્ર મને વિશાળ નિર્ભય પ્રકાશ મળો! અમારે માથે લાંબો અંધકાર ન આવશો!' 'અદિતિ, અમને નિષ્પાપ સ્થિતિ આપો!'

અદિતિવિષેનાં ખ્યાલઉપરથી એક બીજો વિચાર સ્વાભાવિક રીતે નિકળેલો જણાયછે. જ્યાં જ્યાં આપણે જઇએ છિયે ત્યાં આપણને માલમ પડેછે કે બીજા જન્મવિષેની કલ્પના સર્વથી પુરાની કલ્પનાઓમાંની એક છે, જે સૂર્ય અને બીજા આકાશી ગ્રહોના નિત્ય આવવા અને જવાઉપર વિચાર કર્યાથી ઉત્પન્ન થયેલી છે. જેમ આપણે હાલ પણ બોલિયે છિયે કે 'તેનો સૂર્ય

અસ્ત પામ્યો છે,' તેમ તેઓ (આપણા પૂર્વજો) બોલતા તથા માનતા હતા, કે જેઓ આ ભવ પસાર કરી ગયાછે તેઓ પશ્ચિમ તરફ જ્યાં સૂર્ય અસ્ત પામેછે તે તરફ જશે. સૂર્ય સહવારે જન્મીને સાંજે મરણ પામેછે, એવું ધારવામાં આવતું હતું; અથવા જો કાંઇ પણ વધારે લાંબી હયાતી તેને આપવામાં આવી હોય, તો તે એક વર્ષની ટુંકી મુદત હતી. આ મુદતને છેડે સૂર્ય મરણ પામતો હતો, જેમ આપણે હજી પણ કહિયે છિયે કે જુનું વર્ષ મરણ પામેછે.

અમરપણું (અમૃત.)

આ કલ્પનાજોડે બીજી ઉભી થાય. જેમ અજવાળું અને જીંદગી પૂર્વતરફથી આવેછે, તેમ પૂર્વદિશા પ્રાચિનકાળની ઘણીક પ્રજામાં પ્રકાશીત દેવોનું રેહઠાણ તથા અમર આત્માઓનુ સદાકાળનું ઘર ગણાતી હતી. અને જયારે એક વખત એવો વિચાર ઉત્પન્ન થયો કે મનુષ્ય દેહમાંથી મુક્ત થયેલા અથવા સુગતિને પામેલા લોકો દેવમંડળમાં જઇ મળેછે, ત્યારે વળી તેઓને પૂર્વ દિશા તરફ ગયેલા વિચારવામાં આવીશકે.

આવા કોઈક અર્થમાં અદિતિ 'અમર આત્માઓની જન્મભૂમી' કેહવાયલી આપણને જણાયછે; અને એવેજ અર્થે વેદના કવિયોમાંહેનો એક ગાયછે કે 'કોણ અમને પેલી મહાન અદિતિને પાછા હવાલે કરશે; કે હું પિતા અને માતાને જોઉં ?' જે પ્રમાણે અમરપણાનું આ જ્ઞાન જીંદગીના રોજીંદા સાધારણ બનાવોએ યોજયું, અને મનુષ્યઅંતઃકરણના ડહાપણ બળે, કોઇની મદદ લીધાવિના સમજાવ્યું, તેઉપર જો ફરી વિચાર કરિયે, તો આપણને શું અમરપણાવિષે આ એક સુંદર, સાદી અને પુર્ણ સ્વાભાવિક સૂચના લાગે નહી !

જે મોટી શિક્ષા વેદ આપણને આપેછે તે આ છે! આપણા સઘળા અને વળી દેખીતી રીતે ઘણાજ માનસિક વિચારોનાં પણ આદિ મૂળો, આપણી ઇંદ્રિયો સન્મુખ બનતા નિત્ય બનાવોમાં છે. **શ્રદ્ધા એ કાંઇજ નથી કે જેનું જ્ઞાન પ્રથમ ઇંદ્રિયોની જાણમાં ન આવતું હોય.** માનસ કદાચ સૃષ્ટિના આ અવાજોનો થોડોવાર અનાદર કરે; પણ જ્યાંસુધી તેઓ ઉપર ધ્યાન આપવામાં નહિ આવે, ત્યાં સુધી તેઓ ફરી ફરી દિવસે અને રાતે આવેછે; અને એકવાર ધ્યાન આપ્યાપછી, આ અવાજોનો ભાવાર્થ વધારે અને સ્પષ્ટ થાયછે, અને જે પ્રથમ માત્ર સૂર્યોદય હતું તે અસ્ત અનંતનું દેખીતું રૂપ થયું. બીજા હાથઉપર સૂર્યાસ્ત, અમરપણાની પેહલી જંખના (છાયા)ના રૂપમાં ફેરવાઈ ગયો.

વેદમાંના બીજા ધર્મ વિચારો.

———oo———

જે વિચારો આપણને આટલા બધા માનસિક અને આટલા બધા કૃત્રિમ જણાયછે કે મનુષ્ય વિચારની અતિપ્રાચીન સ્થિતિને લગતા તેઓને ઠરાવવા ઘણા કઠણ દેખાય છે; પણ જેઓ વિષે જો વેદને અનુસરી અભિપ્રાય આપિયે તો એમ કહી શકાય, કે બુદ્ધિના ઉધાનના પેહલાજ ઉછાળામાં માનસના દીલમાં તેઓ જઇ વસ્યાહતા, તેઓમાંના એક વધારેની તપાસ લઇયે. વેદ જેટલું પુરાતન છે તે કરતાં તેને વધારે પુરાતન ઠરાવવાનો મારો હેતુ નથી. તેની પૂર્વગ સ્થિતિનો અપાર દેખાવ હું સારીપેઠે જાણું છું. તેમાં અકેકમાં અકેક ભેરવાયલી કડી એટલી છે, કે આપણેથી ગણાતી પણ નથી. અને મનુષ્યવિચારની આ લાંબી, ધીમી વૃદ્ધિ થતી જોઇને આપણે આશ્ચર્યમાં ગરક થઇયે છિયે. પણ આપણને તેમાં જે ઘણુંક અર્વાચીન જેવું લાગેછે તેનીજ પાસે ઘણુંક પ્રાચીન અને પ્રથમજેવું પણ લાગેછે. અને હું ધારૂંછું કે પ્રાચીન

પદાર્થવિજ્ઞાનવિદ્યા (Archæology) ઉપરથી આપણે ધડો લેવો જોઇયે, અને પ્રથમથીજ વિચારના જુદા જુદા યુગ ઠરાવવાનો યત્ન કરવો ન જોઇયે. ઘણો લાંબો વખતસુધી પ્રાચીન પદાર્થવિજ્ઞાન-વિદ્યા જાણનારાઓ એવું શિખવતા હતા કે પ્રથમ યુગ પથ્થરનો હતો, કે જ્યારે કાંસાંનાં કે લોઢાંનાં હથિયાર કે ઓજારો દુનિયાંમાં હોવાં નહિ જોઇયે. પથ્થરના યુગપછી કાંસાંનો યુગ આવ્યો કે જ્યારે ઘોરમાંથી પણ કાંસાં તથા પથ્થરનાં ઓજારો પુષ્કળ મળી આવતાં, પણ લોઢાંની તો કેવળ નીશાન પણ માલમ પડતી નહિ. છેલે, આપણને જણાવવામાં આવતું હતું કે, ત્રિજો યુગ આવ્યો તેમાં લોઢાંનાં ઓજારોનો પ્રસાર સાફ જણાઇ આવતો હતો, ને એકવેળા લોઢાંનાં ઓજારો વપરાસમાં આવ્યાં કે તેઓએ તરતજ બંને પથ્થર અને કાંસાં કારીગરીઉપર સરસાઈ મેળવી. આ ત્રણ યુગ અને તેઓને લગતા બીજા નાના વિભાગોની મનઃકલ્પનામાં બેશક કાંઇ સરચાઇ હતી, પણ તેને પ્રાચીન પદાર્થવિજ્ઞાનવિદ્યાના એક જાતનાં મત તરીકે કબુલ રાખ્યાથી જેમ દરેક પ્રકારના મતથી સ્વતંત્ર તપાસના માર્ગમાં અટકાવ થઇ પડેછે,તેમ લાંબો વખતસુધી, આ મતે પણ હચાંસુધી હરકત કર્યા કીધી હતી; કે જ્યારે એવું માલમ પડયું કે આ ધાતુઓનો ઉપયોગ એક પછી એક અથવા એકજ વખતે થવાનો આધાર ત્યાંની સ્થાનિક હાલત ઉપર રેહતો હતો; તથા વળી જ્યાં લોઢું ખનિજ (Palustric) કે ઉલ્કિક (meteoric) સ્થિતિમાં સેહલાઇથી મળી આવતું હતું, ત્યાં લોઢાંના ઓજારો પથ્થ-રનાં હથિયારોના વખતમાંજ અને કાંસાંબનાવટ પૂર્વે મળી શકે અને મળ્યાં હતાં.

આ ઉપરથી આપણે ચેતવણી લેવી કે બુદ્ધિના જમાના એક પછી એક થયા એમ આગળથી ધારી મુકવું નહી જોઇયે. કોઇ પણ paleolithic શસ્ત્રો માફક અણઘડ અને કાચા વિચારો વેદમાં જોવામાં આવેછે, પણ તેઓનીજ અડોઅડ અને પડોશમાં લોઢાં જેવા તેજી અને કાંસાં જેવા ચળકતા વિચારો જોવામાં આવે

છે. શું આપણાથી એમ કેહવાય કે આ તેજસ્વી અને પ્રતાપી વિચારો, જેઓની વચે અંહિ તંહિ અણઘડ રીતે કોપેલા ચકમકના કકડા (અજ્ઞાનપણાંનાં ચિન્હ) જણાય છે, તેમનાથી તેઓ વધારે અર્વાચીન કાળના છે? તેઓ કદાપી હોય, પણ તેઓનો કર્ત્તા કોણ છે, તથા સઘળા કાળમાં જન્મબુદ્ધિમાન પુરૂષો થયલાછે, અને જન્મબુદ્ધિમાન પુરૂષોનું વારશાથી થોડુંજ બંધન થાયછે, તેની આપણે યાદ રાખવી જોઇયે. એક માનસ, જેને પોતાવિષે અને પોતાની આસપાસની દુનિયાંવિષે વિશ્વાશ છે, તેને મનથી એક વાર નજર કરવી અને એક હજાર વખત તપાસ કરવી બરાબર છે; વિદ્વાનના મનમાં સૃષ્ટિના દેખાવો, તેઓના નામ, અને જે દેવ તેમના પ્રતિનિધિછે, એ સઘળું સહવારના ધુમસપેરે એકજ વિચારે ગુમ થઇ જાયછે. અને વેદની કાવ્યરૂપી ભાષામાં આ પ્રમાણે તે જાહેર કરેછે કે 'છે તો એકજ, જોકે કવિયો ઘણેક નામે તેને બોલાવે છે,' **એકં સદ્ વિપ્રા બહુધા વદન્તી.**

બેશક આપણે કહિ શકિયે કે, કવિયોનાં આપેલાં ઘણાંક નામોનો વિદ્વાનો ત્યાગ કરે તેની પૂર્વે તે નામો વપરાસમાં હોવાં જોઇયે. એમ ખરૂં, પણ જ્યારે કવિયોએ ઇંદ્ર, મિત્ર, વરૂણ કે અગ્નિનું સ્મરણ કરવાનું કાંઇક મુદતસુધી ચાલુ રાખ્યું હશે, ત્યારે બીજા હાથ ઉપર હિંદુસ્થાનના વિદ્વાનોએ દેવોનાં ઘણાં નામો, ઘણાં મંદીરો, અને ઘણી કથાની સામે **હેરેક્લીતાસ**ની પેઠે, ફાકટમાં વાદ કર્યા કીધા હશે.

નિયમની કલ્પના.

એવું વારંવાર કેહવામાં આવ્યુંછે કે પ્રથમ કાળના લોકોમાં જે એક વિચાર શોધ્યો મળતો નથી, તે વિચાર **નિયમ**નો છે. **ડ્યુક આફ આરગાઈલે** "નિયમનું રાજ્ય" એવું નામ એક પોતાનાં અગત્યનાં પુસ્તકમાટે એકવેળા પસંદ કીધું હતું,

તેનું શુદ્ધ ભાષાંતર ગ્રીક અને લાતિન ભાષામાં પણ કરવું કઠણ જણાશે; અને તોપણ તે વિચાર પોતાની અર્ધસાવધ હાલતમાં વેદમાં ઘણુંકરીને જેપણ કાંઇ પ્રાચીન હશે તેના જેટલોજ પ્રાચીન છે. થોડુંક થયું અવ્યક્ત સંકલ્પ unconscious cerebration વિષે પુષ્કળ લખાયુંછે તથા બહુ અતિશયોક્તહેવાલો આપવામાં આવ્યાછે. તથાપિ હજી ઘણીક માનસિક ક્રિયા, એટલે કે જે મનોકૃત્ય હજી ભાષામાર્ગે બોલી શકાયાં નથી, તે ચાલુ છે, કે જેને આપણે અવ્યક્ત ગણી શકિયે. આપણી ઇંદ્રિયોઉપર હજારો છાપ પડ્યા જાયછે, જેમાંનો મોટો ભાગ બેમાલમ ચાલ્યો જાયછે, અને આપણી સ્મરણશક્તિની સપાટીઉપરથી સદાનો ભુસાઈ ગયલો જણાયછે; પણ કાંઈ પણ ખરેખરૂં કદી ગુમ થતું રેહતું નથી, કારણકે ગતિરક્ષક નિયમ એમ બનવાદેજ નહિ. દરેક છાપ તેની નિશાની મુકી જાયછે, અને વારંવાર એમ આવ્યા રહ્યાથી આ નિશાનિયોનાં ઝાંખાં ટીપકાં એકત્ર થઇને સ્પષ્ટ લીટી બનેછે, કે જે લીટીઓથી છેલ્લે આપણા મનના નકશાની સપાટી તથા તેઉપરના ખુલ્લા અને ઘેરા વર્ણ (કસ) અને તેનો આખો સામાન્ય ચિતાર બનેછે.

આ પ્રમાણે આપણે સમજી શકિયે છિયે કે, જ્યારે સૃષ્ટિના પેલા મહાન અને પેહલે દેખાવે પોતાના મહત્વથી દાબી નાખે એવા ચમત્કારો માનભેગા ત્રાસ, ભય, આશ્ચર્ય અને આનંદ, મનુષ્યનાં દિલમાં ઉતપન્ન કરતા હતા, ત્યારે તેજ ચમત્કારો નિત્ય ફરી ફરી નજરે પડયાથી, દિવસ અને રાતના અચૂક પાછાં ફર્યાથી, વદ તથા શુદ ચંદ્રની અઠવાડિયાંની ઘટ–વધથી ઋતુના એક પછી એક આવવાથી, અને તારાઓની ગાયનસમાન એકસરખી ગતિ (Rythmic dances) થી તેનામાં વિશ્રાંતિ, વિસામો અને સલામતી આપનાર એક લાગણી ઉભી થઇ—કે જે પેહલાં તો માત્ર એક લાગણીજ હતી અને જે ભાષામારફતે સમજાવવી પ્રથમ એટલી કઠણ હતી કે, જેમ હજીપણ ફ્રેંચ અથવા ઇતાલિયન ભાષાઓમાં our feeling at home વાક્યનો બરાબર અર્થ ઉતરવો કઠણ છે. આ લાગણીને તમારે ગમે

નો એક જાતનુ અવ્યક્ત સંકલ્પ Unconscious cerebration સમજો; પણ એ લાગણી એવીછે કે જે અનેક પ્રકારની ભાસનાથી તે બનેલીછે તે ભાસના આપણા ધ્યાનમાં જેવી ઉતરી અને ધ્યાનમાં ઉતર્યા પછી સમજ પડે એવા શબ્દોથી જણાવી શકાઈ, કે તરત તેનો ખ્યાલ આપણા મનમાં ઉભોથઈ શકેછે.

ગ્રીસ અને **રોમ**ના આગલા વિદ્વાનોએ આ લાગણી અનેક પ્રકારે શબ્દોથી બહારપાડેલી જણાયછે. જ્યારે **હેરેકલીતાસ*** આ પ્રમાણે બોલે કે '**સૂર્ય** અથવા **હેલિઓસ** પોતાની હદ ગ્રીક **તા મેત્રા** ઓળંગી જશે નહિ' એટલે જે માર્ગ તેને માટે ઠરાવી મુકેલોછે તે ઓળંગી જશે નહિ, ત્યારે તે શું કેહવા માગતો હતો? અને જો તે વળી આ પ્રમાણે કહે કે 'સૂર્ય તેની હદબહાર કદી જાયતો **એરિનિસ** એટલે સત્યના સહાયકાર એ વાત જાણી લેશે,' તો તેનો અર્થ શો? કોઇ પણ વસ્તુ આથી વધારે સ્પષ્ટ રીતે જણાવી શકનાર નથી, કે તેના (એટલે હેરેકલીતાસના) જાણવામાં સૃષ્ટિનાં દરેક કામ માંહે માલમ પડતો કોઇ નિયમ આવ્યો હતો, કે જે નિયમન તાબે **હેલિઓસ**ને પણ થવુંજ પડે, પછી ગમેતો તે સૂર્ય કે સૂર્યમંડળને લગતો દેવ હોય. આ વિચાર ગ્રીક તત્વવિદ્યામાં બહુ ફેલાયલો જણાયો; અને ધર્મ વિષે બોલતાં હું ધારૂંછું કે તે ગ્રીક **મોઈરા** અથવા **નસીબ**ની ઉત્પત્તિનું પ્રથમ મૂળ હશે.

જોકે આપણે **રોમ**ના વિદ્વાનો તરફથી કોઇ ઘણા પ્રાચીન તથા અસલ વિચારો જોવાની આશા રાખતા નથી, તોપણ **સીસરો**† નું એક જાણીતું કેહણ, કે જેમાં **હેરેકલીતાસે** જણાવેલા વિચારનો ઘણોખરો ઉપયોગ કીધેલોછે, તે આ ઠેકાણે આપુંછું. **સીસરો** કહેછે કે અંતરીક્ષના પદાર્થોના અનુક્રમ ઉપર મનન કરવાનેજ માટે માનસને સરજેલાં નથી, પણ પોતાની જીંદગીમાં તે અનુક્રમ અને સ્થીરતાની નકલ કરવા માટે સરજેલાં છે; આગળ ચાલતાં આપણા

*એક યુનાની વિદ્વાન્ જે આ જગત્ દેવતાનું બનેલુંછે એમ માનતો અને દેવતાને પોતાનો ઈશ્વર ગણતો.

† એક જાણીતો રૂમી વિદ્વાન્ અને સુવક્તા.

જોવામાં આવશે કે જે વિચારો વેદના કવિયોએ સાદી ભાષામાં દર્શાવાનો યત્ન કર્યોછે, તેને આ વિચાર બરાબર મળતોછે.

જેમ **અનંત**ના ખ્યાલની પ્રથમ ઉત્પત્તિ વિષે શોધ ચલાવતાં આપણે જે પ્રશ્ન કીધો હતો, તેમ હવે તેજ પ્રશ્ન અહીં કરિયે, કે સૃષ્ટિમાં જણાતા અનુક્રમ, માપ તથા નિયમના વિચારને જન્મ આપનાર શું ભૂમી હશે? તેનું પ્રથમ નામ શું, અને તે વિષે પ્રથમ સમજીશકાય એવો શબ્દ શો હશે?

હું ધારૂંછું કે તે શબ્દ સંસકૃત **ઋત** હતો, કે જે શબ્દ જાણે હિંદુસ્થાનની ધર્મસંબંધી કવિતાના તારનો મુખ્ય સ્વર જેવો લાગેછે, જોકે બ્રાહ્મણોના પુરાતન ધર્મ વિષે લખાણ કરનારાઓ તેને માટે કંશું બોલતા નથી.

સંસકૃત ઋત.

ઘણાખરા સઘળા દેવને **ઋત** શબ્દ ઉપરથી નિકળેલાં ગુણવાચક વિશેષણ આપવામાં આવેલાંછે, કે જેથી બે વિચારો દર્શાવવાનો હેતુ રાખેલોછે. પેહલો એકે દેવોએ વિશ્વ-નિયમ સ્થાપ્યો તથા વિશ્વ તેઓની આજ્ઞા માનેછે; બીજો એ કે, સૃષ્ટિમાં એક વ્યવહારિક નિયમછે, જેને માનસે માન્ય કરવો જોઇએ, અને જેનું ઉલ્લંઘન કરવાથી દેવો તેઓને શિક્ષા કરેછે. આવાં ગુણવાચક વિશેષણ પ્રાચીન ધર્મ વિષે પરિજ્ઞાન આપવા કાજે, દેવોના ખાલી નામો, અને સૃષ્ટિના અમુક દેખાવો સાથે તે નામોનો સંબંધ જાણવા કરતાં, અતિશય વધારે અગત્યનાં છે, પણ તેઓના ખરા અર્થ સમજવા એ બહુ ગુચવણ ભરેલુંછે.

ઋત જેવા શબ્દોના પ્રથમ, દ્વિતિયા અને તૃતિયા પ્રકારના અર્થ કેટલીક વેળા એકજ મંત્રમાં જોવામાં આવેછે; મંત્રકર્તા કવિ પોતે પણ તે અર્થો વચ્ચેનો ભેદ ઘણી સ્પષ્ટરીતે હમેશ જાણી શકયો

નહિ હશે; અને જે કામ કવિએ પોતેજ કીધું નથી, તે કરવાને થો-ડાજ વિવરણકર્ત્તા હામ ભીડશે. જ્યારે **આપણે** નિયમ વિષે બો-લિયે છિયે ત્યારે **નિયમ** શબ્દથી આપણે જે અર્થ જાણવા માં-ગિયે છિયે તે શું આપણે પોતેજ હંમેશાં સ્પષ્ટ રીતે સમજી શકિયે છિયે? અને શું આપણે આશા રાખી શકિયે કે હાલના વિદ્વાનો કરતાં પ્રાચીનકાળના કવિયો વધારે ચોકસાઇથી બોલનારા અને વિ-ચાર કરનારા હતા?

ખરેખર, ઘણેક ઠેકાણે, જ્યાં **ऋत** શબ્દ વપરાયલો છે, ત્યાં તેના અર્થનું કોઇ અનિશ્ચિત તથા સાધારણ ભાષાંતર, જેવું કે નિયમ, અનુક્રમ, પવિત્ર રૂઢી તથા યજ્ઞ, વગર પુછ્વે પસાર થાય; પણ જો આપણે વેદનાં મંત્રોમાં કોઇપણ ભાષાંતર જોયા પછી આ મોટા અવાજ કરતા શબ્દોને કિયો ચોકસ અર્થ આપી શકિયે, તે વિષે આ-પણે પોતાને પ્રશ્ન કરિયે તો, નિરાશ થઇ ચોપડી બંધ કરવાની આપણને ઘણીક વેળા મનસા થશે. જો અગ્નિદેવ વિષે અથવા સૂર્યમંડળના કોઇ બીજા દેવવિષે એમ કેહવામાં આવે કે તે 'ઇશ્વિરી સત્યનું પેહલું અવતરેલું બાળક' છે, તો એવાં ભાષાંતરથી કિયો સમજીશકાય એવો વિચાર નિકળે? સારા ભાગ્યે જે ફકરાઓમાં **ऋत** શબ્દ વપરાયલોછે તેની સંખ્યા પુરતી રહેલીછે, કે જેથી તે શબ્દની ધીમી વૃદ્ધિ અને તેનો અર્થ તપાસવાને બની આવે તેમ છે.

આવી જુની ઇમારતોને ફરીથી ઉભી કરવામાં બેશક ઘ-ણીક અટકળો ચલાવવી જરૂરનીછે, અને **ऋत** શબ્દના મૂળ પાયા વિષે અને પાછલા વખતની તે પાયાઉપર ઉઠાવેલી ઇમારત વિષે જે થોડાક વિચારો હું આપુંછું, તેઓને માત્ર અટકળ તથા પેહલા યત્ન કરતાં વધારે અગત્યના નહિ સમજવા.

ऋतनो प्रथम (मूळ) अर्थ.

सूर्य अने बीजा आकाशी पदार्थोनी नियमित गति दर्शाववाने हुं धारूं छुं के **ऋत** शब्द असल वपरातो हतो. ऋ क्रियापद जेनो अर्थ जोडेलुं, बेसाडेलुं, जडेलुं; अथवा गयेलुं, जवुं, जती वेळा पकडेलो मार्ग, एवो थइ शके; तेनो **ऋत** शब्द कृदंतछे. मने पोताने तो एमांनी बीजी व्युत्पत्ति रुचेछे, अने एज धातुं मने बीजा शब्द **निर-ऋती**मां जणायछे, के जेनो अर्थ जतु रेहतुं, पछी क्षय, विनाश, मृत्यु; तेमज वळी विनाशस्थळ, अतल अने वधारे पाछला वखतमां (अनऋतनी पेठे) नर्क अथवा दोजखनी माता, एवो थयो हतो.

आ उपर जणावेलुं गमन, स्वारी, रोजींदा मोटो प्रवास अथवा उदयथी ते अस्त पामतां सुधी सूर्ये पकडेलो मार्ग, के जे मार्ग वळी परोढियुं, दिवस तथा रात अने तेओना विविध रूपान्तरे पकडेलो मार्ग छे, अने जे मार्गमां आडे आववाने रात अने अंधकारमां शक्ति नथी, तेने थोडो वखतपछी सत्य गति, शुभ काम अने सीधो मार्ग गणवामां आवे.

तोपण **ऋत** विषे बोलतां वेदना कवियोना विचारमां सूर्यनी रोजींदी गति, अथवा सूर्यना मार्ग करतां जे मूळ स्थळथी ए मार्ग नक्की थयो हतो, एटले जे चोकस बींदु आगळथी सूर्य निकळीने त्यां पाछो आवेछे, ते हतुं ए स्पष्ट रीते मालम पडी आवेछे. आ माटे तेओ तेने **ऋत**ना मार्ग करी कहेछे; जेनुं भाषांतर मात्र **खरो मार्ग** एवुंज आपणे करी शकशुं; पण तेओना मनमां, जे बेमालुम शक्तिने तेओए **ऋत**ना नामथी मनमां समजवानो यत्न कर्यो हतो, ते शक्तिए मुकरर कीधेलो मार्ग हतो. जे आकाशमां सूर्य तेनी रोजींदी गति माटे निकळतो हतो, तेनी पेलीमेरेना पार विनानो तफावत, जे पूर्वदिशा दर सहवारे खुलो मुकती हती,

તે દિશા, **અદિતિ** એટલે અપાર દાખલ્ પેહલાં કેમ ગણાઈ હતી, તેની જો તમને યાદ હોયતો, તમે જાણીને વિસ્મય નહિ થશો કે **ઋત**, કે જે સૂર્યનો માર્ગ નક્કી કરનાર શક્તિ અથવા સ્થળછે, તે કોઇ કોઈ વેળા વેદમાં **અદિતિ**ની જગ્યા લેછે. જેમ પ્રાતઃકાલને **અદિતિ**નુ મુખ કેહવામાં આવ્યું, તેમ સૂર્યને **ઋત**નું તેજસ્વી મુખ કહ્યુંછે; એટલુંજ નહિ, પણ આપણને એવાં પણ નામસ્મરણ મળી આવેછે કે, જેમાં આ મહાન્ **ઋત** અદિતિ તથા આકાશ અને પૃથ્વીથી માત્ર બીજીજ પદ્વિ ધરાવેછે. દેખીતી રીતે **ઋત**નું રેહઠાણ પૂર્વદિશા છે, કે જ્યાં એક અતિપ્રાચીન કથાપ્રમાણે પ્રકાશ લાવનાર દેવતાઓ દર સહુવારે ચોરોની સંતાવાની અંધારી ગુફા ભાંગીને ખુલી મુકતા હતા, અને તેમાંથી ગાયો* એટલે દિવસોને બહાર લાવતા હતા; જેમ અંધારા તબેલામાંથી એક ગાય ધીમે ધીમે હીંડતી પૃથ્વી તથા આકાશનાં પ્રકાશિત બીડતરફ ચરવા જતી હોય, તેમ પ્રત્યેક દિવસ નિકળેછે એમ કલ્પના કરેલી છે. જ્યારે આ કલ્પનારૂપ બદલાયું, અને જ્યારે સૂર્ય સહુવારમાં પોતાના ઘોડા જોડીને સૃષ્ટિક્રમણ માટે પોતાનો રોજીંદો માર્ગ કાપેછે એમ ગણાયું, ત્યારે જે સ્થળે ઘોડાને છોડવામાં આવતા હતા તે સ્થળ **ઋત** કેહવાયું. કેટલીક વેળા એવું કેહવાયલુંછે કે પરોઢિયાં **ઋત**ના ઉંડા ગારમાં વસેછે, અને પરોઢિયાં કેવે પ્રકારે પાછાં મળ્યાં તેવિષે તેમજ રાત્રિના અંધારા કોઠારમાં સંતાડેલો ખજાનો પાછો મેળવવામાં પરોઢિયું (અરૂણોદય) પોતે ઇંદ્રને તથા બીજા દેવોને કેવે પ્રકારે મદદ કરતું તેવિષે ઘણીક વાતો કરવામાં આવેછે.

---

* દેખીતા આકાશમાંથી દ્રષ્ટિમર્યાદાંની પેલીમેરના ઉંડા તથા અંધારા ગારતરફ ધસડાઇ જતાં વાદળાંનો અર્થ આ ગાયો કેટલીકવેળા દર્શાવેછે.

સરમાની વાર્તા.

——oo——

ઘણી સારીપેઠે જણાયલી વાતોમાંની એક એવી છે કે, **સરમા**, એટલે દિવસનું ઝઝકળું (peep), તેને ઈંદ્રે ગાયો ક્યાં સંતાડેલી છે તે શોધવા મોકલી. જ્યારે **સરમાએ** ગાયોનું બરાડવું સાંભળ્યું, ત્યારે તે વાત ઇંદ્રને કેહવામાટે પાછી ફરી, અને પછી ઇંદ્ર ચોરોસાથે યુદ્ધ ચલાવીને, 'તે પ્રકાશિત ગાયોને બહાર લઇ આવ્યો. પાછળથી **સરમા** ઇંદ્રના કુતરાતરીકે લેખાયલી છે, અને તેના પુત્રોને **સારમેય** એવું લાક્ષણિક (Metronymic) નામ જે મળેલુંછે, તે પ્રોફેસર **કુહન**ના જણાવ્યા પ્રમાણે **હરમીયસ** અથવા **હરમીસ**ને મળતુંછે. આ નામ પ્રાચીન પુરાણોકત ઇતિહાસના અંધારા ઓરડામાં દાખલ થવાનો ખરો માર્ગ (પન્થાઋતસ્ય), તેના વિદ્યાર્થીઓને દેખાડવાના સાધનમાંનું એક પ્રથમ સાધન હતું. હવે આ **સરમા**, પરોઢિયાંની પ્રવૃત્તિ લાવનાર વૃદ્ધને '**ઋત** એટલે ખરે માર્ગે જવાથી અથવા **ઋત** એટલે ખરે સ્થળે જવાથી' ગાયો મળેલી કહેછે. એક કવિ કહેછે કે 'જ્યારે **સરમાએ** ખડકમાં ફાટ જોઈ, ત્યારે તેણે પેલા મોટા જુના માર્ગને એક બીંદુ તરફ લઇજાય એવો કીધો, પેલી ઝડપથી ચાલતી, રસ્તે આગળ ચાલી; અને તે અમર (ગાયો અથવા દહાડા) નો ઘોંઘાટ જાણતી હતી, તેથી પેહલવેહલી તેમની તરફ ગઇ'. (ઋગવેદ ૩, ૩૧, ૬)

ઉપલા શ્લોકમાં દેવો અને તેઓના સાથિયો, તે પેલા પ્રાચીન કાળના કવિયોએ, જે માર્ગ ગાયો પાછી મેળવવાના, એટલે દિવસનુ અજવાળું શોધવાના પેહલા યત્નમાં પકડયો હતો, તેને **ઋત**નો માર્ગ કહેછે; પણ વળી બીજે ઠેકાણે એવું જણાવેલુંછે કે ઇંદ્ર અને તેના મિત્રોએ ખરા માર્ગ **ઋત**ને ખોળી કાઢીને **વલ** નામના ચોર અથવા ગુફાને ચીરીને ટુકડા કરી નાખ્યો.

જે સ્થીર માર્ગ, ગ્રીક **પૉનટો**, ઉપરથી દેવો આકાશ અને પૃથ્વીને ઘણેજ મક્કમપણે સ્થાપી શકે તે આવશે એવી જ્યારે આશા

લાગી ત્યારે પણ પેલાં ખરાં, અચળ તથા **સનાતન સ્થળને** તેઓ સંભારેછે. **વરૂણને** આ પ્રમાણે બોલતો જણાવેલોછે કે **ઋતની** બેઠકમાં હું આકાશને ટેકો આપુંછું; અને આગળ ચાલતાં **સત્ય**, સાચાંની પેઠે, **ઋતને** જે સઘળું હયાતછે તેનાં મૂળ તરીકે સમજવામાં આવેલી છે.

ઋતના જે માર્ગ પ્રમાણે પરોઢિયું, સૂર્ય, દિવસ, અને રાત ચાલેછે તે ફરી ફરી આવ્યાં કરેછે, અને તેનું સાધારણ ભાષાંતર જે એકજ રીતે થઇ શકેછે તે સત્યમાર્ગ છે. આ પ્રમાણે આપણે પરોઢિયાંવિષે વાંચિયે છિયે:

ઋતને માર્ગે, ખરે માર્ગે જાયછે; જાણે આગમજથી તે માર્ગ જાણતી હોય તેમ હદ બહાર જતી નથી.'

તે પ્રાતઃકાલરૂપ સ્ત્રી જે આકાશ ઉપર જન્મેલી છે તે ખરા માર્ગ ઉપર ઉગી; પોતાની મોટાઇ દેખાડતી તે પાસે આવી. તેણે દુષ્ટ આત્માઓને તથા નિર્દય અંધકારને હાંકી કાઢયાં.'

સૂર્ય વિષે આ પ્રમાણે કહેલુંછે:

સવિતૃ દેવ, ખરા માર્ગ ઉપર મેહેનત કરે છે. **ઋતનું** (રણ)-શીંગડું અતીશય મોહોટાઇએ પોંચ્યુંછે; જેઓ સારી રીતે લડે છે તેનું પણ **ઋત** અટકાવી શકેછે.

જ્યારે સૂર્ય ઉગે છે ત્યારે **ઋતનો** માર્ગ કીરણથી ચોમેર વીંટળાયલો કેહવાયછે, અને **હેરીકલીતોસે** જણાવેલો પેલો વિચાર કે 'હેલિઓસ પોતાની હદ ઓળંગી જશે નહિ' તે ઋગ-વેદની એક ઋચામાં આ પ્રમાણે જણાય છે. 'સૂર્ય ઠરવેલાં સ્થળોને નુકસાન પોંહચાડતો નથી.' આ માર્ગ જેને **ઋતનો** માર્ગ કેહવામાં આવ્યો છે, તેને બીજે ઠેકાણે **ગાતુ** એટલે પોહળી ગતિ કેહવામાં આવી છે અને વળી **ઋતની** પેઠે આ **ગાતુ** એટલે ગતિ પણ સહવારને લગતા પ્રાચીન દેવતાઓની સાથે ગણેલી જોવામાં આવેછે*. દેખીતી રીતે જે માર્ગે દિવસ અને રાત મુસાફરી કરતાં કેહવાયછે તેજ

*ઋગ-વેદ ૩,૩૧,૧૫ ઈંદ્રએ સૂર્યને, પરોઢિયાંને, ગતિને, તથા અગ્નિને સાથે ઊત્પન્ન કીધાં.

આ માર્ગ છે. અને દહાડે દહાડે આ માર્ગ જેમ ફરવાતો જાયછે તેમ આપણે અશ્વિનો, દિવસ, રાત તથા એવાજ પ્રકારના દેવતાઓએ પસાર કીધેલા ઘણાક માર્ગોવિષે સાંભળિયે છિયે.

એમાં બીજું અગત્યનું લક્ષણ એછે કે, આ માર્ગ જે સાધારણ **ઋત**નો માર્ગ કરી કેહવાયછે તેને કેટલીક વેળા, વેદના પ્રાચીન દેવતાઓમાંહેના એક, રાજા **વરૂણે** સૂર્યને માટે બનાવેલા માર્ગ તરીકે ગણવામાં આવે છે. (૧,૨૪,૮); કાંકે એ ઉપરથી આપણને સમજ પડેછે કે જે નિયમને કેટલેક ઠેકાણે **વરૂણ**નો નિયમ કહ્યોછે તેને બીજે ઠેકાણે **ઋત**નો નિયમ શા માટે કહ્યોછે; તથા જેને બીજે ઠેકાણે **ઋત** કહી છે તેને, સર્વનો સમાવશકર્નાર આકાશના દેવ **વરૂણે** કેવી રીતે એક સ્વતંત્ર શકિત દાખલ નક્કી કીધેલી અથવા ઠરવેલી કોઇવેળા ધારવામાં આવીછે, તેની પણ સમજ પડેછે.

જ્યારે એક વખત એવું જાણવામાં આવ્યું કે સીધો માર્ગ અથવા સત્યમાર્ગ પકડ્યાથી દેવો અંધકારના બળ ઉપર ફાવી ગયાછે, ત્યારે તેઓના પૂજારિયો પણ તેજ સત્યમાર્ગે પોતાને પણ ચાલવાદેવા માટે અર્જ કરે તો તેમાં કાંઇ મોટી વાત નહિ. આ પ્રમાણે આપણા વાંચવામાં આવેછે: 'ઓ ઇંદ્ર **ઋત**ના માર્ગ ઉપર અમને દોરી લઇ જા,, સઘળાં સંકટ ઉપરથી સત્યના માર્ગ ઉપર.'

અથવા, 'ઓ **મિત્ર** અને **વરૂણ,** જેમ કોઈ વહાણમાં બેસીને સમુદ્ર ઓળંગી જાયછે, તેમ અમે તમારા સત્ય માર્ગે ચઢી સર્વ પાપ ઓળંગી જઇયે'. વળી એજ દેવો, **મિત્ર** અને **વરૂણ,** પેલી મહાન્ **ઋત**ની સ્તુતિ કરતા કેહવાયછે. બીજો કવિ કહે છે. 'હું **ઋત**ને માર્ગે સારી પેઠે ચાલુંછું' બીજા હાથ ઉપર કેહવામાં આવેછે કે દુષ્ટો **ઋત**ને માર્ગે આડા ઉતરતા નથી.

ઋત એટલે યજ્ઞ..

—— oo ——

જો આપણે યાદ રાખિયે કે હિંદુસ્થાનમાં પ્રાચીન કાળમાં કેટલા બધા યજ્ઞો સૂર્યની ગતિઉપર આધાર રાખતા હતા. તથા સૂર્યોદય, મધ્યાન્હ તથા સૂર્યાસ્ત વેળા નિત્ય યજ્ઞો કેમ થતા હતા; પૂર્ણિમા (પુનમ) અને ચાંદરાત ઉપર બલિદાન કેમ થતાં હતાં; અને ત્રણે ઋતુઓ તથા સૂર્યના અર્ધ–વાર્ષિક અથવા વાર્ષિક વેગ (ગમન) પછી ભોગો કેમ આપવામાં આવતા હતા, તો યજ્ઞ પોતે વખત જતાં **ઋત**નો માર્ગ કાં કેહેવાયો તે આપણે સારી પેઠે સમજી શકશું.

છેલે **ઋત**નો. સામાન્ય અર્થ નિયમ થયો. નદિયો, જેમને કેટલેક ઠેકાણે **ઋત**ને માર્ગે જતી કહેલીછે, તેઓને બીજાં મંત્રોમાં **વરૂણ**ના નિયમ અથવા રીતિપ્રમાણે ચાલતી જણાવીછે. એ સિવાય **ઋત**ના બીજા ઘણા અર્થો, અથવા અર્થના પ્રકારછે, પણ તે આપણા કામનેમાટે થોડાજ અગત્યનાછે. મારે બીજું એટલુંજ ઉમેરવુંછે કે, જે પ્રમાણે **ઋત**નો અર્થ જે કાંઇ સીધું, સારૂં અને સત્ય છે, તે દર્શાવનાર થયો, તેમજ **અનૃત** શબ્દ જે કાંઈ જુઠું, દુષ્ટ અથવા અસત્યછે તે દર્શાવવાને માટે વપરાતો હતો.

ઋતનો વિસ્તાર (ખીલવું).

—— oo ——

વેદમાંના આ **ઋત**વિષે, તમને કાંઇ સ્પષ્ટ વિચાર આપવામાં, એટલે કે આ જગતની, સૂર્યની, સહવાર અને સાંજની, દિવસ અને રાતની, સ્થીર સ્થાપેલી ગતિનો પ્રથમ અર્થ કેમ થયો; તે ગતિનું મૂળ છેક દૂર પૂર્વ દિશામાં કેમ ઠસી બેઠું; તેનાં સ્વરૂપ આકાશી પદાર્થોના માર્ગમાં, એટલે આપણે કેહવું જોઇયે કે દિવસ તથા રાતમાં કેમ માલમ પડયાં હતાં; અને જો સત્ય માર્ગ

ભાગી દેવો અધંકારમાંથી પ્રકાશ લાવ્યા તે માર્ગ માનસને થોડોક બલિદાન ક્રિયાને પ્રતાપે, અને થોડોક તેના સાધારણ નિતિ પ્રકારથી પકડવાને પાછળથી કેમ યોગ્ય થયો*—એ સઘળાંનો કાંઈ સ્પષ્ટ વિચાર આપવામાં હું સફળ થયોછું કે નહિ તે હું જાણતો નથી. આ પ્રાચીન ભાવનાને વિસ્તારી વર્ણન કરવામાં તમારે કાંઇ વિચારની અતિ ઘણી ચોકસાઇ કે સ્પષ્ટતાની આશા રાખવી ન જોઇયે. એમનામાં તેવું કાંઇ હતું નહિ અને તેવું કાંઈ હોય નહિ. અને આપણે જો આ કાવ્યરૂપી કલ્પનાઓને કરંડા વિચારના તરેહવાર વર્ગોમાં તાણી તોડીને મુકવાનો યત્ન કરિયે, તો આપણે હાથે તેઓની પાંખો તુટી જશે અને તેઓમાં જે જીવ (સત્ય) છે તે ભચડાઇને નિકળી જશે. આપણી પાસે તેઓ માત્ર માંસ, લોહી, અને જીવ વગરનાં, ખાલી હાડકાં રહી જશે.

ભાષાંતર કરતાં નડતી અડચણો.

——00——

આ જાતના સઘળા વાદવિવાદોમાં નડતી અડચણોનું કારણ એ છે કે, વિચારને પ્રાચીન રૂપોમાંથી અર્વાચીન રૂપોમાં બદલવો પડેછે, અને તેમ કરતાં કેટલોક બળાત્કાર અવશ્ય થઈ પડેછે. વેદના **ઋત** શબ્દ જેટલો લવચીક તથા કાર્યક્ષમતામાં પુરો, અને વિચારનાં નવાં નવાં રૂપ ઉભાંકરવામાં સમર્થ આપણી પાસે કોઈ શબ્દ નથી. જે કાંઈ આપણે કરી શકિયે તે એજ કે, બની શકેતો વિચારનું મધ્યબિંદુ શોધી કાઢવું, અને પછી તે બિંદુથી જુદીજુદી દિશાતરફ જતાં કીરણો પાછળ જવું. મેં જે યત્ન કર્યો છે તે એવોજ, અને તેમ કરતાં જો હું 'જુનાઉપર નવું વસ્ત્ર ઘાલવા' જેવું કરતો દેખાતો

---

* હિબ્રુ શબ્દ **યારાર**, કેજે **આરાર** એટલે આગળજવું ઉપરથી નિકળેછે તેની વૃદ્ધિ પણ એજ પ્રમાણે થયલી જોવામાં આવેછે. હિબ્રુમાં કેટલીક કલ્પિત કથાઓનું મૂળ આ **આરાર્** ધાતુમાંથી જન્મ પામેલુંછે.

હાઊં, તો હું એટલુંજ કહી શકું છું કે, મને બીજો માર્ગ સુઝતો નથી, સિવાય કે આપણે સઘળા સંસ્કૃત ભાષા, અને તે પણ વળી વેદનીજ સંસ્કૃત ભાષા, બોલવાનું કબુલ રાખિયે.

થોડુંક થયું એક મોટા અંગ્રેજ કવિ અને વિદ્વાને (Personal Jehova) શારીરિક સ્વરૂપવાળા ઇશ્વરવાળાં જુનાં **હિબ્રુ** મતનું ભાષાંતર 'એક નિરંતર શકિત, આપણે પોતે નહિ, જે સત્યતા તરફ જાયછે' એવાં અર્થના શબ્દોમાં કરવાથી તેને ઘણોક દોષ દેવામાં આવ્યો હતો. એવો વાંધો લેવાયોછે કે આવો અર્વાચીન, અને આવો કેવળ અંગ્રેજી વિચાર દર્શાવનાર કોઇ શબ્દ **હિબ્રુ**માં મળી આવે એ અસંભવિત છે. એ ખરૂં પણ હોય, પણ વેદના પ્રાચીનકાળના કવિયો જો આજ હયાત હોત, તથા તેઓ અર્વાચીન વિચાર પ્રમાણે વિચાર કરતા હોત, અને અર્વાચીન ભાષા બોલતા હોત, તો મારે કેહવું જોઇયે કે તેઓ પોતાના પ્રાચીન **ઋત**નું ભાષાંતર 'એક નિરંતર શકિત, આપણે પોતે નહિ, જે સત્યતા તરફ જાયછે' એમ કરવાનું મન કરત; જે વાત કાંઇ ઘણી અસંભવિત નહિ ગણાય.

શું ઋત સામાન્ય આર્ય ભાવના હતી ?

——oo——

એક બીજી વાત હજી નક્કી કરવાની રહેલીછે. આપણે જોયું કે વેદમાં **ઋત** શબ્દ વિચારના સર્વથી જુના પડને લગતો છે : હવે સવાલ એ છેકે **ઋત** કેવળ વેદને લગતોજછે કે, **દ્યૌસ્, ઝિયુસ** અને **જુપિતર**ની પેઠે આર્યપ્રજાની કોઈ સામાન્ય ભાવના હતી?

એ વિષે ખાતરીથી બોલવું કઠિણ છે. આપણા જોવામાં આવશે કે એકજ ધાતુ અર્ (ar) ઉપરથી નિકળેલા **લાતિન** તથા **જરમન** શબ્દોમાં સહજાત વિચારો હતા ખરા, પણ એવું દેખાડવાની પુરતી સાબીતી નથી કે વેદના કવિયોના **ઋત**ની પેઠે આ શબ્દો, આકાશી પદાર્થોની રોજીંદી, અડવાડીયાંની, માસિક અને વાર્ષિક

ગતિની કલ્પના ઉપરથીજ, અને બીજાં કશાં ઉપરથી, નિકળ્યા નથી.

સંસ્કૃતમાં **ઋત**સિવાય આપણને ઋતુઓને માટે સાધારણ શબ્દ **ઋતુ** મળેછે; કે જેનો અર્થ પ્રથમ વર્ષના નિયમસરનાં પગલાં અથવા હાલચાલનો થતો હતો. ઝંદમાં જે **રતુ** શબ્દ છે, તે પણ એજ 'ઋતુ' શબ્દ છે, પણ તેનો અર્થ એકલો **અનુક્રમ** થતો નથી, પણ વળી **અનુક્રમ** રાખનાર એવો પણ થાયછે.

સંસ્કૃત **ઋતુ** એટલે ઋતુ અને **ઋત** એટલે નક્કી થયલું, નિયમસરનું, તઓને, મુખ્યત્વે કરીને જ્યારે આકાશી પદાર્થોની ગતિ તથા પ્રાચીન યજ્ઞોના અનુક્રમના અર્થમાં લાગુ પાડેલા હોય, ત્યારે તેઓને લાતિન **રૈત** એટલે ધર્મ સંબંધી રેવાજ પ્રમાણે અને **રૈતસ** એટલે ક્રિયા અથવા ધર્મ સંબંધી ક્રિયાની રૂઢી તથા **ઋત** સાથે એકમળતા દેખાડવાને વારંવાર યત્ન કર્યામાં આવ્યો છે. પણ લાતિન **રૈ** સંસકૃત **ઋ** સાથે કદી એકમળતી થતી નથી, કારણ કે **ઋ**, **અર્** અથવા **ર**નું ટુંકું રૂપછે, અને તેટલામાટે તે લાતિનમાં **ઓર્** (or) **ઍર્** (er) **અર્** (ur) અને કવચીતજ **રે** (re) થાયછે.

તોપણ આપણા ધાતુ **અર્** અથવા **ઋ** સાથે લાતિન **ઑર્દો**નો સંબંધ દેખાડવામાં કાંઈ અડચણ દેખાતી નથી; અને **બેનફી**એ દેખાડી આપ્યુંછે કે **ઑરદો** તથા **ઑરદોનિસ** સંસકૃતના એક રૂપ **ઋ-ત્વન** સાથે એક મળતાં આવશે. **ઑરદિ-ચોર** એટલે વણવું, તેનો પ્રથમ અર્થ એવો. જણાયછે કે, કોઇપણ પદાર્થની સંભાળથી અને અનુક્રમથી કીધેલી ગોઠવણ, મુખ્ય કરીને દોરાના તારની ગોઠવણ.

ઋત શબ્દની સાથે લગભગ મળતોઆવતો શબ્દ લાતિનમાં **રાતસ્** (rătus)છે, વિશેષ કરીને જ્યારે અપણે ધ્યાનમાં લઇયે કે આ **રાતસ્** શબ્દ લાતિનમાં તારાઓની નિરંતર ગતિને પણ આગળ લાગુપાડયામાં આવતો હતો. મને એવો વિચાર જાયછે કે લાતિનનો આ **રાતસ્** શબ્દ ઉત્પત્તિમાં અને વળી અર્થમાં સંસકૃત **ઋત** સાથે એકમળતો છે, એટલુંજ કે વેદના

ઋતની પેઠે **ત** લાતિનમાં કદી પણ એક ધર્મસંબંધી ભાવનાના રૂપમાં ખોલ્યો અથવા ઠર્યોજ નથી. પણ જો કે હું આ વિચાર ધરાવુંછું, તોપણ હું તેથી જે અગવડો ઉભી થાયછે તે છુપી રાખવા માંગતો નથી. જો **ઋત** લાતિનમાં જળવાઈ રેહલો હતે, તો તે **અરતસ્, એરતસ્, ઑરતસ્,** અથવા **ઉરતસ્** થાત; પણ **રંતસ્**, કે વળી **રીતસ્** કે જે **ઈરીતસ્**, એટલે વ્યર્થ અથવા અસ્થીર, શબ્દમાં જોવામાં આવેછે, તે થાત નહિ. હું સાફ કબુલ કરંછું કે ધ્વનિ (અવાજ) ઉપરથી મુકાબલો કરવા પ્રમાણે (Phonetically) પ્રોફેસર **કહને** લાતિન **રાતસ્**ને સંસ્કૃત **રાત** સાથે એકમળતો **દ**ખાડ્યોછે, તે વધારે નિયમસર છે. પ્રોફેસર **કહન** તેને **રા** એટલે આપવું, ધાતુ ઉપરથી નિકળેલો જણાવેછે, અને જેમ, **દા** ધાતુ ઉપરથી લાતિનમાં **દાતમ્** તથા **રેદ્દીતમ્** નિકળેલાછે, તેમ **રા** ધાતુ ઉપરથી યથાનિયમ બરાબર **રાતમ્** તથા **ઈરિતમ્** આપણને મળવા જોઇયે. પણ પ્રો૦ **કહન**ની વ્યુત્પત્તિમાં જે અડચણ નડેછે તે તેના અર્થનીછે. **રાત**નો અર્થ **આપેલું** એવો થાયછે. અને જો કે તેનો અર્થ **બક્ષેલું**, આપી દીધેલુ, ઠરવેલું એવો પણ થાયછે, તથા જોકે ઝંદમાં પણ વળી **દાત** એટલે નિયમ, **દા** (ધા) બંને **આપવું** અને **નકકી કરવું** એ ધાતુ ઉપરથી નિકળેલોછે, તોપણ **કોરસેન**ના જણાવ્યા પ્રમાણે લાતિન **રાતમ્**નો અસલ અર્થ કદીપણ એવો થયો હોય તેનાં કાંઇ પણ ચિન્હો જણાતાં નથી.

વળી લાતિન **રાતસ્**ને સંસ્કૃત **ઋત** સાથે અવાજમાં એકમળતો દેખાડવામાં નડતી અડચણ નહિ ઓલંગાય એવી નથી. લાતિન શબ્દ **રાતીસ્**, એટલે તરાપો (તર), તેનો સંબંધ ઘણું કરીને સંસ્કૃત ધાતુ **અર્**, એટલે હલેસાં મારવાં, તેની સાથે તથા લાતિન **ગ્રેસિલિસ**નો સંબંધ સંસકૃત **કૃષ** સાથે દેખાડવામાં આવેછે. હવે ત્યારે જો લાતિન **રાતસ્** શબ્દ સંસકૃત **ઋત** શબ્દજ હોય, તો તેપણ અસલ આકાશી પદાર્થોની નિયમિત અને ઠરેલી ગતિને માટે લાગુ

પડ્યો હતો; તેમજ **ફોનસિદ્દરેરે ફોનોભગ્લેર** તથા એવા બીજા ઘણા શબ્દોની પેઠે તે પાછળથી એક વિશેષાર્થે વપરાતો બંધ પડ્યો હતો, એમ માનવાને દરેક કારણ છે. એમ જો હોયતો, આ વાત જાણવી મનોરંજક લાગશે કે, જ્યારે સંસ્કૃતમાં **ઋત**નો અર્થ આકાશી પદાર્થોના અનુક્રમ ઉપરથી, વખત જતાં, નીતિનો માર્ગ તથા સત્યતા થયો, ત્યારે **રાતસ્** જો કે તેજ મૂળો ઉપરથી નિકળેલોછે તોપણ લાતિન અને જરમનમાં તેનો અર્થ બુદ્ધિને લગતો નિયમ તથા વિવેક દર્શાવનાર થયો. કારણકે **રાતસ્** શબ્દનાજ ધાતુ ઉપરથી નિકળેલો, તથા તેની સાથે ઘણો નિકટ સંબંધ ધરાવનાર શબ્દ લાતિન **રેશિયો** છે; કે જેનો અર્થ ઠરાવવું, ગણવું, ઉમેરવું તથા બાદ કરવું, અને તર્કશક્તિ થાયછે, તથા વળી ગોથિક **રાથજો** એટલે સંખ્યા, **રાથજાન** ગણવું, તથા ઉત્તર જરમનીની જુની ભાષાના **રદ્જ** એટલે ભાષા, અને **રેદ્જોન** એટલે બોલવું, તે છે.

ઋત ઝંદમાં અશ (થાય) છે.

——oo——

પણ જોકે આપણને બીજી આર્ય ભાષાઓમાં વેદના **ઋત**ને બરાબર મળતો કોઈ શબ્દ જડતો નથી, અને તેટલામાટે તેને **દ્યૌસ્** તથા **ઝિયુસ**ની પેઠે આર્ય પ્રજાઓના પ્રથમ જુદા પડવાની આગમજના જેટલો પુરાતન ન ગણી શકાય, તોપણ આપણે દેખાડી શકશું કે તે શબ્દ અને તેથી ઉભીથતી ભાવના બંને, ઇરાનિયો, જેઓનો ધર્મ ઝંદઅવસ્તામાં આપણને જણાયેલોછે, તથા હિંદુઓ જેઓનાં પવિત્ર મંત્રો વેદમાં જળવાઇ રહેલાંછે, તેઓ એક બીજાથી છેલ્લા છુટાપડ્યા તે આગળનાં હયાત હતાં. ઘણો લાંબો વખત થયો એવું જણાયલુંછે કે આર્ય ભાષાની આ બંને શાખા, જે અગ્નિકોણ તરફ ફેલાયલી હતી, તેઓ બીજી સઘળી શાખાઓ,

જેઓએ વાવ્યકોણનો માર્ગ લીધો હતો, તેઓથી જુદા પડયા પછી ઘણો લાંબો વખત સુધી સાયેરહેલી હોવીજોઇયે: આ બે શાંખાઓમાં જે કેટલાક શબ્દો અને વિચારો સામાન્યછે તેમને મળતું કાંઇપણ બીજે કોઇ ઠેકાણે આપણા જોવામાં આવતું નથી. વિશેષ કરીને તેઓનાં ધર્મ અને સંસ્કારકર્મમાં વપરાતાં કેટલાંક નામો ખાસ ગણાઇ શકાય એમછે, તોપણ તેઓ બંને સંસકૃત અને ઝંદમાં મળી આવેછે. ઝંદમાં જે શબ્દ સંસકૃત **ઋત**ને મળતોછે, તે **અશ**છે. અવાજ ઉપરથી સરખાવી જોતાં **અંશ** શબ્દ **ઋતથી** ઘણો જુદો દેખાયછે, પણ **ઋત** શબ્દ ખરેખરો તો **અર્ત** છે અને સંસકૃત **ર્ત્** (rt) નો ઝંદમાં **શ્** (sh) થઈ શકેછે.*

અત્યારસુધી ઝંદમાંના **અશ**નું ભાષાંતર પવિત્રાઇ કરવામાં આવ્યુંછે. અને હાલના પારસીઓ હંમેશ તેનો આ અર્થ કબુલ રાખેછે. પણ એક ઘણા કાબેલ ફ્રેંચ વિદ્યાર્થિ મોં० દાર્મેસ્તેતરે જેમ થોડુંક થયાં દેખાડી આપ્યુંછે તેમ, તે શબ્દની આતો બીજી ઉત્પત્તિ છે; તથા જે અર્થ **ઋત**નો વેદમાં થાયછે તે અર્થ **અશ**ને લાગુ પાડ્યાથી અવસ્તામાંનાં ઘણાંક વાક્યો પેહલીજ વખતે પોતાનું ખરૂં લક્ષણ લેછે. (તેનો અર્થ બંધ બેસતો થાયછે.) આ વાત ના પાડી નહિ શકાય કે જેમ વેદમાં તેમ અવસ્તામાં **અશ**નું ભાષાંતર કેટલીકવેળા પવિત્રાઇ કરી શકાય; અને જયાં યજ્ઞો બરાબર કરવા માટે જણાવેલુંછે, ત્યાં તે ઘણીવેળા વપરાયલો છે. એવે ઠેકાણે **અશ**

---

* **અર્ત** તથા **અશ** બંને એકજછે એવું પ્રથમ દેખાડીઆપનાર દી લગરડે de Lagarde ('Gesammele Abhandlungen' p. 152) તથા ઓપાર્ટ ('Inscriptions des Achemenides' p. 105) હતા. હોગે તે કબુલ રાખ્યું હતું ('Das 18 Capitel des Vendidad Sitzungsberichte der Kgl. Bayer Akad der Wissenschaften' 1868. p. 526) અને હુબશમેને તેને ટેકો આપ્યો હતો. ('Ein Zoroasterisches Lied.' p.76) આ પ્રમાણે, સંસકૃત મર્ત્ય=ઝંદ મશ્ય; સં० પૃતના=ઝં० પેશના; સં० ભર્તર્=ઝં० બાશર્; સં०મૃત=ઝં० મેશ; સં० પેરેતુ=ઝં०પેશુ. સ્પીગલ ('Arische Studien' p. 33) આ માહેના કેટલાએકનું મળતાપણું ખોટુંછે એમ જણાવેછે અને તેઓનો જુદો રીતે ખુલાસો આપેછે. તોપણ સંસકૃત **ર્ત્** ઝંદ **શ્**માં બદલાઈ શકે એમ તેપણ કબુલ કરેછે.

ના અર્થ જેને 'સારા વિચારો, સારા શબ્દો, સારાં કામો' કરી કેહ-
વામાં આવેછે, તેમાં સમાઇ જાયછે. સારૂં એટલેકે ક્રિયાકામોમાં જે
સારૂં અથવા ખરૂં, યજ્ઞ કરવામાં એક પણ ચૂક કે ખોટા ઉચ્ચાર
વિનાનું તે છે. પણ કેટલાક વાક્યો ઉપરથી એવું માલમ પડેછે કે
જરથોસ્તને પણ કોઇએક **અનુક્રમ** અથવા **ઋત**ની હયાતી જણાઈ
હતી. સહુવાર, બપોર, અને રાત કેમ જાયછે, તથા જે નિયમ તે-
ઓને માટે ઘડીકાઢેલોછે તેને અનુસરીને તેઓ કેવી રીતે ચાલેછે,
તે વિષે વળી તે બોલેછે; સુર્ય અને ચંદ્રવચ્ચે ચાલતા પુર્ણ સ્નેહથી,
તથા જીવંત વિશ્વમાં જે એકત્વછે તેથી, દરેક જન્મના ચમત્કારોથી,
અને માતાપાસે પોતાના બાળકનેમાટે ખોરાક કેવી રીતે વેલાસર
મળી આવેછે, તેથી તેપણ સાનંદાશ્ચર્ય પામેછે. જેમ વેદમાં તેમ
અવસ્તામાંપણ જગત્ **અશ**ને અનુસરીને ચાલેછે, તથા સૃષ્ટિ **અશ**ની
ઉત્પત્તિછે એમ જણાવેલુંછે. દીનદારો (ધર્મભકતો) આ દુનિયાંમાં
પોતાની હયાતીમાં **અશ**ના રક્ષણ માટે પ્રાર્થના કરેછે, અને મરણ બાદ
સર્વથી ઉત્તમ આકાશ, જે **અશ**નું રેહઠાણછે, ત્યાં **ઓરમજદ**ને
જઈ મળશે. જે ખરો સુભકતછે તે **અશ**નો બચાવ કરેછે, અને
અશથી દુનિયાંમાં વૃદ્ધિ અને આબાદી થાયછે. દુનિયાંનો મોટામાં
મોટો નિયમ **અશ**છે, અને દીનદાર (ધર્મભકત)ની મોટામાં મોટી મનની
ઇચ્છા **અસવન** એટલે **અશ** ધરાવનાર, એટલે **અશો** થવાની છે.

આ ઉપરથી એવું દેખાડવું બસ થશે કે હિંદુઓ તથા ઇરા-
નિયો છુટાપડયા તે આગળ વિશ્વને લગતા કોઇ અનુક્રમની હયાતી
વિષે માનવામાં આવતું હતું, તથા તે અનુક્રમ તેઓના પ્રાચીન
સામાન્ય ધર્મનો એક ભાગ હતો, અને તેટલામાટે અવસ્તાના સ-
ર્વથી પુરાતન ગાથા કરતાં વધુ પુરાતન, અને વેદના સર્વથી પુરાતન
મંત્ર કરતાં વધુ પુરાતન તે હતો. તે પાછલા વખતની અટકળનું
પરિણામ ન હતું, તેમજ જુદા જુદા દેવોને માન્યા પછીજ અને આ
સૃષ્ટિઉપર તેઓનો વધતો ઓછો સ્વતંત્ર (આપખુદ) અમલ આખર
થયા પછીજ, તે માત્ર બહાર પડયો નહતો. નહિ, તે (અનુક્રમ) દક્ષિણ

તરફ વસનારા આર્યલોકના પ્રાચીન ધર્મમાં સઘળે વ્યાપી રહેલું એક અંતર્જ્ઞાન હતું, અને તેઓના ધર્મનું ખરૂં તોલ કરવામાટે પરોઢિયાંની, અગ્નિની, ઇંદ્રની તથા રૂદ્રની સઘળી વાર્તાઓ કરતાં તે અત્યંત અગત્યનું છે.

ઋત એટલે દુનિયાંનેલગતા એક અનુક્રમવિષે માનવું તે 'સૂર્ય પોતાની હદબાહર જશે નહિ,' એવાં મત કરતાં પ્રથમ કાંઇ વધારે નહોત તોપણ એ મત ધરાવવો એટલે શું? તેનો સહેજ વિચાર કરો. જેટલો ભેદ જુના વ્યવસ્થા અને અનુક્રમવચ્ચે છે તથા જેટલો ભેદ દૈવના આંધળા ખેલવચ્ચે તથા સમજપડે એવા અને તેટલા માટે જ્ઞાની દેવાનુસંધાન વચ્ચે છે, તેટલો ભેદ એમાં છે. આજેપણ કેટલાં બધાં મનુષ્યો, જ્યારે બીજી સર્વ પદાર્થોથી પોતાની ખાતરી કરવામાં નિરાશ થયાં છે, જ્યારે તેઓ પોતાની બાળ્યાવસ્થામાં મજબુત ઠસેલા અને ખાતરજમા કરનારા વિચારો તજી બેઠાછે, જ્યારે માનસવિષેનો તેમનો ભાવ બગડી ગયોછે, જ્યારે જે સઘળું આપસ્વાર્થિ, નીચ, તથા અઘોરછે, તેના બહારના દેખાતા જયથી તેઓએ સત્યતા, સદાચાર તથા નિષ્કપટના પક્ષનેમાટે વધારેવાર લડવાનું, ક્યાં નહિતો આ દુનિયામાં નકામું ગણીને છોડી દીધુંછે, ત્યારે હું કહુંછું કે કેટલાં બધાંઓને પોતાનું છેલું સુખ અને છેલી શાંતી **ઋત** ઊપર—આ દુનિયાના અનુક્રમ ઊપર—મનન કરવાથી મળ્યાં છે? પછી તે અનુક્રમ તારાઓની અવિકારી ગતિમાં જણાયો હોય, કે નાનામાં નાના forget-me-not એ નામનાં ફુલની પાંખડી, દોરા, અને પુષ્પ ગર્ભતંતુઓની એકની એક અમુક સંખ્યામાં માલમ પડયો હોય. કેટલા બધાઓને એમ લાગ્યુંછે કે, આ વ્યવસ્થાને લગતા—સૃષ્ટિના આ સુશોભિત અનુક્રમને લગતા હોવું એ, જ્યારે બીજી દરેક વસ્તુ નિષ્ફળ ઉતરીછે, ત્યારે તેઓનેમાટે કાંઈ આધાર લેવાજોગ, વિશ્વાસ રાખવા જોગ માનવા જોગ છે. આપણને **ઋત**નો, એટલે દુનિયામાંના નિયમ અને અનુક્રમનો આ આભાસ ઘણો થોડો લાગે; પણ પૃથ્વિઉપરના આગલા રેહવાસિયો, જેઓને બીજાં કશાંનો ટેકો નહુતો,

તેઓને મન તે સર્વજ હતો:—તેઓના તેજસ્વિ આત્માઓકરતાં, તેઓના દેવોકરતાં વધારેસરસ, અગ્નિ અને ઇંદ્રકરતાં વધારે સરસ હતો; કારણકે જો તે એક વખત તેમનાં જાણવામાંઆવ્યો, એક વખત સમજવામાંઆવ્યો, તો પછી તેને તેમનાં મનમાંથી કદી કાઢીશકાય એમ નહોતું.

હવે ત્યારે આપણે વેદઉપરથી જે શિખ્યાછિયે તે આ છે, કે હિંદુસ્થાનમાં આપણી જ્ઞાતના પૂર્વજો પોતાની ઇંદ્રિયોથી, નદિયો, અને પહાડોમાં, આકાશ અને સૂર્યમાં, ગર્જના અને વરસાદમાં, વધતી ઓછી જણાતી ઇશ્વરી શક્તિયોને માત્ર માનના હતા. એટલુંજ નહિ, પણ વળી તેઓની ઇંદ્રિયોએ સઘળા ધર્મોનાં બે અતિઆવશ્યક તત્વો સૂચવ્યાં હતાં, એટલેકે અનંતની ભાવના અને નિયમ તથા અનુક્રમની ભાસના, કે જેમાંની એક, અરૂણોદયનીપછવાડે સોનેરી વર્ણના સમુદ્રમાં અને બીજી સૂર્યની રોજીંદી ચાલમાં પ્રકટી નિકળતી, તેઓને જણાતી હતી. આ બે ઇંદ્રિયજ્ઞ પદાર્થો, જેને મોડે વેહલે દરેક માનસે મનમાં ઉતારવા જોઇયે, તેઓ પ્રથમ એક પ્રેરણા સિવાય કાંઇક વધારે નહતા, પણ તેઓનું ચાલક બળ જયાંસુધી આપણી જાતિના વડીલોના મનઉપર 'સઘળું સીધુંછે' એવી મજબુત અને જતીનરહે તેવી અસર કીધી તથા 'સઘળું સીધું થશે' એવી આશા અને આશા કરતાં કાંઇક વધારે તેઓના દિલમાં ઉત્પન્ન કીધું, ત્યાં સુધી સ્વસ્થ થયું નહિ.

ઈષ્ટેશ્વરમત, અનેકેશ્વરમત, એકેશ્વરમત, નિરીશ્વરમત.

શું એકેશ્વરમત ધર્મનું એક પ્રથમ રૂપ છે?

———oo———

વેદમાં આવેલા મુખ્ય દેવતાઓનાં મૂળ અને વૃદ્ધિ કેટલાં રીતાનુસાર, કેટલાં સમજીશકાય તેવાં અને કેટલાં અનિવાર્ય છે, તેવિષે જો તમે વિચારકરશો તો તમે કદાપિ મારા વિચારને મળતા થશો કે, મનુષ્યજાતિનો પેહલો ધર્મ એકેશ્વરમત કે અનેકેશ્વરમતનો હતો, એવા આખા વિવાદ વિષે કાંઈ નહિતો જેટલું હિંદુ પ્રજાને કે વળી હિંદુસ્તાનથી યૂરપમાં જઈવિસેલી પ્રજાઓને લાગતું વળગતું છે, તે જોતાં ભારે તકરાર ચલાવવી યોગ્ય નથી.*

આ સવાલ કોઈપણ દિવસે ઉભો થયો હોત એવિષે મને શક છે, સિવાય તે કોઇ બીજા મતના પરિણામ દાખલ આપણે હાથઆવ્યોહોત નહિં, કે જે મત યૂરપના મધ્યયુગમાં ઘણું સાધારણ હતું, અને તે એકે, ધર્મનો આરંભ પેહલે પ્રથમપ્રકટિકરણથી થયોછે, જે પ્રથમ પ્રકટિકરણ વિષે કોઇ બીજી રીતે તર્ક બાંધી ન શકાય, પણ એકજ રીતે, અને તે એકે એ પ્રકટિકરણ એક સત્ય અને પૂર્ણ ધર્મનું, અને તેટલાજમાટે એકેશ્વરમતનું હતું. એ પ્રથમ ઉતપત્તિના એકેશ્વરમતવિષે એમ ધારવામાં આવે છે કે તેને યાહુદી લોકેજ માત્ર જાળવી રાખ્યું હતું, અને બીજી

---

* અસલ એકેશ્વરમતને હું સ્વિકારનાર હોઉં એમ કેટલીકવેળા ટાંકી દેખાડવામાં આવ્યું છે. પણ એ મત હું કેવા અર્થમાં લઉં છું તે આગળ આવતા ટીકાઓ ઊપરથી અને મુખ્ય કરીને પૃષ્ટ ૨૭૩ ની ૭ મી ઓળ ઊપરથી જણાશે.

સઘળી પ્રજા તે મતનો ત્યાગ કરી અનેકેશ્વરમત અને મૂર્તિપૂજા સ્વિકારી બેઠી, જે હાલતમાંથી પાછલા વખતમાં તે પ્રજાએ પાછી ફરી ધર્મને અનુસરતાં અથવા તત્વશાસ્ત્રને અનુસરતાં એકેશ્વરમતનો વધારે સ્વચ્છ અને પ્રકાશિત માર્ગ પકડયો.

આ કેવળ આધારરહિત તર્કોમાંના કોઇએક નિરાધારતર્કનું પણ ખંડણ કરતાં કેટલો વખત વહીજાય છે તે જોતાં, આપણને આશ્ચર્ય લાગે છે. એ મતોનું વારંવાર ખંડણ, થયું. હોય; ઉત્તમ ધર્મ-શાસ્ત્રિયો અને પંડિતોએ કાંઇક મુદતથી કબુલ રાખ્યું હોય, કે એ મતોનો કોઈપણ જાતના દ્દઢ પાયા ઉપર આધાર નથી; તોપણ એ મતો, જ્યાં આપણે તેમની મળી આવવાની વકી રાખતા નથી, ત્યાં, જેમકે પ્રમાણનેમાટે વપરાતાં પુસ્તકોમાં અને વધારે દુ-ર્ભાગ્યે, નિશાળોમાં વપરાતાં સાધારણ પુસ્તકોમાં, નિકળી આવે છે, અને એ રીતે આ નકામાં ઝાડવાં ચોમેર રોપી દેવામાં આવ્યાંછે, જે સઘળે સ્થળે ઉગીનિકળેછે, અને જે ખરા ઘઉંના કયારા છે તેને જાણે ઢાંકી નાખે છે.

ભાષા વિદ્યા અને ધર્મ વિદ્યા.

———00———

આ બાબદમાં ભાષા-વિદ્યા ધર્મ-વિદ્યા સાથે ઘણી વાતે મળતી આવે છે. **બૈબલ** અથવા કોઈ પણ એવાં બીજાં મૂળ લખાણ તરફની કાંઇપણ સત્તાવિના, અને એટલુંજ નહિ પણ, આવા અનુમાનથી શું સમજવું તેનો કાંઇપણ સાફ ખુલાસો કર-વાની શકિતવિના ઘણા પ્રાચીનકાળના અને વળી અર્વાચીન કાળના ગ્રંથકર્ત્તા પણ એવું ખાતરીપૂર્વક મત આપી ગયાછે, કે ભાષાનું મૂળ પણ (ધર્મ પેઠે) પ્રથમપ્રકટિકરણમાંથી નિકળ્યું છે. એટલું કહ્યાપછી ઉપલા લખનારનું બીજું કેહવું એ હતું, કે આ પ્રથમકાળની ભાષા તો **હિબ્રૂજ** હોવી જોઇયે; તથા

બીજું એ કે, બીજી સઘળી ભાષાઓ **હિબ્રી**માંથીજ નિકળેલી જોઇયે. **ગ્રીક** અને **લાતિન**, **ફ્રેન્ચ** અને **ઈંગ્રેજી** એ સઘળી ભાષાઓ **હિબ્રી**માંથી નિકળી છે એવું સિદ્ધ કરવા સ્થૂલ પુસ્તકો રચવામાં જે વિદ્વતા અને ચતુરાઇ વપરાઈ છે, તે કાંઇ વિલક્ષણ વાત છે. તો પણ જ્યારે એવું જણાયું કે ગમે તેમ તાણીતુશીને **હિબ્રી** પાસે એવું મનાવી ન શકાયું કે 'હું આ સઘળી ગુણક્ષીણ પુત્રીની માતા છું,' ત્યારે આ ફરીફરી કરેલા યત્નોનું પરિણામ નિષ્ફળતામાંજ આવવાથી મનુષ્ય ભાષાનાં મૂળ અને વૃદ્ધિના સંબંધમાં સઘળીમળી આવતી સાક્ષીનો નિઃપક્ષપાત સંગ્રહ કરી, એકવાર ફરી તપાસ લંબાવવો અવશ્યની લાગી. આ સંગ્રહ, જેને આપણે ભાષાનો ઇતિહાસમાર્ગે ચલાવેલો અભ્યાસ કહિયે છિયે, તે ઉપરથી તુરત દુનિયાંનો મુખ્ય ભાષાની જાતો પ્રમાણે વર્ગ કીધામાં આવ્યા, જેમ કરતાં **હિબ્રી**ને તેની ખરી જગ્યા બીજી સેમિતિક ભાષાઓની બાજુએ મળી; અને ભાષાના મૂળના સવાલે તો એક કેવળ નવાજ સવાલનું રૂપ લીધું, તે એકે, મનુષ્ય ભાષાની મોટી શાખાઓમાંની પ્રત્યેકમાં જે ધાતુ અને અસલ વિચારો આવેલા છે તેમનાં મૂળ શું? ભાષાવિદ્યાનો દાખલો લઈ તપાસતાં ધર્મવિદ્યાના અભ્યાસિયો પણ એને ઘણેએક મળતે પરિણામે પોંહોચ્યા. દુનિયાંના ધર્મો કાંતો યાહુદી ધર્મના અપભ્રંશ છે, કાંતો યાહુદી ધર્મનીસાથે કોઇ પૂર્ણ પ્રથમપ્રકટિકરણમાંથી નિકળ્યાછે, (ધર્મજ્ઞાન ઇશ્વિરતરફથી પ્રથમ કોઇ માર્ગે પ્રકટથયું) એવા તેઓવિષે આગળથીજ વિચાર બાંધીને તે ધર્મોનો અભ્યાસ આરંભવાને બદલે, ઉપલા અભ્યાસિયોએ દીઠું કે એ તો અમારો ધર્મ છે કે દુનિયાંનાં ધર્મપુસ્તકોમાં, અથવા જુદી જુદી મનુષ્યજાતિનાં પુરાણોક્ત ઇતિહાસ, રીતભાત અથવા વળી ભાષામાં પણ ધર્મવિચારનો અસલ ઇતિહાસ જે કાંઈ આજ સુધી મળી આવે, તેસંબંધી સઘળી સાક્ષી એકઠી કરવી. ત્યારપછી જેટલા સાહિત્ય આજ સુધી એકઠા થયા છે તેનો તેઓએ એક જાતિપ્રમાણાર્થે કોઠો કર્યો, અને ત્યારપછીજ તેઓએ જુદા

જુદા ધર્મોનાં મૂળ, એટલે જે અસલ ખ્યાલોથી તેમનો પાયો રચાયો છે, અને તે સઘળાંની પૂર્વે જે અનંત છે, તે વિષેનો ખ્યાલ કેવી રીતે ખીલવવાને શક્તિમાન થયા હશે, તે શોધી કાઢવાની પેરવી કરી, ધર્મના મૂળ સંબંધી સવાલ ઉપર લક્ષ આપ્યું; જેમ કરવામાં એક કોરે ઇંદ્રિયજ્ઞાન અને બીજી કોરે સૃષ્ટિ આપણી આસપાસ ઊભીછે તે બે સિવાય કાંઈ ત્રીજી વાત આગળથી સ્વિકારી નહિ.

આ બે વિદ્યાઓમાં એક બીજું મળતાપણું છે. એતો સારી પેઠે જાણીતું છે કે ભાષામાં સદા વધવાનો અને વિસ્તાર પામવાનો ગુણ છે, અને વિસ્તાર પામતી વેળા જે વાત અવશ્ય છે, કે જેજે વપરાઇ રહેલું અને અપભ્રંશ થયલું, તે સઘળું કાઢીનાખવું, તેજ પ્રમાણે ધર્મનો ઇતિહાસ પણ સદાનો વધારો અને વિસ્તાર દેખાડતો આવ્યો છે, અને તેની આખી હયાતીજ ભ્રષ્ટ થયલાં તત્વોને તજી દેવામાંજ સમાયલી છે, જેમ થવું અવશ્યનું છે; કારણ, જે કાંઈ હજી નીરોગ અને સજીવ છે, તે વધારે સારી રીતે જળવાઈ રહે, અને તેજ વખત વળી જે અખુટ ભંડારમાંથી સઘળા ધર્મ નિકળે છે તેમાંથી નવી વળાણોને આવવાને માર્ગ મળે. જે ધર્મ અવિકારી, તે જાણે કોઈ બોલાતી બંધ પડેલી ભાષા જેવો છે, જે ભાષા થોડોક વખત પોતાનો પૂર્ણ અમલ ચલાવેછે, પણ છેલે સરવાળે લૌકિક ભાષાના બેમાલુમ સંબંધથી તથા લોકમત, જેને વારંવાર ઇશ્વરનું પોતાનું મત કેહવામાં આવ્યું છે, તેથી તે ભાષાને બળાત્કારે હાંકી કાઢવામાં આવે છે.

વળી કોઇપણ "સહજન્મ-ભાષા" એવું નામ હવે વધારે વાર બોલતું નથી—કારણ એ વાક્યનો શો અર્થ કરવો તે આપણે ભાગ્યેજ જાણિયે.—તેજ પ્રમાણે એવો પણ વખત આવશે જ્યારે "સહજન્મ-ધર્મ" એમ બોલવું તે પણ આવીજ રીતે નહિ સમજાય તેવું પ્રમાણ થઈ પડશે. આપણે હવે જાણિયે છિયે કે એક મનુષ્યે પોતાના મોંઢ઼ઉપરના પરસેવથી (શ્રમથી) દરેક વસ્તુ જીતવાની છે, તોપણ આપણે એ પણ જાણિયે છિયે કે જ્યાં જ્યાં

તેણે યથાર્થ મેહનત કરી હોય, તે તે જગ્યાએ તેને માત્ર કાંટો કચરોજ માત્ર મળ્યો નહિ હોય, પણ તેનો નિર્વાહ ચાલે એટલે ખોરાક મળ્યો હશે, જો કે તેણે આખા જન્મારાસુધી ઉદાસીવચેજ ભોજન કરેલું કેહવાય.

એ તો સમજવું સેહલું છે કે, જો એક સંપૂર્ણ વ્યાકરણ અને શબ્દકોશ એકાએક સ્વર્ગમાંથી ઉતરી આવ્યાં હોય, તોપણ જે પ્રાણિયો પોતાની ભાસનાને વધારી ભાવના બનાવવાને અશક્ત હતા, અને જેઓને એક ભાવનાં સાથ બીજીને શો સંબંધ છે તેની ખબર નહોતી, તેવા પ્રાણિયોને છપલાં દેવદત્ત વ્યાકરણ અને શબ્દકોશ નિરૂપયોગી થઇ પડત. એ તો માત્ર કોઇ પારકી ભાષા જેવું થાત, અને જેને પોતાની ભાષા સમજવાનું ઠેકાણું નહિ, તે પારકી ભાષા શું સમજવાના? આપણે બહારની સહાયતાથી પારકી ભાષા સમજી શકિયે. પણ ભાષા અને ભાષા એટલે શું તે તો નિજ-અંતરથી સમજવું જોઇયે. એજ પ્રમાણે ધર્મ સમજવો. કોઇ ખ્રિસ્તિ-ધર્મ-કથાદૂતને પુછો, કે જે લોકોને ધર્મ શું તેનો વિચાર નથી તેમની આગળ ખ્રિસ્તિ ધર્મના ભેદ પૂર્ણ રીતે સમજાવી શકશો? તે ઘણું કરે તો એટલુંજ કે તુચ્છમાં તુચ્છ જંગલિયોમાં પણ જે થોડાં ઘણાં ધર્મનાં મૂળ છે તે શોધી કાઢે, જો કે એ મૂળ કદાપિ ધ્રુવના ઉંડા પડોમાં છુપાયલાં હોય. આ મૂળિયાં જે ઝારવાંથી સુકાઇ ગયાં હોય તેને તોડી નાખી તેમને ફરી ઉગાડે, અને પછી જે જમીનમાંજ માત્ર ધર્મનાં સ્વાભાવિક બીજના પોલા ઉગે તે જમીન ફરી એક ચઢતા પ્રકારના ધર્મનાં બીજની વાવણીમાટે તથા એ બીજને પુષ્ટિ આપવાને માટે યોગ્ય થાય, ત્યાંસુધી ધીરજથી ઉભો રહે.

ઇશ્વરવિષેની ભાવના.

——00——

આ વૃત્તિથી આપણે ધર્મના અભ્યાસ માંડિયે તો ધર્મ પેહલાં એકેશ્વરમતનો કે અનેકેશ્વરમતનો હતો, એ સવાલ આપણને કદી નડનાર નથી. જ્યારે માનસ એક વેળા વિચારના કોઇ આવાં સ્થળસુધી આવી લાગ્યોછે, કે જ્યાં તે કોઇક વસ્તુ, પછી તે એક હોય કે વધારે, તેને **ઇશ્વર** કહી શકે, ત્યારે સમજવું કે તે અરધાથી વધારે માર્ગ કાપી ચુકયો છે. તેને **ઇશ્વર** એ ભાવ તો મળ્યો છે, અને હવે માત્ર જે વિષયોને તે હવે પછી યથાર્થ લાગુ પડે તે માત્ર શોધી કાઢવું રહ્યું છે. આપણે જાણવાનું એ છે કે, માનસ પેહલવેહલો ઇશ્વરી અંશનો વિચારકરવા કેમ શિખ્યો, અને એ વિચાર કયાં મૂળ તત્વોને આધારે એણે બાંધ્યો. આ પછીનો સવાલ તો એ આવશે કે, માનસ આ અથવા પેલી વસ્તુ, જે એક છે અથવા અનેક છે, તેમાંનો ઇશ્વરી અંશ નિશ્ચયે બોલવાને કેમ શકિતમાન થયો. ધર્મ વિષે* લખાણ કરનાર ગ્રંથકારો કહે છે કે "અસલના માનસો સૃષ્ટિના જે મહાન પદાર્થો તેમની આસપાસ પથરાયલા છે તેમને ઇશ્વર કરી માનતા." ઉપલા લખનારા ભલે એમ પણ કહે કે, અસલના લોકો સુગંધી મસાલો ભરવા માટે (મમઇ કરવા) તેઓ પાસે **મમ** અથવા મીણ હતું તે પેહલાં તેઓ પોતાનાં મરદાંને મીણ—મશાલાથી જાળવી રાખતા હતા.

---

* પ્રાચીન કાળના આર્યોની ધર્મવિષયક લાગણિયો ગમે એવી મજબુત હોય, અદ્ભૂત વિષેની તેઓની સમજ ગમે એવી તીક્ષણ હોય, અને એટલા માટે જે મહાન્ કુદરતી પદાર્થો તેઓની આસપાસ પથરાયલા તથા પોતાના મહત્વથી ધ્રુજાવી નાખતા હુતા તેમને **ઇશ્વર કરી માનવાને** ગમે એવી ભારે ઉત્કંઠા તેઓને થઇ હોય, એમ આપણે વિચારિયે, તોપણ આ તો સ્પષ્ટ છે કે આ પદાર્થોથી તેઓની લાગણી ઊપર જે જે ઐન્દ્રિય (physical) અસર થઇ હતી, તે જેમ પેલા પદાર્થો વધારે વધારે નજર પડતા અને હરકત કરતા તેના પ્રમાણમાં હજી વધારે હોત; અને માટેજ આકાશ, પૃથ્વી, સૂર્ય, ઇ૦ જો કે, **દેવતા** ગણાતાં હતાં, તોપણ સ્વાભાવિક રીતે **ઇશ્વરી** ગુણ તેમનામાં છે એવું મનાતું હતું, તે ગુણદર્શક નામો કરતાં કુદરતી રીતે તેમનાં બહારનાં વિલક્ષણ નામો તેમને આપવામાં આવે.

વેદથી મળતાં નવાં સાધન.

———oo———

હું કોઇ એવા લખનારમાંનો એક નથી કે જેઓ માનેછે કે ધર્મવિશ્વાસસંબંધી આ અને બીજાં સઘળાં સિદ્ધાંતનો ખુલાસો વેદથી મળેછે.

ધર્મ જેવી રીતે હિંદુસ્થાનમાં વિસ્તાર પામ્યો, તેવીજ ચોકસ રીતે સઘળી પ્રજાના ધર્મનો પ્રસાર થયો એમ માનવું, તેનાં કરતાં બીજી વધારે મોટી ભુલ કાંઇ ન હોય. એથી ઊલટું, ધર્મશાસ્ત્રમાં આ અન્યોન્ય તુલનારૂપ અભ્યાસ કરવાનો મુખ્ય લાભ તો એ છે કે, એમ કરવે આપણે જોઈશકુયે કે કેટલે જુદેજુદે માર્ગે એકજ આશયે પોંહચી શકાય, અને પોંહચી શકાયુંછે. હું જે ખાતરીથી કેહવા માગુંછું તે એટલુંજ કે, ધર્મ માત્રના પ્રસારણનો વેદ એક પ્રવાહ છે, અને તે એક ઘણો અગત્યનો પ્રવાહ છે; અને કોઈ પણ આગળથી સ્વિકારેલા વિચાર મનમાં રાખ્યાવિના જો આ વિષયનો આપણે અભ્યાસ કરિયે, તો હિંદુસ્થાનના આર્યલોકોનો પેહલો ધર્મ સાધારણાર્થે એકેશ્વર મતનો હતો, એવો સવાલ મારા મનને કેવળ અર્થરહિત દીસેછે.

ઇષ્ટેશ્વર મત.

———oo———

વેદકાળના હિંદુઓમાં વેદકાળની જે સૌથી પ્રાચીન રૂઢી હતી તેને માટે જો આપણને એક સાધારણ નામ જોઇતું હોય તો, તે નામ એકેશ્વર મત નહિ, કે વળી અનેકેશ્વર મત નહિ, પણ માત્ર ઇષ્ટેશ્વર મત જાણવું, એટલે કે એકલ વસ્તુઓ, પછી તેઓ અર્ધસ્પર્શ્ય હોય કે અસ્પર્શ્ય હોય, તેનાઉપરનો ભાવ અને તેની પૂજા; જે વસ્તુઓમાં માનસે પેહલવેહેલાં અદૃષ્ય અને અનંત (ઈશ્વર)ની સમક્ષતા કલ્પી; અને જે વસતુઓમાંહેલી દરેક આપણે આગળ જોઈ ગયાછિયે તેમ અંતવાન, સ્વાભાવિક અને કલ્પિશકાય એવી

નહિ, પણ એથી કાંઇક વિશેષ ગુણવાળી ગણાઇ; અને એ પ્રમાણે સરવાળે કોઈ વસ્તુ **અસૂર**, એટલે જીવતી ગણાઇ, તો કોઈ **દેવ** અથવા પ્રકાશિત આત્મા થયો, અને કોઇ **અમર્ત્ય**, એટલે નમરે તેવી, અને પાછળથી એક અમર અને અનાદિ આત્મા થયો. ખરૂં જોતાં દરેક પદાર્થ એક ઇશ્વર થયો, જેમાં મનુષ્યબુદ્ધિ પોતાની વૃદ્ધિનાં તરેહવાર રૂપમાં જે પ્રૌઢમાં પ્રૌઢ ગુણો કલ્પિશકે તે સઘળા સમાયલા હતા.

ધર્મવિષયક વિચારના આ રૂપનું જેટલું **વેદથી** અવલોકન થાય છે, તેટલું બીજા કશાથી નહિ થાય; ખરૂં પુછો તો **વેદ**વિના બીજે કોઈ ઠેકાણે એની સત્તાની પણ આપણને ભાગ્યેજ ખબર પડત.

સૂર્ય, તેનો સ્વાભાવિક વર્ણ.

વિશ્વના પદાર્થો આ રીતે બદલાઈ અલૌકિક કેમ થયા, અને છેલ્લે વળી તે બદલાઇ દેવતાઈ શકિતઓ કેમ થઇ ગયા, તેના દાખલા માટે આપણે સૂર્ય લઇયે. સૂર્યનાં નામ ઘણાં છે, જેવાંકે **સૂર્ય, સવિતૃ, મિત્ર, પૂશન્, અદિત્ય,** આદિ. આમાંનું હેરેક નામ સચેતન વ્યકિતરૂપ પોતાની મેળે કેવું ધારણ કરેછે, તે તપાસી જોવું મનોરંજક છે; અને વેદધર્મનો અભ્યાસ કરતાં બને તેમ દરેક નામને બીજાંથી નિરાળું રાખવું. એ ઘણુંજ અવશ્યનું છે. એમછતાં પણ આપણી મતલબનેસારૂ વધારે અગત્યનું તો એ છે કે, એ સઘળાં નામો એક સામાન્ય મૂળમાંથી કેમ ફૂટી નિકળી ડાંખળાં પેરે પથરાય છે; કે જેઓ પેહલાં તો એકજ વસ્તુની માત્ર જુદે જુદે સ્થળેથી દેખાતી આકૃતિ દેખાડવાને માટે હતાં

સૂર્યને તમે સૂર્ય, સવિતૃ, મિત્ર, પૂશન્, કે અદિત્યને 'નામે બોલાવો, પણ તેનું સાધારણ વર્ણન એવુંછે કે જે માનસમાં

સૃષ્ટિવિષે કોઈ કવિસરખી તિક્ષણ લાગણી ઉત્પન્ન થતી હોય તે તો તે વર્ણન સહજ સમજી શકશે. સૂર્યને આકાશનો પુત્ર કેહવામાં આવ્યો છે; અરૂણોદયને તેની સ્ત્રી તેમજ પુત્રી કેહવામાં આવી છે; અને વળી એ અરૂણોદય આકાશની પુત્રી છે તેથી તે સૂર્યની બેહેન પણ કેહવાય. વળી કોઇ કોઇ વેળા એવું પણ દેખાડવામાં આવ્યું છે કે ઇંદ્રે સૂર્ય તેમજ અરૂણોદય બંનેને જન્મ આપેલો* છે. એમ છતાં બીજી રીતે જોતાં એજ અરૂણોદયે સૂર્યને જન્મ આપ્યો, એમ કેહવાય છે. હિયાં પુરાણોક્ત ઇતિહાસ અને કરૂણારસ નાટક એ બંનેની વૃદ્ધિને માટે જોઇયે તેટલી સામગ્રી છે, પણ હાલ એ વિષય જોડે આપણને કામ નથી.

જેમ ગ્રીક કવિતામાં તેમજ વેદમાં પણ સૂર્ય પાસ એક રથ છે, જેને એક અથવા સાત ઘોડા ઘસડે છે. પેલા સાત હરિત, એટલે પ્રકાશિત અશ્વો જેમાં સઘળા ભેદ છતાં પણ ગ્રીક શબ્દ "ચારિતિઝ" નો મૂળરૂપ-પૃકતિ જણાય છે, એમ આપણને કબુલ કરવું પડશે. એ સૂર્યને દેવોનું મુખ કરી કહેછે; અને બીજા પ્રકૃષ્ટ શરીરવાન્ દેવ, જેવાકે **મિત્ર, વરૂણ** અને **અગ્નિ**, તેઓની એ આંખ છે, એમ ગણાયલુંછે. જ્યારે સૂર્ય પોતાના ઘોડાને રથથી છોડેછે ત્યારે રાત્રિ પોતાનાં વસ્ત્ર પેહરેછે, એમ કેહવામાં આવેછે. આ સઘળુ સૂર્યનુંજ વૃત્તાન્ત છે, જે આપણે લગભગ સઘળે જોઇયેછિયે.

જોકે સૂર્યને પોતાને **પ્રસવિતૃ**, એટલે પેદાકરનાર કેહવામાં

---

* ઋગવેદ ૧૦,૩૭,૧, દિવ: પુત્રાય સૂર્યાય શંસત,=સૂર્ય જે દ્યૌસ (આકાશ)નો પુત્ર છે તેઆગળ ગા.

ઋગ-વેદ, ૭,૭૫,૫, સૂર્યસ્ય યોશા=સૂર્યની પત્નિ.

ઋગ-વેદ, ૪,૪૩,૨, સૂર્યસ્ય દુહિતા=સૂર્યની પુત્રી.

ઋગ-વેદ, ૫,૭૯,૮, દુહિતા દિવ:=આકાશની પુત્રી.

ઋગવેદ, ૨,૧૨,૭, ય: સૂર્યમ્ ય: ઉષસમ્ જજાન=જેણે સૂર્યને જન્મ આપ્યો, જેણે અરૂણોદયને જન્મ આપ્યો.

ઋગવેદ, ૭,૭૮,૩, અજીજનન સૂર્યમ્ યજ્ઞમ્ અગ્નિમ્=તેઓએ સૂર્ય, યજ્ઞ તથા અગ્નિને ઉત્પન્ન કીધાં.

યત્ એતશ: વહતિ

અશ્વ હરિત: સૂર્યાસ્ય અયુક્તા સપ્ત હરિત:

આવે છે, પણ ખ્રિસ્તિ ધર્મમાં **પેદાકરનાર** એ શબ્દ જે પ્રતિબંધક અર્થે વપરાય છે, તેજ અર્થમાં માત્ર નહિ તોપણ **સવિતૃ**ને નામે તે એક વધારે સ્વાધીન અને અભિનેય રૂપ ધારણ કરે છે. **સવિતૃ** દાખલ તેને એક સોનાના રથઉપર ઉભેલો દેખાડવામાં આવ્યો છે, અને તેના વાળ પીળા અને બાહુ, હાથો અને આંખો, તેમજ વળી જીભ પણ સોનેરી છે, અને તેનાં જડબાં લોહડાંનાં જણાવેલાં છે. તે એક કવચ અથવા ચળકતા કપીલા રંગનો જભ્ભો ઘાલેછે, અને ધુળરહિત રસ્તે ગમન કરેછે.

વળી મિત્ર તે પેહલાં સૂર્ય પોતેજ હતો, માત્ર તેનું રૂપજ નવું હતું, અને તેથી તેનું નામે જુદું હતું.* તે મુખ્યકરી સહવાર અથવા દિવસનો પ્રકાશિત અને આનંદી સૂર્ય છે. કારણ કે સૂર્ય અને દિવસ એ બંને શબ્દો અર્વાચીન ભાષામાં પણ એકાર્થે વપરાયલા છે, જેમકે અંગ્રેજીમાં yesterday ને માટે yester sun પણ વપરાયછે. કોઇ કોઈ વેળા કોઇ કવિ કહેછેકે **સવિતૃ**, જે કામ **મિત્ર** કરેછે, તેજ કરેછે. આ **મિત્ર**નું બહુ કરી **વરૂણ** જોડે સ્મરણ કરવામાં આવેછે. આ બંને દેવતા એકજ રથ ઉપર ઉભારહેછે, જે પ્રહાર ફાટતાં સોનેરી રંગની હોયછે, અને જેના સ્તંભ સૂર્યાસ્તે લોઢાનાં દીસેછે.

વળી સૂર્યનું બીજું નામ **વિશ્ણુ**છે. **વિશ્ણુ** પણ પોતે પૂર્વેનો સૂર્યમંડળનો રેહવાસી હતો, એતો તેના ત્રણ વિક્રમથી બહુજ ખુલી રીતે દેખાયછે, એટલે તેનાં સહવાર, બપોર, અને સાંજનાં સ્થળથી દેખાયછે. પણ એનું આ લક્ષણ એના પાછલા દૈવિક કૃત્યોના પ્રકાશપાછળ જલદીથી અલોપ થઇ જાયછે.

---

* મિત્ર એટલે સ્નેહી, મિત–લને બદલે વપરાયછે, અને આ મિત્ર–ન, દેશી વૈયાકરણિયોએ અત્યારસુધી સૂચવ્યા પ્રમાણે **મિદ્** ધાતુ ઉપરથી ઉત્પન્ન થયો હશે, જેનો અર્થ પુષ્ટ થવું પુષ્ટ કરવું, ચળકતું કરવું, ખુશી થવું, ચાહાવું, થાયછે. એવીજ રીતનો અર્થનો ફેરફાર 'સ્નિહ' ધાતુમાં જણાયછે. **મિદ્** ઉપરથી, મેદા=ચરબી તથા **મેદીનૂ**=ખુશી કરનાર, મિત્ર, જોડિયો, નિકળ્યાં છે. આથર્વ–વેદ ૧૦, ૧, ૩૩—સૂર્યેન મેદિના.

એથી ઉલટો, **પૂશન્** સદા એક હલકી પદ્વિ ધરાવેછે. **પૂશન્** એ પૂર્વે ભરવાડને દેખાતા સૂર્યનું નામ હતું. તેના ઘોડા, જો વેદ કવિયોના દાખલો પકડી આપણે તેમનીજ રીત પ્રમાણે બોલિયે તો, બકરા છે. એક પરાણો **તે** પોતાના રાજદંડ દાખલ હાથમાં રાખેછે, અને વળી એક સોનાની **વાષી** (ખંજર) રાખેછે. સૂર્ય, જે સહુવારનાં સૂર્ય અથવા અરૂણોદયનું એક દેવી તરીકે ગણેલું નામછે, તે **પૂશન્**ની બેહન અથવા પ્રિયા છે; અને બીજા સૂર્યમંડળના દેવતા પેઠે **તે** પણ આખા વિશ્વને જુવેછે.

આદિત્ય, જે પાછલા વખતમાં સૂર્યનું એક ઘણું સાધારણ નામ થઇ પડ્યુંછે, તે વેદમાં મુખ્યકરી ઘણાક સૂર્ય દેવતાઓનાં એક સામાન્ય નામદાખલ વપરાતું હતું. હું તેમને સૂર્યમંડળને લગતા કરી કહુંછું, કારણ, જોકે પ્રોફેસર **રોથ** ધારેછે કે તેઓ માત્ર નીતિવિદ્યાની કલ્પના છે, તોપણ કેટલાંક વેદના સુક્તોમાં તેઓ પોતાના સૂર્યસાથનો આગલો સંબંધ સ્પષ્ટ રીતે દેખાડે છે. એમ જોતાં સૂર્ય એ **આદિત્ય** છે, **સવિતૃ** એ **આદિત્ય**છે, અને **મિત્ર** એ પણ **આદિત્ય**છે. અને **આદિત્ય** એ શબ્દ જ્યારે એકલો આવે, મુખ્યત્વે કરી ઋગ-વેદના પાછલા ભાગમાં, ત્યારે ઘણું કરી તેનો **અર્થ** માત્ર સૂર્ય કરી થઇ શકે. આ સઘળું સમજી શકાય તેવું છે, અને બીજા ધર્મો અને તેમની પૂરાણોક્ત કથાના અભ્યાસને લીધે એ સઘળું આપણા મનમાં રમી રહેલું છે.

સૂર્ય એક અદ્ભૂત શકિત દાખલ.

——oo——

તોપણ બીજી જગ્યાએ વેદના કવિયોની ઢપ બદલાયછે. સૂર્ય માત્ર એક પ્રકાશિત દેવ, જે આકાશવિશે પોતાનું નિત્ય રોજનું કામ કર્યા જાયછે, એટલુંજ નહિ, પણ એથી બહુ વધારે કામ કરતો

ધારવામાં આવ્યોછે; ખરૂં જોતાં તો એને આ દુનિયાંનો હાકેમ, સ્થાપનાર, તથા કર્ત્તા તરીકે લેખવામાં આવ્યોછે.

જે વૃદ્ધિ પ્રકારથી સૂર્ય માત્ર એક પ્રકાશમાન ગોળામાંથી બદલાઇને દુનિયાંનો પેદાકરનાર, રક્ષણ કરનાર, અમલ કરનાર અને સુફલ આપનાર થાયછે, ટુંકમાં, એક દૈવિક અને શ્રેષ્ઠ આત્મા થાય છે, એ સઘળું આપણે વેદમાં ક્રમાનુક્રમ જોઇ શકિયે.

પેહલે પગલે આપણે માત્ર અજવાળાંમાંથી એવા પ્રકાશતરફ જઇયેછિયે કે, જે પ્રકાશ સહુવારમાં માનસને ઉંઘમાંથી જાગૃત કરે છે, અને જે માનસોનેજ નહિ પણ આખી સૃષ્ટિને નવો જન્મ આપતો જણાયછે. જે આપણને સહવારમાં જગાડેછે, જે આખી સૃષ્ટિને નવી જીંદગી આપેછે, તે થોડા વખતમાં 'નિત્યનો જીવદાતા' કેહવાયછે.

બીજું, એક બીજી અને વધારે સાહસિક વિચારસંકલનાથી નિત્યના પ્રકાશ અને જીંદગીના આપનારને, સઘળી જાતના પ્રકાશ અને જીંદગીનો આપનાર કેહવામાં આવ્યો. જે ધણી આજે પ્રકાશ અને જીંદગી આણેછે, તે સૌથી પ્રથમ દિવસે પ્રકાશ અને જીંદગી લઇ આવ્યો તેજ છે. જેમ દિવસનો આરંભ પ્રકાશથીછે, તેજ પ્રમાણે પ્રકાશ સૃષ્ટિનો પણ આરંભ હતો; અને સૂર્ય જે પેહલાં માત્ર પ્રકાશ લાવનાર અથવા જીંદગી આપનાર હતો, તે હવે જગતનો સૃષ્ટા, અને સૃષ્ટા, તો વળી થોડા વખતમાં તેનો હાકેમ પણ થયો.

ત્રીજું, રાતનું અંધારૂં હાંકી કહાડતો તેમજ પૃથ્વિને ફળદ્રુપ કરતો હોવાથી, સૂર્ય સઘળી જીવતી વસ્તુઓનો રક્ષણ કર્ત્તા અને સંભાળ લેનાર વિચારવામાં આવ્યો.

ચોથું, સૂર્ય દરેક વસ્તુ જુવેછે, પછી તે ભલી હોય, કે ભુંડી; અને આમ જોતાં તો આ કેવું સ્વાભાવિક છે કે કુકર્મિને આપણે કહિયે કે, જે માનસની આંખે દીઠું નથી તે સૂર્ય તો જુવેછે, અને તેમજ કોઇ નિર્દોષ માનસ, જેને બીજી કોઇ બાજુથી આશ્રયની

આશા નથી, તેણે પોતાની નિર્દોષતાવિષે સાક્ષી આપવાને સૂર્ય (દેવતા)ને અરજ કરવી. 'જેઓ સહુવારની રાહું જોઇ બેસેછે તેમનાં કરતાં પણ વધારે આતુરતાથી મારો આત્મા તેને માટે વાટ જોઇ બેઠોછે.' (બૈબલમાંનું ભજન ૧૩૦ મું).

આ પૂર્ણ સ્વાભાવિક વિકારોમાંના દરેકવિષે ખુલાસો કરે તેવાં થોડાંક વાકુચો હવે આપણે તપાસી જોઇયે. સૂર્યને જે **સવિતૃ** કરી નામ આપ્યુંછે, તે નામનો અર્થજ જીવંતકરનાર થાયછે, તથા સૂર્યનું **'પ્રસવિતા જનાનામ્'**, એટલે મનુષ્યને સજીવનકરનાર, એવું નામ પડ્યું છે.

ઋગવેદના ૮૭, ૬૩, ૧ માં આપણે વાંચિયે છિયે:—સૂર્ય ઉગેછે, સુખદાતા, સર્વજોનાર, મનુષ્ય માત્રને માટે એકજ; જે **મિત્ર** અને **વરૂણ**ની આંખ છે, અને તે દેવ જેણે અંધકારને જેમ ચામડાનો વીંટો વાળે તેમ વાળી મુકયુંછે.

વળી ઋગવેદ (૭, ૬૩, ૪) માં લખ્યું છે:—તે તેજસ્વી (સૂર્ય) બોહોળો પ્રકાશ આપતો આકાશવિશે ઉગેછે; અને પ્રકાશ ભર્યો પોતાના દૂરના કામઉપર જાયછે. હવે માનસે પણ એ સૂર્યથી હુશિયારી પકડીને પોતાને સ્થાને અને પોતાને કામે જવું જોઇયે.

વળી બીજાં મંત્રમાં (૭, ૬૦, ૨,) સૂર્યની આ ઉપમાથી આરાધના કરવામાં આવેછે એમ જણાય છે:—દરેક વસ્તુ, જે ગમન કરેછે અથવા સ્થીર ઉભી રહેછે, જે સઘળું હયાતછે, તેનો એ રક્ષણકર્ત્તા છે.

વારંવાર સૂર્યની સઘળું જોવાની શક્તિવિષે પણ ઇસારો કરવામાં આવ્યોછે. સર્વવ્યાપક સૂર્યને દેખી તારાઓ તો ચોર પેઠે નાસી જાયછે. તે મનુષ્ય વસ્તીમાં ભલાં તેમજ ભુંડાંને જોયછે. જે વિશ્વ માત્ર જુવેછે, તે વળી મનુષ્યના મનવિશે જે જે વિચારો હોય તે પણ જાણેછે.

સૂર્ય પ્રત્યેક વસ્તુ જુવેછે અને જાણેછે, તથી જે તેણે એકલાએજ માત્ર જોયુંછે અને જાણેછે, તે ક્ષમા કરવા તથા ભુલી જવાને માટે તેને વિનવવામાં આવેછે.

આ પ્રમાણે આપણે ૪, ૫૪, ૩ મંત્રમાં વાંચિયે છિયે કે :—
'ઇશ્વરી મંડળસામે અવિચાર, નબળાઇ, ગર્વ તથા અમારા મનુષ્ય સ્વભાવને લીધે અમે જે કાંઈ ઉલટા ચાલ્યા હોઇયે, તે (પાપના પરિણામો) થી, હે **સવિતર્**, તું અમને દેવ તેમજ મનુષ્યજાત આગળ મોકળા કર.'

મંદવાડ અને દુષ્ટ સ્વપનાં દૂર કરવાને સૂર્યજોગ અરજ કરવામાં આવેછે. સૂર્યાસ્તે મનુષ્યને પાપ તેમજ અવધથી મોકળો કરવાને બીજા દેવોને પણ વિનવવામાં આવેછે.

જીવન-લાવનાર તરીકે એકવાર અને એકથી વધુવાર સૂર્યને આરાધ્યાથી વળી તેને સઘળી વસ્તુ, જે ગમન કરેછે અથવા સ્થીર રહેછે, તેનો શ્વાસ અથવા જીવ કરીને પણ કેહવામાં આવેછે; અને છેલ્લે તે **વિશ્વકર્મન્**, એટલે સઘળી વસ્તુનો કર્ત્તા, અને **પ્રજાપતિ**, એટલે મનુષ્ય તેમજ સઘળા જીવજંતુ માત્રનો ધણી, થાયછે. એક કવિ કહી જાયછે કે '**સવિતૃ**એ આ પૃથ્વીને દોરડેવતી બાંધી છે, અને આકાશને વગર સ્તંભે ઉભું રાખ્યું છે.' તેને આકાશને ટેકો આપનાર, સૃષ્ટીના પ્રજાપતિ કહેલોછે, અને આ રૂપમાં પણ તે બદામી રંગનું કવચ અથવા જભ્ભો પેહરેછે, જે પેહરણ વધારે યોગ્ય રીતે તો સોનેરી વાળવાળા સૂર્ય દેવનું હોય એવું દીસતું હતું.

બીજો કવિ કહી જાયછે કે 'આકાશ સૂર્યને આધારે ઉભું છે, અને આ પૃથ્વી સચાઇને એટલે પેલું **સત્ય** જેને ગ્રીકમાં **તો ઑન્** કહેછે, તેને આધારે રહેલીછે. અને જે શબ્દો સૂર્યને લાગુ પાડવામાં આવતા હતા તે અતિશ્યોક્ત થઈ જાયછે. તે દેવોનો દેવછે: તે દેવતાઓનો દૈવિક અગ્રસર (મુખી) છે.'

સવિતૃ (ના અવતાર) માં આ શારીરિક અને ઇશ્વરી અંશ વધુ દ્રઢરીતે પ્રદીપિત થાયછે. ઉપર ટાંકેલાં કેટલાંક વાક્યો ઉપરથી આતો આપણને અત્યારમાં જણાઈ ગયુંછે. પણ બીજાં વાક્યોમાં એ વાત આપણે હજી વધારે સ્પષ્ટ રીતે જોઇશું. **સવિતૃ** એકલોજ આખી સૃષ્ટિ ઉપર રાજ્ય કરેછે. જે નિયમો એણે રચ્યા

છે તે સ્થીર બેઠાછે; બીજા દેવો એનાં વખાણ કરેછે. એટલુંજ નહિ પણ તેઓના અગ્રસરતરીકે તેમને એનીપાછળ ચાલવુંપડેછે. એક વાકયમાં તો કહેલુંછે કે **સવિતૃ**એ બીજા દેવોને અમરતા આપીછે; અને માનસ જે એક પછી એક આવેછે તેમના પ્રાંણ પણ **સવિતૃ**નીજ બખશેસથી છે. આ સઘળાંનો અર્થ તો એજ થઈ શકે, કે દેવોની અમરતા તેમજ માનસની જીંદગી એ બંને **સવિતૃ**, જે ઝળઝળાટ કરીમુકનાર સૂર્યનું નામછે, તેની ઉપર આધાર રાખેછે.* છેલે આપણે એ વાત ભુલી જવી નહિ જોઇયે, કે આખા વેદમાં સર્વથી પવિત્ર પદ ગાયત્રિ સૂકતનુંછે, જે **સવિતૃ**ની આરાધના કરવા માટેછે:—'સવિતૃનો પૂજ્ય પ્રકાશ આપણે મેળવ્યે' (અથવા હિંદુઓની કથાપ્રમાણે 'તવિષે આપણે મનન કરિયે'.) 'ત આપણાં મનને બુદ્ધિથી પ્રદીપ્ત કરો.'

સૂર્યને લગતો દેવ **પૂષન્** પણ કેટલીકવાર માત્ર એક ક્ષેત્ર દેવની શક્તિથી કાંઈક વધુ શક્તિ ધરાવતો દીસેછે. જોકે એક જગ્યાએ તેને મૃત્યુલોકથી ચઢિયાતો અને દેવલોકનો બરોબરિયો કહ્યો છે, તોપણ બીજી જગ્યાએ તો જે પણ અચળ છે, અથવા ગતિયુકત છે, તે સઘળાંનો એને પતિ કહ્યોછે. સઘળા સૂર્યમંડળમા દેવતાની પેઠે તે દરેક વસ્તુ જુવેછે અને **સવિતૃ**ની પેઠે મરણ પામેલાંના આત્માને સ્વર્ગવાસિયોને ધામે લઇ જાયછે, એવી કલ્પના કરવામાં આવેછે.

મિત્ર અને **વિષ્ણુ**વિષે આ તો સારી પેઠે જણાયલુંછે, કે તેઓ પૂર્ણ શ્રેષ્ઠતાને પોંહોચ્યા હતા. **મિત્ર**, પૃથ્વી અને આકાશ કરતાં ચઢિયાતો છે, અને વળી દેવો માત્રનો પણ આધાર છે. **વિષ્ણુ** સર્વ ગ્રહોનો આધાર છે. ઈંદ્રના યુદ્ધામાં **વિષ્ણુ** તેનો સાથી છે, અને તેના મહત્વની મર્યાદાને કોઈથી પોંહોચાયજ નહિં.

---

* જયારે આપણે વાંચિયે કે સુધન્વન્ના પુત્રો **ઋભુઓને** સવિતૃએ અમરતા બક્ષી, ત્યારે તે જુદું જાણવું, કારણ કે આ **ઋભુઓ** અસલ માનસ હતા, અને માત્ર પાછળથીજ દૈવિક થયા એમ સદા દર્શાવેલું જણાયછે.

૧૫

સૂર્યનું ગૌણત્વ.

———oo———

વેદમાંની ધર્મવિષયક કવિતાવિષે આપણને જો આસિવાય બીજી કશી ખબર નહોત, તો સૂર્યની આવી સ્તુતિ કરેલી વાંચી આપણું એવું કેહવાનું મન થાત, કે અસલી **બ્રાહ્મણો** સૂર્યને જુદે જુદે નામે પોતાનો શ્રેષ્ઠ દેવ કરી પૂજતા હતા; અને વળી એવું પણ કેહવાને આપણું મન થાત, કે આ ઉપર કહેલા અર્થ પ્રમાણે તો તેઓ માત્ર એકજ ઇશ્વરને માનનાર, ખરૂં કેહતાં, એકેશ્વરમતી હતા. તોપણ આ વિચાર સચ્ચાઈથી જેટલો વેગળો છે તેટલું બીજું કશું નથી. ખરૂં કે આ પ્રસારણમાં સૂર્યે એક શ્રેષ્ઠ દેવનું રૂપ ધારણ કર્યું, પણ જે વાકયો આપણે ટાંકી બતાવ્યાંછે તેમાં પણ સૂર્યની શ્રેષ્ઠતાવિષે એવું ખાતરી પૂર્વક કહેલું નથી, કે જે બીજા દેવોનાં મંત્રમાં પણ નહિ કહેલું હોય. એ વાતમાં (ગ્રીક લોકના) **ઝીયુસ** અને (રોમન લોકના) **જુપિતર**થી સૂર્ય કેવળ જુદોજ છે. અને વેદ-કર્ત્તા કવિયો પણ સૂર્ય દેવ જેને એકવાર સઘળી વસ્તુના કર્ત્તા તથા આધારતરીકે ગણેલો, તેને બીજી વાર સમુદ્રોનું બાળક, મ્હારનો પેદા કરેલો, બીજા દેવોમાંનો એક, નહિ સરસ કે નહિ નરસ, એવો દર્શાવવાને એક પળ વાર પણ આંચકો ખાતા નથી.

પ્રાચીન વેદ-ધર્મનો આ એક ખાસ ગુણ છે જેનું નામ મેં 'હેનોથીઇઝમ' અથવા 'કેથેનોથીઈઝમ' (ઇષ્ટેશ્વરમત) કરી ઓળખવા કર્યુંછે, એટલે એક પછી એક માનવામાં આવેલા શ્રેષ્ઠ દેવો માંહેલા અકેકનેજ એકી વખતે શ્રેષ્ઠ ગણવો તે. આ નામ પાડવાનો મારો હેતુ એ છે કે, જે ધર્મવિચારની સ્થિતિને સાધારણરીતે અનેકેશ્વરમત કેહવામાં આવેછે, કે જેમાં ઘણાક દેવો એક શ્રેષ્ઠ ઇશ્વરના હાથ હેઠળ આવી ચુકેલાછે, કે જેથી કરી એક, જેના જેવો બીજો કોઇ નહિ એવો ઇશ્વર મેળવવાની આપણી અતિ ઇચ્છા વધારે પૂર્ણ

રીતે તૃપ્ત થાયછે, તે મતથી ઊપલું મત નિરાળું રહે. વેદમાં એક દેવ પછી બીજાની આરાધના થાયછે. એવી વેળા એક દેવતઈ આત્માને માટે જે કેહવાઈ શકે તે સઘળું એ દેવને માટે કેહવાયછે. કવિ જે વેળા કોઇ દેવની આરાધના કરેછે ત્યારે બીજા કોઈ દેવો છેજ નહિ એવું સમજતો દીસેછે. પણ એકજ મંત્ર સંગ્રહમાં, કોઇક વેળાતો વળી તેજ મંત્રમાં બીજા દેવોનાં પણ નામ દેવામાં આવેછે, અને તેઓ પણ ખરાજ દૈવિક, ખરાજ સ્વતંત્ર છે, અને કદાપિ શ્રેષ્ઠ પણ હોય. પૂજારીની ભાસના (ચૈતન્ય) એકાએક બદલાતી દીસેછે, અને જે કવિ એક પળે આકાશ અને પૃથ્વીના હાકમદાખલ સૂર્ય સિવાય બીજા કોઇને જોતો ન હતો, તેજ કવિ હમણા તેજ આકાશ અને પૃથ્વીને સૂર્ય તેમજ બીજા સઘળા દેવોનાં પિતા તથા માતા તરીકે જુવેછે.

ધર્મ સંબંધો વિચારનું આ રૂપ સમજી શકવું આપણને અઘરૂં લાગે, પણ જો આપણે આટલું યાદ રાખ્યે કે ઇશ્વર વિષેની કલ્પના, જેવી આપણે કલ્પિયે છિયે તેવી હજી નક્કી અથવા ચોકસ થયલી ન હતી, પણ માત્ર હળવે હળવે પૂર્ણ થતી ગઇ, તો એ રૂપ સર્વ પ્રકારે સમજી શકાય તેવું, અને ખરૂં કહિયે તો, અનિવાર્ય માલમ પડશે. કવિયો સૂર્યને ઉંચામાં ઉંચી શક્તિયો આરોપી ગયાછે. પણ વળી સૃષ્ટીમાંના બીજા દેખાવોને પણ તેઓ એટલીજ મોટી શક્તિ આરોપી ગયાછે. પર્વત, ઝાડ, નદી, પૃથ્વી, આકાશ, તુફાન, અગ્નિ એ સઘળાંનાં જેમ બને તેમ વધુ વખાણ કરવાં એ તેમનો હેતુ હતો. આ શ્રેષ્ઠ સ્તુતિ પામી આમાંનો દરેક વારાફરતી શ્રેષ્ઠ અથવા ઉત્કૃષ્ટ સર્વશક્તિમાન દેવ થઈ બેઠો; પણ એમ કેહવું કે તે કવિયો આમાંના દરેકને ઇશ્વિર અથવા દેવ કરીને પણ કહી ગયાછે, એતો કાળગણત્રી કરવામાં આપણી સમજની ભુલ સરખું છે; કારણકે જયારે તેઓએ આ પેહલવેહલી સ્તુતિ ગાઇ તે વખતે તેઓની જાણમાં ઇશ્વિર અથવા દેવ એવો શબ્દ અથવા એવી કલ્પના જેવું કાંઇયે નહોતું. બેશક, આ સઘળા

ચમત્કારોમાં કાંઈક એવું તેઓ શોધતા હતા કે જેને તેઓએ પાછળથી દૈવિક ગણ્યું. પણ પેહલાંતો જે જુદી જુદી વસ્તુઓની તેઓ સ્તુતિ ગાતા તેઓના ગુણ ઉંચામાં ઉંચા જેટલા જણાવીશકાય તેજ જણાવી તેઓ સંતોષ પામતા હતા. આટલું કર્યાપછી, અને કદાચ્ એ કરતાં કરતાંજ, એમાંનાં કેટલાંક વિશેષણ જે આ સ્તુત્ય વસ્તુઓમાંની ઘણીખરી અથવા સઘળીને લાગુપડતાં, તે વિશેષણો એક સ્વતંત્ર રૂપ લઇબેસવાલાગ્યાં; અને્ એ પ્રમાણે જેને આપણે દૈવિક કહિયે છિયે તેનાં પ્રથમ નામ અને તે વિષેનાં કલ્પાંતર ઊભાં થયાં. પર્વત, નદિયો, આકાશ અને સૂર્ય જો જીવતાં અને કાર્યશક્ત (અસૂર), નાશ ન પામે એવાં (અજર), ન મરે એવાં (અમર્ત્ય), અથવા પ્રકાશિત (દેવ) એવે નામે ઓળખાવા લાગ્યાં, તો આમાંનું દરેક વિશેષણ થોડા વખતપછી એવા આત્માઓના વર્ગનું નામ થઇ પડ્યું હોય, કે જે તેઓની અવિકારી જીવનશક્તિ, તેઓનું ક્ષયમાંથી મોકળાપણું અથવા તેઓનો પ્રકાશ દેખાડે એટલુંજ નહિ, પણ એ શબ્દોથી બીજો જે પણ વિચાર જણાવી શકાય તેપણ દેખાડે. માટે અગ્નિ અથવા દેવતા, દેવ અથવા પ્રકાશિત આત્માના વર્ગમાં છે, એમ કેહવું તે દેવતા પ્રકાશતો છે એમ કેહવું તેથી ઘણી જુદી વાત છે. વળી **દ્યૌસ્** આકાશ, કે **સૂર્ય** સુરજ, એક અસૂર, જીવતું પ્રાણી છે અથવા અમર્ત્ય, અમર પ્રાણી છે, એમ કેહવાથી જે અર્થ ઉઠે, તે, આકાશ નાશ નથી પામતું અથવા સૂર્ય ક્રિયાશક્ત અને હાલતો ચાલતો છે; તે કરતાં બહુ ઓહોળો છે. **અસૂર** એટલે શરીર સંપત્તિયુક્ત, **અજર** એટલે નાશનહિપામે એવું, અને **દેવ** એટલે ચળકતું, એવાં જે સાધારણ વિશેષણ છે તેઓ સદા ઘણી વસ્તુઓના તેનો તેજ ગુણ દેખાડવા માટે વપરાયછે; પણ પ્રથમ એકેશ્વરમતના પક્ષકારો જો આ કરતાં વધારે કેહવા માંગતા ન હોય કે, ઇશ્વર જેવો વિશેષ્ય, જેનો શોધ કરવામાં આવ્યોછે અને જે હળવે હળવે સમજવામાં આવ્યોછે, તથા ઐશ્વર્યનો વિશેષણાર્થ (ઇશ્વરની ધારણા) મૂળ જાતેજ એકછે, તો આવા મત વિષે કાંઈ કેહવું પડે. ૮

પણ જે સવાલસાથે હાલ આપણને કામછે તેતો આ છે, કે આ ધારણા કેમ સફળ થઈ; કેટલાં પગલાં ભર્યા પછી અને કેટલે નામે, અનંત વિષેનું કલ્પાંતર ગ્રહણ થયું, અજાણને નામ અપાયું, અને છેલે સરવાળે દૈવિક રૂપને પોંહુચાયું. વેદમાં જે આત્માઓને **દેવ** કહેલાછે તેઓ ઘણી જગ્યાએ હજી ગ્રીકમાં જેને **દીઓઇ** કહેછે તેની બરાબર પણ નથી; કારણકે **ગ્રીક** લોકો છેક **હોમર**ના વખતથીજ સંદેહ રાખતા આવ્યાછે કે દેવને નામે ઓળખાતા આત્માઓની સંખ્યા અને તેમના સ્વભાવ ગમે તેવા હોય, તોપણ કોઇએક પણ શ્રેષ્ઠ તો હોવો જોઇયે, પછી તે દેવ હોય કે દૈવ હોય, તથા દેવ અને મનુષ્યનો કાંઈ નહિતો **એક** પિતા હોવો જોઇયે. વળી વેદના કેટલાક ભાગોમાં પણ ઉપલો વિચાર નિકળી આવેછે ખરો, અને આપણે એમ વિચારકરિયે કે જેમ ગ્રીસ, ઇતલી, જર્મની અને બીજા દેશોમાં તેમજ હિંદુસ્થાનમાં પણ એક દેવ મેળવવાની જે ધર્મ સંબંધી અભિલાષા છે, તે એક અધિરાજાની સત્તા માનનાર અનેક દેવને માનવાના મતથી પુરી પડે. પણ હિંદુનું મન થોડી વારમાં એથી પણ આગળ વધ્યું, અને સરવાળે સઘળા દેવોને અમાન્ય કરવાની તેને કેવી રીતે ગરજ પડી અને સઘળા દેવો, તેમાંથી **દ્યૌસ્** પોતે અથવા **વરૂણ**, અથવા **ઈંદ્ર** અથવા **પ્રજાપતિ** પણ બચ્યા નથી. એ સઘળા કરતાં કોઇ વધુ ચઢિયાતા દેવના શોધમાં નિકળવાની એને કેવી જરૂર પડી તે આપણે જોઈશું. હાલતો વેદમાં આવતા દેવોની ઊત્પત્તિવિષે વિચાર કરતાં, મારે જે મુખ્ય કરીને દેખાડવુંછે તેતો એ કે, એ સઘળા દેવો જુદાં જુદાં મૂળથી નિકળવાને લીધે એક બીજા સાથે કાંઇ પણ સંબંધ ધરાવ્યા વિના, પેહલાં તો અકેકની જોડેજોડ નિકળી આવે, કે જે દરેક દેવ પોતાના મંડળમાં પૂર્ણ હોય, અને આ દરેક મંડળ થોડોક વખત તો તેના પૂજારિયોની દ્રષ્ટિની આખી મર્યાદા ભરી નાખે, એ સઘળું કાંઇજ નહિ પણ સ્વાભાવિકછે.

વેદનાં મંત્રોનાં મુખ્ય મહત્વ અને રંસ આ વાતમાં સમાઇ

રહેલાંછે, પણ તે સઘળા વિચારોને પૂર્ણ રીતે અર્વાચીન ભાષામાં કહી બતાંવવા એ લગભગ અશક્ય છે. જયારે વેદ કાળના કવિયો, પર્વતાને પોતાનું રક્ષણ કરવા આરાધેછે, અથવા નદિયોને પોતાનું નીર આપવા અરજ કરેછે, ત્યારે નદી અને પર્વતને તેઓ **દેવ** તરીકે ગણતા હોય; પણ એમ ગણ્યા છતાં પણ દેવનો અર્થ **પ્રકાશિત** કરતાં કાંઇક વધારે થાય—જેને આપણે **દૈવિક** કહિયે છિયે, તેથીતો વળી દેવનો અર્થ બહુ દૂર હોવો જોઇયે. ત્યારે તે પ્રાચીન ભાષાનો અને તેની ખરી અસ્પષ્ટતાનો ચોકસ અર્થવાળા અર્વાચીન શબ્દો વડે ભાષાંતર કરીને યથાર્થ ભાવ કેમ જણાવી શકાય? વેદ કાળના કવિયોને મનથી નદિયો અને પર્વતો બેશક જેમ આપણે ગણિયે છિયે તેમજ હતાં; પણ તેઓ તેમને વિષે જે વિચાર બાંધતા તે વિશેષ કરીને ક્રિયાશક્ત પદાર્થ પેઠે ધારીને બાંધતા, કારણકે તેઓની ભાષામાં એક પદાર્થના નામથી જે સમજવામાં આવતું હતું તે માત્ર એટલુંજ કે, જે કાર્યશક્તિ માનસ પોતામાં છે એમ જાણતો હતો તે કાર્યશક્તિ તે દર્શાવતું સમજવામાં આવતું. કોઇપણ વસ્તુ જયાંસુધી ક્રિયાશક્ત દાખલ ધારવામાં નહિ આવતી ત્યાંસુધી વેદ કાળના કવિયોના મનમાં તો તેવિષે કશોએ માલ જણાતો નહિ, અને તેની હયાતી પણ તેમની સમજમાં આવતી નહિ. પણ સૃષ્ટિના અમુક ભાગો ગતિશક્ત છે એવા તર્કવચ્ચે, અને જે ક્રિયાને આપણે સજીવારોપણ અથવા દેવપદધારણ કહિયે છિયે એનીવચ્ચે હજી મોટો ગાળો છે. જયારે તે કવિયો સૂર્યવિષે એમ પણ બોલતા કે તે એક રથઉપર ઉભોછે, તેણે સોનેરી કવચ સજયુંછે, તેણે પોતાના હાથ પોહળાં કીધાછે, ત્યારે પણ એ સઘળું બોલવાનો અર્થ તો જે કાર્યો તેઓ પોતે કરતા હતા તેનું સ્મરણ કરાવે એવી સૃષ્ટિમાંની કોઈ વસ્તુવિષે કાવ્યરૂપી કલ્પના કરતાં કાંઈયે વધારે ન હતો. આપણે મનથી જે અતિશયોક્ત ભાષા (કાવ્ય) છે તે તેઓને મનથી સાદી ભાષા હતી. જે આપણને એક કઢંગું રૂપાંતર દેખાયછે, તે સાંભળનારાઓને ખુશી કરવા અથવા વિસ્મય પમાડવાના હેતુથી

કરવા કરતાં, ઘણીક વાર આસપાસની સૃષ્ટિને સમજી લેવાની અશક્તિ અને તેને આપવાનું નામ ન મળી આવવાથી થયું. જો આપણે **વસિષ્ઠ** અથવા **વિશ્વામિત્ર**, કે કોઇ બીજા પ્રાચીન આર્ય કવિયોને પુછિયે, કે શું તમે સોનેરી રંગના દડા જેવો જે સૂર્ય જુવોછો તે હાથ અને પગ, હૃદય અને ફેફસાંવાળો કોઈ માનસ છે, એવું ખરેખરૂં માનોછો? તો તેઓ ખરે આપણને હસી કાઢશે, અને કેહશે કે તમે અમારી ભાષા તો સમજ્યાછો પણ અમારાં વિચાર કળીશકયા નથી.

સવિતૃ એટલે સૂર્ય, એ શબ્દનો જે પેહુલાં અર્થ થતો, તે તેની મતલબથી વધારે નહુતો. તે **સૂ** ધાતુઉપરથી નિકળ્યો હતો, જેનો અર્થ **જણવું** અથવા જીવ આપવો, થતો હતો, અને તેથી કરીને જ્યારે એ શબ્દ સૂર્યને લાગુપાડવામાં આવતો, ત્યારે તેનો અર્થ માત્ર એટલોજ થતો હતો કે, જીંદગી આપવાનાં અને ફળદ્રુપ કરવાના કામમાં સૂર્યની શકિત જેટલી દેખાતી હતી તેટલીજ અને તેથી વધારે કાંઇ નહિ. ત્યારપછીજ **સવિતૃ** એક હાથ ઊપર એક કથાયુકત આત્માનું નામ પડયું, કે જેનેવિષે જીવનઆપનાર સુરજને લાગુ પડે એવી કેટલીક વાતો કેહવામાં આવે; અને બીજા હાથ ઉપર **સવિતૃ** શબ્દનો અર્થ દંતકથાને લગતો અને અર્થરહિત સૂર્યને માટેનો એક ખાલી નજીવો શબ્દ બનીગયો.

સૂર્યના સંબંધમાં જે ક્રિયા આપણે તપાસતા આવ્યા છિયે તે ક્રિયા વળી ફરી ફરીને ઘણા ખરા વેદમાંના દેવતાઓમાં આપણે જોઈ શકિયે, તોપણ સઘળાજ દેવતાઓની બાબદમાં નહિ. અર્ધ-દેવને નામે ઓળખાતા, જેવાકે નદિયો, પર્વતો, વાદળાં, સમુદ્ર, વળી પરોઢિયું, રાત્રિ, વાયુ અથવા તુફાન, એમાંના કોઇયે શ્રેષ્ઠ દેવની પદવીએ પોંહચતા નથી; પણ **અગ્નિ**, એટલે દેવતા, **વરૂણ** એટલે ઢાંકણરોકું આકશ, **ઈંદ્ર**, **વિષ્ણુ**, **રૂદ્ર**, **સોમ**, **પર્જન્ય** આદિ સઘળાને માટે તો એવી સંજ્ઞા આપવામાં આવીછે, અને એવાં આખાં

આખાં વર્ણનો આપવામાં આવ્યાંછે, કે જે આપણા વિચારપ્રમાણે તો માત્ર એક શ્રેષ્ઠ દેવતાનેજ યોગ્ય રીતે આપી શકાય,

દ્યૌસ્ એટલે પ્રકાશ આપનાર આકાશ.

હવે આપણે એક બીજા દેવની ઉત્તપ્તિ અને પ્રવૃત્તિ તરફ નજર કરિયે, જે દેવ વેદકાળના માત્ર આર્ય લોકોનાજ નહિ પણ સઘળી આર્યપ્રજાના દેવોમાંનો એક અતિ પ્રાચીન છે, એટલે વેદમાંના **દ્યૌસ્** અને ગ્રીક ધર્મના **ઝિયુસ** વિષે હું બોલુંછું. કેટલોક વિદ્વાનો વેદમાં આવો કોઈ દેવ હતો એવું માનવાને હજી સંદેહ રાખેછે; અને ખરેખર હિંદુસ્થાનના પાછલા વખતના શાસ્ત્રમાં **દ્યૌસ્** નામનો કોઇ દેવ તો નહિજ, પણ એવું કોઇ પુરૂષવાચક નામ પણ શોધ્યું મળતું નથી. એ સંબંધમાં **દ્યૌસ્** તો એક નારી જાતિ નામ થયુંછે, અને તેનો અર્થ માત્ર **આકાશ** થાયછે. હવે વેદ શિખનારા વિદ્યાર્થિયોએ કરેલા શોધોમાં આ શોધ મને સદા ઘણોજ અજાયબ જેવો લાગતો આવ્યોછે કે, એક દેવ જે યુનાન દેશમાં **ઝિયુસ પેતર** નામે હતો, જે ઇતલીમાં **જુ-પીતર** નામે હતો, "એદા" માં **ત્યર્** નામે હતો, જર્મનીમાં **ઝિયો** નામે હતો, અને જે દેવ આપણે જાણિયે છિયે કે વળી સંસકૃતમાં પણ હોવો જોઇયે, તોપણ તેમાં નહિ હતો, તે દેવ એકાએક વેદનાં આ પ્રાચીન મંત્રોમાં મળી આવ્યો! વેદમાં **દ્યૌસ્** શબ્દ આવેછે તે માત્ર નર જાતિ રૂપેજ નહિ, પણ **પિતા** એટલે બાપ એ શબ્દ સાથે નિકટ સંબંધ ધરાવતો આવેછે, જેમકે **દ્યૌસ્પિતા** જે વળી પાછો લાતિનમાં આપણને **જુપીતર** દાખલ મળેછે. આ **દ્યૌસ્પિતા**નો જે શોધ થયોછે તે જાણે અંતે એક મોટા દૂરદર્શક યંત્રથી આકાશમાં જે તારાની જગ્યા આપણે પેહલાં ગણત્રીથી નક્કી કરી હોય તેજ જગ્યામાં તેને શોધી કાઢયો હોય એમ દીસેછે.

પરંતુ વેદમાં પણ **દ્યૌસ્** અત્યારથીજ એક ઝાંખા તારા જેવે. થઇ પડયો. એ શબ્દનો સાધારણ અર્થ તો **આકાશ** કરી આપવામાં આવ્યોછે; પણ એનો વધારે ખરો અર્થ તો 'પ્રકાશિત અથવા ચળકતો' એવો થાય; કેમકે એ **દિવ્** અથવા **દ્યુ** ધાતુ ઉપરથી નિકળ્યોછે, જેનો અર્થ **પ્રકાશવું** અથવા **પ્રકાશતું કરવું** એવો થાયછે; અને આ ચળકવાની અને જગત્‌ને પ્રકાશ આપવાની શક્તિ **દ્યૌસ્** નામ સાથે મળી ગઇછે. પ્રકાશિત તે કોણ એ વાત એકલા તે શબ્દથીજ જાણી શકાતી નહતી. તે એક અસુર અથવા જીવતું પ્રાણી હતું; બસ એટલુંજ અને ત્યાર પછીજ **દ્યૌસ્** એ શબ્દ કથા કહાણીનું મધ્યબિંદુ થઇ પડયો, અને વળી સાધારણ ભાષામાં જેમ **સવિતૃ** એટલે જીવ આપનારના સંબંધમાં થયું હતું, તેમજ એ **દ્યૌસ્** શબ્દ આકાશના ઘણાક દંતકથા સંબંધી અને અર્થરહિત શબ્દોમાંનો એક થયો. ત્યારે હવે **દ્યૌસ્** એટલે પ્રકાશ અથવા આકાશને પ્રકાશિત કરનાર બેશક પેહલાંથીજ દેવ અથવા પ્રકાશતાં (નુરી) પ્રાણિયોમાં કાંઇક જાતની શ્રેષ્ઠતા ધરાવાને અતિયોગ્ય હતો; અને આપણે જાણિયે છિયે કે એ શ્રેષ્ઠતા ગ્રીક **ઝિયુસ** અને લાતિન **જુપીતર** શબ્દોમાં કેવી પૂર્ણ રીતે મળી. વેદમાંના **દ્યૌસ્** શબ્દમાં પણ આપણે એક એવીજ વલાણ જોઇ શકિયે; પણ તેમાં એ વલાણનીસામે દરેક દેવમાં સર્વથી ઉત્તમ લક્ષણ ધારણ કરવાની જે જાતિ વલાણ છે, તે વલાણે પ્રતિકાર કર્યો.

દ્યૌસ્, આકાશ, ની આરાધના પૃથવી અને દેવતા જોડે વારંવાર કરવામાં આવેછે.

ઉદાહરણ (ઋગવેદ ૭, ૫૧, ૫): 'દ્યૌસ્ (આકાશ) પિતા, અને પૃથિવી (ભૂમી) માતા, અગ્નિ (દેવતા) બંધુ, અને, રે તમે વસુઓ; હે પ્રકાશિત દેવતાઓ, અમારી ઉપર દયા કરો!'

હિયાં આપણે જોઇયે છિયે કે **દ્યૌસ્** પેહલી જગ્યા લે છે, અને આ અસલી આરાધનાઓમાં તે ઘણુંકરીને પેહલીજ જગ્યા

લે છે. તેને સદા પિતાને નામે બોલાવવામાં આવેછે. ઉદાહરણ (૧, ૧૯૧, ૬.): 'દ્યૌસ્ પિતા છે અને પૃથિવી, ભૂમી તમારી માતા છે, સોમ તમારો બંધુ છે. અદિતિ તમારી બેહેન છે.' અથવા વળી (ઋગવેદ ૪, ૧, ૧૦માં) દ્યૌસ્, પિતા, સૃષ્ટા; દ્યૌસ્ પિતા જનિતા, ઝિયુસ્ પિતર જ્યુપિતર.

તોપણ **દ્યૌસ્** (આકાશ)ને જેટલો એકલો ને છુટોજ આરાધવામાં આવે છે તે કરતાં વધારે વાર **પૃથિવિ** એટલે ભૂમી સાથે આરાધવામાં આવેછે; અને એ બે શબ્દ સંયુક્ત થયાથી વેદમાં એક જાતનો યુગ્મ દેવ થાય છે, જેને **દ્યાવાપૃથિવી**, એટલે આકાશ અને પૃથ્વી કરીને કહેછે.

હવે વેદમાં એવાં તો ઘણાંક વાકયો આવેછે કે જેમાં આકાશ અને પૃથ્વીની શ્રેષ્ઠ દેવતા દાખલ આરાધના થાય છે. વળી દેવો તેમના પુત્ર કેહવાય છે, મુખ્યત્વે કરીને વેદના બે ઘણાજ લોકપ્રિય દેવો, ઇંદ્ર અને અગ્નિ, બંને તેમના સંતાન ગણાયલા છે. આ બે માત પિતાએજ આખું જગત્ બનાવ્યું છે, તેઓજ તેનું રક્ષણ કરે છે, અને પોતાની શક્તિથી જે પણ વસ્તુ હયાત છે તેને ટેકવી રાખે છે.

તોપણ આકાશ અને પૃથ્વીને તેઓનું અમરપણું, તેઓની સર્વકાર્ય શકિત, અને તેઓનું આનંત્ય (હમેશગી) દર્શાવાને જેટલી ઉત્પન્ન કરી શકાય તેટલી ઉપમા મળ્યા પછી, આપણે એકાએક સાંભળિયે છિયે કે, કોઇ એવો હુશિયાર કારીગર દેવોમાંથી નિકળી આવ્યો, કે જેણે આકાશ અને પૃથ્વી એ બંનેને પેદા કીધાં, પછી તેમને **દ્યાવાપૃથિવી** કહો કે **રોદસી.** કેટલીક જગ્યાએ એમ કહેલું છે કે આકાશ અને પૃથવીને પેદા કરનાર અને આધાર આપનાર ઇંદ્ર છે, તેજ ઇંદ્ર કેજેને બીજી જગ્યાએ દ્યૌસૂનો પુત્ર અથવા આકાશ અને પૃથ્વીનો પુત્ર ગણેલો છે.

દ્યૌસ્ અને ઇંદ્ર વચ્ચે શ્રેષ્ઠતા માટે કસાકસી.

——oo——

ખરે, આપણે હિંયા બે પ્રમુખ દેવતાઓ વચ્ચે કોઇ જાતની હરીફાઇ ઉઠેલી પેહલવેહલી જોઇયે છિયે; જે ઝગડો પેલા પ્રાચીન અને પ્રથમ કાળના દેવ અને દેવી આકાશ તથા પૃથ્વી અને વધારે અર્વાચીન અને વધારે શારીરિક દેવ ઇંદ્ર, જે પેહલાં વરસાદ આપનાર **જુપીતર પ્લુવિયસ** હતો, અને જેને અંધકાર, રાત્રિ તથા શિયાળાની શક્તિ સાથે, અને વિશેષકરીને જે ચોરે વરસાદનાં વાદળાંઓને જયાંસુધી તે ગગડાટ અને વિજળીથી ફરી તેમની ઉપર જીત મેળવે ત્યાંસુધી ખેંચી જતા, તેમની સામે રોજીંદુ અને વાર્ષિક યુદ્ધ ચલાવ્યાથી, એક પરાક્રમી લક્ષણ મળ્યું હતું, તેવા ઇંદ્ર વચ્ચે માલમ પડેછે. આ ઇંદ્ર જોકે પ્રથમતો આકાશ તથા પૃથ્વીનો પુત્ર હતો, તોપણ તેનેવિષે વગરઅડચણે કહી શકાય, કે તેના જન્મ વેળા આકાશ તથા પૃથ્વી ધ્રુજ્યાં. વળી આપણે ઋગવેદ ૧, ૧૩૧, ૧ માં વાંચિયે છિયે કે 'ઇંદ્ર આગળ પેલા દૈવિક **દ્યૌસે** (આકાશ) નમસ્કાર કર્યો, ઇંદ્ર સન્મુખ પેલી મહાન્ **પૃથિવી** (ભૂમી)એ નમસ્કાર કર્યો. તું, ઓ ઇંદ્ર, આકાશનું શિખર હીલવેછે.' ગાજવીજનો દેવ જેની આગળ 'પૃથ્વી ધ્રુજશે, આકાશ કાંપશે, સૂર્ય અને ચંદ્ર ઝાંખા પડી જશે, અને તારા પોતાનો પ્રકાશ પાછો ખેંચી લેશે,' એવાં વચનો જે સૃષ્ટિમાં વિશ્વનિયમાનુસાર વાસ્તવિકછે, અને જે તેને લાગુ પાડવામાં આવ્યાંછે, તેનો થોડા વખતમાં વિવેકને અનુસરતો અર્થ કરવામાં આવે, અને પછી ઇંદ્રનાં મહત્વ અને શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે. એક કવિ એ પ્રમાણે કહી જાયછે કે 'ઇંદ્રનું, મહત્વ તો ખરેખર ગગન (એટલે દ્યૌસ્) થી ચઢતુંછે, પૃથ્વીથી ચઢતુંછે, અને આકાશથી ચઢતુંછે, બીજો કવિ કહેછેકે 'ઇંદ્ર આકાશ અને પૃથ્વીથી ચઢતોછે. એની સાથે સરખાવતાં તેઓ એનાં અરધાં છે.'

આ પછી આ દેવોના પિતા અને પુત્રની અન્યોન્યસાપેક્ષ પદવી વિષે મનન કરવું બની આવે, અને છેલે એવું કબુલ કરવું પડે કે તે પુત્ર, પેલો શૌર્યવાન ઇંદ્ર, તેના વિજ અને વિજ-બાનથી તેના પિતા, એટલે પેલાં સ્થીર આકાશ કરતાં મોટો હતો, તેની મા, એટલે પેલી અચળ પૃથ્વીથી મોટો, અને બીજા દેવો કરતાં પણ મોટો હતો. એક કવિ કહી જાયછે કે : 'બીજા દેવોને લેવાઈ (સુકાઇ) ગયેલા ઘરડા ડોસા પેઠે હાંકી કાઢવામાં આવ્યા હતા; પણ, ઓ ઇંદ્ર, તું તો રાજા થયો.' આ રીતે આપણે જોઇયે છિયે કે ઇંદ્ર પણ કેવી રીતે બીજો શ્રેષ્ઠ દેવ થઈ બેઠો. એક કવિ કહી જાયછે કે : 'તારી પેલીમેર કોઇ નથી, તારાથી ચઢિયાતો કોઈ નથી. તારા સમાન પણ કોઇ નથી.' વેદના મંત્રોના મોટા ભાગમાં ઇંદ્ર મુખ્યકરીને શ્રેષ્ઠ દેવ છે; તોપણ એટલી હદ સુધી નહિ કે જેથી ઝિયુસની પદવી સાથે એની પદવી સરખાવી શકયે. તેમજ બીજા દેવો કાંઈ સદા તેથી ઉતરતા નથી, અને વળી એમ પણ નહિ કેહુવાય કે તે સઘળા સરખી પદવીના છે. જોકે કેટલીક જગ્યાએ કેટલાક દેવો સરખી પદવીએ જોડાયલાજ આવેછે, અને કેટલાક, તેમાં મુખ્યકરીને ઇંદ્ર, બીજાઓ કરતાં મોટા ગણાયલાછે, તોપણ આ બીજા દેવોનો પણ એક દિવસ આવેછે, કે જ્યારે તેઓને આશીસ દેવાને માટે અરજ કરવામાં આવેછે, અને ત્યારે એ દેવતાઓનાં શક્તિ અને ડહાપણનો મહિમા એવી તો જબરી ભાષાથી દર્શાવવામાં આવેછે, કે તેથી વધારે જબરી ભાષા મળે નહિ.

એક શ્રેષ્ઠ દેવ દાખલ ઇંદ્રની સ્તુતિ.

——oo——

હું તમને એક મંત્ર, જે ઇંદ્રને અર્પેલું* છે, તેનું, અને બીજું મંત્ર જે વરૂણને માટે છે, તેનું ભાષાંતર કરી બતાવુંછું, તે એવા હેતુથી કે ઇષ્ટેશ્વરમત, એટલે એક ધર્મ કે જેમાં પ્રત્યેક દેવની

---

* સંસ્કૃતમાં મંત્ર નરજાતિમાં વપરાયછે.

જે વેળા આરાધના થાય છે તે વેળા સર્વથી શ્રેષ્ઠ દૈવના સઘળા ગુણ તે ભોગવેછે, એવા ધર્મ તે શાને કહેછે. જે અર્થે આપણે તે શબ્દ લઇયે છિયે તેમાં કાંઇ તમારે કાવ્યચાતુર્ય જોવાનું નથી. તે પ્રાચીન કવિયો પાસે કાવ્યરચનાની ટાપટીપ અથવા માત્ર ખાલી ભપકાદાર શબ્દોને માટે વખત નહતો. તેઓ તો જે કાંઇ કેહવા માગતાં તેને માટે જોઇતાં ખરાં વચન શોધવા ભારે મેહનત લેતા. બરાબર બંધબેસતાં વચનથી તેમનાં મનને જાણે વિસામો મલતો હતો. દરેક મંત્ર, પછી તે આપણને ગમે એવું નિર્જીવ કે નિરસ લાગે, તોપણ તેઓનાં મનને તો તે એક શૂરવીર પરાક્રમ, એક ખરો યજ્ઞ હતો. તેમનો દરેક શબ્દ અર્થમાં વજનદાર જણાય છે, અને તેની ચોકસ અસર થાય છે. પણ જ્યારે આપણે અર્વાચીન ભાષામાં તેનું ભાષાંતર કરવા જઇયે છિયે, ત્યારે તો આપણને એ કામ નિરાશ થઇને મુકી દેવાને વારંવાર મન થાય છે.

ઋગવેદ ૪, ૧૭:— 'ઓ ઇંદ્ર, તું મોટો છે. તને એકલાને પૃથ્વીએ અને આકાશે, તનેજ ખુશીથી પોતાનું રાજ સોંપ્યું છે. જ્યારે તેં શૂરભેર **વૃત્ર**ને માર્યો, ત્યારે એ અસુર જે પાણીના ઝરા ગળી ગયો હતો, તેમને તેં છોડી મુક્યા.'

'તારા પ્રકાશના જન્મકાળે આકાશ ધ્રુજ્યું. પૃથ્વી પણ તેના પોતાના પુત્રના ક્રોધના ભયથી ધ્રુજી. મજબુત પહાડો હાલ્યા, જંગલો ભીનાશવાળાં થયાં, અને પાણી (નાં નાળાં) વેહવા લાગ્યાં.

'શૂરભેર વજ્ર ફેંકતાં અને એકસરખી રીતે પોતાની શક્તિ દેખાડતાં તેણે પહાડોને ચીરી નાખ્યા. પોતાની વીજવતે તેણે **વૃત્ર**ને મારી નાખ્યો, અને પાણી તેમના મજબુત રખેવાળના મરવા પછી ઝડપથી વેહતાં ચાલ્યાં.

'તારો પિતા દ્યૌસ્ (તારે લીધે) પરાક્રમી ગણાતો; જેણે ઇંદ્રને બનાવ્યો તે હુશિયારમાં હુશિયાર કારીગર હતો; કારણ કે તેણે એક એવા દેવને જન્મ દીધો, કે જે પ્રકાશિત છે, જેનો વજ્ર સખત છે, અને જે પૃથ્વીની પેઠે તેની જગ્યાએથી હીલવાને નથી.

'ઇંદ્ર, જેની ઘણાઓ આરાધના કરેછે, જે એકલોજ પૃથ્વીને હીલવી શકે, તે પ્રજાનો રાજા છે. સઘળાં પ્રાણીનો આનંદ એજ છે, કે જે એકલો સત્યવાન છે. સઘળાં પ્રાણી એ પરાક્રમી દેવની ઉદારતા વખાણેછે.

'સઘળા સોમ સદા એનાજ હતા; સર્વથી પ્રબલ આનંદ સદા એ મહાન્ દેવને માટે હતા; તું સદા ભંડારનો ભંડારી હતો. ઓ ઇંદ્ર, તું સઘળાં માનસને પોતપોતાના ભાગ્યનું નિર્માણ કરી આપેછે.

'ઓ ઇંદ્ર, જેવો તું જનમ્યો કે તેવાજ સઘળાં મનુષ્યો તારેથી બીહુવા લાગ્યાં. ઓ વીર, તેં તારી વીજથી નિચે ધસારાબંધ્ધ છુટી પડતાં પાણીને આડે જે સર્પ બેઠા હતો તેને કાપી નાખ્યો.

'ઇંદ્ર સદા-મારનાર, ધૈર્યવાન, વિક્રાળ, મહાન્, અપાર અને ભલી વીજવાળો શૂરવીર યોદ્ધા, તેનાં વખાણ કરો. તે વૃત્રને મારી નાખેછે, લુટ જીતી લેછે, દોલત આપેછે, તે દોલતમાન્ છે, તે ઉદાર્યછે.

'જે શત્રુઓ એકઠા થયાછે તેને તે વિખેરી નાખેછે, તે માત્ર પોતેજ લડાઈમાં શૂરા તરીકે પ્રખ્યાત છે. જે લુટ તેણે મેળવીછે, તે ઘેર લાવેછે; તેની મિત્રતામાં આપણે તેના વહાલા થઇયે.

'તે વિજયી અને ઠારકરનાર દાખલ પ્રખ્યાત છે, વળી તે લડાઈમાં ઢોરોને લાવેછે. જયારે ઇંદ્ર ખરેખરો ક્રોધાયમાન થાયછે, ત્યારે જે કાંઇ દ્રઢ હોયછે તે ધ્રુજેછે અને તેનાથી બીહેછે.

'ઇંદ્રે ઢોરોને જીત્યાં, તેણે સોનું અને અશ્વ જીત્યાં, તે બળવાન જે સઘળા કિલ્લાઓ તોડી પાડેછે. પુષ્કળ મનુષ્યોનો તે ધણી આ બળવાન માનસોથી ભંડારનો વેંહેંચનારછે અને દોલતનો સંગ્રહ કરનાર છે.

'જે માત પિતાએ તેને જન્મ દીધો તેની ઇંદ્ર કેટલી દરકાર રાખેછે? ઇંદ્ર, જે એક ક્ષણમાં પોતાનું જોમ, જેમ વંટોળિયો ગર્જના કરતાં વાદળાં સાથે ધસી જતો હોય, તેમ જગાડેછે.

'જેનું ઘર હોય તેને એ ઘરરહીત કરી મુકેછે, તે સબળ દેવ ધુળને ઉડાવી વાદળ પેરે કરી દેછે. તે દરેક ચીજને ઘૌસ્ (આકાશ), વીજના ઘુમાવનાર પેઠે ભાંજી નાંખેછે. શું તે પોતાના મંત્ર ગાનારને (કવિને) દોલતની વચે બેસાડશે?

'તેણે સૂર્યનું ચક્ર આગળ હાંકી કહાડયું, પછી તેણે **એતશન** તેની ગતિમાં અટકાવી દીધો. પાછો ફરી તેણે તેને રાતના અંધારા ડોહમાં નાખી દીધો, આ આકાશની જન્મભૂમીમાં.

'જે પ્રમાણે એક કુવામાંથી આપણે એક કળસિયો કહાડિયે છિયે, તેમ અમે કવિયો, જેમને ગાયો જોઇયે છે, અશ્વ જોઇયે છે, લૂટ જોઇયે છે, સ્ત્રીઓ જોઇયે છે, તેમને જે શક્તિમાન્ દેવ સ્ત્રીઓ આપેછે અને જેની સાહેતા કદી નિષ્ફળ જતી નથી, એવા ઇંદ્રને મિત્ર તરીકે પાસે લાવ્યે છિયે.

'અમારા મિત્ર તરીકે આવી તું અમારો રક્ષણ કર્ત્તા થા! તું જે યજ્ઞદાન કરનારને શાંતી આપનાર છે, મિત્ર છે, પિતા છે, સૌથી સરસ પિતા છે, તું જે સ્વતંત્રતા આપેછે, અને જે કોઇ માગે તેને જીંદગી બખશેછે, તે અમારીભણી જો.

'જેઓ તારી મિત્રતા માગે તે સઘળાનો તું મિત્ર અને રક્ષણકર્ત્તા થા. ઓ ઇંદ્ર! જયારે તારી સ્તુતિ થઇ હોય ત્યારે જેણે તારી કીર્તિ ગાઇ હોય તેને જીવતદાન આપ; અમે સઘળા ભેગા મળી તને બળિદાન આપ્યાં છે, અને ઓ ઇંદ્ર! એ કર્મથી કરી અમે તારૂં મહત્વ વધાર્યું છે.

'ઇંદ્રને બળવાન્ દાખલ વખાણવામાં આવ્યો છે, કારણ, જો કે તે એક છે તોપણ ઘણા અનુપમ શત્રુઓને મારે છે. જેની સંભાળતળે તેનો આ મિત્ર અને કવિ ઉભો છે તેની સામે મનુષ્ય કે દેવ કોઇ થઇ શકે નહિ.

'ઇંદ્ર જે સર્વશકિતમાન્, બળવાન્, મનુષ્યનો પાળનાર, વજ્રદેહી અજોધ્ય છે, તે આ સઘળું ખરે આપણેમાટે વાસ્તવિક કરો. તું, જે સઘળા વંશોનો રાજા છે, તે કવિઓની જે મુખ્ય કીર્તિ છે તે અમને આપ.'

શ્રેષ્ઠ દેવ દાખલ વરૂણનું સ્તોત્ર.

———oo———

'આ નિચલું ભજન વરૂણને માટે છે. (ઋગવેદ ૨, ૨૮):—
'આ (સૃષ્ટિ) ડાહ્યા રાજા આદિત્યની છે. તે પોતાની શક્તિથી સઘળાં પ્રાણીઉપર ફાવી નિકળો! હું તે દેવને માટે એક સ્તુતિમય ભજન શોધું છું, જે યજ્ઞ ઉપર બહુ ભાવ દેખાડે છે એટલે તે ઔદાર્ય વરૂણ માટે.

'ઓ વરૂણ, અમે જેઓ સદા તારૂં મનન કરિયે છિયે અને તારી સ્તુતિ ગાઇયે છિયે; જેઓ દિનપ્રતિદિન યજ્ઞકુંડ ઉપર જેમ અંગારા હોય તેમ સુંદર ઉષાના આગમનસમે તને નમસ્કાર કરિયે છિયે, તેમને તારી નોકરીમાં દાખલ કરી તારા આશીસથી સુખી કરી દે.

'ઓ વરૂણ, અમારા ભોમિયા, અમને તારા રક્ષણતળે રેહવા દે, તું કે જેની પાસે પુષ્કળ શૂરવીરો છે, અને જેનાં ચોખંડ ધરતી ઉપર વખાણ થાય છે! અને ઓ દેવો! તમે અદિતિના અજીત પુત્રો, અમને તમારા મિત્ર દાખલ કૃપા કરી કબુલ રાખો.

'રાજ્યકર્તા અદિત્યે આ નદિઓ મોકલી છે. તેઓ વરૂણના નિયમ પ્રમાણે ચાલે છે. તેઓ થાકતી નથી, તેઓ અટકતી નથી; પક્ષીપેરે તેઓ દરેક બાજુએ ત્વરાથી ઉડે છે.

'મારૂં પાપ જે સાંકળ જેવું છે તે મારી પાસથી લઇ લે, અને ઓ વરૂણ, અમે તારા નિયમનો પ્રવાહ વધારશું. હું મારૂં ગાયન ગુંતું છું, તેટલાં તારને તુટવા દેતો નહિ. વખત આવ્યા આગળ એ ઋચાઓ રચનાર કવિના સ્થૂલદેહનો ભંગ થવા દેતો નહિ.

'ઓ વરૂણ, તું પુન્યવાન્ રાજા, મારી પાસેથી આ ત્રાસ છેક દૂર કર, મારી ઉપર દયા કર. જેમ એક વાછરડાને દોરડાંથી (બાંધેલો) છોડવે તેમ મને મારાં પાપથી છોડવ; કારણ કે તારેથી દૂર હોઉં

છું, ત્યારે હું એક આંખના પલકારાને પણ મારે વશ રાખી શકતો નથી.

'ઓ વરૂણ, જે હથિયારોથી તું યથામરજી કુકર્મિને મારે છે, તે હથિયારોવતી અમને ના મારતો. જ્યાંથી પ્રકાશ અલોપ થયો છે ત્યાં અમને ના જવાદે. અમારા શત્રુઓને વિખેરી નાખ, કે અમે જીવિયે.

'ઓ વરૂણ, બળવાન દેવ, અમે પૂર્વે તારાં વખાણ ગાયાં હતાં, હાલ ગાઇયે છિયે અને ભવિષ્યમાં પણ ગાઇશું. કારણ કે હે અજેય વીર, તારાઉપર સઘળા અચળ કાયદા જાણે એક ખડકઉપર જડીલીધા હોય તેમ રહેલાછે.

સઘળાં આત્મકૃત પાપથી મને બહુ દૂર કર, અને ઓ રાજા! તું એવું કર કે બીજાઓનાં કરેલાં પાપને માટે મને ખમવું ન પડે. ઘણી ઉષા હજી તો મારા ઉપર ગઈ નથી, માટે, હે વરૂણ, અમને તે રહે ત્યાંસુધી જીવવા દે.

'ઓ વરૂણ, કોઇ મારો સખો અથવા મિત્ર હોય, જેણે હું સુતો અને કાંપતો હોઉં તે વેળા મારી સામે ભયંકર મારણમંત્ર સાધ્યા હોય, અથવા કોઈ ચોર અથવા વરૂ મને ઈજા કરવાને ઇચ્છતો હોય, તો એવાઓથી અમારો બચાવ કર.'

કોઇ ગ્રીક કવિ ઝીયુસની સ્તુતિ ગાતાં આથી કાંઈ વધારે બોલી શકે નહી; તોપણ હું તમને બીજાં ભજનોમાંથી સહજ ચુંટી કહાડેલાં વાકયો બતાવી આપું કે જેમાં અગ્નિ, મિત્ર, સોમ, અને બીજા દેવોવિષે એવીજ અને એથી પણ વધારે મજબુત ભાષા વાપરવામાં આવીછે.

ઈષ્ટેશ્વરમત, ધર્મનો વાકકાળ.

ત્યારે ઈષ્ટેશ્વરમતનો અર્થ તે આ છે, કે ધર્મ વિષયક વિચારનો એક એવો પ્રકાર, કે જેની ઓળખ આપણને પહેલીજ વખત

વેદમારફત થઇછે, તો જોકે બીજા ધર્મોને પણ એ પ્રકારમાંથી થઇને જવું પડયું હતું એમાં તો થોડોજ શકછે. ઇ૦ સ૦ ૧૮૫૯ માં મેં પ્રાચીન સંસકૃત ભાણતરનો ઇતિહાસ પ્રગટ કર્યો તેમાં પેહલાંથીજ મેં ધર્મના આ ઇષ્ટેશ્વર રૂપતરફ ધ્યાન ખેંચ્યું હતું. પૃષ્ટ ૫૩૨ માં મેં લખ્યુંછે કે 'જયારે આ પ્રત્યેક દેવની આરાધના કરવામાં આવતી હતી ત્યારે તેઓ બીજા દેવો કરતાં અઢિયાતા કે ઉતરતા છે, એમ ગણીને તેમની શક્તિની સિમા આવેલી હોય એમ નહિ વિચારવું. દરેક દેવ પ્રાર્થકને મન બીજા સઘળા દેવો જેવોજ યોગ્ય છે. જોકે આપણાં મનમાં દેવોના બહુત્વને લીધે પ્રત્યેક જુદા દેવની શક્તિની અવશ્ય જોઇયે એમ ધારયાછતાં જે વેળા તેની આરાધના થાયછે તે વેળા તે એક ખરોજ ઇશ્વિર લાગેછે; અને વળી ઇશ્વિર જેટલોજ શ્રેષ્ઠ અને સ્વતંત્ર લાગેછે. કવિની નજરઆગળથી બીજા સઘળા દેવો અલોપ થઈ જાયછે, અને માત્ર તેજ દેવ જે પુજારિયોની સઘળી કામના પુરી પાડનાર છે તે તેમની આંખ આગળ પોતાના પૂર્ણ પ્રકાશસહીત આવી ઉભો રહેછે.

"ઓ દેવો તમારામાં કોઇ નાનાએ નથી અને કોઈ જુવાન પણ નથી; ખરે તમે તો સઘળા મોટા છો"—આ વિચાર જોકે કવિ **મનુ વૈવસ્વતે** જેટલો સ્પષ્ટ રીતે જાહેર કર્યોછે તેટલો સ્પષ્ટ કદાચ ન હોય, તોપણ તે વેદમાં આવતી સઘળી કવિતામાં પ્રસરેલો છે. જોકે કોઇ કોઇ વખત દેવોનો સ્પષ્ટ રીતે મોટા દેવ અને નાના દેવ, તરૂણ દેવ અને વૃદ્ધ દેવ તરીકે આરાધના કરવામાં આવીછે, (ઋગવેદ ૧, ૨૭, ૧૩,) તોપણ દૈવિક શક્તિયોને માટે સર્વથી વિસ્તીર્ણ વચન શોધી કહાડવાનો એતો માત્ર એક યત્ન છે, અને કોઈ પાણ જગ્યાએ દેવોમાંના કોઇને પણ બીજા દેવના દાસ તરીકે લેખેલા નથી.

તોપણ અનેકેશ્વરમતના સાધારણ અર્થથી જુદો રાખવાને માટે જે મતને મેં ઢિયાં ઇષ્ટેશ્વરમત એવું નામ આપ્યુંછે તે ઉપરથી કોઇએ એમ નહિ માનવું કે એ ઇષ્ટેશ્વરમત માત્ર હિંદુસ્થાનમાંજ

હતું. એ મતનો પત્તો ગ્રીસમાં, ઇતલીમાં, અને જર્મનીમાં મળી આવેછે. જે કાળમાં સ્વતંત્ર જાતોમાંથી પ્રજાઓ સ્થાપન થાયછે તેના પૂર્વના કાળમાં એ પત્તો આપણને ઘણો સ્પષ્ટ દેખાયછે. એ વિષે જો હું કહી શકું તો એમકે જાણે એક રાજસત્તાના રાજની પૂર્વના અરાજ સત્તા જેવું, જાણે ધર્મના સામરાજિક પ્રકારથી અલગ લોકાભિપ્રાયાનુસાર રાજ્ય પ્રકાર હોય તેમ છે. એનું સૌથી સરસ વર્ણન કરવું હોય તો એ ધર્મનો ભાષાકાળ કેહવાય. કારણકે જેમ કોઇપણ ભાષાની પૂર્વે એક ભાષા જે પાછળથી પ્રજાની સાધારણ ભાષા કેહવાયછે, તેની પૂર્વે તેને ઉત્પત્તિ આપનાર બોલીઓ આવેછે, તેજ પ્રમાણે ધર્મની બાબદમાં પણ છે. તેઓ (દેવો) દરેક ઘરને ચુલે ચુલે ઉભી થાયછે. જેમ કુટુંબો એકઠાં થયાથી એક જાત બનેછે, અને ત્યારે જે માત્ર એકલો ચુલો હતો તે આખા ગામનો યજ્ઞવેદી થઇ પડેછે; અને જેમ જુદી જુદી જાતો એકત્ર થવાથી એક રાજય થાયછે, તેમ પેલા જુદા જુદા યજ્ઞકુંડનું એક દેહરૂં બની જાયછે, અથવા તે આખી પ્રજાનું પવિત્ર સ્થાન થઇ જાયછે. આ ક્રિયા સ્વાભાવિક છે અને તેથી તે સામાન્ય છે. માત્ર વેદમાં જેમ એ ક્રિયાને તેની ઠેઠ ઉત્પત્તિથીજ જેટલી સ્પષ્ટ આપણે જોઇયે છિયે તેટલી બીજે કોઇ ઠેકાણે જોતા નથી.

જુદા જુદા દેવોની શ્રેષ્ઠતા.

———oo———

થોડાક ઉદાહરણથી આ વાત હજીપણ વધારે સ્પષ્ટ થશે. બીજા મંડળના પેહલા મંત્રમાં અગ્નિને સર્વ જગતનો પતિ, મનુષ્ય માત્રનો ધણી, ડાહ્યો રાજા અને મનુષ્યનો પિતા, બંધુ, પુત્ર અને મિત્ર કહ્યોછે, એટલુંજ નહિ પણ બીજા સઘળા દેવોની શક્તિ અને સંજ્ઞા સ્પષ્ટ રીતે અગ્નિને લાગુ પાડવામાં આવીછે. ખરૂં કે એ મંત્ર વધારે અર્વાચીન કાળના કાવ્યોને લગતુંછે; તોપણ જોકે અગ્નિને

તેમા આવી શ્રેષ્ઠ પદવિએ ચઢાવ્યોછે, તોપણ બીજા દેવોના ઇશ્વરી લક્ષણને હલકું દેખાડે એવું કાંઇજ તેમાં કહેલું નથી.

ઇંદ્ર વિષે શું શું કહી શકાય તે આપણે હમણાંજ તેને અપેલાં ભજનમાં જોયું. એ ભજનોમાં તેમજ પાછલા બ્રાહ્મણોમાં એ સઘળાં દેવોમાં સર્વથી શક્તિમાન્ અને બહુજ શુરવીર દાખલ પ્રખ્યાત થયલોછે; અને દશમાં પુસ્તકના એક ભજનનો મુખ્ય વિષયતો આ છે: 'વિશ્મસ્માદ્, ઇંદ્ર ઉત્તર:' એટલે ઇંદ્ર સઘળાંથી વધારે ચઢિયાતો છે.

એક બીજા દેવ **સોમ**વિષે એવું કેહવાયલુંછે કે એ જન્મેજ મોટો હતો અને સર્વને જીતી લેછે. એને વિશ્વનો રાજા કહ્યોછે, મનુષ્યોના આયુશ લંબાવવાની એનામાં શક્તિ છે, એટલુંજ નહિ, પણ એક લેખે તો દેવો પણ પોતાની જીંદગી અને અમરતાને માટે એને આભારી છે, એને (સોમને) આકાશ અને પૃથ્વિ, મનુષ્યો અને દેવોનો રાજા કહ્યોછે. જો આપણે **વરૂણ**ની (**ઑરેનૉસ**) આરાધના માટે જે ભજનો છે તે વાંચિયે તો આપણે ફરી જોઇશું કે એ દેવનું હિંયાં સ્મરણ કરતાં કવિના મનમાં તે શ્રેષ્ઠ અને સર્વ શક્તિમાન્ છે.

આપણો કવિ **વરૂણ**ને માટે જે કહેછે તેના કરતાં એક દૈવિક અને શ્રેષ્ઠ શક્તિનો ખ્યાલ દર્શાવવાનો યત્ન કરતાં મનુષ્યભાષા બીજું વધારે શું કરી શકે? કવિ આમ કહેછે: 'તું સઘળાંનો પતિછે, આકાશનો અને પૃથ્વીનો' (૧, ૨૫, ૨૦); અથવા વળી જેમ બીજાં મંત્ર (૧૧, ૨૭, ૧૦)માં કહ્યુંછે તેમ 'સર્વનો રાજા છે, જેઓ દેવછે તેમનો તેમજ જેઓ મનુષ્ય છે તેમનો પણ.' અને **વરૂણ**ને માત્ર સૃષ્ટિનોજ પતિ કરી લેખ્યો નથી; તે સૃષ્ટિનો નિયમ જાણેછે અને તેને નિભાવેછે, કારણકે **ધૃતવ્રત** એવી જે એની ઉપમા છે તેનો અર્થજ ઉપર પ્રમાણે થાયછે. **વૃતો** એટલે સૃષ્ટિના નિયમો, કાંઇ ડગડગાવી શકાય એવા નથી. તેઓ જેમ એક ખડક ઉપર ચોંટી બેઠા હોય તેમ વરૂણ ઉપર સ્થાપિત થઇ રહ્યાછે. માટે વરૂણ બારે મહિના જાણેછે અને વળી તેરમો મહિનો પણ જાણેછે; વાયુની

ગતિ અને પવનમાં ઉડતાં પક્ષીઓ અને સમુદ્રમાં ફરતાં વહાણો વિષે પણ તે જાણેછે. સૃષ્ટિનાં સઘળાં ચમતકારિક કાર્યોને જાણેછે, અને તે ભૂતકાળ કળીશકેછે એટલુંજ નહિ પણ ભવિષ્ય પણ તે સમજી શકેછે. પણ આ સઘળાંથી વધારે તો આ છે કે વરૂણ સત્ય-સામાજિક નિયમ ઉપર ચોકી રાખેછે. જેમકે કવિ એક મંત્રમાં એવું કબુલ કરી ભજન શરૂ કરેછે કે હું વરૂણનાં કામો ભુલી ગયોછું અને તેના નિયમોનું મેં અપમાન કર્યુંછે. કવિ વરૂણથી ક્ષમા માગે છે અને પોતાના બચાવમાં મનુષ્ય સ્વભાવની નબળાઇ દેખાડી અરજ કરેછે. પાપને બદલો મોતથી લેવા સામે તે પોતાની નારાજી દેખાડેછે. જેમ એક ઘોડાને માયાળુ શબ્દોથી નરમ પાડવામાં આવે છે તેમ કવિ વરૂણને પોતાની પ્રાર્થનાથી સમાધાન કરવાની આશા રાખેછે. કવિ છેલે કહેછે કે 'કૃપાયમાન થા અને ફરી મારી જોડે બોલ.' આ વાંચ્યા પછી ખ્રિસ્તિધર્મ સ્તોત્રનાં વચનો 'તે આપણું શરીર જાણેછે, માટે તેને ખબરછે કે આપણે માટીના બનેલા છિયે' એ કોને યાદ નહિ આવશે?

તોય આ વરૂણ પણ કાંઇ શ્રેષ્ઠ નથી. તે કાંઈ એવો પ્રાણ નથી કે જેના સરખો કોઈ બીજો હોય નહિ. લગભગ સદા તે એક બીજા દેવ **મિત્ર** જોડે જોડિયો થઇને આવેછે, પણ કાંઇયે જણાતું નથી કે **વરૂણ મિત્ર**થી મોટો કે **મિત્ર વરૂણ**થી મોટો છે.

આનું નામ હું ઇષ્ટદેવમત કરી રાખુંછું, એટલે છુટા છુટા અને એકેકા દેવની પૂજા; જેમાં બીજા સઘળાવિષે સ્પષ્ટ રીતે ઇનકાર કરેલો હોચ તેથી અને અનેકેશ્વરમત, એટલે ઘણા દેવો જેઓ એકત્ર થઇ એક શ્રેષ્ઠ દેવની સત્તાતળે એક દૈવિક મંડળી થાયછે, તેથી ઉપલું ઇષ્ટેશ્વરમત સંભાળી જુદું ગણવું જોઇયે.

ઇશ્ટેશ્વરમતની ચાલુ વૃદ્ધિ.

———oo———

હવે વેદના આ ઇશ્ટેશ્વરમતની વધુ વૃદ્ધિ થતાં તેનું શું થયું તે આપણે જોઇયે.

સૌથી પેહલાં આપણે જોઇયે છિયેકે આમાંના કેટલાક પૃથક દેવોને એકજ મૂળમાંથી નિકળ્યા પછી ઘણો થોડો વખત પોતાના જુદા ક્રમ ચલાવીને પાછા એકત્ર થઈ જવાની વૃતિ છે. **દ્યૌસ્**નો અર્થ આકાશ, એટલે સદા નજર આગળ રેહતો પ્રકાશ હતો. **વરૂણ**નો અર્થ પણ આકાશ, એટલે સર્વ-સમાવસ કરનાર હતો. **મિત્ર** એ પણ આકાશ, એટલે પ્રહારના પ્રકાશથી પ્રકાશિત થયલો તે. સૂર્ય તે આકાશમાં પ્રકાશતો સુરજ. **સવિતૃ** એટલે પ્રકાશ અને જીંદગી લાવતો સૂર્ય. **વિષ્ણુ** એટલે ત્રણ પગલામાં બધું આકાશ ફરી વળતો સૂર્ય. **ઈંદ્ર** આકાશમાં વરસાદ આપનાર દાખલ જણાયો. **રૂદ્ર** અને **મરૂતો** આકાશવિશે ગર્જના-તોફાન સાથે જતા; **વાત** અને **વાયુ** વાતાવરણના પવન હતા; **અગ્નિ** એ વસ્તેવ અને પ્રકાશ હતો, પછી તે ક્યાંએ જોવામાં આવે; જે સહવારે અંધકારમાંથી નિકળતો અથવા સાંજે અંધકારમાં અલોપ થતો. એજ ક્રિયા કેટલાક બીજા નાના દેવોને પણ લાગુ પડેછે.

આથી કરી સદા એવું બનતું કે એક દેવવિષે જે કેહવામાં આવતું તેજ બીજા દેવવિષે પણ કહી શકાતું; એકની એકજ ઉપમા ઘણાઓને માટે વપરાયછે. જુદા જુદા દેવોવિષે તેની તેજ વાત કેહેવામાં આવીછે.

અને સૂર્યમંડળના દેવો, જેવાકે, સૂર્યજ માત્ર નહિ પણ **ઈંદ્ર**, એટલે વરસાદનો દેવ, **મરૂતો**, એટલે તુફાન દેવો, એ સઘળા **દ્યૌસ્**, એટલે આકાશના પુત્રો કહેવાતા; અને આકાશને પૃથ્વીના પતિ તરીકે કલ્પવામાં આવ્યો, તેથી પૃથ્વી એ સઘળા દેવોની માતા થઈ શકે.

જ્યારે સૂર્ય ઉગતો ત્યારે તે કાંઇ માત્ર પ્રકાશ આપવાને માટેજ નહિ, પણ આકાશ અને પૃથ્વીને 'આપણી સમક્ષ જાણે પાથરીને ખુલ્લાં મુકવા સારૂ હોય, એમ ધારવામાં આવતું; અને જ્યારે એવું ધારવામાં આવતું, ત્યારે સૂર્ય, આકાશ અને પૃથ્વીને આપણીપાસે પાછો લાવતો અથવા આપણે માટે તેમને બનાવતો, એવું દર્શાવવું એ એક પગલું સેહેજ આગળ વધવા જેવુંછે.

તોપણ એજ પરાક્રમ વળી **ઇંદ્ર**, **વરૂણ**, અને **અગ્નિ**, જે સૂર્યનો પ્રકાશ છે, તેને તેમજ **વિષ્ણુ** જે આખી સૃષ્ટિ પોતાના ત્રણ પગલે ઓળંગેછે તેને પણ લાગુ પાડવામાં આવ્યું.

બીજી રીતે જોતાં અગ્નિ સૂર્યને પાછો લાવેછે એમ ધારવામાં આવ્યુંછે, અને બીજા કવિયો એજ પરાક્રમ **ઇંદ્રને**, **વરૂણને** અને **વિષ્ણુને** લાગુ પાડેછે.

જોકે અંધકાર તથા વાદળાંસામેનું ભારે યુદ્ધ મુખ્યકરીને **ઇંદ્ર** ચલાવેછે, તોપણ એ યુદ્ધમાં **દ્યૌસ્** પણ પોતાની વીજ ઘુમાવી ફેંકેછે, **અગ્નિ** અંધકારના દેવાનો સંહાર કરેછે, અને **વિષ્ણુ**, **મરૂતો** અને **પરજન્ય** એ સઘળા પેલાંજ નિત્યનાં અથવા વાર્ષિક યુદ્ધમાં ભાગ લેછે.

અસલી કવિયોને, જેમ આ સઘળું આપણે જોઇયે છિયે તેજ પ્રમાણે બરાબર દેખાયું, અને વારંવાર તેઓ એટલી હદ સુધી ગયલા જણાયછે કે જે એક દેવ તેજ બીજા દેવોછે એમ જાહેર કરેછે. જેમકે **અગ્નિ** જે ખરેખરો વસ્તેવનો દેવછે તે વળી **ઇંદ્ર** અને **વિષ્ણુ**, **સવિતૃ**, **પુશન્**, **રૂદ્ર**, અને **અદિતિ** પણ છે; એટલુંજ નહિ પણ એને વિષે તો કહેછે કે એ પોતેજ એ સઘળા દેવ છે. અથર્વવેદના એક શ્લોકમાં (૧૩, ૩, ૧૩.) આપણે વાંચિયે છિયે કે:—'સાંજે **અગ્નિ** વરૂણ થઈ જાયછે; જયારે સહવારે ઉગેછે ત્યારે તે મિત્ર થાયછે; સવિતૃ થયા પછી તે આકાશમાં થઇને જાયછે; ઇંદ્ર થયા પછી તે આકાશને વચમાંથી ગરમ કરેછે.'

સૂર્ય એટલે સુરજ તેજ **ઈંદ્ર** અને **અગ્નિ** છે એમ જાણવામાં આવ્યુંછે; **સવિતૃ** તેજ **મિત્ર** અને **પુશન્**; **ઈંદ્ર** તેજ **વરૂણ**; **દ્યૌસ્** એટલે આકાશ તેજ **પરજન્ય** અથવા વરસાદનો દેવ છે એમ જાણવામાં આવ્યુંછે. આ સઘળું સ્વતંત્ર દેવોની સંખ્યા ઓછી કરવામાં બ્રાહ્મણોને સહાય કરવા બેશક ઘણું અગત્યનું હતું; તો પણ હજી એઓ એકેશ્વરમતથી તો બહુ આઘા પડેલા હતા.

પ્રાચીન કવિયોએ વળી જે એક બીજી યુક્તિ કરી હતી, અને જે માત્ર વેદમાંજ ખાસ દેખાયછે, તે એકે, તેઓએ સંયુકત દેવો બનાવ્યા. બે દેવો જેઓ અમુક કાર્યો કરવાની શક્તિ ધરાવતા તેઓનાં નામને એક સંધીશબ્દ જેનો પ્રત્યય દ્વિવચની હોય તેથી સંયુકત કરતા, અને આ સંધી-શબ્દ એક નવા દેવનું નામ થયું. આ પ્રમાણે આપણી પાસે **મિત્ર** અને **વરૂણ** વિષેનાંજ ભજન છે એટલુંજ નહિ પણ **મિત્રાવરૂણૌ** એવે નામના એક દેવવિષે પણ છે; એટલું છતાં વળી કેટલીકવાર તો એમને બે **મિત્ર** અને બે **વરૂણ** કહેછે.

એક ત્રીજી યુક્તિ એ હતી કે સઘળા દેવોને એક સામાન્ય નામમાં સમાયલા સમજવા, જેમકે તેઓને વિશ્વદેવ એટલે સર્વ-દેવ કહેવા અને તેમની એકત્ર પદવિમાં આરાધના કરવી અને બલીદાન આપવાં.

છેલે સરવાળે તેઓએ પેલી યુક્તિ રચી કે જે યુક્તિ આપણને સૌથી વધારે સ્વાભાવિક દેખાયછે; એ યુક્તિ ગ્રીક અને રોમન લોકોએ પણ રચી હતી, અને તે એ હતી કે, સઘળા દેવોનેમાથે એક શ્રેષ્ઠ દેવ ઠરાવવો કે જેથી કરી ઘણાક દેવોની હયાતીસાથે એક દેવ વિષેની મનકામના (તૃપ્ત થાય) બંધબેસતી આવે. એ પ્રમાણે એક શ્રેષ્ઠ શક્તિ જેને ગ્રીકમાં **ઑઈસ કોઈરેનૉસ ઍપૉન** કહેછે તેવિષે આપણી મનકામના પુરી પડે, તેમજ આગલા વખતની દંતકથાથી અને સૃષ્ટિમાં જે દૈવિક છે તેનાં જુદાં જુદાં સ્વરૂપ, જેવાંકે ઍપોલોન, અને ઍથિના અથવા પોસિદોન્ અને હેદીસ, જે ઝિયુસની લગોલગ

બાજુએ આવેછે, તેમની જે પૂજા થતી તેથી કેવળ વિરૂદ્ધ ચાલવું ન પડે. જેમ કોઇ કોઈવાર સૂચવ્યામાં આવ્યુંછે તે કેહવું જો ખરૂં હોય, કે દેવમંડળમાં એક રાજા–પ્રજા સરખી વ્યવસ્થાની સ્થાપના માત્ર એવીજ પ્રજામાં થઇ હતી કે જેમના રાજની વ્યવસ્થા એકાધિપત્ય હતી, તો પ્રાચીન હિંદુસ્થાનમાંના દેવોમાં કોઇ રાજા નહતો તે ઉપરથી આપણે એવો વાદ કરી શકિયે કે તે દેશમાં **એક** રાજાથી ચાલતું રાજ્ય પણ નહતું.

એકેશ્વરમત તરફ પ્રવાહ.

———oo———

તોપણ વળી વેદકાળના આર્યોએ પોતાના દેવોમાં કોઇક જાતની શ્રેષ્ઠતા સ્થાપવાને યત્નો કર્યા હતા, જોકે એ યત્નો ગ્રીસ અને બીજા દેશોમાં જેટલા પાર પડ્યા તેટલા હિંદુસ્થાનમાં પાર પડ્યા નહિ.

આપણે આગળ જોઇગિયા છિયે કે, કેટલાક દેવો, જેવાકે સવિતૃ, એટલે સૂર્ય, વરૂણ અને બીજાઓએ પોતાના પ્રકાશથી સૃષ્ટિને પ્રકટ કરી હતી એટલુંજ કલ્પવામાં આવ્યું ન હતું, પણ તેઓએ આકાશ અને પૃથ્વિ, બંનેને જાણે પાથરીને ખુલ્લાં કીધાં, માપ્યાં, અને છેલે તેઓને બનાવ્યાં એમ પણ કલ્પવામાં આવ્યુંછે. એથી તેઓને **વિશ્વચક્ષસ્** એટલે સર્વજોનાર, **વિશ્વવ્યચસ્** એટલે સર્વસમાવિશકનાર, **વિશ્વ-વેદસ્** એટલે સર્વજ્ઞ, એટલીજ ઉપમા ન મળી, પણ વળી **વિશ્વકર્મન્** એટલે સર્વવસ્તુનોપેદા કરનાર, **પ્રજાપતિ** એટલે મનુષ્ય માત્રનો ધણી, એવી પણ ઉપમા મળી; અને એ બંને ઉપમા, કેટલોક વખત ગયા કેડે દેખીતી રીતે નવા દેવોના નામો દાખલ ગણાઇ. **વિશ્વકર્મન્** એટલે સૃજનાર અને **પ્રજાપતિ** એટલે સાહેબ, એ બંનેના સ્મરણ અર્થે વપરાતાં કેટલાંક એવાં મંત્રોછે કે જેમાં એ દેવોનું મૂળ સૂર્ય

માંથી નિકળ્યુંછે તેનો કાંઇ સેહેજ પત્તો લાગેછે. આમાંનાં કેટલાંક ભજનો આપણને ખ્રિસ્તિ ધર્મ ભજનોની ભાષાની યાદ આપેછે, અને તે ઉપરથી એક માનસ એમ વિચાર કરે કે **પ્રજાપતિ** અથવા **વિશ્વકર્મન્** જેવા એક દેવ એકેશ્વરમતમાટે હિંદુસ્થાનના પ્રાચીન કાળના આર્યોની અભિલાશા ખરેખર તૃપ્ત કરી હોત, અને તેમના ધર્મવિચારની વૃદ્ધિમાં તે છેલેછેલું આશય સ્થળ બનીરહયો હોત. પણ આપણે આગળ જોઇશું કે આવું તો કાંઇ બનનાર ન હતું.

વિશ્વકર્મન્, સર્વ પદાર્થનો કર્ત્તા.

હું તમારી આગળ ઋગવેદમાંથી કેટલાંક વાકયો વાંચી જાઉં છું, જે પાછલા વખતનાં કરી કેહવાતાં મંત્રોમાંથી ચુંટી કાઢેલાંછે, જેમાં **એક** ઇશ્વર તે આ સૃષ્ટિના સૃજનાર અને રાજ્યકર્ત્તા વિષેની કલ્પના ઘણી સ્પષ્ટ રીતે દર્શાવેલીછે.

અને પેહલાં **વિશ્વકર્મન્**ને અર્પેલાં કેટલાંક પદોછે તે વાંચું:—

'સર્વવ્યાપક **વિશ્વકર્મને** આ પૃથ્વિ પેદા કરતી વેળા પોતાના બળથી આકાશને પ્રકટ કર્યું ત્યારે તેની જગ્યા કયાં હતી, તેનો ટેકો શું હતો અને કિયે ઠેકાણે?

'તે **એકજ** ઇશ્વર જેની નજર સર્વ જગ્યાએ અને જેનાં મોંહ, હાથ અને પગ સઘળી જગ્યાએ છે; તે આકાશ અને પૃથ્વિ પેદા કરતી વેળા પોતાના હાથથી અને પાંખોથી તેમને સાથે સાંધી લેછે.'

'કિયાં વનમાંથી અને કિયાં ઝાડ ઉપરથી તેઓએ આકાશ અને પૃથ્વિને કાપી કાઢયાં; હે તમે જ્ઞાનિયો, જે જગ્યાએ સૃષ્ટિને આધાર દેતો તે ઉભો હતો, તે તમારા મનમાં શોધો.

'વાચાનો ધણી, **વિશ્વકર્મન્** સર્વ વસ્તુનો પેદા કરનાર જે આપણા મનમાં ઇશ્વરીજ્ઞાન ઉતારેછે, તેને યુદ્ધમાં આપણાં રક્ષણ

અર્થે આપણે આજે આરાધિયે. તે જે સર્વને મન એક મોટો આશીર્વાદ છે અને જે આપણાં રક્ષણને અર્થે રૂડાં કામ કરેછે, તે આપણાં સઘળાં બલિદાન સ્વિકારો !'

બીજું મંત્ર જે **વિશ્વકર્મન્**ને એજ પ્રમાણે અર્પેલુંછે તેમાં આપણે એવું વાંચિયે છિયે કે :—

'જે પિતાએ આપણને પેદા કીધાછે, જે હાકેમને નિયમો અને સઘળી સૃષ્ટિઓનું જ્ઞાન છે, જેણે એકલાએજ દેવોને નામ આપ્યાં, તેની પાસે માંગવા થકી, બીજાં સઘળાં પ્રાણિયો જાયછે.'

'આકાશની પેલીમેર, પૃથ્વિની પેલીમેર, દેવો અને અસુરોની પેલીમેર એવું શું બીજ હતું જે જળમાંથી જન્મ પામ્યું અને જેમાં સર્વ દેવો દિઠામાં આવ્યા ?'

'જળપ્રવાહોએ તે પેહલું બીજ પેદા કર્યું જેમાં સઘળા દેવો એકઠા મળ્યા. જે **એક** વસ્તુમાં સઘળાં પ્રાંણિયોએ વિસામો લીધો તેને અજાતના ખોળાઉપર મુકવામાં આવી હતી.'

'આ વસ્તુઓ જેણે પેદા કરી તેને તમે કદી જાણશો નહિ તમારી અને તેની વચ્ચે કોઈ બીજી વસ્તુ આડી ઉભીછે. ધુમસમાં જાણે ઢંકાયલા હોય તેમ અને લથડતે અવાજે કવિયો પોતાની જીંદગીથી ખુશી થતા આગળ વધેછે.'

પ્રજાપતિ, પ્રાણિયોનો ધણી.

———oo———

બીજો દેવ જેને વિષે આપણે વિચાર કરવોછે તે **પ્રજાપતિ** એટલે સઘળા પ્રાણીના ધણીછે, જે ઘણીવાતે **વિશ્વકર્મન્** એટલે સર્વવસ્તુના કર્ત્તાસાથે એકમળતો છે, તોપણ **વિશ્વકર્મન્** કરતાં તે વધારે સ્વસત્તા ભોગવેછે, વિશેષ્ય કરીને બ્રાહ્મણમાં. વેદનાં કેટલાંક મંત્રોમાં **પ્રજાપતિ** હજી પણ **સવિતૃ** એટલે સૂર્યના માત્ર ઉપમાનાર્થે આવેછે; જેમકે : 'આકાશને આધાર આપનાર, વિશ્વનો

પ્રજાપતિ; જ્ઞાતા, પોતાનું પ્રકાશિત કવચ સજેછે; પોતે પ્રકાશી નિકળીને, બોહળા વિસ્તારમાં પ્રસરીને, અને તેને ભરી નાંખીને **સવિતૃ** મોટામાં મોટું સુખ ઉત્પન્ન કરેછે'

વળી તેને સંતાનદાતા ગણીને આરાધવામાં આવ્યોછે, અને એક મંત્ર (ઋગવેદ ૧૦, ૧૨૧) માં તેને સૃષ્ટિનો કર્ત્તા, સર્વ દેવોમાં પેહલો, એવા શબ્દોથી સ્તુતિ કરીછે, તથા વળી તેને **હિરણ્યગર્ભ** એટલે સોનેરી બીજ અથવા સોનેરી ઇંડું કરી કહેલોછે.

'પ્રથમમાં **હિરણ્યગર્ભ** પેદા થયો; આં સઘળાંનો તે જન્મ થીજ પેદા થયલો ધણી હતો. તણે પૃથ્વિ અને આકાશ સ્થાપ્યાં:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે જે શ્વાસ દેછે, જે જોર દેછે, જેની આજ્ઞા સઘળા તેજસ્વી દેવો માનપૂર્વક પાળેછે; જેનો છાયો અમરતા છે, જેનો છાયો મૃત્ય છે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે કે જે પોતાની શક્તિથી જીવતી અને ઉંઘતી દુનિયાંનો એકલો રાજા થયો, જે શું માનસ કે શું જાનવર સર્વની ઉપર અમલ કરેછે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે જેની શક્તિથી આ બરફવાળા પહાડો તથા કહેછે કે સમુદ્ર પણ દૂરની નદી (રસા) સાથે હયાત છે. તે, જેના આ મુલકો બંને બાહુછે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે કે જેનાથી આકાશ તેજસ્વી છે અને પૃથ્વિ સુદ્રઢ છે, તે કે જેથી આકાશ, ખરે વળી ઉંચામાં ઉંચુ આકાશ પણ સ્થાપવામાં આવ્યું; તે કે જેણે આકાશવિશેનો વિસ્તાર માપ્યો:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે કે જેની તરફ, આકાશ અને પૃથ્વિ તેની મરજીથી દ્રઢ ઉભાં રહીને પોતાના મનમાં ધ્રુજતાં ધ્રુજતાં જુવેછે; તે, જેની ઉપર ઉગતો સૂર્ય પ્રકાશી નિકળેછે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન અપિયે?

'જ્યારે મોટા જળપ્રવાહ હાથમાં બીજ પકડતા અને દેવતાને પેદા કરતા, દરેક બાજુએ ગયા, ત્યારે ત્યાંથી તે પેદા થયો, જે દેવોનો એકલો પ્રાણ છે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે જેણે પોતાની શક્તિથી જળપ્રવાહમાં જે શકિત હતી, અને જેઓએ યજ્ઞદાનનો અંગાર સળગાવ્યો, તેનીઉપર વટીક જોયું, તે જે **સર્વ દેવોઉપર એકલોજ દેવ** છે:—તે દેવ કિયોછે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'તે, જે પૃથ્વિનો કર્ત્તા છે, અથવા તે સત્યવાદી જેણે આકાશ પેદા કીધું, તે કે જેણે વળી પ્રકાશતા અને બળવાન્ જળપ્રવાહ પેદા કીધા, તે અમને ઈજા ન કરે:—તે દેવ કિયો છે જેને આપણે આપણાં બલિદાન આપિયે?

'**પ્રજાપતિ**! તું શિવાય બીજો કોઈ આ સઘળી પેદા થયલી વસ્તુઓને સમાવી શકતો નથી. જ્યારે અમે તને યજ્ઞદાન દઈયે છિયે ત્યારે જે અમે માંગિયે તે અમને મળો. અમે દ્રવ્યના ધણી થઇયે.'

આ જેવા વિચારો વેદ-કાળના કવિયોના મનમાં ઉત્પન્ન થતા જોઇ આપણે એવો વિચાર લાવતે કે તેઓના પુરાના ધર્મની સ્વાભાવિક વૃદ્ધિ માત્ર એકેશ્વરમત તરફજ, એક શારીરિક દેવની પૂજાતરફ વધી શકી હોય; અને હિંદુસ્થાનમાં પણ આ પ્રમાણે બીજાં સઘળાં રૂપ અને નામ નિષ્ફળ જવા પછી **અંનત** (ઇશ્વર) ને જે રૂપ આપવા માનસ ઇચ્છેછે તે રૂપ આગળ આવી પોહચ્યાં હોત. પણ એમ નહિ બન્યું. જે મંત્રો મેં ટાંકી બતાવ્યાંછે તેની સંખ્યા ઋગ-વેદમાં થોડી છે, અને ત્યાર પછીના વખતમાં એટલે **બ્રાહ્મણ**ના વખતમાં તેઓથી કાંઇ ઘણો વધારે ચોકસ અથવા સંગીન લાભ થતો નથી. **પ્રજાપતિ** જે જીવતાં પ્રાણિયોનો ધણી, દેવો અને અસુરોનો પિતા, તેને ખરે આ મંત્રો કરતાં **બ્રાહ્મણો**માં વિશેષ ચઢતી પદવિ આપવામાં આવીછે, પણ એ **બ્રાહ્મણોમાં**

'પણ એનું કથાસૂચક લક્ષણ વખતે વખત ઘણા જોરથી પ્રકટી નિકળ્યું છે, ઉદાહરણ: જ્યારે **અગ્નિ**, **વાયુ**, **આદિત્ય** (સૂર્ય), **ચંદ્રમસ્**, **ચંદ્ર** અને **ઉષસ્** (સહવારનું પ્રહાર)ના પિતા દાખલ તે દેખાયછે ત્યારે; તથા એની પુત્રિ, કે જે પુત્રિ પેહલાં સહવારનું પ્રહાર (ઉષા) ગણાતી, જેનીપાછળ સૂર્ય લાગ્યો હતો તે પુત્રિ તરફની એની પ્રીતિવિષે જે વાર્તા આવેછે—જે વાર્તાથી **પ્રજાપતિ**ના પૂજારિયોને પાછળથી એક મોટી અડચણ નડવા લાગી, તેમાં પ્રકટી નિકળેછે.

કોઇ કોઇ વાર **બ્રાહ્મણ**ના કેટલાંક પ્રકરણ વાંચવાથી વાંચનારના મનમાં એવો વિચાર આવે છે કે એક શ્રેષ્ઠ આવચવિક ઇશ્વર મેળવવાની જે માનસની અતિ ઇચ્છા તે આખરે **પ્રજાપતિ** એટલે સર્વજીવતીવસ્તુનો ધણી, તેને પામીને તૃપ્ત થઇ હતી; અને આ નવા પ્રકાશના ઝળકાટ આગળ બીજા સઘળા દેવો અલોપ થઇ જશે. આ પ્રમાણે આપણે વાંચિયે છિયે :—

'પ્રથમમાં તો **પ્રજાપતિ**જ આ સર્વે હતો. **પ્રજાપતિ**એ **ભરત** અથવા ટેકો આપનાર છે, કારણકે તે આ સર્વને ટેકો આપેછે. **પ્રજાપતિ**એ પોતાના (vital breath) પ્રાણથી સઘળાં જીવતાં પ્રાણી પેદા કર્યાં. પોતાના ઉદાનપ્રાણથી તેણે દેવોને પેદા કીધા અને પોતાના અપાનપ્રાણથી મનુષ્યો પેદા કીધાં. ત્યાર પછી તેણે મરણ પેદા કર્યું, કે જે સર્વ જીવતાં પ્રાણિયોને ભક્ષ કરનાર થાય. આ **પ્રજાપતિ**નો અરધો ભાગ મૃત્ય હતો અને અરધો ભાગ અમર્ત્ય હતો, અને જે અરધો ભાગ મર્ત્ય હતો તેમાટે તે મોતથી 'બીહતો હતો.'

નિરીશ્વરમત તરફ પ્રવાહ.

હિયાં આપણે જોઇયે છિયે કે **બ્રાહ્મણ**ના રચનારોને પણ **પ્રજાપતિ**માં કંઇક મૂલ્યપાત્ર જણાયું હતું, અને એક વાક્યમાં

તો તેઓ એટલેસુધી લખી ગયાછે કે **પ્રજાપતિ**ના આખરે કુ-કડા થઇ ગયા અને એક દેવ **મન્યુ** શિવાયિ બીજા સઘળા દેવો એની પાસેથી જતા રહ્યા.

અને ખરેખર એવુંજ બન્યું, જોકે તેના પૂજારિયો ધારતા હતા તેથી જુદી રીતે બન્યું. હિંદુ પ્રજાની બુદ્ધિ વધારે અને વધારે દૃઢ થઇ અને થતી ગઇ. અનંતની પાછળની પોતાની શોધમાં થો-ડોક વખત તો પર્વત અને નદિયોઉપર આધાર રાખી, તેઓ પાસે પોતામાટે રક્ષણ માગી, અને તેઓના અનંત પ્રતાપની સ્તુતિ કરી, તે બુદ્ધિ સંતોષ પામી, જોકે એ સઘળો વખત પૂજારિયોને એમ લાગતું હતું કે એ સઘળા પદાર્થો કોઈ બીજી વસ્તુ, જેનો શોધ કરવામાં આવતો, તેનાં માત્ર ચિન્હો છે. આપણા આર્ય પૂર્વજો તે વેળા આકાશ, સૂર્ય અને પ્રહારભણી જોવા શિખ્યા હતા, અને એ સઘળામાં તેમને એક જીવતી શક્તિની સમક્ષતા દેખાતી, જે શક્તિ તેઓની ઈંદ્રિથી અર્ધ-પ્રગટ (સ્પષ્ટ) અને અર્ધ-ગુહ્ય હતી, અને તેજ ઇંદ્રિયો જે કાંઇ ગ્રહણ કરી શકતી તેની પેલીમેર પણ કાંઇ છે, એવું સદા નિર્માણ કરતી.

તેઓ હજીપણ આગળ વધ્યા. પ્રકાશિત આકાશ તે એક પ્રકાશ આપનાર છે એમ તેઓને જણાયું; સઘળે ફરીવળેળું ગગન એક ઘેરી લેનાર છે, એમ તેઓને જણાયું. ગર્જનાના કડાકામાં અને તુફાનના જોરમાં તેઓને કોઇ પોકારકરનાર અને વિક્રાળ મારનાર હોય એમ લાગ્યું; અને વરસાદમાંથી તેઓએ ઇંદ્ર અથવા વરસાદ આપનાર ઉત્પન્ન કર્યો.

તોપણ આ છેલી યુક્તિ જે તેઓએ રચી તેમાં પેહલો પ્રત્યાઘાત એટલે સંશય પણ આવ્યો. જ્યાંસુધી પ્રાચીન આર્ય પૂજારિ-યોને પોતાના વિચારો ટેકાવવાને માટે કોઇ સ્પષ્ટ અથવા સ્પર્શ્ય વસ્તુનો આધાર હતો, ત્યાંસુધી બેશક તેઓની ધર્મસંબંધી તૃષ્ણા, જેટલું ખરેખરૂં અવલોકન તેઓ કરતા હતા તેથી બહુ આગળ ગઇ હોય ; તોપણ જેમને તેઓ પોતાના દેવ અથવા ઇશ્વર કેહવા ઠીક

ધારતા હતાં તેમની સત્તા અથવા નજરે પડતી સાબીતી (ઇંદ્રિયજન્ય આધાર) ઉપર કોઇથી શક લવાય નહિ. પર્વતો અને નદિયો પોતાની હયાતી પોતે જાહેર કરવાને સદા હાજર હતાં; અને જો તેમનાં જે વખાંણ થતાં હતાં તે જોઇયે તે કરતાં અત્યંત વધારે દેખાતાં, તોપણ આ આત્માઓની સત્તાજવિષે કાંઇપણ શંકા લાવ્યા વિના એ વખાણોને નરમ પાડી શકાય. આજ નિયમ આકાશ, સૂર્ય અને પ્રહાર સર્વને લાગુ પડતો. તેઓ પણ સદા હાજર હતાં; અને જોકે તેઓ માત્ર જંખના (પ્રતિમા) અથવા દેખાવજ કેહવાઈ શકાય, તોપણ મનુષ્ય બુદ્ધિ એવી બનેલીછે કે જયાંસુધી જે વસ્તુ તેને દેખાયછે, એટલે કાંઇક વાસતિત્વ અથવા પદાર્થ છે એમ તેજ વેળા તે કબુલ રાખે નહિ, ત્યાંસુધી કોઇપણ દેખાવ તે સ્વિકારતી નથી. પણ જયારે આપણે દેવોના ત્રિજા વર્ગઉપર આવ્યે છિયે, એટલે જે દેવો માત્ર સ્પર્શ્યજ નથી પણ અદ્રશ્ય પણ છે, ત્યારે વાત જુદીજ છે. ઇંદ્રને વરસાદ આપનાર દાખલ અને રૂદ્રને ગગડાટ કરનાર દાખલ ગણવા, એ બંને કલ્પાન્તર બધી રીતે મનુષ્ય બુદ્ધિની ઉત્પત્તિ હતી. જે સઘળું હતું તેતો માત્ર વરસાદ અને ગગડાટ, પણ સૃષ્ટિમાં એવું કાંઈ ન હતું કે જેને ઇશ્વરનો પોતાનો દેખાવ કહી શકાય. ગગડાટ અને વરસાદ કાંઈ દૈવિક ગણાતા ન હતા, પણ માત્ર એવા આત્માઓના કૃત્ય ગણાતા કે જેઓ પોતે કદી દ્રશ્ય સ્વરૂપ લેતા ન હતા.

માનસ તેમાનું કામ જોતો, પણ માત્ર એટલુંજ; પણ ઇંદ્ર અને રૂદ્રની હયાતી તેમના અસલ અર્થ અને રૂપમાં સાબીત કરવાને કોઇથી પણ આકાશ અથવા સૂર્ય અથવા પ્રહારતરફ, કે વળી બીજી દ્રશ્ય વસ્તુતરફ આંગળી કરી બતાવી શકાતું ન હતું. ઇતિહાસના પૂર્વકાળમાં મનુષ્યની જીંદગી અને મનુષ્યની વ્યાવહારિક ચંચલતા હતાં, એવું સાબીત કરવાને માનસનાં માથાંની ખોપરી અથવા માત્ર એક ચકમકનો ભાંગેલો કકડો વાપરવાને શકિતમાન્ થવું, એ બેની વચ્ચે જેટલો તફાવત છે, તેવોજ કાંઇ તફાવત ઉપલી બાબદમાં છે. આ-

પણે આગળ જોઈ ગયા છિયે કે ઇંદ્ર બીજા દેવોકરતાં વધારે શારીરિક, રૂપવાનૢ અને કથારૂપી દેવ થયો, તે એટલાજ કારણમાટે કે સૃષ્ટિમાં કોઇ એવી વસ્તુ ન હતી કે જેને એ વળગે, અથવા એવી કાંઇ દ્રશ્ય વસ્તુ ન હતી કે જેથી કરીને એના પૂજારિયોના મનમાં એની વૃદ્ધિ અટકી શકે. વેદમાં આવેલા કોઇપણ બીજા દેવવિષે જેટલાં યુદ્ધો અને જેટલી વાર્ત્તા લખાયલાંછે, તે કરતાં ઇંદ્ર વિષે વધારે લખાયલાંછે, અને એથીકરીને પૂર્વ કાળના કવિયોને પણ જે એવું લાગતું હતું કે ઇંદ્રે દ્યૌસને, એટલે હિંદુસ્થાનના ઝિયુસને, તેની શ્રેષ્ઠ પદવિએથી ઉડાડી મુકયો, તે કેમ થયું હતું તે સમજવું આપણને બની આવેછે. પણ વૈરદેવી એની પાછળજ આવતી હતી.

આ દેવ પોતે, જે થોડોક વખત સુધી બીજા સઘળા દેવોને ઝાંખમાં નાખતો જણાયો હતો, અને જેને ઘણાએ વેદનો જો શ્રેષ્ઠ દેવ નહિતો, ઓછામાં ઓછો સર્વનો પ્રિય દેવ ગણુતા હતા, તે દેવની સત્તાજવિષે પેહલવેહલાં શક લાવવામાં આવ્યો.

ઇંદ્ર ઉપરની શ્રધ્ધા અને ઇંદ્રવિષે શંકા.

——oo——

આ વાત નવાઈ જેવી લાગેછે, કે વેદનાં મંત્રોમાં બીજા કોઈ પણ દેવકરતાં ઇંદ્ર માટેજ વધારે શ્રદ્ધાની જરૂર છે. આપણે વાંચ્યે છિયે કે 'જયારે તામસી (વિક્રાળ) ઇંદ્ર તેના વીજ જોરથી નીચે ફેંકેછે, ત્યારે લોકો તેનેવિષે શ્રદ્ધા આણેછે.' વળી આપણે વાંચ્યે છિયે કે 'ઇંદ્રના આ મહાન્ અને બળવાન્ પરાક્રમ જુવો અને એની શક્તિ કબુલ રાખો.' 'ઓ ઇંદ્ર, અમારાં સૌથી અતલગનાં સગાંને ઇજા ન કર, કારણકે અમે તારી મોટી શક્તિ કબુલ રાખ્યેછિયે.' 'આ ઇંદ્ર, અમારા મનવિશે શ્રદ્ધા આવે તે માટે સૂર્ય અને ચંદ્ર નિયમિત ફરેછે.' આવી વિનતી લગભગ જાણે ધર્મસંબંધી વિવાદ જેવી

લાગેછે, અને આટલા પૂર્વકાળમાં એવી અરજ આપણા જોવામાં આવે એવી આશા આપણે કવચિતજ રાખવી જોઇયે. પણ મનુષ્યના ઈતિહાસમાં પણ આપણને એ બોધ શિખવો પડે કે દરેક વસ્તુ જે નવી છે તે જુની છે અને જુની છે તે નવી છે. આ દુનિયાં અને માનસનાં વિચાર કેટલા લગોલગ સાથે ટંગાઇ રહેછે તેવિષે વિચાર કરો. આસ્થા (યકીન) શબ્દને માટે **શ્રદ્ધા** કરીને જે શબ્દ હિયાં પેહલીજવાર વપરાયોછે, તે તેજ શબ્દછે, જે આપણને વળી લાતિનમાં credo કરીને મળેછે, કે જે શબ્દ હજીસુધી અંગ્રેજી creedમાં દેખાયછે. જેને રોમન લોકો **ક્રૅદિદિ** (credidi) કેહતા તેને બ્રાહ્મણો **શ્રદ્ધાધો** કેહતા; અને જેને રોમન લોકો **ક્રૅદિતમ્** કેહતા તેને બ્રાહ્મણ લોકો **શ્રદ્ધિતમ્** કેહતા. માટે તે શબ્દ અને તે વિચાર આર્ય કુટુંબ જુદું પડયું અને સંસકૃત, સંસકૃત જેવી થઇ અને લાતિન લાતિન જેવી થઈ, ત્યારપેહલાં હયાત હોવા જોઇયે. તે પૂર્વ કાળમાં પણ વળી માનસો, જે કાંઇ તેઓની ઇંદ્રિથી સમજાય નહિ (ગ્રહણ થાય નહિ) અથવા તેઓના તર્કથી કલ્પી શકાય નહિ તેને પણ તેઓ માનતા; તેઓ માનતા, અને તેઓ માત્ર એક સત્ય તરીકે માનતા એટલુંજ નહિ, પણ એ ભાવને માટે તેઓએ એક શબ્દ બનાવ્યો હતો. એટલેકે આ પ્રમાણે માનવાથી તેઓ શું કરતા હતા તેની તમને ખબર હતી, અને તે મન-ક્રિયાને **શ્રદ્‌-ધા**નું નામ આપીને અભિશેક કરી. આ મળતાપણાંથી શું અર્થ નિપજે તે સઘળું સમજાવાને મને બની શકતું નથી; હું તો માત્ર હિયાં. તે અપાર દેખાવ તરફ તમારૂં ધ્યાન ખેંચી શકું, જે દેખાવ આપણને એકલો પેલો શબ્દ આપણી આંખ આગળ **આલપસ** અને **કોકેસસ**ની પેલીગમ અતિ દૂર હિમાલય પર્વત સુધી લાવી ઉભો રાખેછે.

તોપણ આ દેવ ઇંદ્ર, જેને બીજા સર્વ દેવો પેહલાં કબુલ રાખવામાં આવનાર હતો, જ્યારે બીજા ઘણાખરા દેવો તો માત્ર જગર સાબીતીએ કબુલ રખાયલા હતા, ત્યારે તેજ ઇંદ્ર તેના પૂજારિયોનો

અભાવ (સંશય) પેદા કરવાને પણ પેહેલો હતો. આપણે આ પ્રમાણે વાંચ્ય છિયે :—

'જો તમને લુંટ જોઈતી હોય તો ઇંદ્રની સ્તુતિ કરો; ને તે ખરેજ જીવતો હોય તો તેની ખરી સ્તુતિ કરો. કોઇ કોઈ તો કહેછે કે ઇંદ્ર છેજ નહિ. તેને કોણે જોયોછે? આપણે કોનાં વખાણ કર્યે?'

આ મંત્રમાં કવિ પાછો ફરીને ઇંદ્રને પોતાને દાખલ કરી તેની પાસે આમ બોલાવેછે :—

'ઓ પૂજારી, હું આ રહયો: મને હિયાં નિહાળ. મારી શક્તિથી મેં સઘળાં પ્રાણીને હરાવ્યાંછે.'

પણ એક બીજાં મંત્રમાં વળી આપણે વાંચ્યે છિયે :—

'તે ભયાનક દેવ, જેનેવિષે તેઓ પુછેછે કે એ કયાં છે, અને જેનેવિષે તેઓ કહેછે કે તે નથી: જેમ ચોપટની બાજીમાંથી પ્યાદાં ઉંચકી લઇયે, તેમ તે તેના શત્રુ પાસથી દોલત લઇ મુકેછે. હે મનુષ્યો, તમે એને કબુલ રાખો (એની ઉપર વિશ્વાસ લાવો) કારણકે ખરેજ એ ઈદ્ર છે.'

આ પ્રમાણે જયારે આપણે જોઇયે છિયે કે પેલા વૃદ્ધ દેવ દ્યોસ્‌ને ઈદ્રે પાછળ નાખ્યો, ઇંદ્રને પોતાને લોકોએ નાકબુલ કર્યો, અને પ્રજાપતિ જાણે કકડાબુકલા થઈ પડયો, તથા વળી જયારે બીજો કવિ આ પ્રમાણે સાફ જાહેર કરેછે કે સઘળા દેવો માત્ર નામનાજ છે, જયારે આપણે વિચારી શકયે કે ધર્મસંબંધી વિચારોનો પ્રવાહ, જે પર્વતો અને નદિયોવિષેના ભાવમાંથી નિકળ્યો, વળતી આકાશ અને સૂર્યની આરાધના તરફ વધ્યો, અને પછી ગાજવીજ મોકલનાર અને વરસાદ આપનાર સરખા અદૃશ્ય દેવોની પૂજાનું રૂપ જેણે પકડયું, તે પ્રવાહે પોતાનો માર્ગ લગભગ પુરો કર્યો હતો. **એડાના** કવિયો આઇસલાંન્ડમાં જે વિનાશવિષે સદા આગમચેતી કરતા—એટલે સૃષ્ટિના સંહારપેહલાં દેવતાઓના ઝળઝગાટ દેખાવાવિષે આગમચેતી કરતા, તે વિનાશની આપણે હિંદુસ્થાનમાં પણ આશા રાખ્યે. આપણે હવે ઈષ્ટેશ્વર મતની.

આ સ્થિતિએ આવી પોંહુચ્યા એમ દીસેછે, કે જ્યારે એ મત એક હાથઉપર એક ચોકસ વ્યવસ્થિત અનેકેશ્વરમત થવાને, અથવા બીજા હાથઉપર એક નિરપવાદી એકેશ્વરમત થવાને ફોકટ યત્ન કર્યાપછી, અગતનું માર્યું નિરીશ્વરમત, એટલે ઇશ્વર અથવા દેવતાઓ જેવું કાંઇ નથી, એવાં મતમાં તેનો છેડો આવે.

પારમાર્થિક (ખરાં) અને લૌકિક (હલકાં) નિરીશ્વરમત વચ્ચે ભેદ.

અને એમજ થયું. તોપણ નિરીશ્વરમત હિંદુ ધર્મનો કાંઇ છેલો શબ્દ નથી, જોકે થોડોક વખતસુધી બુધધર્મના કેટલાક પ્રકારમાં એમ લાગતું હતું. નિરીશ્વરમત એ શબ્દજ હિંદુસ્થાનના ધર્મને લાગુપાડતાં કદાચ બંધબેસતો આવે નહિ. પ્રાચીન હિંદુઓમાં **હોમર**ના વર્ગના ગવૈયાઓનો "દીઓઇ" શબ્દ નોહોતો, તેમજ ઈલીયાતિક વિદ્વાનોનો "દિયોસ" પણ નોહોતો. તેઓનું જે નિરીશ્વરમત તેવિષે વધારે શુદ્ધરીતે બોલ્યેતો તેને **અ-દેવ**મત, એટલે જુના દેવોનો ઈનકાર એમ કેહવાય. તોપણ જેને એક વેળા માનવામાં આવતું, છતાં જેને પરમાર્થતઃ હવે વધારેવાર માની ન શકાય, તેનો અનાદર કરવો એ ધર્મ માત્રના નાશને બદલે ખરૂ જોતાં તેની સત્તાનો અંશ છે. પ્રાચીન આર્યોને પ્રથમથીજ લાગ્યું, હા, કદાપી પાછળકરતાં પ્રથમજ વધારે લાગ્યું હોય કે (સૃષ્ટિમાં) કોઇ **પેલી-મેરનો**, કોઈ **અનંત**, કોઇ **દૈવ્ય**, કે પછી જે ગમે તે નામે હાલ આપણે તેને બોલાવતા હોઈયે, તે છે; અને હાલ જેમ આપણે સઘળા કરિયેછિયે, તેમ તેઓએ એક પછી એક નામ આપી તેને ગ્રહણ કરવાને અને સમજવાને યત્ન કર્યો. તેઓએ વિચાર્યું કે પર્વતો અને નદિયોમાં, પ્રહારમાં, સૂર્યમાં, આકાશમાં, સ્વર્ગમાં, અને સ્વર્ગ-પિતામાં તમને તે જડયો. પણ પ્રત્યેક

નામ પાછળ 'ના તે **નહિ**' એવો ઉત્તર આવ્યો. તેઓ જેને શોધતા હતા, તે પર્વતો **જેવો**, નદિયો **જેવો**, પ્રહાર **જેવો**, આકાશ **જેવો**, પિતા **જેવો** હતો ખરો; પણ તે કાંઈ પર્વતો **નહિ**, નદિયો **નહિ**, પ્રહાર **નહિ**, આકાશ **નહિ**, તેમ પિતા **નહિ**, હતો. આ સઘળામાંનું તે કાંઈક હતું, પણ વળી એ સઘળાથી તે વધારે હતું, એ સઘળાંની હદબાહાર પેલીમેરે હતું. **અસુર** અથવા **દેવ** જેવાં સામાન્ય નામ પણ વધારેવાર તેઓને તૃપ્ત કરી શક્યાં નહિ. તેઓ બોલતી કે દેવ અને અસુર તો હશે; પણ અમને તો એથી અધિક જોઇયે છિયે, અમને તો એક વધારે ચઢતો શબ્દ, એક વધારે સ્વચ્છ વિચાર જોઇયેછે. તેઓએ તેજસ્વી દેવો તજી દીધા તે કાંઈ તે દેવોમાં તમને થોડી આસ્થા હતી અથવા તેઓની થોડી ઈચ્છા હતી તેથી નહિ, પણ તેઓતો તેજસ્વી દેવો કરતાં પણ કોઈક મોટા દેવવિષે આસ્થા રાખતા હતા અને ઈચ્છા ધરાવતા હતા.

એક નવો ખ્યાલ તેઓના મનમાં ઘુમ્યા કરતો હતો; અને તેઓ નિરાશી થઇ જે બુમો મારતા હતા તે માત્ર જાણે નવા જન્મના કાસદિયા હતા. સદા એમજ થતું આવ્યુંછે અને એમજ થશે. એક જાતનું નિરીશ્વરમત એવુંછે જે સત્યભાવના મોત સમાન છે, બીજું નિરીશ્વર મતવળી સઘળા સત્ય ભાવ (ધર્મ)નું કેવળ આયુષ્યરક્ત છે. એ (આ બીજી જાતનું નિરીશ્વરમત) તો જે સમયે આપણાં અંતઃકરણ બહુજ પ્રમાણિક હોય તેવે શ્રેષ્ઠ સમયે જે વાત વધારેવાર સત્ય નથી એમ જાણતાંજ તેને તજી દેવાની આપણી શક્તિછે. એ નિરિશ્વરમત તે એકે જે કાંઇ આછુપૂર્ણછે, જે આપણે મન એક વેળા ગમે તેવું પ્રિય અને ગમે તેવુ પવિત્ર હતું, તેને બદલે જે કાંઇક વધારેપૂર્ણ, પછી તે ગમે તેટલું ધિક્કારમાં આવેલું હોય, જેમ હજી પણ જગતમાં દીઠામાં આવેછે, તે લાવવાની તત્પરતા છે. એ નિરીશ્વરમતતો ખરો આત્મત્યાગ (Self surrender) ખરો સ્વભોગ, સત્યમાં સત્ય વિશવાસ, સૌથી સત્ય શ્રદ્ધા છે. આ નિરીશ્વરમત વિનાતો ધર્મ ઘણુંકનો પથરસમાન નિર્જીવ ઢોંગ થઇ પડયો હોત; એ નિરીશ્વરમતવિના કોઇ નવો ધર્મ, કોઇ

સુધારો, કોઈ ધર્મફેરફાર અથવા સજીવનતા કાંઇયે કદી સંભવિત ન હતાં; એ નિરીશ્વરમતવિના આપણામાંના કોઇનેમાટે નવો અવતાર સંભવિત નથી.

આપણે ધર્મના ઇતિહાસ તરફ જોઇયે. સઘળા દેશો અને સઘળાં કાળોમાં કેટલાં બધાં મનુષ્યોને નિરીશ્વરમતી કેહવામાં આવ્યાંછે, કારણ દ્રશ્ય અને અંતવાનની પેલીમેર કાંઇપણ છે એવું તેઓ ના કેહતા હતા, તે માટે નહિ, અથવા જે સૃષ્ટિ તેઓને દેખાતી હતી તેવિષે કાંઇપણ કારણવિના, કાંઈપણ હેતુવિના, કે કોઇપણ ઇશ્વરવિના, સમજાવી શકાય એવું કેહતા, તેનેમાટે નહિ, પણ ઘણીવાર તો એટલામાટે કે જે દેવ તે વેળા પ્રજાપ્રિય હતો તેની ચાલતી આવેલી દંતકથાવિષેના મતફેરને લીધે, અને વળી તેમના બાળપણમાં ઇશ્વરનો જે ખ્યાલ બાંધવા તેઓ શિખ્યા હતા તે કરતાં કાંઇ વધારે ચઢતો અને વધારે સ્વચ્છ ખ્યાલ મેળવવાને તેઓ આતુર હતા, તેને લીધે ગણાયા હતા.

બ્રાહ્મણોની નજરમાં **બુદ્ધ** નિરીશ્વરમતી હતો. હવે બુદ્ધમત વિદ્યા-શાળાઓમાંની કેટલીક ખરે નિરીશ્વરમતી હતી. **ગૌતમ, શાક્યમુની**, એટલે **બુદ્ધ** પોતે નિરીશ્વર મતી હતો એ વાત કાંઇ નહિતો શકભરેલી છે અને લોકપ્રિય દેવોનો એણે જે અનાદર કર્યો તેથી કરી નિશ્ચય તે કાંઇ નિરીશ્વરમતી ઠડતો નથી.

સૉક્રતીસ, તેના એથિનિયન ન્યાયાધીશોની નજરમાં નિરીશ્વરમતી હતો; તો જોકે તેણે ગ્રીસના દેવોનો અનાદર પણ કર્યો નથી, પણ માત્ર **હિફેસતોસ**, અને **એફ્રોદાઇત** સરખા દેવતા કરતાં કાંઇક વધારે ચઢિયાતા, અને વધારે ખરા દૈવિક આત્માઉપર ભાવ રાખવાને પોતાના હકથી દાવો કર્યો.

યાહુદી લોકોની નજરમાં જે કોઇ પોતાવિષે એમ કહે કે હું ઇશ્વરનો પુત્રછું તો તે ઇશ્વર-નિંદા કરનાર ઠડતો; અને જે કોઇ 'તે નવી રીતે' તેના પૂર્વજોના ઇશ્વરની પૂજા કરતો તે પાખંડી ગણાતો. ગ્રીક અને રોમન લોકોમાં ખ્રિસ્તિ લોકનું નામજ નિરીશ્વરમતી હતું.

અને વળી ખ્રિસ્તિયોમાં પોતાનામાં પણ ભાષાનો આ ગેર-ઉપયોગ કાંઇ સમૂળો અટકયો નહિ. **એથેનેશ્યસ**ની નજરમાં એર્યસ-મતવાદીઓ 'દૈત્ય, ખ્રિસ્ત વિરૂદ્ધિ, ઉન્મત, યાહુધી, અનેકેશ્વરમતી અને નિરીશ્વરમતી હતા'; અને **એર્યસ** એથેનેશ્યસ-મતવાદીઓ વિષે આથી કાંઇ વધારે મોટા મનના સખી વિચાર નહિ ધરાંવતો, તેને માટે કાંઇ અજબ થવાનું કારણ નથી. તોપણ **એથેનેશ્યસ** અને **એર્યસ** એ બંને માત્ર ઇશ્વરવિષેનો સર્વોત્તમ વિચાર મેળવવાને પોતપોતાને જુદે માર્ગે ફાંફાં મારતા હતા; **એર્યસ** બીહુતો હતો કે અ–ખ્રિસ્તિ લોકોની ભુલોથી, તેમજ **એથેનેશ્યસ** બીહુતો હતો કે યાહુધી લોકની ભુલોથી, એ વિચારનાં સત્યતા અને પ્રતાપ કાંઇક ઓછાં થશે.

એટલુંજ નહિ, પણ હજી પાછલા વખતમાં ધર્મસંબંધી (ઇશ્વરજ્ઞાન વિષેના) વિવાદમાં એવુંજ અવિચારી વિવેચન ચાલુ રહ્યું. સોળમી સદીમાં **સર્વેતસે કાલવિન**ને એક ત્રિ–દેવમતી અને નિરીશ્વરમતી કહયો ત્યારે **કાલવિન સર્વેતસ**ને ફાંસોના માંચરાપાત્ર ગણતો (ઇ૦ સ૦ ૧૫૫૩) કારણકે ઇશ્વરવિષે પોતાના વિચારથી તે વિરૂદ્ધ હતો.

એની પછીની સદીમાં એક બનાવ, જે હાલ વધારે સંભાળથી ફરી તપાસવામાં આવ્યોછે, તેનો દાખલો લઇયે: **વેનિનિ**ને (ઇ૦ સ૦ ૧૬૧૯) તેની જીભ ખેંચી કાહાડવાની અને જીવતો બાળી મારવાની સિક્ષા કરવામાંઆવી, કારણકે તેના પોતાના ન્યાયાધીશના જણાવ્યાપ્રમાણે જોકે ઘણાઓ માત્ર તેને પાખંડીનો સરદાર ગણતા, તોપણ તેણે **વેનિનિ**ને એક નિરીશ્વરીમતી દાખલ અપરાધી ઠરાવ્યો. કેટલાક થોડુંકના લખનારાઓ, જેઓનો અનુભવ વધારે સારો હોવો જોઇયે, તેઓએ **ગ્રામેન્ટ ભેળા વેનિનિ**નો દોષ કહાડવામાં ભાગ લીધોછે, તેથી આ નિરીશ્વરમતી ઇશ્વર વિષે શું કેહતો હતો તે સાંભળવું માત્ર યથાયોગ્યજ છે.

તે લખી જાયછે કે 'તમે મને પુછોછો કે ઇશ્વર શું છે. જો

એ વાત હું જાણતે તો હું ઇશ્વર હતે, કારણકે એકલા ઇશ્વર શિ-વાય ઇશ્વરને બીજું કોઈ જાણતું નથી. જેમ વાદળાંમાંથી આપણે સૂર્યને શોધી કહાડયે છિયે, તેમ જોકે થોડો ઘણો તેના કાર્યોથી આ-પણે ઇશ્વરને શોહધી કહાડયે, તોપણ તેમ કરી તેને આપણે વધારે સ્પષ્ટરીતે સમજી શકવાના નહિ. એમ છતાં પણ આપણે કહિયે કે ઇશ્વર સર્વોત્તમ ભલુંછે, તે પ્રથમ પ્રાણ, અખંડ, ન્યાયી, દયાળુ, સુખી, શાંત છે; ને સૃષ્ટા, રક્ષક, નિયામક, સર્વજ્ઞાની અને સર્વ-શક્તિમાન્ છે; તે પિતા, રાજા, ધણી, બદલોવાળનાર અને હાકેમ છે; તે આરંભ, અંત, મધ્યસ્થ અનાદિ છે; તે કર્ત્તા, આયુષ્-આપનાર, જોનાર (દ્રષ્ટા), કારીગર, સર્વનું શુભચિંતક (Providence) પરમાર્થી છે. એજ સર્વ સૃષ્ટિનો સાર છે.

જે માનસ આ પ્રમાણે લખી ગયોછે તેને નિરીશ્વરમતી ગણી બાળી નાંખવામાં આવ્યો હતો! ખરૂં જોતાં સતરમી સદીમાં નિરીશ્વરમતના ખરા અર્થવિષેના વિચાર એટલા ગુચવાડાભર્યા થઈ ગયા હતા, કે છેક ૧૬૯૬માં **એદીનબરો**ની પારલામેન્ટે 'ઇશ્વર-મતી લોકોના નિરીશ્વરમતી વિચાર સાંમે' એક કાયદો પસાર કર્યો અને **સ્પિનોઝા** અને **આર્ચ-બિશપ તિલોતસન** જેવાં માન-સોને, જોકે હવે બાળી નાખવાનું તો નહિ બનતું, તોપણ વગર વિચારે નિરીશ્વરમતીનો કલંક લગાડવામાં આવ્યો હતો.

વળી અઢારમી સદીપણ આવા દોષથી તદન મોકળી નથી રહી. ઘણાં માનસોને એ કાળમાં પણ નિરીશ્વરમતી કેહવામાં આ-વતા હતા, તે એટલામાટે નહિ કે ઇશ્વરની સત્તાનો અનાદર કર-વાનું તેઓએ સ્વપને પણ વિચાર્યું હતું, પણ એટલાજમાટે કે ઐશ્વર્યના વિચારમાં મનુષ્ય જે અતિશયોક્તી અને ભૂલ કરેછે એવું લાગતું તેથી તેને સ્વચ્છ કરવાની તેઓની ઇચ્છા હતી.

આપણા પોતાના વખતમાં નિરીશ્વરમત તે શુંછે એ આપણે એટલુંતો સારીપેઠે શિખ્યા છિયે, કે એ શબ્દ એટલો તોછડાઇથી કે અવિચારથી આપણે વાપરિયે નહિ. તો પણ જે કોઈ પણ પોતા

તરફ બીજીતરફ ન્યાયી થવાની હિંમત કરે, પછી તે સંસારી મનુષ્ય (શિષ્ય) હોય, કે (ધર્મ)ગુરૂ હોય, તોપણ તેણે તેની પૂર્વે જે માનસો થઇ ગયાંછે, અને જેઓને ઇશ્વર-નિંદક, પાખંડી, કે નિરીશ્વરમતી કહેલાછે, તેઓ કેવા હતા તે સદા યાદ રાખવું સારૂં છે.

આપણી જીંદગીમાં એવો એક વખત આવેછે કે જ્યારે આપણે ઇશ્વરને ભારે ઉત્કંઠાથી શોધિયે છિયે ત્યારે જાણે ઇશ્વરે આપણને તજીદીધા હોય એમ લાગેછે; જ્યારે આપણને પોતાનેજ આ પ્રશ્ન પુછવાની ભાગ્યે હિંમત રહેછે કે: 'ત્યારે શું હું ઇશ્વરને સ્વિકારૂંછું કે નથી સ્વિકારતો.'

એવાં માનસોએ નિરાશ થવું નહિ, અને એવાંવિષે આપણે કરડો વિચાર લાવવો નહિ; તેઓની નિરાશતા કદાપી ઘણી આસ્થા કરતાં વધારે ઉપયોગી હોય.

આ વિષય સમાપ્ત કર્યા આગળ એક મહાન ધર્મગુરૂ જે થોડુંકની વાતઉપર દેવલોક થયોછે, અને જેનાં પ્રમાણિકપણા અને ભક્તિભાવઉપર કદીએ શક લાવવામાં આવ્યો નથી, તેનાં વચનો હું ટાંકી દેખાડુંછું

તે કહેછે કે 'ઈશ્વર એક બહુ મોટો શબ્દ છે. જે કોઇ તે શબ્દ અનુભવે છે અને સમજે છે તે જેઓ કબુલ કરેછે કે ઇશ્વરઉપર અમારો ભાવ છે એમ કેહવાને અમારી હિંમત ચાલતી નથી, તેઓવિષે વધારે નરમાસથી અને વધારે વાજબીપણે વિચાર કરશે.'

હવે, હું બહુ સારીપેઠે જાણુંછું. કે હું જે અપઘડી કહી ગયોછું તેને કેટલાકો ભુલથી ઉલટું સમજશે, અને કદાપિ તેનો ઉલટો સાર કાઢશે. હું જાણું છું કે મેં નિરીશ્વરમતનો બચાવ કર્યો અને તેની કિર્તિ ગાઇ તથા માનસ ધર્મસંબંધી વિચારના પ્રસારણમાં જે ઉંચામાં ઉંચાં સ્થળે પોંહચે તે એ મતથી છે એવું સમજાવવાનો આરોપ મારી ઉપર મુકવામાં આવશે. એમ બને તો ચિંતા નહિ. જો થોડાક એવા હાજર હોય કે જેઓ, જેને

હું પારમાર્થિક નિરીશ્વરમત કહુંછું તે સમજી શકે, અને એ મત સાધારણ નિરીશ્વમતથી, અને વળી અપ્રમાણિક ઇશ્વરમતથી કેટલું જુદું પડેછે એ જાણે, તો હું સંતોશ પામીશ, કારણકે હું જાણું છું કે એ ભેદ સમજવાથી વારંવાર આપણી અત્યંત ગરજના વખતમાં આપણને મદદ મળશે. એ ભેદ આપણને સમજાવશે કે જે જુના પાંદડાં એક પ્રકાશિત અને મનહુર વસંતના પાંદડાં છે તે સઘળાં જ્યારેં ખરી પડેછે, અને જ્યારે સઘળું આપણા નિજઅંતરમાં અને આસપાસ શિયાળાના વખત જેવું હીમાઇ ગયલું અને સુન (નીર્જીવ) મારી ગયલું લાગેછે, તે વખતે દરેક ઉત્સાહભરેલાં અને પ્રમાણિક અંતઃકરણ માટે એક નવો પ્રવાહ તૈયાર છે અને હોવો જોઇયે. એ ભેદ આપણને શિખવશે કે ન્યાયી શંકા તે ન્યાયી આસ્થાનો અતિ ઉંડો પ્રવાહ છે, કે જેણે કાંઇ ગુમાવ્યું હશે તેજ તે મેળવશે.

હિંદુની બુદ્ધિએ આ મંજલે આવ્યા પછી ધર્મસંબંધી સિદ્ધાંતોમાંના આ છેલા અને મોટા સિદ્ધાંતને ગ્રહણ કરવાને કેવી રીતે યત્ન કર્યો, અને એક બીજા **લાઓકુન**પેઠે નિરીશ્વરમતના આંટા કેવી રીતે ઓગાળી નાંખ્યા, તે આપણે આવતા અને છેલા ભાષણમાં જોઇશું.

તત્વજ્ઞાન અને ધર્મ.

દેવ ઉપરની આસ્થાનો ભંગ.

—oo—

જ્યારે હિંદુસ્થાનમાં આવી વસેલા આર્યોની ખાત્રી થઈ કે તેમના સઘળા દેવો તો માત્ર નામ હતા, ત્યારે તેઓએ જેમને યુગના યુગ લગણ આરાધ્યા અને પૂજ્યા હતા તેમનાથી નિરાશ થઇ અને કંટાળી જઇને, મોંહ ફેરવ્યું હશે એવું આપણે વિચાર્યે ખરા. આમાં તેઓને કોઇએ ઠગ્યા હતા, અથવા તેઓ પોતાનેજ હાથે ઠગાયા હતા, એ વાત એક કોરે રાખ્યા છતાં, આટલું તો ખરૂં કે જ્યારે તેમના અસલ વખતના દેવો, તેમના ઇંદ્ર, અગ્નિ અને વરૂણ એ માત્ર કાંઇજ નહિ પણ ખાલી નામજ હતાં એવું જ્યારે તેઓએ શોધી કાઢ્યું, ત્યારે એવા શોધથી તેમના ઉપર જે અસર ઘણુંકરીને થઇ હશે તે, જેવી ગ્રીક લોકોને પોતાનાં દેહુડાં અને દેવોનો નાશ થતો દેખીને, અને જર્મન લોકોને પોતાના પવિત્ર **ઓક** કાપી નખાયા છતાં, જ્યારે એ અઘોર કર્મને માટે વેર લેવા **ઍપોલો** કે **ઓદીન** કોઇને પણ આવતો નહિ દીઠો, ત્યારે જેવી તેમની ઉપર અસર થઇ હતી, તેવીજ અસર હિંદુઓ ઉપર પણ થઇ હશે. પણ એનું પરિણામ તો આપણે વકી રાખવી જોઇયે તેથી કેવળ જુદુંજ નિકળ્યું. ગ્રીક, રોમન અને જર્મન લોકોવિષે તો આપણે જાણ્યે છિયે કે જ્યારે તેમના પુરાતન દેવો પોતાનો માર્ગ પુરો કરી રહ્યાપછી (વખતવહી ગયા પછી) કાંતે અલોપ થઇ ગયા, કાંતો તેઓની હયાતીનો અંત જો સમૂળોજ લાવી ન શકાયો તો તેઓને દુષ્ટ અને દુઃખ દેનાર આત્મા દાખલ ગણીને ઉતારી પાડવામાં આવ્યા; ત્યારે તેજ વખતે એક નવો ધર્મ, એટલે ખ્રિસ્તિ ધર્મ તૈયારજ હતો, કે જે મનુષ્યની તૃષ્ણા, જે કદીપણ સમૂળી દાબી શકાતી નથી, તે પુરી પાડવાને શક્તિમાન્ હતો,

હિંદુસ્થાનમાં તો જાણે બહારથી આવતો એવો કોઇપણ ધર્મ ન હતો કે જે ધર્મમાં જયારે બ્રાહ્મણો પોતાના જુના દેવો અને રક્ષાકર્ત્તાને ખોહી બેઠા ત્યારે આશ્રય લે: એટલામાટે ગ્રીક અને રોમન લોકોની પેઠે એક બાજુએ મોંહ મરડીને ફરી નવેસરથી આરંભ કરવાને બદલે, તેઓ પોતાને જાણીતે માર્ગે શ્રમ ખેંચતાજ આલ્યા, તે એવે ભરોસે કે તેઓની ઇંદ્રિયો જયારથી પેહલવેહલે સચેતન થઇ ત્યારથીજ જે તેમના મનમાં સદા હાજર હતું, પણ જેને કદીએ મક્કમપણે ગ્રહણ કરવાને, સમજવાને કે નામ આપવાને તેઓ શક્તિમાન્ ન હતા, તેના શોધમાં જો તેઓ થાકયા નહિ તો ખરે માર્ગે જઈ પોહોંચે.

તેઓએ પેલાં જુનાં નામો તજી મુકયાં, પણ જેને નામ આપવાનો તેઓએ પ્રયત્ન કર્યો હતો તે ઉપરની પોતાની આસ્થાનો કાંઈ તેઓએ ત્યાગ ન કર્યો. તેઓના જુના દેવોના યજ્ઞ-વેદી ભાંજી નાંખ્યા પછી તે અહિં તહિં વિખેરાઇ પડેલી ઇંટોથી પેલા નહિ જણાયલા ઇશ્વર માટે એક નવી યજ્ઞ-વેદી બાંધી—જે ઇશ્વર નહિ જણાયલો, નહિ નામવાળો અને તોપણ સર્વ-વ્યાપક છે; જે હવે વધારેવાર પહાડો અને નદિઓમાં, આકાશ અને સૂર્યમાં, વરસાદ અને ગર્જનામાં જણાતો ન હતો, પણ જે તે વેળા હાજર તો હતો અને કદાપિ તેમની પડોશમાંજ, તેમની ચોમેર ફરી વળેલો હોય; તે કાંઇ વરૂણનીપેઠે સર્વને ઘેરી લેતો અને સર્વવ્યાપી હવાઇ પદાર્થ નહતો, પણ વધારે નિકટ સંબંધમાં અને વધારે અંતરના ભાગમાં હાજર હતો, એટલે તેઓના પોતાનાજ કેહવા પ્રમાણે તેઓના અંતઃકરણમાંનો હવાઇ પ્રવાહ હતો, કદાપિ તેજ તેઓનું અંતઃકરણ હતું.

દૈવિક સંજ્ઞા આપવાનો હેતુ.

—— oo ——

પેહલાં આપણે યાદ રાખવું કે વેદના પ્રાચીન કવિયો કાંઇ એમ નથી કહી ગયા કે મિત્ર, વરૂણ અને અગ્નિ કાંઇજ નહિ પણ માત્ર ખાલી નામજ હતા. તેઓ લખી ગયાછે કે 'તેઓ મિત્ર, વરૂણ અને અગ્નિવિષે બોલેછે; એ વેળા તે આકાશવાસી પક્ષી **ગુરૂત્મત્** થાયછે; જે છે અને જે **એકછે** તેને કવિયો તહરેવાર નામે બોલાવેછે; તેઓ **યમ, અગ્નિ, માતરિશ્વન્**વિષે બોલેછે.'

હવે અહિં આપણે ત્રણ વસ્તુ જોઇયે છિયે. પેહલું એકે કવિયોને કદી કાંઈજ શક ન હતો કે કાંઇક વાસ્તવિક (સત) આ સૃષ્ટિમાંછે, જેનાં **અગ્નિ, ઈંદ્ર** અને **વરૂણ** અને બાકીનાં બીજાં સર્વ માત્ર નામ છે.

બીજું એકે, એ સત્ તેઓને મન એક અને માત્ર એકજ હતું.

ત્રીજું એકે એ **એક**ને જેમ પ્રજાપતિ અને બીજા દેવો નરજાતિના ગણાતા તેમ નહિ, પણ નાન્યતરજાતિ દાખલ ગણવું.

નાન્યતર નામો નરજાતિ અને નારિજાતિનાં નામોથી વધારે ચઢિયાતાં.

—— oo ——

હવે, ખરેખર આ વાત આપણા કાનને કઠોર લાગેછે. ઇશ્વર નામ નાન્યતરજાતિમાં વાપરવું આપણાથી તો બની શકે નહિ. આપણે મન તો નાન્યતરજાતિ કાંઇ એવો વિચાર દેખાડેછે કે એક વસ્તુ માત્ર સ્થૂલ, નિર્જીવ, અને અકર્તૃક છે. પણ પ્રાચીન ભાષામાં, એટલે પ્રાચીન વિચાર પ્રમાણે, એમ નહતું; આજે પણ આપણી કેટલીક અર્વાચીન ભાષાઓમાં એમ નથી. એથી ઉલટું નાન્યતરનામ પસંદ કરવામાં પ્રાચીન મનુષ્યોએ એવું કાંઇ દેખાડવાનો યત્ન કીધો

હતો, કે જે નરપણ નહિ અને નારિ પણ નહિ હોવું જોઇયે, અને જે ખરૂં જોતાં મનુષ્યની અપૂર્ણ ભાષાથી જેટલું અવર્ણ્યછે, તેટલું તેની નિર્બળ (ડામાડોળ) પ્રકૃતિથી અગમ્ય છે. એવું કાંઈ જે નર અને નારિ કરતાં ચઢતું, પણ ઉતરતું નહિ તે. તેઓને એક જાતિ-રહિત દેવ જોઇતો હતો, પણ એટલાજમાટે ગતિરહિત, કે વળી કેટલાકો શબ્દોમાં વિરૂદ્ધ ભેદ જોયા વિના જેને અકર્તૃક ઇશ્વર કહેછે તેવો, જોઇતો હતો એમ કોઇ પણ રીતે ઠડતું નથી.

બીજાં વાકયો એવાં છે કે જેમાં, જોકે કવિયો એકજ ઇશ્વર વિષે ઘણે નામે બોલેછે તોપણ તેઓ તેનેવિષે નરજાતિ નામેજ બોલેછે. જેમકે સૂર્યને અર્પણ કરેલું એક ભજન, કે જેમાં સૂર્યને એક પક્ષીની ઉપમા આપીછે તેમાં, આપણે આ પ્રમાણે વાંચિયે છિયે કે : 'ડાહ્યા કવિયો પોતાના વચનોથી જે પક્ષી **એકજ** છે તેને ઘણી રીતે બોલાવેછે.' આ આપણે મન તો કાંઇજ નહિ પણ માત્ર પુરાણોકત કથા છે. આ નીચલી કવિતામાં શ્રેષ્ઠ આત્મા એથી ઓછે પુરાણોકત કથારૂપે, તોપણ ઇશ્વરને મનુષ્ય ધર્મનું આરોપણ કરી દેખાડવામાં આવ્યોછે.

'જયારે જેને હાડકાં નથી તેણે હાડકાંવાળાને જન્મ દીધો, ત્યારે તે પ્રથમ જનમ્યો **તેને** કોણે જોયો? સૃષ્ટિના શ્વાસ, રકત, અને આત્મા કયાં હતાં? એ સઘળું જે જાણતો હતો તેની-કને કોણ પુછવા ગયું?'

આમાંનો દરેક શબ્દ વિચારથી ભરપુરછે. 'જેને કાંઈ હાડકાં નથી' એ વાકયનો અર્થ એ કે, એ વિચાર આપણે એમ કહિ દર્શાવ્યે કે 'જેને કાંઇ આકાર નથી'; અને 'જેને હાડકાંછે' તેનો અર્થ એવો કે જેણે ઘટપણું અને આકાર પકડયાંછે તે. વળી 'સૃષ્ટિના શ્વાસ અને રક્ત' તે આ સૃષ્ટિ જેને આધારે છે તે અજાણ અથવા અદ્રશ્ય શક્તિ દેખાડવાના યત્નો દેખાડેછે. ખરૂં જોતાં 'શ્વાસ' શબ્દ જેને આપણે હમણાં આ સૃષ્ટિનો અંશ અથવા વાસ્તવિક તત્વ કહિયે, તે સર્વથી વધારે મળતો આવેછે.

આત્મન્ એટલે અંતર્ગત ઇશ્વરાંશ.

——00——

આ શબ્દ, **એટલે શ્વાસ,** જે સંસ્કૃતમાં **આત્મન્** છે, અને જેનું **અંગ્રેજીમાં** Self કરી ભાષાંતર થાયછે તે શબ્દ આપણે જોઇશું કે આગળ ચાલતાં અતિઅગત્યનો થઇ પડશે. મૂળમાં આત્મન્ શબ્દનો અર્થ શ્વાસ થતો, પાછળથી જીંદગી થયો અને કોઇક વખત શરીર એવો પણ થયો; પણ આ કરતાં ઘણીકવાર આત્મન્નો અર્થ અંશ અથવા સત્ કરી થતો. ખરૂં જોતાં એ શબ્દ ગ્રીકના **ઑટૉસ** *ipse* અથવા *self* જેવું એક તત્પદાપેક્ષક સર્વનામ થયું, તે છતાં પણ એ શબ્દ વ્યાકરણના આ વર્ગમાંજ માત્ર આવી અટકયો ન હતો, પણ હિંદુસ્થાનમાં અથવા કોઈ પણ બીજા દેશમાં એ તત્વ જ્ઞાનને લગતા એક સર્વથી ચઢતા પ્રકારના મનનની સંજ્ઞા દાખલ નવે રૂપે વપરાવા લાગ્યો. તે કાંઇ માત્ર **અહંપદ** અથવા હુંપણું દર્શાવવા માત્ર વાપરવામાં આવતો નહતો, કારણકે એ **અહમ:** કે **હું**માં તો આ જીંદગીના જલદી વહીજતા અંશનો ઘણોજ મોટો ભાગ આવ્યો હતો. ના, એ **અહમ:** એની પેલીમેર જે હતું અને જે એને થોડોકવાર આશ્રય દેતું તે દર્શાવતો હતો; પણ થોડોક વખત ગયાકેડે મનુષ્ય **અહમ:**ની બેડી અને સંકેતમાંથી એટલે હુંપણાના અર્થમાંથી) મોકળો થયો અને ફરી એક સ્વચ્છ સ્વાત્મા થયો. બીજી ભાષાઓમાં જે શબ્દો પેહલાં શ્વાસને માટે વપરાઇ પાછળથી જીવ, આત્મા અથવા પ્રાણ એવો અર્થ દેખાડવા લાગ્યા, તે શબ્દોથી **આત્મન** જુદો છે. ઘણા પ્રાચીનકાળમાંજ એનો અર્થ જે શ્વાસ થતો હતો તે જતોરહ્યો, અને તેના વેહવારીક અર્થમાંથી મોકળો થયા પછી, તથા માત્ર એક સર્વ નામ દાખલ વપરાયા પછી તે ગ્રીકના **ક્રુકે** અથવા **ન્યુમા**, લાતિનના *anima* અથવા *animus* અથવા સંસ્કૃતના **અસુ** અથવા **પ્રાણ** સરખાં ભાવવાચક નામો કરતાં વધારે ભાવાર્થ દેખાડનાર શબ્દ થયો. ઉપનિષદ્માં મનુષ્ય

જીંદગીના ખરા સાર દાખલ પ્રાણ, શ્વાસ અથવા દમ ઉપર જે ભાવ રાખવામાં આવતો હતો તે **આત્મન્** અથવા સત્વિષેના ભાવકરતાં સાધારણે કબુલ રાખ્યા પ્રમાણે તત્વજ્ઞાનની એક વધારે ઉતરતી સ્થિતિ દેખાડેછે. જે પ્રમાણે આપણામાં (અંગ્રેજોમાં) *self* શબ્દ *I* કરતાં વધારે ચઢિયાતો છે, તે પ્રમાણે હિંદુઓમાં **પ્રાણ** કરતાં **આત્મન્** વધારે શ્રેષ્ઠ લેખાયો, અને છેલે સરવાળે પ્રાણનો અર્થ તેમાં સમાઇ ગયો.

આ પ્રમાણે પાછલા વખતમાં હિંદુસ્થાનના પ્રાચીનકાળના તત્વવેત્તાઓએ પેલો અંનત શોધી કાઢયો જે તેમનો પોતાની હયાતીનો આધાર હતો, એટલેજે અંતરનો આત્મા, કે જે **અહમ**ની હદબહાર ઘણો દૂર હતો.

આત્મન્ એટલે વિશ્વાત્મા.

——00——

હવે તેઓએ બહારની, એટલે કર્મક સૃષ્ટિમાંથી તે અનંતને શોધી કાઢવાને કેવી રીતે યત્ન કર્યો તે આપણે જોઇયે.

કવિયોએ કેટલોક વખત પેલો **એક** કે જેને એકલા **એક** દેવ દાખલ તેઓએ કલ્પ્યો, પણ જે હજી નરજાતિનો, ગતિવાન અને કાંઇક કથાસૂચક હતો, તેનાઉપર ભાવ રાખ્યો; જે દેવ ખરૂં જોતાં અહંપદરૂપે વ્યાપ્ત હતો, પણ સ્વાત્મા અને સ્વરૂપ બ્રહ્મજ ન હતો. એમ છતાં પણ 'આપણને એક જુદીજ જાતનાં વાક્યો એકાએક મળી આવેછે. આપણે એક નવી દુનિયાંમાં જાણે ફરતા (ગમન કરતા) હોઇયે એવું લાગેછે. જે સઘળું અભિનેય અને કથાયુક્ત છે તે, તેમજ દરેક રૂપાંતર અને દરેક સંજ્ઞા, તજી દેવામાં આવ્યાં, અને 'પેલો એક' અથવા તે, જે નાન્યતર રૂપે હયાત છે, તેજ માત્ર અનંતને ગ્રહણ કરવાના છેલા યત્ન દાખલ રહી જાયછે.

વેદકાળના કવિયો હવે વધારેવાર આકાશ અથવા અરૂણોદય-નાં કિર્તન ગાતા નથી. તેઓ ઈંદ્રનું ચાતુર્ય. તથા વિશ્વકર્મન્ અને પ્રજાપતિના ડહાપણવિષે કાંઇ સ્તુતિભજન કરતા નથી. જેમ તેઓ પોતેજ કહેછે તેમ જાણે 'ધુમસથી ઢંકાઈ અને ખાલી નિરર્થ વચનોથી જાણે વિંટળાઇ ગયાછે.' બીજો કવિ કહેછે કે 'મારા' કાન, મારી આંખો, અને વળી મારા હૃદયવિશે જે પ્રકાશ રહેછે તે પણ અલોપ થાયછે; મારૂં મન પોતાની અતિ છેટે જતી આતુરતા સહિત મને છોડી જાયછે; હું શું કહું અને શું વિચારૂં ?'

અથવા વળી 'હું પોતે કાંઈ જાણતો નથી તેથી હિંયાં ઋષિયો જાણેછે તેમને હું પુછુંછું; હું પોતે અજ્ઞાન હોવાથી શિખવામાટે; જેણે છ. દુનિયાં સ્થાપી છે તેજ શું તે એક છે કે જે અજાત આત્મારૂપે હયાત છે ?'

આ સઘળાં તુફાનો એક વધારે પ્રકાશિત આકાશ અને એક નવી વસંતઋતુવિષે ખબર આપેછે. એટલે આ સંશયી વિચારો છે તે ઇશ્વરવિષે વધારે શ્રેષ્ઠ ખ્યાલ ઉત્પન્ન થવાનાં ચિન્હો છે.

છેલે તે એક, તે આત્માની હયાતી હીંમતથી જાહેર કરવામાં આવેછે, કે જે પોતાની મેળે જીવતો જણાયોછે, જે સઘળી પેદા થયલી વસ્તુ આગળનો જીવતો જણાયોછે, અને જે દેવો કરતાંપણ એટલો બધો આગળનો જીવતો જણાયોછે કે, તે દેવો પોતે પણ એની ઉત્પત્તિ ક્યાંથી થઇ તે જાણતા નથી.

આપણને જણાવવામાં આવ્યું છે કે 'સૃષ્ટિમાં કાંઇ પણ હતુ ત્યારપેહલાં, મોત અથવા અમરતા હતાં. ત્યારપેહલાં, દિવસ અને રાત્રિનીવચ્ચે કાંઇએ ભેદ થયો ત્યારપેહલાં, તે **એક** હયાત હતો. તે, જે શ્વાસરહિત છે, તે પોતાનીમેળે શ્વાસ લેતો. તેસિવાય કાંઇ બીજું તેના જેવું થયું નથી. તે વેળા સઘળું અંધકાર હતું, પ્રથમમાં દરેક વસ્તુ ધુમસપેરે કાળાશથી ઢંકાઇ ગયલી હતી—સઘળું જાણે પ્રકાશવિનાના મહાસાગર જેવું હતું. ત્યારપછી તે બીયું, જે છાલાંથી ઢંકાયલું હતું, એટલે પેલો **એક** ગરમીંની શક્તિથી પેદા થયો.'

એપ્રમાણે કવિ સઘળી વસ્તુના પ્રારંભના સિદ્ધાંતવિષે, તથા તે **એક**ના અનેક ક્રમ થયા, તે અજાણ્ય, જાણીતો અથવા નામવાળો કેમ થયો, અનંત તે અંતવાન્ કેમ થયો, એ સઘળાંવિષે ચિંતન કર્યો જાયછે, અને છેલે સરવાળે આ લીટીઓ તેના મુખમાંથી નિકળી પડે છે: 'તે ભેદ કોણ જાણે છે? હિયાં તેને કોણે પ્રગટ કર્યો? આ ભાતભાતની ઉત્પત્તિ કયાંથી, અરે કયાંથી નિપજી? દેવો પોતે પણ પાછળથી હસ્તિમાં આવ્યા. આ મોટી પેદાયશ કુયાંથી ઉત્પન્ન થઇ તે કોણ જાણે છે? જેની આજ્ઞાથી આ સંઘળી મોટી પેદાયશ નિપજી—પછી તેણે તેની મરજીથી સરજ્યું અથવા મરજીવિના—એ સઘળું જે સૌથી મોટો જાણનાર છે (ઋષિ છે), જે સૌથી ઉંચા (શ્રેષ્ઠ) આકાશમાં રહેછે, તે જાણે છે, કદાપિ તે પણ જાણતો ન હોય.'

આ વિચારો, જે ઋગ-વેદના મંત્રોમાં માત્ર પેહલાં નજરે પડતા ઝાંખા તારા જેવા દેખાયછે, તે જેમ જેમ વખત વહેછે તેમ સંખ્યામાં અને પ્રકાશમાં વધતાં જાય છે; અને છેલે એટલેસુધી, કે જેને **ઉપનિષદ્** કહે છે તેમાં તેઓ એક પૂર્ણ આકાશગંગાના પ્રકાશપેઠે ખુલા દેખાયછે; આ **ઉપનિષદ્** વિદ્યાને લગતો છેલોજ ગ્રંથ છે કે જે હજી વેદ-કાળને લગતો ગણાયછે, જો કે તેની અસર તે કાળની હદ બાહેર બહુ લાંબે પોંહુચેછે.

ઉપનિષદ્ માંહેનું તત્ત્વજ્ઞાન.

———00———

તમને યાદ હશે કે જેને આપણે મંત્ર-કાળ કહિયે છિયે તેની પુઠે તરતજ **બ્રાહ્મણ** એટલે પ્રાચીન કાળના યજ્ઞોવિષે વર્ણન અને દ્રષ્ટાંત આપવાની ધારણાથી રચાયલાં ગદ્યોનાં પ્રાચીન પુસ્તકોનો કાળ આવેછે.

આ **બ્રાહ્મણો**ને છેડે ઘણુંકરીને આપણને એક આરણ્યક

મળેછે, એટલે એક વન-પોથિ, એટલે જેએ એ પોતાનું ઘરબાર તજી જંગલમાં એકાંતવાસમાં વસવું કર્યું હોય તેઓને માટે લખાયલું પુસ્તક છે.

વળી એ આરણ્યકોને છેડે અથવા તેમાંજ મળીગયલાં આપણને જુનામાં જુના ઉપનિષદ્ મળીઆવેછે; એ ઉપનિષદ્નો શબ્દ શબ્દનો અર્થ **બેઠક**, એટલે નિશાળિયાઓનું પોતાના શિક્ષક આગળ ભેગા મળીને બેઠેલું મંડળ, એવો થાયછે. અને આ ઉપનિષદ્માં વેદ-કાળનાં સઘળાં ધર્મસંબંધી તત્ત્વજ્ઞાન (ફીલસુફી)નો સંગ્રહ થઇ રહેલોછે.

આ ઉપનિષદોમાં જે વિચારનો મોટો ભંડાર એકઠો થયલો છે તેનો તમને કાંઇક ખ્યાલ આપવા માટે હું તમને કહું કે પ્રથમ મારી ધારણા એવી હતી કે મારાં આ સઘળાં ભાષણો ઉપનિષદ્ માંહેના મતનું વિવેચન કરવા ઉપયોગમાં લેવાં. મને તેમાં પુષ્કળ સાધન મળતે; પણ હાલતો જે થોડો વખત હજી મારી પાસે બાકી રહેલોછે તેમાં હું તમને માત્ર કાંઇ સેહજ વર્ણન આપી શકું છું.

આ ઉપનિષદોને તત્ત્વજ્ઞાનશાસ્ત્ર માને છે તેમ તો છે કે છે નહિ. તે શબ્દના ખરા અર્થપ્રમાણે તો તેઓ સત્યવિષેની અટકળો છે, જે વારંવાર એકબીજાને ખોટી પાડે છે, તોપણ સઘળી એકજદિશા ભણી ઢળતી જણાય છે. એ જુના ઉપનિષદોની કુંચી 'તું તારા આત્માને પિછાન' એ છે, પણ **ડેલફી**ના ભવિષ્ય વર્તનારના **ગ્નોથી સિયુતોન** શબ્દો કરતાં આમાં અર્થ બહુ ઉંડો છે. ઉપનિષદોનાં 'તું તારા આત્માને પિછાન'નો એવો અર્થ થાયછે કે તું તારો ખરો આત્મા જે તારા અહમપદમાંહે ગુપ્ત છે તેને જાણ, અને જે એક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તથા અચળ આત્મા છે, કે જેના જેવો બીજો કોઇએ નથી, અને જે સારા જગત્માં ગુહ્ય છે, તેની માંહે તારા **આત્માને** શોધ અને પિછાન.

અનંત, અદ્રશ્ય, અજાણ, દૈવિક એ સઘળું, પાછળના શોધનો છેલો ખુલાસો હતો, કે જે શોધનો આરંભ સાદામાં સાદાં મંત્રો

થી થઇને ઉપનિષદો, અથવા જેને પાછળથી વેદાંત કહેવામાં આવ્યા તેમાં, એટલે કે જેમાં વેદનો મોટામાં મોટો હેતુ અથવા અર્થ પાર પડ્યો હતો, તેમાં તેનો છેડો આવ્યો.

આ પુસ્તકો, જેની બરાબરી કરી શકે એવાં પુસ્તકો હિંદુસ્થાનના સાહિત્યમાંજ નહિ, પણ આખી દુનિયાંના સાહિત્યમાં નથી, તેમાંથી થોડાંક વાક્યો ટાળવીને વાંચી સંભળાવવા કરતાં કાંઇ વધારે મારાથી બનશે નહિ.

પ્રજાપતિ અને ઈંદ્ર.

પેહલું વાક્ય **છાંડોગ્ય** ઉપનિષદ્‌માંથી (૮, ૭, ૧૨) કાઢેલુંછે. એ વાક્ય એક વાર્તા છે, જેમાં **ઈંદ્ર**, જે સઘળા દેવોનો સરદાર છે, અને **વિરોચન**, જે અસુરોનો સરદાર છે, તેમને પ્રજાપતિપાસેથી જ્ઞાન સંપાદન કરતા દર્શાવ્યા છે.

ઋગવેદનાં મંત્રો સાથે સરખાવતાં નિશ્ચયે આ અર્વાચીન કાળનું લાગે છે, અને એમ છતાં હિંદુસ્થાનના બીજા સઘળા ગ્રંથો સાથે સરખાવતાં તે જરાએ અર્વાચીન જેવું નથી લાગતું. દેવ અને અસુરવચ્ચે જે વિરૂદ્ધતા છે તે બેશક ઓછી અગત્યની છે, પણ તેનાં ચિન્હો ઋગવેદમાં, અને મુખ્ય કરીને છેલાં પુસ્તકમાં દેખાવા માંડેછે. 'અસુર' એટલે જીવતું (જીવંત). એ પેહલાં સૃષ્ટિની કેટલીક શકિતયોને, અને મુખ્યકરીને આકાશની શકિતને આપેલી સંજ્ઞા હતી. કેટલાંક વાકયોમાં '**દેવા અસુરા:**' શબ્દનો અર્થ જીવતા દેવો એવો કરવાને હરકોઈનું મન થાયછે. થોડોક વખતપછી **અસુર** શબ્દ વળી કેટલાક અમુક દુષ્ટ આત્મા (દૈત્યો)ની સંજ્ઞા દાખલ વાપરવામાં આવ્યોછે, અને છેલેસરવાળે બહુવચનમાં દુષ્ટ આત્માઓ, જેઓ, દેવ એટલે તેજસ્વી, માયાળુ, અને ભલા આત્માઓથી ઉલટાછે, તેમનાં નામદાખલ આવેછે. **બ્રાહ્મણો**માં એ

ભેદ સ્પષ્ટપણે સ્થાપવામાં આવ્યોછે, અને તેમાં ઘણાંખરાં સઘળાં-નો ચુકાદો **દેવ** અને **અસુર**ની વચ્ચેનાં યુદ્ધોથી થયલોછે.

ઇંદ્ર દેવોતરફથી આવે એ તો સ્વાભાવિક છે. તોપણ **વિરો-ચન** તો પાછલા વખતનો છે; મંત્રોમાં એ નામ વપરાયલું નથી. **વિરોચન** પેહલો **તૈત્તિરીય બ્રાહ્મણ**માં (૧,૫,૯,૧) આવેછે, જ્યાં એને **પ્રહ્લાદ** અને **કયાધુ**ના પુત્ર દાખલ ઓળખવામાં આ-વ્યોછે. આ કથામાં પ્રજાપતિયે એક જાતના શ્રેષ્ઠ ઇશ્વર દાખલ પોતાનું લક્ષણ લીધુંછે; **તૈત્તિરીય બ્રાહ્મણ**માં (૧, ૫, ૯, ૧) તો વળી તેને ઇંદ્રના પણ પિતા દાખલ દેખાડવામાં આવ્યોછે.

આ આપણી કથાનો હેતુ દેખીતી રીતે આપણે જે જુદે જુદે પંથકે થઇને મનુષ્યમાં જે ખરો આત્મા છે તેનું જ્ઞાન મેળ-વવાનો છે. પ્રજાપતિ પેહલાં કાંઇક ભરમભરેલી રીતે બોલેછે, અને કહેછે કે આત્મા એટલે જે પુરૂષ આંખમાં દેખાયછે તે. એમ કેહ-વાનો એનો અર્થ આંખથી કેવળ નિરાળોજ કોઇ જોનારમાટે છે, પણ એના શિષ્યો એ અર્થ ઉંધો સમજેછે; અસુરો એમ ધારેછે કે જેમ આરસીમાં તેમ આંખની કીકીમાં જે નાનું શરીર દેખાયછે તેજ આત્મા છે, અને દેવો ધારેછે કે આરસીમાં અથવા પાણીમાં જે છાયો અથવા છબી પડેછે તે આત્મા છે. પણ જો **વિરોચન** આથી સંતોષ પામેછે, તો **ઇંદ્ર** સંતોષ પામતો નથી, અને ત્યારે તે આત્માની શોધમાં નિકળેછે. પેહલાંતો ઇંદ્રિયોના સ્પર્શયજ્ઞાનથી મોકળો થયલો કોઇ સ્વપ્નવત્ હાલતમાં પડેલા પુરૂષમાં તે આત્માને શોધેછે; પછી એક પુરૂષ, જેને સ્વપ્ન આવતાં નથી અને કેવળ બેભાન (અચેતન) હાલતમાં હોય, તેમાં આત્માને શોધેછે. તોપણ આ સઘળું, જે તેને કેવળ ક્ષય જેવું દેખાયું, તેથી નારાજ઼.થઇને ઇંદ્રને છેલ્લે સરવાળે જાણવાનું બની આવ્યું કે *self* **આત્મા** તે તે પુરૂષ જે પોતાની ઇંદ્રિયોનો ઉપયોગ કરેછે, તોપણ તેઓથી નિરાળોછે. ખરૂં જોતાં તેતે પુરૂષ જે આંખમાં દેખાયછે, એટલે જોનાર ધણી દાખલ આં-ખમાં માલમ પડેછે તે; અથવા વળી એમ પણ કે જે કોઇ પોતાનું

મન, કે જેને દૈવિક દ્રષ્ટિ કરી કેહવામાં આવ્યુંછે, તે માત્ર કાંઈજ નહિ પણ એક સાધનછે, એવું જાણે તે છતાં પોતાને જાણનાર સમજે તે. હિંયાં આપણે વનમાં વસનાર લોકોએ જે સત્ય જોયલું તેને વિષે બોલવામાટે સરસમાં સરસ વચનો, અને અનંત પાછળની પોતાની શોધમાં તેઓ જે ઉંચામાં ઉંચે સ્થળે પોંહુચ્યા તે જોઇયે છિયે.

ખંડ સાતમો.

———oo———

પ્રજાપતિયે કહ્યું 'જે આત્મા પાપથી મોકળોછે, ઘડપણથી, મોત અને ઉદાસીથી, ભુખ અને તરસથી જે મોકળોછે, જે તેને ઘટેછે તેજ માત્ર માગેછે, જે કલ્પવું ઘટેછે તેજ માત્ર કલ્પેછે, તે આત્મા આપણે શોધી કાઢવો જાઇયે, અને તે સમજવાને આપણે યત્ન કરવો જોઇયે. જેણે એ આત્મા શોધ્યોછે અને સમજે છે તે સઘળી દુનિયાં અને સઘળી ઇચ્છા મેળવેછે.' (ઉભય લોકને પ્રાપ્ત થાયછે.)

'દેવો (ઇશ્વરો) અને અસુરો (દૈત્યો) બંનેએ આ શબ્દો સાંભળ્યા અને બોલ્યા "વારૂ ચાલો આપણે તે શોધયે જે જો કોઇને મળે તો તેને સઘળી દુનિયાં અને સઘળી ઇચ્છા મળેછે'

આ પ્રમાણે બોલી દેવોમાંથી **ઇંદ્ર** નિકળી ગયો, અને અસુરોમાંથી **વિરોચન** નિકળી ગયો, અને બંને એક બીજા સાથે કાંઇ પણ વેહવાર ચલાવ્યાવિના 'જે પ્રમાણે શિષ્યોનો પોતાના ગુરૂઆગળ જતી વેળા સમિધ (બળતણ) લઇ જવાનો ચાલ છે, તે પ્રમાણે પોતાના હાથમાં સમિધ લઇને પ્રજાપતિ આગળ આવ્યા.

ત્યાં તેઓ બત્રીશ વર્ષ સુધી શિષ્યદાખલ રહ્યા. ત્યારે પ્રજાપતિયે તેઓને પુછ્યું "તમે બંને અહિં શા માટે રહ્યાછો?"

'તેઓએ ઉત્તર દીધો "તમારૂં એક કેહેણ લોકો ફરીફરી બોલેછે કે 'જે પાપથી મોકળોછે, ઘડપણથી, મોત અને ઉદાસીથી, ભુખ

અને તરસથી જે મોકળોછે, જે તેને માંગવું ઘટેછે તેજ માત્ર માંગે છે, જે કલ્પવું ઘટે તેજ માત્ર કલ્પેછે, તે આપણે શોધી કાઢવો જોઇયે અને તે સમજવાને આપણે યત્ન કરવો જોઇયે. જેણે એ આત્મા શોધ્યોછે અને સમજેછે, તે સઘળી દુનિયાં અને સઘળી ઇચ્છા મેળવેછે, હવે અમે બંને અહિં રહ્યા છિયે તેનું કારણ એકે અમારે તે જોઇયેછે."

'પ્રજાપતિયે તેમને કહ્યું "જે પુરૂષ આંખમાં દેખાયછે તે આત્મા છે* એમ મેં કહ્યુંછે. એજ અમરછે, નિર્ભયછે, એજ બ્રાહ્મણ છે."

'તેઓએ પુછ્યું "મહારાજ, જે પાણીમાં દેખાયછે અને જે આરસીમાં દેખાયછે તે કોણ?"†

'તેણે ઉત્તરદીધો કે "તે પોતેજ માત્ર આ સઘળાંમાં દેખાયછે."

ખંડ આઠમો.

———oo———

'એક પાણીના પેણામાં તમારા આત્મા તરફ જુવો અને તમારા આત્મા વિષે તમે જે કાંઇ નહિ સમજો તે મને આવીને કહો.'

'તેઓએ તે પાણીના પેણામાં જોયું. પછી પ્રજાપતિયે તેમને કહ્યું "તમને શું દેખાયછે?"

'તેઓએ ઉત્તર દીધો "અમે બંને આત્માને આ પ્રમાણે સ્પષ્ટ

---

* ટિકાકાર આનો ખરો ખુલાસો કરેછે. પ્રજાપતિનો કેહવાનો અર્થ એકે આંખમાં દેખાતો, એટલે કે જોવાના કામનો ખરો કર્તા (ખરો જોનાર પોતે) જેને ઋષિયો પોતાની મીચેલી આંખોથી પણ જોઇ શકેછે તે. તોય તેના (પ્રજાપતિના) શિષ્યો તેનું કહેલું ઉલટી રીતે સમજેછે. તેઓ જે માનસ દેખાયછે તેને વિષે વિચાર લાવેછે, અને જે માનસ જોયછે તેને માટે નહિ. તેમને મન જે નાની આકૃતિ આંખમાં પડેલી દેખાયછે તે આંખમાં દેખાયલો પુરૂષ છે, અને એટલા માટે તેઓ પુછયાજાયછે કે પાણીમાં અથવા આરસીમાં પડેલો પડછાયો શું આત્મા નહિ હોય?

† ટિકાકારો ઘણો શ્રમ લઇને સમજાવેછે કે પ્રજાપતિયે કાંઇએ ખોટું કહ્યું નથી. પુરૂષ કેહવાનો તેનો હેતુ એટલોજકે પુરૂષવાચક તત્વને તેના સર્વથી ચઢતા અર્થમાં લેવું, અને તેના શિષ્યોએ પુરૂષનો અર્થ માનસ અથવા શરીર કીધો તેમાં તેનો કાંઇ વાંક નથી.

જોઇયે છિયે, તે એટલેસુધી કે તેની છબીમાં વાળ અને નખ પણ જણાય છે."

'પ્રજાપતિયે તેમને કહ્યું "તમારૂં શરીર શાણગાર્યાપછી, સરસમાં સરસ વસ્ત્ર પેહેર્યાપછી, અને સ્વચ્છ થયાપછી એક વાર ફરી એ પાણીના પેણામાં જુવો."

'તેઓએ શાણગાર કર્યાપછી, સરસમાં સરસ વસ્ત્ર પેહેર્યાપછી અને સ્વચ્છ થયાપછી પાણીના પેણામાં જોયું.'

'પ્રજાપતિ બોલ્યા "તમને શું દીસે છે?"

'તેઓએ ઉત્તર વાળ્યો "જેવા અમે છિયે તેવા સારી રીતે શાણગારાયલા, સરસમાં સરસ વસ્ત્ર પેહરેલા અને સ્વચ્છ, એવા અમે હિંયાં બંને છિયે; માહરાજ, સારી રીતે શાણગારાયલા, અમારાં સરસમાં સરસ વસ્ત્ર સાથે, અને સ્વચ્છ."

'પ્રજાપતિ બોલ્યા "તેજ આત્માછે, એજ અમર છે, નિર્ભય છે, એજ બ્રાહ્મણ છે."

'પછી બંને પોતાના દિલમાં સંતોષ પામી ચાલ્યા ગયા.'

'અને પ્રજાપતિ તેઓની પાછળ જોઇને બોલ્યા "આ બંને જણ જાણ્યાવિના અને જોયાવિના જતા રહેછે, અને એ બંનેમાંનો કોઇયે, પછી તે દેવ હોય કે અસુર, જે એ મત (ઉપનિષદ્) પ્રમાણે ચાલશે, તે મરણ પામશે."

'હવે **વિરોચન** પોતાના દિલમાં સંતોષ પામી અસુરો આગળ ગયો, અને તેઓઆગળ એ મતનો ઉપદેશ કર્યો કે માત્ર આત્માનીજ (શરીરનીજ) પૂજા કરવી જોઇયે, અને આત્માનીજ (શરીરનીજ) સેવા કરવી જોઇયે, અને જે એ આત્માની પૂજા કરેછે, અને એ આત્માની સેવા કરેછે, તે બંને દુનિયાં, આ અને આવતી, પામશે.'

'માટે હાલ પણ જે માનસ આ જગત્માં દાન નથી દેતો, જેને શ્રદ્ધા નથી, જે બળીદાન નથી કરતો, તેને અસુર કહેછે, કારણ કે એજ અસુરોનો મત (ઉપનિષદ્) છે. તેઓ મરણ પામેલાંનાં શરીરને સુધંધ, પુષ્પ અને સુંદર વસ્ત્રથી શાણગારેછે અને ધારેછે કે એમ કરવે પેલી દુનિયાં ઉપર તેઓ જય પામશે.

ખંડ નવમો.

—————oo—————

'પણ ઇંદ્ર દેવોને પાછો જઇ મળ્યો ત્યાર પેહલાં તેને આ અડચણ જણાઈ. આ આત્મા, (પાંણીમાંનો પડછાયો)* જ્યારે શરીર સારીપે શણગારાયલું હોયછે, ત્યારે તે પણ શણગારાયલો હોયછે, જ્યારે શરી ઉપર સારાં વસ્ત્ર હોયછે, ત્યારે તેણે પણ સારાં વસ્ત્ર પેહરેલાં હોયછે જ્યારે શરીર સારી રીતે સ્વચ્છ કરેલું હોયછે, ત્યારે તે પણ સાર રીતે સ્વચ્છ થયલો હોયછે, તો જો શરીર આંધળુ હશે તો આત્મા પણ આંધળો હોવો જોઇયે, જો શરીર લંગડું હશે, તો તે પણ લંગડ હોવો જોઇયે, જો શરીર લુલું હશે, તો તે પણ લુલો હોવો જોઇયે અને ખરૂં જોતાં જેવું શરીર નાશ પામ્યું કે તેવો આત્મા પણ નાશ પામશે. માટે આ (મત)માં મને તો કાંઇ માલ દેખાતો નથી.'

તે પોતાના હાથમાં સમિધ લઇ શિષ્યદાખલ ફરી પ્રજાપતિ પાસે આવ્યો. પ્રજાપતિયે તેને કહ્યું "મઘવત્ (ઇંદ્ર) તું વિરોચન જોડે તારાં દિલમાં સંતોષ પામી ગયો હતો, તે પાછો શા કારણે આવ્યો?"

'તેણે ઉત્તર વાળ્યો "મહારાજ, આ (છાયો) જ્યારે શરીર સારીપેઠે શણગારાયલું હોયછે ત્યારે તે પણ શણગારાયલો હોયછે, જ્યારે શરીરઉપર સારાં વસ્ત્ર હોયછે, ત્યારે તે ઉપર પણ સારાં વસ્ત્ર હોયછે, જ્યારે શરીર સારી રીતે સ્વચ્છ કરેલું હોયછે, ત્યારે તે પણ સારી રીતે સ્વચ્છ હોયછે, તો જો શરીર આંધળું હશે તો તે પણ આંધળો હોવો જોઇયે, જો શરીર લંગડું હશે તો તે પણ લંગડો હોવો જોઇયે, જો શરીર લુલું હશે તો તે પણ લુલો હોવો જોઇયે અને ખરૂં જોતાં શરીર નાશ પામતાંજ તે પણ નાશ પામશે, માટે આ (મત) માં તો મને કાંઇ માલ દેખાતો નથી".'

* ટીકાકાર જણાવેછે કે જોકે ઇંદ્ર અને વિરોચન, બંનેએ પ્રજાપતિયે જે કહ્યું તે ખરો ભાવાર્થ સમજવામાં ભુલ કરી હતી, તોપણ જ્યારે વિરોચન શરીરને આત્મા સમજતો હતો ઇંદ્ર એમ સમજ્યો કે શરીરનો છાયો તે આત્મા હતો.

'પ્રજાપતિયે ઉત્તર વાળ્યો "મઘવત્, ખરે એમજ છે ; પણ હું તને એ ખરા આત્માવિષે વધારે સમજાવીશ. બીજાં બત્રીશ વર્ષ તું મારી જોડે રહે."

'તે તેની જોડે બીજાં બત્રીશ વર્ષ રહ્યો અને પછી પ્રજાપતિયે તેને કહ્યું :

ખંડ દશમો.

———oo———

' " જે સ્વપનામાં સુખે ફરેહરે છે તે આત્મા છે, એ અમર છે નિર્ભય છે, એ બ્રાહ્મણ છે."

'પછી ઇંદ્ર પોતાના દિલમાં સંતોષ પામી ચાલ્યો. પણ તે પાછો દેવોઆગળ ગયો ત્યાર પેહલાં આ અડચણ તેને જણાઇ : હવે જોકે આ તો ખરૂં છે કે કદાપિ શરીર આંધળું હોય તોપણ આત્મા કાંઇ આંધળો નથી, અથવા શરીર લંગડું હોય તો તે કાંઈ લંગડો હોતો નથી, જોકે શરીરના દોષને લીધે આત્મા કાંઈ દોષિત થતો નથી, અથવા જયારે શરીરને વાગેછે ત્યારે આત્માને વાગતું નથી, અથવા શરીર લુલું થાયછે ત્યારે આત્મા કાંઈ લુલો નથી થતો, તોપણ સ્વપનામાં એ આત્માને તેઓએ માર્યો હોય, જાણે તેઓએ તેને હાંકી કહાડયો હોય એવું લાગેછે. વળી જાણે તેને દુઃખની પીડા પણ જણાતી હોય એમ લાગેછે, અને તે જાણે આંશુ પાડેછે. તે માટે આ (મત) માં મને કાંઇ માલ લાગતો નથી.'

'પોતાના હાથમાં સમિધ લઇ તે ફરી પ્રજાપતિપાસે શિષ્યદાખલ આવ્યો. પ્રજાપતિયે તેને કહ્યું "મઘવત્ તું, તારા દિલમાં સંતોષ પામી ગયો હતો, તો વળી પાછો શા માટે આવ્યો?"

'તેણે જવાબ દીધો "મહારાજ, જો કે આતો ખરૂં છે કે કદાપિ શરીર આંધળું હોય, તોપણ આત્મા કાંઈ આંધળો હોતો નથી, કે શરીર લંગડું હોય તો તે કાંઇ લંગડો હોતો નથી, તેમજ જોકે શ-

રીરના દોષને લીધે આત્મા કાંઈ દોષિત થતો નથી, અથવા શરીરને માર્યું હોય તોય આત્માને વાગતું નથી, અથવા શરીર લુલું થયાથી કાંઇ આત્મા લુલો થતો નથી, તોપણ સ્વપનામાં તેને કોઇએ જાણે માર્યો હોય, જાણે તેને તેઓએ હાંકી કહાડયો હોય એવું લાગેછે. વળી જાણે તેને દુઃખની પીડા જણાતી હોય એમ લાગેછે અને તે આંશુ પાડેછે; માટે આ (મત)માં મને કાંઈ સાર લાગતો નથી."

'પ્રજાપતિયે ઉત્તર દીધો, "મઘવત્, ખરેખર એમજ છે; પણ એ ખરા આત્માવિષે હું તને વધારે સમજાવીશ. તું બીજાં બત્રીશ વર્ષ મારી જોડે રહે."

'તે તેની જોડે બીજાં બત્રીશ વર્ષ રહ્યો. ત્યારે પ્રજાપતિયે કહ્યું:

ખંડ અગિયારમો.

'"જયારે એક માનસ નિંદ્રામાં પડયો વિસામો લેતો તથા સંપૂર્ણ શાંતિમાં હોયછે, અને કાંઇએ સ્વપ્નું જોતો નથી, ત્યારે તે આત્મા છે, એ અમર છે, નિર્ભયછે, બ્રાહ્મણ છે."

'પછી ઇંદ્ર પોતાના દિલમાં સંતોષ પામી ચાલી ગયો. પણ તે દેવોને પાછો જઈમળ્યો તેપેહલાં તેણે આ અડચણ જોઈ: ખરૂં જોતાં તો આત્મા આ પ્રમાણે પોતાનેજ (પોતાનાં આત્માને) જાણતો નથી કે તે છે તે હુંજ છું, તેમજ કાંઇપણ હયાત વસ્તુ તે જાણતો નથી. તે તો સમૂળો નાશ પામ્યોછે. આ (મત)માં મને કાંઇ સાર દેખાતો નથી.'

'પોતાના હાથમાં સમિધ લઈ શિષ્યદાખલ તે ફરી પ્રજાપતિ આગળ ગયો. પ્રજાપતિયે તેને કહ્યું કે "મઘવત્, તું તારા દિલમાં સંતોષ પામી ગયો હતો; વળી શા કારણથી પાછો આવ્યો?"

'તે બોલ્યો "મહારાજ, પેલી રીતે તો તે પોતાનેજ (પોતાના આત્માને) ઓળખતો નથી, કે તૂ છે તેજ હું છું, તેમજ કાંઇપણ હયાત વસ્તુ વિષે તે જાણતો નથી.' તે તો સમૂળો નાશ પામ્યોછે. આ (મત)માં મને કાંઇ સાર દેખાતો નથી."

' 'પ્રજાપતિયે ઉત્તર દીધો "મઘવત્, ખરે એ એમજ છે. હું તને ખરા આત્માવિષે વધારે સમજાવીશ, અને એથી વધારે કાંઇએ નહિ. હિયાં બીજાં પાંચ વર્ષ રેહ."

'તે બીજાં પાંચ વર્ષ ત્યાં રહ્યો. એ સાથે બધાંમળી એકસોને એક વર્ષ થયાં, અને તેથી એમ કેહવાયછે કે ઇંદ્ર મઘવત્ પ્રજાપતિ પાસે શિષ્યદાખલ એકસોએક વર્ષ રહ્યો. પ્રજાપતિયે તેને કહ્યું :

ખંડ બારમો.

' " મઘવત્! આ દેહ મૃત્ય છે, અને સદા મોતના હાથમાં છે. એ દેહ તે આત્માનું રેહઠાણ છે કે જે આત્મા અમર અને દેહરહિત છે.* જ્યારે આત્મા દેહમાં હોયછે (આ દેહ તે હું છું, અને હું તે આ દેહ છે એમ ગણતાં) ત્યારે તે સુખ અને દુઃખને વશ હોયછે. જ્યાં સુધી એ આત્મા આ દેહમાં હોયછે ત્યાંસુધી સુખ દુઃખથી તે મોકળો નથી. પણ જ્યારે તે આ દેહથી મોકળો થાયછે (જ્યારે દેહથી તે પોતાને જુદો સમજેછે) ત્યારે સુખ કે દુઃખ કાંઈ તેને લાગતું નથી."

"વાયુ દેહરહિત છે, વાદળાં, વિજળી, ગર્જના પણ દેહરહિત છે. (હાથ, પગ ઇત્યાદી વિનાનાં) હવે એઓ આ આકાશી વાતાવરણ (ખાલી જગા)માંથી, નિકળીને જેવાં ઉંચામાં ઉંચા પ્રકાશ આગળ જઇ પોંહચેછે, તેવાંજ તેઓ પોતાના રૂપમાં જે પ્રમાણે નજરે પડેછે†

---

* કેટલાકોના કેહેવા પ્રમાણે આત્માનું પરિણામ દેહ છે; એ દેહનાં તત્વો, અજવાળું, પાણી અને માટી, આત્માથી ઉત્પન્ન થયાંછે, જેમાં પાછળથી આત્મા દાખલ થયો.

† આ પ્રાચીન ઉપમાઓમાંની ઘણીખરી જેવી બંધબેસતી આવેછે તેવી આ ઉપમા નથી. વાયુને આત્માસાથે એટલામાટે સરખાવ્યોછે, કે જેમ દેહમાં આત્મા અલોપ થઈ જાયછે તેમ વાયુ વાતાવરણમાં થોડોક વખત અલોપ થઈને વાતાવરણમાંથી પાછો નિકળીને પોતાનું વાયુરૂપ પકડેછે. અહિં જે મુખ્ય ભાર મુકયોછે તે સર્વથી મોટા પ્રકાશ ઉપરછે, કે જે એક વાતે ઉનાહળાનો સૂર્યછે અને બીજી વાતે જ્ઞાનનો પ્રકાશ છે.

"તે પ્રમાણે તે શાંત આત્મા આ દેહમાંથી નિકળી જેવો ઉંચામાં ઉંચા પ્રકાશને પોંહચેછે (એટલે આત્માના જ્ઞાનને) તેવોજ તે પોતાના રૂપમાં દેખાયછે. (એ સ્થિતિમાં) તે સર્વથી ચઢતો પુરૂષ (ઉત્તમ પુરૂષ) છે. તે ત્યાં હસ્તો, (અથવા ખાતો) રમતો, અને (પોતાના મનમાં) આનંદમાં ફરતો ફરેછે, પછી તે સ્ત્રિયો સાથે, ગાડી સાથે અથવા જ્ઞાતી સાથે ફરેહરે, પણ જે દેહમાં તણે જન્મ લીધો હતો તેની કશીએ દરકાર કરતો નથી.*

'"જેમ એક ગાડી સાથે ઘોડો જોડેલો હોયછે તેમ પ્રાણ (પ્રજ્ઞાત્મા) આ દેહ સાથે જોડાયલોછે.

'હવે જ્યાં આકાશમાં (ખુલ્લી જગ્યા અથવા આંખની કીકીમાં) દ્રષ્ટિ દાખલ થઇ ત્યાં આંખનો પુરૂષ છે, જે આંખ પોતે તો જોવાનું સાધન છે. જે સુંઘવા માગેછે તે નાક નહિ પણ આત્મા છે, નાકતો માત્ર સુંઘવાનું સાધનછે. જે બોલવા માગેછે તે જીભ નહિ પણ આત્મા છે; જીભતો માત્ર બોલવાનું સાધન છે. જે સાંભળવા માગેછે તે કાન નહિ પણ આત્માછે; કાન તો માત્ર સાંભળવાનું સાધન છે.

'"જે વિચારવા માગેછે તે કાંઇ મન નહિ પણ આત્મા છે, મન તો તેની દૈવિક આંખછે.‡ તે આત્મા આ આનંદ (જે એક સાંતેલા સોનાના ખજાનાની પેઠે બીજાઓની આંખ આગળથી છુપાઇ બેઠેલાછે) પોતાની દૈવિક આંખથી, એટલે પોતાના મનથી, જોઇને આનંદ પામે છે.

---

* જે સંપૂર્ણ શાંતસ્થિતિ આત્માઓએ મેળવેલી ધારવામાં આવેલીછે તે સ્થિતિને આ આનંદ ભાગ્યેજ અનુકુળ જણાયછે. આ વાકય નવું ઠસાવી દીધેલું હોય, કે જાણીજોઇને મુકેલું પણ હોય, તે એવું દેખાડવા થકી કે આત્મા સુખ અથવા દુ:ખ સાથે સંબંધ રાખ્યા વિના અંતરના એક જોનાર (તમાસગીર) દાખલ આવો આનંદ ભોગવેછે. તેના પાછળથી જણાવ્યા પ્રમાણે તે પોતાની દૈવિક દ્રષ્ટિથી તેમને જોયછે. સંઘળી વસ્તુમાં આત્મા પોતા સિવાય બીજું કાંઈ દેખતો નથી. તૈત્તિરીય ઉપનિષદ્ (પૃ૦૪૫) ઉપર પોતાના ટીકા-પુસ્તકમાં શંકર આ વાકયવિષે લખતાં કારણબ્રહ્મનો ઈશારો કરતો નથી પણ કાર્યબ્રહ્મનો કરેછે.

‡ કારણ કે દૈવિક આંખ માત્ર વર્તમાન કાળનુંજ નહિ પણ વળી ભૂત અને ભવિષ્ય વિષેનું પણ જોયછે.

' "જે દેવો બ્રહ્માની સૃષ્ટિમાં છે તેઓ એ આત્માની પૂજા કરેછે (જે આત્માવિષેનું જ્ઞાન પ્રજાપતિયે ઇંદ્રને અને ઇંદ્રે દેવોને આપ્યું.) ત્યાં સઘળી પ્રજા અને સઘળી ક્રિડા તેમને હાથ છે. જે ત આત્માને જાણેછે અને સમજી શકેછે, તે સઘળી દુનિયાં અને સઘળી ઇચ્છા મેળવેછે." આમ પ્રજાપતિ બોલ્યા, આમ પ્રજાપતિ બોલ્યા.

યાજ્ઞવલક્ય અને મૈત્રેયી.

———oo———

આ નીચે ટાંકેલું વાક્ય **બૃહદારણ્યક**માંથી લીધેલુંછે, જેમાં તે કાંઇ સહેજ ફેરફારસાથે બે વખત આવેછે—પેહલી વેળા બીજા અધ્યાયમાં અને બીજી વેળા ચોથા અધ્યાયમાં આવેછે.

'યાજ્ઞવલક્યને બે વહુ હતી, એક **મૈત્રેયી** અને બીજી **કાત્યાયનિ.** આમાં **મૈત્રેયી** બ્રાહ્મણમાં નિપૂણ હતી, પણ **કાત્યાયનિ**માં માત્ર એટલું જ્ઞાન હતું કે જે સ્ત્રિઓમાં સાધારણ હોયછે.

'હવે જ્યારે **યાજ્ઞવલક્ય** બીજી સ્થિતિમાં દાખલ થવા જતો હતો ત્યારે ત બોલ્યો "**મૈત્રેયી,** સાચે હું આ મારા ઘરમાંથી (વનમાં) જાઉંછું; માટે ખરે હવે તો તારી અને **કાત્યાયનિ** (મારી બીજી વહુ) વચ્ચે મારે કાંઇ ગોઠવણ કરવીછે."

'**મૈત્રેયી** બોલી "મારા નાથ, આ આખું જગત્ દ્રવ્યથી ભરેલું જો મારૂં હોત, તોપણ મને કહો, શું હું તેથી અમર થાત?"

"**યાજ્ઞવલક્યે** જવાબ દીધો "ના, તેથી ધનવાન્ લોકોની જેવી જીંદગી તારી થશે. પણ ધન્યથી કાંઇ અમરતાની આશા નથી!'

'અને **મૈત્રેયી** બોલી "જેથી હું અમર નથી થતી તેને હું શું કરૂં? મારા નાથ, તમે જે અમરતાવિષે જાણોછો તે મને કહો."

'**યાજ્ઞવલક્યે** જવાબ વાળ્યો "તું જે મને ખરેજ પ્રિય છે

તે પ્રિય શબ્દો બોલેછે. આવ અહિં બેસ, હું તને તે સમજાઉં, અને જે હું કહું તે ઉપર બરાબર લક્ષ દેજે."

અને તે બોલ્યો "ખરે, પતિ જે પ્રિય છે તે માત્ર તેને પતિ દાખલ ચાહવા માટે નહિ; પણ એટલા માટે પ્રિય છે કે તેથી તું આત્માને ચાહે.

' "ખચિત, પ્રિયા કંઇ એટલાજ માટે પ્યારી નથી કે તેને પ્રિયા દાખલ ચાહવી, પણ આત્માને ચાહવામાં આવે માટે. પ્રિયા વાહલી લાગેછે.

' "ખરે, પુત્રો પિતાને પ્યારા છે તે એટલામાટે નહિ કે પિતા પુત્રોને ચાહે; પણ આત્માને ચાહવામાં આવે માટે પુત્રો પ્યારા છે.

' "ખરે, દ્રવ્યં એટલા માટે પ્યારો નથી કે તમે દ્રવ્યને ચાહો પણ તમે આત્માને ચાહો માટે દ્રવ્ય પ્યારો છે.

' "ખરે, બ્રાહ્મણ વર્ગ પ્યારો છે તે કાંઇ એટલા માટે નહિ કે બ્રાહ્મણ-વર્ગને ચાહવામાં આવે; પણ તમે આત્માને ચાહો માટે બ્રાહ્મણ વર્ગ પ્યારો છે.

' "ખરે, તમને ક્ષત્રિ વર્ગ પ્યારો છે તે એટલા માટે નહિ કે ક્ષત્રિ-વર્ગને ચાહવામાં આવે; પણ તમે આત્માને ચાહો માટે ક્ષત્રિ-વર્ગ પ્યારો છે.

' "ખરે, આ સૃષ્ટિ (સર્વલોક) તમને પ્યારી છે તે એટલા માટે નહિ કે સૃષ્ટિને તમે ચાહો; પણ તમે આત્માને ચાહો માટે સૃષ્ટિ પ્યારી છે.

' "ખરે, દેવો પ્યારા છે, તે તમે દેવોને ચાહો તેટલા માટે નહિ; પણ તમે આત્માને ચાહો માટે દેવો પ્યારા છે.

' "ખરે, તમને પ્રાણિયો પ્રિય છે તે એટલા માટે નહિ કે તમે પ્રાણિયોને ચાહો; પણ તમે આત્માને ચાહો માટે પ્રાણિયો પ્રિય છે.

' "ખરે, પ્રત્યેક વસ્તુ તમને પ્રિય છે, તે એટલામાટે નહિ કે તમે તેને ચાહો; પણ તમે આત્માને ચાહો માટે પ્રત્યેક વસ્તુ પ્રિય છે.

'"ખચિત, હે **મૈત્રેયી**, આત્માને જોવો જોઇયે, સાંભળવો જોઇયે, જાણવો જોઇયે, પિછાનવો જોઇયે! જ્યારે આપણે આત્માને જોઇયે, 'સાંભળિયે, પિછાનિયે અને જાણિયે, ત્યારે આપણા જાણવામાં આ સઘળું આવેછે.

"' "જે કોઇપણ બ્રાહ્મણ-વર્ગને આત્માસિવાય કોઈ બીજે ઠેકાણે શોધે તેને બ્રાહ્મણ-વર્ગે તજી દેવો જોઇયે. જે કોઈ ક્ષત્રિ-વર્ગને આત્માસિવાય બીજે ઠેકાણે શોધે તેને ક્ષત્રિ-વર્ગે તજી દેવો ઘટે. જે કોઇપણ સર્વલોકને આત્માસિવાય બીજે ઠેકાણે શોધે તેને સર્વલોકે તજી દેવો ઘટે. જે કોઇપણ દેવોને આત્માસિવાય બીજે ઠેકાણે શોધે તેને દેવોએ તજી દેવો ઘટે. જે કોઇ પણ પ્રાણિયોને આત્માસિવાય બીજે કોઇ ઠેકાણે શોધે તેને પ્રાણિયોએ તજી દેવો ઘટે. જે કોઇપણ પ્રત્યેક વસ્તુને આત્માસિવાય બીજે ઠેકાણે શોધે તેને પ્રત્યેક વસ્તુએ તજી દેવો ઘટે. આ બ્રાહ્મણ-વર્ગ, આ ક્ષત્રિ-વર્ગ, આ લોક, આ દેવો, આ પ્રત્યેક વસ્તુ સર્વ આત્મા છે.";

' "હવે જ્યારે એક પડઘમ વગાડવામાં આવેછે ત્યારે જેમ તેના નાદને એકલાને બહારથી પકડી શકાતા નથી, પણ જ્યારે પડઘમને અથવા પડઘમના વગાડનારને પકડવામાં આવેછે, ત્યારે તે નાદ પકડી શકાયછે;

' "અને એક શંખ જ્યારે વજાડવામાં આવેછે ત્યારે જેમ તેના નાદ બહારથી એકલા ગ્રહણ કરી શકાતા નથી, પણ જ્યારે તે શંખને અથવા તે શંખ વજાડનારને પકડવામાં આવેછે, ત્યારે જેમ તેના નાદ પણ ગ્રહણ થઈ શકેછે તેમ;"'

' "અને જેમ જ્યારે વાંસળી વાગતી હોય ત્યારે તેના એકલા નાદને બહારથી પકડી શકાતા નથી, પણ જો તે વાંસળી અથવા વાંસળીના વજાડનારને પકડવામાં આવે, તો તે નાદ પણ પકડાયછે તેમ."

'"અને જેમ હુવાયલાં બળતણથી સળગાવેલા વસ્તેવમાંથી ધુમાડાના ગોટેગોટા પોતાની મેળે નિકળેછે, તેજ પ્રમાણે, હે **મૈત્રેયી**, આપણીપાસે જે **ऋગવેદ, યજુરવેદ, સામવેદ, અથરવાંગિરસ: ઈતિહાસ** (કથા) **પૂરાણ** (વિશ્વોત્તપત્તિ) **વિદ્યા** (જ્ઞાન) **ઉપનિષદ્, શ્લોક** (પદ્ય) **સૂત્ર** (ગદ્યનિયમ) **અનુવ્યાખ્યાન** (ટીકા), **વ્યાખ્યાન** (ભાષ્ય), એ સઘળાં જે છે તે આ મહાન્ આત્માના શ્વાસમાંથી બાહેર નિકળેલાં છે. આ સર્વ માત્ર તેનાજ શ્વાસમાંથી નિકળ્યાંછે."'

'" જેમ સઘળા જળનું મધ્યબિંદુ સમુદ્ર છે, જેમ સ્પર્શ માત્રનું મધ્યબિંદુ ચામડી છે, જેમ સઘળા સ્વાદનું મધ્યબિંદુ જીભ છે, જેમ સઘળા વાસનું મધ્યબિંદુ નાક છે, જેમ સઘળા રંગનું મધ્યબિંદુ આંખ છે, જેમ સઘળા નાદનું મધ્યબિંદુ કાન છે, જેમ સઘળા ઈંદ્રિયજ્ઞ પદાર્થોના છાપનું મધ્યબિંદુ મન છે, જેમ સઘળા જ્ઞાનનું મધ્યબિંદુ હૃદય છે, જેમ સઘળાં કાર્યોનું મધ્યબિંદુ હાથ છે, જેમ સઘળી ગતિનું મધ્યબિંદુ પગ છે, અને જેમ સઘળા વેદનું મધ્યબિંદુ વાચા છે."'

'"જેમ એક મીઠાંનો ગાંગડો પાણીમાં નાખ્યાપછી તે પાણીમાં પિગળી જાયછે, અને પાછો તેમાંથી બહાર કાઢી શકાતો નથી, પણ તે પાણીને કોઇપણ ઠેકાણેથી ચાખિયે તો તે ખારૂં લાગેછે, તેજપ્રમાણે, હે **મૈત્રેયી**, આ મહાન્ આત્મા જે અનંત અને અપાર છે અને જે જ્ઞાનસિવાય બીજા કશાંનો બનેલો નથી, તે આ તત્વોમાંથી નિકળેછે અને પાછો તેમાં લોપ થઇ જાય છે. હે **મૈત્રેયી**, હું તને કહુંછું કે જેવો તે અહિંથી ચાલ્યો ગયો, કે પછી કાંઈ જ્ઞાન રેહતું નથી." આમ **યાજ્ઞવલ્કય** બોલ્યો.'

'ત્યારે **મૈત્રેયી** બોલી "મહારાજ, જયારે તમે કહોછો કે તે ગયા પછી કાંઇ પણ જ્ઞાન રેહતું નથી, ત્યારે તમે મને આમ બોલી ગુચવણમાં નાખોછો."'

'પણ **યાજ્ઞવલ્કયે** જવાબ દીધો "હે **મૈત્રેયી**, ગુચવણમાં નાખવા જેવું તો મેં કશુંએ કહ્યું નથી. હે પ્રિયા, ડહાપણને માટે આટલું પુરતું છે."'

'"કારણકે જાણે એક દ્વૈતતા જો હોય, તો એક પેલા બીજાને જુવે છે, એક પેલા બીજાને સુંઘેછે, એક બીજાને સાંભળે છે, એક બીજાને પ્રણામ કરેછે, એક બીજાને જાણે છે, એક બીજાને ઓળખેછે; પણ જ્યારે આ સર્વ આત્મા પોતેજ છે, ત્યારે બીજાને કેમ જુવે, બીજાને કેમ સાંભળે, બીજાને કેમ પ્રણામ કરે, બીજાને કેમ જાણે, બીજાને કેમ ઓળખે? જેથી આ સર્વને એ જાણે છે તેને એ કેમ જાણે? હે પ્રિયા, તે જાણનારને (પોતાનેજ) કેમ જાણે?"'

યમ અને નાચિકેત.

———oo———

ઉપનિષદ્‌નો એક ઘણો સારીપેઠે જણાયલો ભાગ તે **કઠઉપનિષદ્** છે. એ પેહલવેહલો યુરોપિયન વિદ્વાનોની જાણમાં **રામમોહનરાય**થી આવ્યો હતો, કે જે ધણી તેના પોતાના દેશના સર્વ સુધરેલા હિતેચ્છુ માંહેનો એક હતો; અને જે વળી **મનુષ્ય** માત્રના સર્વથી સુધરેલા હિતેચ્છુમાંના એક દાખલ કદી હવે પછી ગણાય. એ **કઠઉપનિષદ્**નું ત્યારપછી વારંવાર ભાષાંતર થયુંછે, અને તે ઉપર વારંવાર વિવાદ ચાલ્યાછે; અને જેઓ ધર્મ અને શાસ્ત્રને લગતી કલ્પનાની વૃદ્ધિવિષે કાંઈક હોંસથી ભાગ લેતા હોય તેમનું ઘણુંજ કાળજીભર્યું ધ્યાન ખેંચવા માટે તે ખરે યોગ્ય છે. આપણી પાસે એ **કઠઉપનિષદ્** તેની અસલ હાલતમાં છે એમ ધારવું સંભવિત નથી, કારણકે તેમાં પાછળથી થયલા કેટલાક વધારાનાં દેખીતાં ચિન્હો છે. ખરેખર એજ વાત **તૈત્તિરીય બ્રાહ્મણ**ના

૩. ૧૧, ૮ માં પણ કહેલી છે, પણ તેમાં માત્ર એટલોજ તફાવત છે કે જયારે **બ્રાહ્મણ**માં મરણ અને જન્મમાંથી મુકિત એક અમુક બલિદાન કરવાથી મળેછે, ત્યારે **ઉપનિષદ્**માં આ મુકિત માત્ર જ્ઞાનથી મળેછે.

એ ઉપનિષદ્માં એક નાનું બાળક, જેનું નામ **નચિકેત** છે, અને **યમ**, જે મૃત્યુલોકનો રાજા છે, તેમની વચેનો સંવાદ આવેલો છે. **નચિકેત**ના પિતાએ જેને સર્વ-યજ્ઞ કેહવામાં આવેછે તે કરવાની, એટલે પોતાનું જે સર્વસ્વહોય તે આપી દેવાની બાધા લીધી હતી. તેનો પુત્ર પોતાના પિતાની બાધાવિષે સાંભળીને તેને પુછે છે કે તમે તમારી બાધા કાંઇ પણ રાખ્યાવિના પુરી પાડવા માગોછો કે નહિ ? પેહલાં તો પેલો બાપ આનાકાની કરેછે; છેલે તે રીસ ચઢાવીને બોલેછે કે, 'હા, હું તને પણ **યમ**ને અર્પણ કરીશ.'

તે પિતા એક વખત આમ બોલ્યો તેથી પોતાની બાધા પુરી પાડવાને અને પોતાના પુત્રને **યમ**ને ભોગ આપવાને બંધાઇ ગયો. પેલો પુત્ર મરી જવાને માટે કેવળ રાજી છે, કે જેથી પોતાના પિતાનું અવિચારી વચન પાળવામાં આવે.

તે કહેછે કે 'હું બીજા ઘણાઓ (જેમને હજી મરવું છે) ની આગળ જાઉં છું; હું બીજા ઘણાઓની સાથે (જેઓ હમણાં મરેછે)' જાઉં છું. **યમ** (જે મૃત્યુલોકનો રાજા છે તે) મારી જોડે જે કરવું હશે તે આજે કરશે.

'જેઓ પેહલાં આવ્યા તેમની શી દશા થઇ તે પાછળ મોંહ ફેરવી જો; જેઓ હવે પછી આવશે તેમની શી દશા થશે તે આગળ નજર કરી જો. એક મનુષ્ય અનાજ પેરે પાકેછે; અને અનાજ પેરે ફરી ઉગી નિકળેછે.

જયારે **નચિકેત** મૃત્યુલોકનાં રેહઠાણમાં દાખલ થયો ત્યારે તેમનો રાજા **યમ** ગેરહાજર હતો, અને ત્રણ દહાડાસુધી તો તેનો આ નવો પરોણો કાંઇપણ ઘટતી પરોણાગતવિના ત્યાં રહ્યો.

જ્યારે **યમ** પાછો ફર્યો ત્યારે આ ચૂકનો ખંગ વાળવા માટે તે તેને ત્રણ બક્ષિશ માંગી લેવા કહેછે.

નચિકેતે જે પેહલી બક્ષિશ માંગી લીધી તે એ હતી કે, મારો બાપ મારીસાથે વધારેવાર રોષિત ન રહે.

બીજી એ હતી કે, **યમ** મને કાંઇ અમુક પ્રકારનો યજ્ઞ કરતાં શિખવે.

વળતી, ત્રીજી આ પ્રમાણે હતી : **નચિકેત** બોલ્યો :

"કે જ્યારે માનસ મરણ પામેછે ત્યારે કેટલાક કહેછે કે **તે છે, અને** બીજા કહેછે કે તે નથી, એવો **સંશય** ચાલુછે : આ તારીપાસેથી શિખી મને જાણવા ગમેછે. મારાં માગી લીધેલાં **દાન**માં આ ત્રીજુંછે.''

'**યમે** ઉત્તર વાળ્યો "આ વિષયવિષે તો પૂર્વે **દેવો**ને પણ શક હતો ; એ સમજવું સેહલું નથી. એ વિષય બારીક છે. હે **નચિકેત**, કોઇ બીજું દાન માગ. આ ઇચ્છા પૂરી પાડવાની મને જરૂર ના પાડ. એમાંથી તો મને જવાદે."'

'"જે ઇચ્છા મનુષ્યને પુરણ થવી કઠણ છે તેમાંની જોઇયે તે તું માગ. આ સરખી સુંદર કુમારીકાઓ તેમનાં રથ અને વાજિંત્રો સહિત ખરેખર માનસોથી તો મેળવી શકાય નહિ ; અને જે કુમારીકાઓની સેવામાં માનસો રહે તેવી કુમારીકાઓ હું તને સોંપું છું. પણ મને મરણવિષે કાંઇ પુછ ના."'

'**નચિકેત** બોલ્યો "હે **યમ**, એ સઘળાં તો કાલસુધી ટકશે. તેઓ સઘળી ઇંદ્રિયોનું જોર ઘસી નાખેછે. આખી જીંદગી પણ વળી ટુંકી છે. તારા ઘોડા અને તારાં નાચરંગ, ગાનતાન, એ સઘળું તારીજ કને રાખ. કોઈપણ માનસને દ્રવ્યથી સુખી કરી શકાય નહિ. અરે **યમ**, જ્યારે અમે તને જોઇયે ત્યારે અમે શું દ્રવ્ય રાખીશું ? નહિ, અરે **યમ**, જેવિષે અમને શક છે, તે મહા ભવિષ્યમાં શું છે, તેવિષે અમને કહે. આ ગુહ્ય સૃષ્ટિમાં જે આવે

છે તે જાણવા સિવાય બીજી કાંઇ ઇચ્છા **નચિકેત** રાખતો નથી."

છેલ્લે, પોતાની અતિ મરજી વિરૂદ્ધ **યમને** આત્માવિષેનું જ્ઞાન તેની આગળ કહી દેવાની ફરજ પડી :

તેણે કહ્યું કે 'જે મૂઢો અજ્ઞાનસ્થિતિમાં રહેછે, જેઓ પોતાની નજરમાંજ ડાહ્યા છે અને નિરઅર્થ જ્ઞાનથી છલકાઈ ગયા છે, તેઓ જેમ આંધળાને 'આંધળા દોરો લઈ જાય તેમ અહિંથી તંહિ અને તંહિથી અહિં લપેડા ખાતા ગોળ ચકરાવામાં ફરતા ફરેછે.

'દ્રવ્યની ખોટી માયાથી ઠગાયલાં બેદરકાર બાળકની આંખ આગળ ભવિષ્ય કદી બાહાર નિકળતું દેખાતું નથી. તે વિચારે કે આ તેજ દુનિયાં છે; બીજી કોઇ નથી; આ પ્રમાણે તે ફરી ફરીથી મારા કબજામાં આવેછે.'.

'જે ડાહ્યો માનસ પોતાના આત્માવિષે મનન કર્યાથી પેલો વૃદ્ધ, જેને દેખવો બહુ કઠણ કામ છે, જે અંધકારમાં પ્રવેશ પાચ્યોછે, જે ગુફામાં છુપાયોછે, જે અગાધ ઉંડાણમાં ઈશ્વર દાખલ વસેછે, તને જાણી લેછે, તેજ ખરેખર સુખ અને દુઃખને પોતાથી બહુ પાછળ મુકી આવેછે.'

'જ્ઞાની આત્મા જનમતો નથી, તેમજ તે મરતોએ નથી; તે કશાંમાંથી નિકળ્યો નથી, અને તે કશુંએ થતો નથી. તે વૃદ્ધ, અજાત છે; નિરંતર અને સદાકાળસુધી, જોકે દેહ નાશ પામેછે, તોપણ તે નાશ પામતો નથી.'

આત્મા નાનાકરતાં નાનો છે, મોટાકરતાં મોટો છે, અને તે પ્રાણીના અંતરમાં છુપાયલો છે. જે માનસને કાંઇપણ ઇચ્છા કે કાંઇપણ સંતાપ નથી તે તેના કર્ત્તાની મેહરબાનીથી આત્માનો પ્રતાપ જુવે છે.'

'જોકે તે સ્થિર બેસી રહેછે, તોપણ બહુ દૂર ચાલી જાયછે; જોકે તે સુઇ રહેછે, તોપણ તે સઘળી જગ્યાએ જાય છે. જે ઇશ્વર હર્ષ પામેછે અને હર્ષ પામતો નથી તેને જાણવાને મારા સિવાય બીજો કોણ શક્તિમાન્ છે?'

આત્મા કાંઇ વેદથી કે બુદ્ધિથી કે ઘણી વિદ્યાથી મળતો નથી. જેને આત્મા પસંદ કરેછે તેજ માત્ર આત્માને મેળવી શકે છે. તેને આત્મા તેના પોતાના દાખલ પસંદ કરેછે.'

'પણ જે પોતાની દુરવાસનાથી પ્રથમ ફર્યો નથી, જે શાંત અને નમ્ર નથી, અથવા જેનું મન નિરાંત નથી, તે જ્ઞાનથી પણ કદી આત્માને પામવાનો નથી.'

'જે શ્વાસ આપણે ઉપર ખેંચિયે છિયે અને જે પાછો નિચે બહાર કાઢી નાખિયે છિયે, તે શ્વાસથી કોઈપણ માનસ જીવતો નથી. આપણે તો બીજા શ્વાસથી જીવ્યે છિયે, કે જેમાં આ બંને શ્વાસો સમાયલા છે.'

'વારૂં, ત્યારે હું તને આ છુપોભેદ, એટલે આ નિરંતર બ્રહ્મન્‌વિષે અને મોતને પોંહચ્યા પછી આત્માનું શું થાય છે તે વિષે કહીશ.'

કેટલાંકો તેમનાં કાર્યો અને તેમનાં જ્ઞાન પ્રમાણે જીવતાં પ્રાણી દાખલ ફરી જન્મ લેછે, અને કેટલાંકો લાકડાં અને પથરમાં દાખલ થાયછે.'

'પણ તે જે સર્વોત્તમ પુરૂષ છે, જે જ્યારે આપણે સુતેલા હોઇયે ત્યારે આપણામાં જાગૃત રહેછે, જે એક સુંદર દખાવ પછી બીજો બનાવે છે, તેજ ખરેખર **તેજસ્વી** કેહવાય છે. તે બ્રહ્મન્ કેહવાય છે, તેજ માત્ર **અમર** કેહવાય છે. સઘળા લોકો એમાં વસે છે, એની પેલીમેર કોઈ જતું નથી. એ તે છે.'

'જે પ્રમાણે અગ્નિ, જો કે પ્રથમ એક, તોપણ આ દુનિયામાં આવ્યા પછી જે જે વસ્તુને તે બાળે છે, તે પ્રમાણે તે જુદા જુદા થાયછે; તે પ્રમાણે સઘળી વસ્તુઓમાં જે એક આત્મા છે તે જે જે વસ્તુમાં દાખલ થાયછે તેમાં જુદા થાયછે અને વળી જુદા વસે છે.'

'જે પ્રમાણે સૂર્ય, જે આ સૃષ્ટિનો આંખ છે, તે બહારની અસ્વચ્છતા જોયાથી કાંઇ ભ્રષ્ટ થતો નથી, તેમજ સઘળી વસ્તુઓ-

માં જે એક આત્મા છે તે પોતે જુદા હોવાથી, સૃષ્ટિમાંના દુઃખથી કાંઇ ભ્રષ્ટ થતો નથી.'

'નિત્ય વિચાર કર્ત્તા એક છે જે અનિત્ય વિચાર વિષે મનન કરેછે; જો કે તે એક છે, તોપણ તે ઘણાની ઇચ્છા પુરી પાડે છે. જે ડાહ્યા પુરૂષો પોતાના આત્મામાંહે તેને જુવેછે તેઓને નિત્ય શાંતી છે.'

'જે કાંઈ છે તે, આખી દુનિયાં જો એક વખત (બ્રહ્મન્ આગળથી) બહાર નિકળી તો તેના શ્વાસથી ધુજે છે, તે બ્રહ્મન્ એક નાગી તલવાર પેરે એક ભારી ત્રાસ છે. જેઓ તે જાણેછે તેઓ અમર થાય છે.'

'તે બ્રહ્મન્ વાચાથી, મનથી, અથવા આંખથી મળી શકતો નથી. જે એમ કહે કે **તે છે** તે સિવાય બીજા કોઈથી સમજાતો નથી.'

'જયારે અંતરમાં સઘળી ઇચ્છા જે રહેછે તે નાશ પામેછે ત્યારે મનુષ્ય અમર થાયછે અને બ્રહ્મને પામેછે.'

'જયારે અહિં આ પૃથ્વિઉપર આપણા અંતરની સઘળી બેડીઓ તુટી જાયછે ત્યારે મૃત્ય છે તે અમૃત્ય થાયછે. અહિં મારો શિક્ષા સમાપ્ત થાયછે.'

ઉપનિષદ્ માંહેનો ધર્મ.

———oo———

ઘણું કરીને એમ કેહવામાં આવે કે ઉપનિષદ્નું આ શિખવવું હવે વધારેવાર ધર્મ દાખલ ગણાય નહિ, પણ શાસ્ત્ર કરી કેહવાય, જો કે એ શાસ્ત્ર પણ અમુક વ્યવસ્થિત રૂઢીની હાલતમાં આવ્યું નથી. આથી પણ વળી માલમ પડેછે કે આપણે ભાષાને કેટલા વશ છિયે. આપણેમાટે ધર્મ અને તત્વજ્ઞાન વચ્ચે એક ભેદ ઉપજાવવામાં આવ્યોછે, અને રૂઢી અને નેમ તરફ જોતાં તો આવો

ભેદ ઉપયોગી થઇ પડે એ મારાથી ના કહેવાય નહિ. પણ જે વિષયો ધર્મસાથે સંબંધ રાખેછે, તેતરફ જ્યારે આપણે જોઇયે, ત્યારે આપણને માલમ પડેછે કે એ વિષયો તે તેજ સદા હતા અને હાલ પણ છે, કે જેમના ઉપર તત્વજ્ઞાનનું બંધન બંધાયુંછે, એટલુંજ નહિ, પણ તેમાંથી તત્વજ્ઞાન નિકળ્યુછે. અંતવાન્ની પેલીમેર અને અંતવાન્ની અંદર જે અનંત છે તેવિષેના વિચાર અને સમજ ઉપર જો ધર્મ પોતાની સત્તામાટે આધાર રાખે, તો તે વિચાર અથવા તે સમજની યોગ્યતા જો શાસ્ત્ર નહિ નકી કરે તો બીજું કોણ કરે? માનસ પોતાની ઇંદ્રિયોથી અંતવાન્ને સમજવાની જે શકિત ધરાવેછે અને પોતાના મન ઉપર પડતા એકલા અને તેટલામાટે અંતવાન્ છાપને પોતાની બુદ્ધિથી માનસિક ખ્યાલોમાં ફેરવી નાખવાની તે જે શકિત ધરાવેછે તે શકિત જો તત્વજ્ઞાનિયો નકી નહિ કરે તો કોણ કરે? અને ઇંદ્રિ અને બુદ્ધિ એ શબ્દોને તેમના સાધારણ અર્થોમાં લઇએ તો એ બંનેની સદાની વિરૂદ્ધતા છતાં માનસ અનંતની હયાતી ખાતરીપર્વક જણાવવાને હક ધરાવેછે કે નહિ એ જો તત્વજ્ઞાનિયો નહિ તો કોણ શોધી કાઢશે? જો આપણે ધર્મને તત્વજ્ઞાનથી જુદો પાડ્યે તો તેને દોષિત કર્યા જેવું છે; અને જો તત્વજ્ઞાનને ધર્મથી જુદુ પાડ્યે તો તેનો નાશ કર્યા જેવું છે.

પ્રાચીન કાળના બ્રાહ્મણો જેઓ લૌકિક અને ધાર્મિક લખાણોનીવચ્ચે અતિ બારીક ભેદ રાખવામાં અને પોતાના ધર્મશાસ્ત્રનું પવિત્ર અને ઇશ્વરે પ્રગટ કરેલું લક્ષણ સાબીત કરવામાં આપણા ખ્રિસ્તી ધર્મના મુખ્ય ઉપાધ્યાઓ કરતાં પણં વધારે ચતુરાઈ દેખાડી ગયાછે, તેઓ ઉપનિષદ્‌ને સદા પોતાના પવિત્ર પુસ્તકોમાહેનું એક ગણતા. ઉપનિષદ્ **શ્રૃતિ** એટલે **પ્રકટીકરણ**ને લગતા છે જેઓથી નિરાળા **સ્મૃતિ** વગેરે તેઓના વિધાને લગતા ગ્રંથોનાસઘળા ભાગો આવ્યાછે, જેમાં તેઓના પવિત્ર ધારા, વીરરસ કવિતા અને તેઓનાં અર્વાચીન પુરાણ પણ સમાયલાં છે. પ્રાચીન કાળના ઋષિયોને મન તેમનું તત્વજ્ઞાન તે યજ્ઞ અથવા સ્તુતિભજનના સ્થળ જેવુંજ પવિત્ર સ્થળ હતું.

ઉપનિષદ્‌માં જોકે એક મત બીજા મતનું ખંડણ કરતો જણાયછે, તોપણ તેમાં જે જે આવેછે તે તેઓને મન પોતાના અતિધર્માગ્રહી ઇશ્વરજ્ઞાનના નિયમ પ્રમાણે માત્ર સંપૂર્ણ સત્ય છે; અને પાછલા વખતના સંપ્રદાય, જેઓ ઘણી અંગત્યની બાબદમાં એક બીજાથી વિરૂદ્ધ છે, તેઓ પોતાના મતના ટેકામાટે ઉપનિષદ્‌ના એકાદ વાકયમાં સદા કાંઇક જાતની સાબેતી શોધવાના કેવા યત્ન કરતા રહેછે એ જોઇ નવાઇ લાગેછે.

વેદ ધર્મમાંનું પ્રસારણ.

——oo——

પણ પ્રાચીન હિંદુ ધર્મને એક છેલી વાર સાબેત કરવામાટે એક બીજી બાબદ છે જે ઉપર આપણે સંભાળથી ધ્યાન આપવું યોગ્ય છે.

એમાં તો કાંઇ સંદેહ નહિ કે **સંહિતા** એટલે પવિત્ર મંત્રોના સંગ્રહમાં પણ આપણે ઇતિહાસ પ્રકાશનૂનાં દેખીતાં ચિન્હો જોઇશકયે. મેં મારાં આગળાં ભાષણમાંનાં કેટલાંકમાં આ ચિન્હો દેખાડવાનો યત્ન કર્યોછે, જો કે મેં તેજ વખતે ટીકા કરી હતી કે વિચારનાં આ રૂપોનો કાળમાપથી તોલ કરવો એતો મને લગભગ વ્યર્થ લાગેછે. માનસની બુદ્ધિ જે વર્ષ અને સદીસાથે કાંઇ સંબંધ ધરાવતી નથી, તેને માટે કાંઇક છુટ રાખવી જોઇયે, અને આપણે એટલું પણ ભુલી જવું નહિ જોઇયે કે **બારકલે,** જે આપણને વારંવાર કોઈ ઘણાજ વિદ્વતામાં આગળ વધેલા હિંદુ તત્વવેત્તાની યાદ આપેછે, તે તથા ધાર્મિક કવિ **વોટસ** એકજ વખતમાં થઈ ગયા છે.

તોપણ આપણને એમ કેહવાની સત્તાછે કે, સાધારણ રીતે બોલતાં પ્રાચીન કાળમાં, અને વેદકાળ સરખા વિદ્યાશાસ્રના પ્રારંભ કાળમાં, ઉષા તથા સૂર્યની સ્તુતિ વિષેના મંત્રો અદિતિને અર્પેલા મંત્રો

કરતાં વધારે પૂર્વકાળના હતાં; કે વળી આ (અદિતિ વિષેના) મંત્રો સર્વ જીવંત પદાર્થના ધણી પ્રજાપતિની સ્તુતિવિષે રચાયલા મંત્રો કરતાં વધારે પૂર્વકાળના હતા; અને જે થોડાંક કાવ્યોનો મેં હમણાં-જ ભાષાંતર કરવાનો યત્ન કીધો, કે જેમાં કવિ 'તે એકલો એકજ જે શ્વાસરહિત છતાં શ્વાસ લેછે' તેવિષે બોલેછે, તે હજી પાછળા કાળમાં રચાયા હતા.

વેદના સઘળા મંત્રોમાં એક ઐતિહાસિક (દીર્ઘકાળાનુરોધન) અનુક્રમ, અથવા જેને હમણાં પ્રસારણને લગતો અનુક્રમ કહેછે, તે જોવામાં આવેછે; અને એ અનુક્રમ, માત્ર કોઇ કાળાનુક્રમ કરતાં ઘણો વધારે અગત્યનો અને વધારે ઉપદેશકારક છે. આ સઘળા અતિપ્રાચીન તથા અતિઅર્વાચીન મંત્રો, જેને આપણે હમણાં વેદના મંત્રોનો સંગ્રહ (સંહિતા) કરી કહિયે છિયે, તેની સમાપ્તિ પેહલાં હયાત હતાં, અને આ સંગ્રહનો કાળ ઇ૦ સ૦ પૂ૦ ૧૦૦૦ વર્ષનો જો આપણે ગણિયે, તો હું ધારૂંછું કે આપણી ઉપર બહુ ખોટું લાગે એવા દોષ મુકવામાં આવશે નહિ.

બ્રાહ્મણ ગ્રંથો રચાયા તેની પૂર્વે આ મંત્રોનો છેલો સંગ્રહ થયલો હોવો જોઇયે. આ મંત્રોમાં અને એથી પણ વધારે બ્રાહ્મણ કે જે એની પછીના કાળને લગતા ઇશ્વરજ્ઞાનવિષેના નિબંધો છે, તેમાં જેઓ સઘળા પ્રમાણિકપણે પ્રાચીન યજ્ઞો કરે તેમને શ્રેષ્ઠ પ્રતિજ્ઞાની કબુલાત આપેલીછે. જે દેવતાઓને યજ્ઞો અર્પણ કરવામાં આવ્યાછે તેઓ મંત્રોમાં જેમની સ્તુતિ કરવામાં આવેછે તેઓજ મુખ્ય કરીનેછે; જો કે દેવતાઓ, ઉદાહરણ દાખલ, પ્રજાપતિ જે ઇશ્વરના ઘણા વધારે મનોગત સંકલ્પ દર્શાવેછે તેના સરખા દેવતાઓ પાછલા વખતના બ્રાહ્મણમાં વધારે અને વધારે સ્પષ્ટ રીતે આવતા કેમ જણાયછે તે આપણે ખુલ્લું જોઇ શકયેછિયે.

આ પછી આરણ્યક ગ્રંથો આવેછે, કે જે બ્રાહ્મણને છેડે આવ્યાને લીધેજ માત્ર નહિ, પણ વળી તેમનાં લક્ષણ (રચના) ઉપરથી હજી વધારે પાછલા વખતના જણાયછે. એ આરણ્યકનો હેતુ એ

છે કે વનમાં વસનાર મનુષ્યો, બ્રાહ્મણ તથા તે પછીનાં સૂત્રોમાં વર્ણવેલા કાંઇપણ ઠાઠમાઠ અને દમામવિના કેવે પ્રકારે યજ્ઞો કરી શકે તે દેખાડવું; માત્ર મનના યત્નથીજ. પૂજારીને પોતાના મનમાં યજ્ઞનો માત્ર વિચારજ લાવવાનો હતો, અને મનમાં તેને લગતાં સઘળાં ક્રિયાકર્મ કરવાનાં હતાં, અને તેથી કરી કંટાળાભરી ક્રિયા કરવાના જેટલોજ તેને લાભ પ્રાપ્ત થતો હતો.

છેલ્લે ઉપનિષદ્ આવ્યા; અને તેમનો હેતુ શું છે? સઘળાં ક્રિયાકર્મ વ્યર્થ છે, એટલુંજ નહિ પણ નુકશાનકારક છે, એ દર્શાવવું; લાભની આશા કે ઇચ્છાથી યજ્ઞ સાથે જે દરેક કામ કરવામાં આવે તેને ધીક્કારી કાઢવું; દેવોની જો હયાતી નહિ તો તેમનું નિરાળું અને ઉત્તમ લક્ષણ તો ના પાડવું, તથા એવું શિખવવું કે મનુષ્યને પોતપોતાના આત્માએ પેલા સત્ય અને વિશ્વવ્યાપક આત્માને પિછાનવાસિવાય, અને જયાં શાંતિ મળી શકેછે ત્યાંજ શાંતિ શોધવાસિવાય મુક્તિ અને છુટકારાની કાંઇએ આશા નથી.

કેવી રીતે આ જુદા જુદા વિચારો ઉપર તેઓ આવ્યા, કેવી રીતે એક પાછળ બીજો સ્વાભાવિક રીતે આવ્યો, કેવી રીતે જેઓએ તેમને શોધી કાઢયા તેઓ માત્ર સત્યના પ્યારથી દોરવાયા હતા, અને સત્યઆગળ પોહોંચવામાટે મનુષ્યથી થઇ શકે એવો કાંઇ પણ પ્રયત્ન બાકી રાખ્યો નહિ—આ સઘળું, થોડાંક ભાષણોની હદમાં જેટલું સારી પેઠે સમજાવી શકાય તેટલું સમજાવવાનો મે યત્ન કર્યોછે.

અને જેમ બીજાઓ આગળ પુછી ગયાછે તેમ હવે તમે પણ ખચીત પુછશો કે એક ધર્મ કે જે વિચારના ભિનભિન નાના ભેદોથી ભરપૂર હતો, એટલુંજ માત્ર નહિ, પણ જેમાં નિશ્ચયે એકેકથી બહુજ વિરૂદ્ધ તત્વો આવેલાં હતાં, તે ધર્મને નિભાવી રાખવાનું કેમ બન્યું હતું? જે પ્રજામાં કેટલાકો દેવતા અથવા ઇશ્વરો છે એવું માને, અને બીજાઓ માને કે દેવતા અથવા ઇશ્વરો નથી; કેટલાકો પોતાની માયાપુંજી યજ્ઞો કરવામાં સઘળી

ગુમાવી દે, અને બીજાઓ દરેક યજ્ઞ એક ઠગાઈ, એક જાળ છે, એમ જણાવે, તે પ્રજાના લોકો એકજ ધર્મવાળી પ્રજા દાખલ કેમ સાથે રહી શકે! જે પુસ્તકોમાં એકેકનું ખંડન કરનારા મત આવેલા હોય તે પુસ્તકો આખાંને આખાંજ પવિત્ર, તથા ઇશ્વરે પ્રગટ કરેલાં, એટલે પ્રગટ કરવાના ઉંડામાં ઉંડા અર્થમાં ગણેલાં, એટલુંજ નહિ પણ સત્યની બીજી કોઇપણ પરિક્ષાની હદબાહેર પોહોંચેલાં કેમ ગણીશકાય?

તોપણ હજારો વર્ષ થયાં એમજ હતું, અને એ અંતરમાં આજ સુધ્ધી જે જે સઘળા ફેરફાર થયાછે તેછતાં હજી જયાં જયાં પ્રાચીન વેદ ધર્મ ચાલુ છે ત્યાં એમજ છે. ખરી વાત એમાં છે; જે કાંઈ આપણને કરવાનુંછે તે એજ કે એ ધર્મ સમજવો અને કદાચિત એ ઉપરથી કાંઇ શિક્ષા પણ લેવી.

ચાર જ્ઞાતિ.

હિંદુસ્થાનનાં પ્રાચીન ભાષા અને શાસ્ત્ર યુરપના વિદ્વાનોના હાથમાં આવવા લાગ્યાં તેની પૂર્વે બ્રાહ્મણોને, બીજી સર્વ જ્ઞાતિના લોકોથી પોતાના ધર્મજ્ઞાનનો ભંડોળ આગ્રહક કાળજીથી સાચવી રાખનાર ધર્મગુરૂઓના એક નાનાં મંડળદાખલ, અને એ પ્રમાણે એક અજ્ઞાન પ્રજાઉપર પોતાની શ્રેષ્ઠતા નિભાવી રાખનાર દાખલ દર્શાવવાનો ચાલ હતો. આવો આરોપ કેવળ નિરાધાર છે તે જાણવામાટે સંસ્કૃત શાસ્ત્રનું માત્ર સેહેજ જ્ઞાન જોઇયેછે. માત્ર એકજ જ્ઞાત, શૂદ્રને, વેદ શિખવાની બંધી કરીછે. બીજી જ્ઞાતો, લશ્કરી અને શેહરી વર્ગોને, કોઈ અટકાવને બદલે, વેદનું જ્ઞાન મેળવવાની ધર્માજ્ઞા હતી. સઘળાંને વેદ શિખવા પડતા હતા, માત્ર વેદ શિખવવાનો અધિકાર બ્રાહ્મણોનેજ ભોગવવા દેવામાં આવતો હતો. ધર્મની વંશપરંપરા ઉતરતી આવેલી રૂઢિયો તથા માત્ર સંસ્કારરીતિયોજ ઉતરતી જાતોને શિખવવામાં આવે, અને બ્રાહ્મણોનેમાટે એક પ્ર-

કારનો ગુપ્તધર્મ, એટલે ઉપનિષદ્નો ધર્મ, જુદો રાખવામાં આવે, એવો બ્રાહ્મણોનો પણ હેતુ ન હતો. એથી ઉલટું, આ બીજાઓથી છાનું રાખવાનાં મત, પેહલી જ્ઞાતિનાકરતાં બીજી જ્ઞાતિથી નિકળેલા દેખાડવાને કેટલાંક ચિન્હો દેખાયછે.

ખરૂં જોતાં જ્ઞાતિની રીત, જ્ઞાતિશબ્દના સાધારણ અર્થ પ્રમાણે લેતાં, વેદ કાળમાં ન હતી. વેદમાં જેને આપણે જ્ઞાત કહિયે તે વળી **મનુ**ના કાયદામાં આપણને જે માલમ પડેછે તેનાંકરતાં, અને આજે જે રીત ચાલુછે તેથી ઘણી વધારે જુદી છે. પ્રાંચીન હિંદુ મંડળીને આપણે પ્રથમ **આર્યો**, એટલે ઉંચ કુળના જન્મેલા, તથા **શૂદ્રો** એટલે ચાકરો અથવા ગુલામ, એવા બે વર્ગોમાં વેંહુચાયલી જોઇયેછિયે. બીજું આપણને એ માલમ પડેછે કે આ આર્યોમાં બ્રાહ્મણો, એટલે ધર્મને લગતા કુલીન લોકો, ક્ષત્રિયો અથવા રાજન્યો, એટલે લશ્કરને લગતા કુલીન લોકો, અને વૈશ્યો એટલે શેહરીઓ, આવેછે. આ દરેક વર્ગને સોંપેલાં કામ અને અધિકાર લગભગ બીજા દેશોમાંના જેવાંજ છે, અને તેને માટે આપણે હાલ ખોટી થવું જોઇતું નથી.

ચાર આશ્રમ.

તોયપણ પ્રાચીન વેદકાળની પ્રજાનું આ ચાર જ્ઞાતો કરતાં એક વધારે અગત્યનું લક્ષણ જે છે તે ચાર તબક્કા અથવા આશ્રમો છે.

એક બ્રાહ્મણ, સાધારણ રીતે આમાંહેના ચાર આશ્રમ, એક ક્ષત્રિય ત્રણ, એક વૈશ્ય બે, એક શૂદ્ર એક આશ્રમ અનુભવેછે. આ દુનિયાંમાં જન્મલીધેલાં દરેક બાળકનેમાટે હિંદુસ્થાનમાં તેના આખા ભવનો માર્ગ ચિતરાયલો હતો; અને મનુષ્ય પ્રકૃતિ જે કદી પણ કાયદાના અંકુશતળે પૂર્ણરીતે રહેતી નથી, તેનેમાટે દરેક છુટ મુકયા પછી, આપણને સંશય રાખવાનું કશું કારણ નથી કે.

હિંદુસ્થાનના ઈતિહાસના પ્રાચીન કાળમાં હિંદુઓ પોતાના ધર્મ પુસ્તકો તથાં કાયદાથી જીંદગી ગુજારવાની જે રીત બાહેલ રાખવામાં આવી હતી તે રીતને વિશેષકરીને વળગીરહ્યાહતા.

એક આર્ય બાળક જનમતાંને વાર, એટલુંજ નહિ પણ વળી તેના જન્મઆગળ તેનાં માબાપને અમુક સંસ્કાર કરવા પડેછે, કે જે ક્રિયાવિના પેલું બાળક મંડળીનો એક સભાસદ થવાને અથવા અસલી બ્રાહ્મણોમાં એનેજ મળતું જે હતું તે પ્રમાણે, એક મંદીરનો પૂજારી થવાને અયોગ્ય થાય. લગભગ પચિશેક અને કોઈક વેળા એથી પણ વધારે સંસ્કારો જણાવેલાછે. માત્ર શૂદ્રોનેજ એ ક્રિયામાંથી બાતલ રાખેલા હતા;* જોકે જે આર્યો એ ક્રિયા કરવાનું ભુલતા તેમને શૂદ્રો કરતાં કાંઈ વધારે ચઢતા જણવામાં નહિ આવતા હતા.

પેહલો આશ્રમ, શિષ્યાવસ્થા.
(વિદ્યાર્થીની સ્થિતિ)

———oo———

આર્ય, એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, કે વૈશ્યના પુત્રની જીંદગીનો પેહલો આશ્રમ જયારે તે આસરે સાતથી તે અગ્યાર વર્ષની વયનો હોયછે ત્યારથી શરૂ થાયછે†. એ વયમાં તેને ઘરમાંથી કાઢીને કેળવણી આપવામાટે એક શિક્ષકને સ્વાધીન કરવામાં આવેછે. એ કેળવણીનો મુખ્ય હેતુ એટલોજ કે તે વેદ અથવા સઘળા વેદો શિખીને મોહડે કરે. વેદ બ્રાહ્મણ કેહવાયછે. તેથી તે બ્રહ્મચારી એ-

---

* **યમ** પ્રમાણે શૂદ્રો પણ ઉપન્ય એટલે શિખાઉ દાખલની ઉમેદવારીની હદસુધી, આ સંસ્કારો વેદના મંત્રો વગર કરે.

† દાકતર બુહલરના **આપસ્તંબ-સૂત્રો**, ૧, ૧, ૧૮: 'એક બ્રાહ્મણને વસંત ઋતુમાં, એક ક્ષત્રિયને ઉન્હાળામાં, એક વૈશ્યને પાનખર ઋતુમાં (દીક્ષા આપવી) પેહલો દાખલ કરવો; ગર્ભ રહેવાના વખતથી ગણતાં બ્રાહ્મણને આઠમે વર્ષે, ક્ષત્રિયને અગ્યારમે વર્ષે, અને વૈશ્યને બારમે વર્ષે દાખલ કરવો.

ટલે વેદનો અભ્યાસી કેહેવાયછે. એના ગુણકારી (કાર્યસાધક) અભ્યાસમાટે ઠેઠવેલો વખત ઓછામાં ઓછાં ૧૨ વર્ષનો છે અને ઘણામાં ઘણો ૪૮ વર્ષનો છે. જયાંસુધી એક તરૂણ વિદ્યાર્થી તેના ગુરૂના ઘરમાં રહેછે, ત્યાંસુધી તેને અત્યંત કરડી કેળવણી તળે રેહવું પડેછે. તેને નિત્ય બે વાર, સૂર્યોદયે અને સૂયાસ્તે (સંધ્યોપાસન) પ્રાર્થના કરવી પડેછે. રોજ સહવારે અને સંધ્યાકાળે આખે ગામ ફરી ભિક્ષા માગવી પડેછે, અને જે કાંઇ મળ્યું હોય તે પોતાના ગુરૂજીને આપવું પડેછે. જે કાંઇ ગુરૂ આપે તેસિવાય તેનાથી બીજું કાંઇએ ખવાય નહિં. તેને પાણી લાવવું પડેછે; વેદીને માટે બળતણ વીણી એકઠું કરવું પડેછે, ચુહુલાની આસપાસની જગ્યા વાળી સાફ કરવી પડેછે, અને દહાડો રાત ગુરૂની સેવામાં તેને રહેવું પડેછે. એના બદલામાં તેનો શિક્ષક તેને વેદ શિખવેછે, કે જેથી તે મોહડે ભણી શકે; અને એસિવાય જે કાંઈ પણ તેને બીજા આશ્રમમાં દાખલ થવાને માટે યોગ્ય કરવા જરૂરનું હોય, તથા એક પરણેલો પુરૂષ અને ઘરધણી (ગૃહસ્થ) થવાને યોગ્ય કરે, તે સઘળું શિખવેછે. વિદ્યાર્થીને ગમે તો એઉપરાંત બીજા શિક્ષકોના પાઠો (ઉપાધ્યાયો) પણ શિખે, પણ તેનું (બ્રહ્મચારી પંથમાં) દાખલ થવું, અથવા જે તેનો બીજો જન્મ કહેવાયછે, તે તો તેના ધર્મગુરૂ એટલે આચાર્યથીજ માત્ર તેને મળેછે.

જયારે વિદ્યાર્થીની શિષ્યાવસ્થા પુરી થાયછે, ત્યારે તેને પોતાના ગુરૂને વાજબી દક્ષણા આપ્યાપછી, પોતાના પિતાને ઘેર જવા દેવામાં આવેછે. તે ત્યારપછી **સ્નાતક**, એટલે જેણે સ્નાન કીધેલું હોય તે, અથવા **સમાવૃત** એટલે પાછો આવેલો, એમ કેહવાયછે. તેણે તેની સનદ મેળવી એમ આપણે કેહવું જોઇયે. કેટલાક વિદ્યાર્થીઓ (નૈષ્ઠિક) પરણ્યાવિના પોતાના ગુરૂને ઘેર પોતાની આખી જીંદગીસુધી રહેછે. બીજાઓ જો તેમને એવી પ્રેરણા થાય તો પોતાની ઉમેદવારીનો વખત પુરો થયા પછી તરતજ વનવાસીની જીંદગી પકડેછે પણ સાધારણ નિયમ તો એ છે કે

એક તરૂણ આર્ય જે હવે ઓછામાં ઓછો, ૧૯) કે ૨૦) વર્ષની વયે પોંહુચેછે, તેણે પરણવું જોઇયે.*

બીજો આશ્રમ, ગૃહસ્થાશ્રમ (પરણેલી જીંદગી.)

જીંદગીનો આ બીજો આશ્રમ છે, કે જે વેળા તેને ગૃહસ્થ, અથવા ગૃહમેધિનૂ એટલે ઘરધણી કેહવામાં આવેછે. પ્રિયા પસંદ કરવાવિષે, અને લગ્નક્રિયાવિષે ઘણા બારીક નિયમો આપેલાછે. પણ જે સાથે આપણને ઘણું લાગેવળગેછે તે તેનો ધર્મ છે. એ વખત સુધીમાં વેદના મંત્રો તેને મોહડે આવડેછે, અને એટલા માટે આપણે ધાર્યે કે તે અગ્નિ, ઇંદ્ર, વરૂણ, પ્રજાપતિ અને વેદના બીજા દેવતાઓને માનેછે. તે વળી બ્રાહ્મણ પણ શિખેલોછે, અને એ ધર્મ નિયમના ઠરાવ્યાપ્રમાણે અથવા કંઇજ નહિતો મંજુર રાખ્યા પ્રમાણે ચાલુ યજ્ઞો કરવાને બંધાયલોછે. વળી તેને કેટલાક આરણ્યક અને ઉપનિષદો પણ મોહડે આવડેછે, અને જો તે તેમનો અર્થ સમજતો હોય તો આપણે ધાર્યે કે તેની બુદ્ધિ ખીલીછે, અને તેની સંસારી જીંદગીનો આ બીજો આશ્રમ માત્ર એની પછીના ત્રીજા અને ચઢતા આશ્રમની તૈયારીછે એવું તે જાણેછે. તોપણ જે કોઇ પેહલા અને બીજા આશ્રમમાંથી નિકળ્યો નહિ હોય તેને એ ચઢતા આશ્રમમાં દાખલ થવા દેતા નથી. આ માત્ર સામાન્ય નિયમછે, જો કે એમાં પણ ફેર પડતા એમ આપણને સારી પેઠે ખબર છે. જયારે એક પુરૂષ પરણેલો હોયછે ત્યારે એ ઘરધણીને નિત્ય પાંચ યજ્ઞ કરવા પડેછે: તે આ છે:

(૧) વેદનો વિદ્યાભ્યાસ કરવો અથવા કોઇને કરાવવો.
(૨) તેના પૂર્વજો અથવા પિતૃલોકને ભોગ આપવા.
(૩) દેવતાઓને ભોગ આપવા.

* મનુ કહેછે કે એક પુરૂષને માટે લગ્ન કરવાનો ખરો વખત ૩૦ વર્ષ છે, સ્ત્રીને માટે ૧૨ વર્ષછે; પણ પુરૂષને ૨૪ વર્ષની વયે અને સ્ત્રીને ૮ વર્ષની વયે લગ્ન કરવાની કાયદામાં છુટ છે.

(૪) જીવતાં પ્રાણિયોને ખોરાક આપવો.

(૫) પરોણાનો આદરસત્કાર કરવો.

ઘરસંસારી કરી કેહવાતા કાયદા (ગૃહ્યસૂત્રો)માં ઘરધણીએ નિતરોજ કેમ વર્તવું તે જે વર્ણવ્યુંછે તેના કરતાં બીજું કાંઈ વધારે પૂર્ણ હોય નહિ. આ માત્ર કલ્પિત વર્ણન હોય, તોપણ એક કલ્પનાદાખલ પણ જીવતરનો એક એવો દેખાવ તે નજરે પાડેછે કે તેવો બીજે કહિંએ જોવામાં ન આવે.

ઉદાહરણ :—હિંદુસ્થાનમાં સંસારવ્યવહારવિષે એક બહુ પ્રાચીન વિચાર એ હતો કે દરેક માનસ દેવાદાર જન્મેછે, કે ઋષિયો (પંડીતો) જેઓ તેના ધર્મના સ્થાપનારા અને પિતા છે તેમને તે પ્રથમમાં દેવાદાર છે; બીજું, દેવતાઓને; ત્રીજું, તેના માતપિતાને તે દેવાદાર છે. જે કરજનેમાટે તે ઋષિયોને દેવાદાર છે તે વેદનો કાળજી રાખી અભ્યાસ કરીને તે ફીટાડેછે. જેનમાટે દેવતાઓને તે દેવાદાર છે તે એક ઘેરધણીદાખલ, નાના મોટા ભોગ આપી વાળી આપેછે. પોતાનાં માતપિતાને જેનેમાટે તે દેવાદાર છે તે પિતૃલોકને ભોગ આપવાથી તથા પોતે છોકરાંછૈયાંનો પિતા થવાથી વાળી આપેછે.

આ ત્રણે ઋણ ફીટાડયા પછી, એક માનસ આ દુનિયાંથી મોકળો થયલો ગણાયછે.

પણ આ સઘળા ધર્મ, જે દરેક પ્રમાણિક આર્ય બજાવવાને બંધાયલોછે, તેઉપરાંત, જો તેની શક્તિ હોય તો બીજા ઘણાક યજ્ઞો કરવાની તેનાથી આશા રખાયછે. એમાંના કેટલાક યજ્ઞો રોજીંદા, કેટલાક પખવાડિયાંના, અને બીજા ત્રણ ઋતુઓના સંબંધમાં, પાક કાપવાની મોસમના સંબંધમાં, કે દર અર્ધ-વર્ષે કે વર્ષે ફરી આવે તેના સંબંધમાં કરવાના હોયછે. આ યજ્ઞો કરવામાં એ કામથી જા-

† ચારે આશ્રમવિષે વેદાંત સૂત્રો ૩, ૪ માં પૂર્ણ વિવાદ ચલાવેલો છે. સાધારણ નિયમ એ છે કે: 'વિદ્યાર્થીદાખલની મુદત પુરી કર્યા પછી એક પુરૂષે ઘરધણી થવું, ઘરધણી થયાપછી તેણે વનવાસી થવું, અને વનમાં વસ્યાપછી તેને ગમે ત્યાં નિકળી જાય.' પણ વળી એમ વધારેલું છે કે: 'એમ નહિતો વિદ્યાર્થી હોય ત્યારથી, ઘરમાંથી કે વનમાંથી તેને ગમેતો બાહર નિકળી જાય.

ણીતા ધર્મગુરૂની સહાયતા જોઈયેછે, અને ઘણાકપાછળ તો મોટા ખરચ થઇ પડે. એમને એ યજ્ઞો ત્રણ ઉંચ વર્ગો, એટલે માત્ર આર્યોનાજ લાભમાટે કરવા પડતા હતા, અને એ મોટા યજ્ઞો વેળા એક ક્ષત્રિય તથા એક વૈશ્ય બંને, તેટલો વખત એક બ્રાહ્મણ સરખાજ પવિત્ર ગણાતા હતા. પણ એ યજ્ઞ ક્રિયાઓથી નિપજતા લાભ તો સર્વે એકલા બ્રાહ્મણોનેજ માત્ર સફળ સમજાતા. એમાંના કેટલાક યજ્ઞો, જેવાકે અશ્વ-યજ્ઞ, તથા રાજસૂય, માત્ર ક્ષત્રિયોનાજ લાભ માટે કરી શકાતા. શૂદ્રોને પેહલાં તો યજ્ઞો કરવાથી કેવળ બાતલ રાખેલા હતા, પરંતુ જો તેઓ યજ્ઞો કરતી વેળા વેદ મંત્રોને ઉપયોગમાં ન લાવે, તો તેમને પાછલા વખતમાં ચોકસ છુટ મળેલી આપણે જાણ્યે છિયે.

આપણા ઇસવી સનની પુર્વે આસરે ૧૦૦૦ અને ૫૦૦ વર્ષની વચેના હિંદુસ્થાનના પ્રાચીન કાળવિષે આપણે જે કાંઇ જાણ્યે છિયે, તે ઉપરથી આપણને જણાયછે કે એક બ્રાહ્મણની જીંદગી દિવસના અને વળી રાત્રિના લગભગ દરેક કલાક, વર્ષના એક છેડાથી તે બીજા સુધી, બહુ કરડી કેળવણીતળે ગુજરતી હતી. પોતાની ધર્મક્રિયા કરવામાં એક નાની સરખી ચૂકથી, બીજા ભવમાં થનારી શિક્ષા વિષે કાંઇએ ન બોલતાં, ભારી પ્રાયશ્ચિત અને ન્યાતબહાર મુકાવાનો બોજો તે પોતાને માથે ખેંચી લેતો, તેમ વળી પ્રાર્થના અને યજ્ઞો કાળજીથી કરવાથી તેને આ દુનિયાંમાં લાંબી અને યશવાન્ જીંદગી મળવાની આશા હતી, એટલુંજ નહિ, પણ સ્વર્ગમાં પણ પરમ સુખ મળવાની તેને આશા હતી.

ત્રીજો આશ્રમ, એકાંતવાસ.

—oo—

પણ હવે પ્રાચીન હિંદુઓની જીંદગીનાં એક અતિ અગત્યના અને અતિ ઉપદેશક વિભાગ ઉપર આપણે આવ્યે છિયે. જયારે કોઇ કુટુંબનો પિતા પોતાના વાળ ધોળા થતા જોતો, અથવા પોતાના સં-

તાનને ઘેર સંતાન થયલું જોતા, ત્યારે તે જાણતા કે આ સંસારનો તેને ત્યાગ કરવો જોઇયે. જે સઘળું તેનું પોતાનું હોય તે પોતાના પુત્રોને આપી, પોતાનું ઘર તજી વનમાં વાસ કરવો જોઇયે. આ પ્રસંગે તે **વાનપ્રસ્થ** કેહવાતો. તેની જોડે જવું કે નહિ એ તેની સ્ત્રીની મરજીઉપર હતું. આ અને વનવાસને લગતી કેટલીક બીજી બાબદોવિષે પ્રાચીન સત્તાવાર વિદ્વાનોમાં ઘણો મતફેર જે દીઠામાં આવેછે તેઉપર જેટલું ધ્યાન હજીસુધી આપ્યામાં આવ્યુંછે તે કરતાં ઘણું વધારે આપવું યોગ્ય છે. જે મુખ્ય અડચણ નડેછે તે એ છે કે હિંદુ મંડળીની વૃદ્ધિ થતી ગઈ તેમાં આ જુદાજુદા સત્તાદાર ગ્રંથો અમુક સ્થાનિક અને સમકાળિક રીવાજ દેખાડેછે, કે એકપછીએક ઉત્પન્ન થયલા ઐતિહાસિક આશ્રમ દેખાડેછે, તે કેમ મુકરર કરવું. દાખલો લઇયે કે, જ્યાં જ્યાં આ સંસાર તજી એકાંતવાસમાં જવાનું દ્રઢપણે અમલમાં લાવવામાં આવ્યું હશે ત્યાં ત્યાં દેખીતુંછે કે વારસાને લગતા કાયદા એ ગોઠવણઉપર બહુ આધાર રાખતા હશે; અને પોતાના પતિની પાછળ સ્ત્રી ગમે તો જાય કે નહિ, એ તેની મરજીઉપર રહ્યાથી હિંદુ કુટંબોની ઘરસંસારી ગોઠવણઉપર પણ ઘણી અસર થઇ હશે. પણ આ સઘળા ભેદ છતાં, આ વાત તો કેવળ ચોકસ છે કે જ્યારથી એક માનસ વનમાં દાખલ થયો ત્યારથી તે વિચાર અને કાર્યની બાબદમાં પૂર્ણ છુટ ભોગવતો. થોડો વખત તે અમુક ક્રિયા કરે, પણ એ ક્રિયા ઘણુંકરીને માત્ર મનમાંજ થતી. જેમ આપણે આપણા મનમાં એક મધુરસ્વર ગાઇ જઇયે, તેમ આખા યજ્ઞ તે પોતાના મનમાં વિચારી જતો, અને આ પ્રમાણે, જે તેને કરવું ઘટે તે સઘળું કરતો. પણ થોડા વખતપછી એ કામનો પણ અંત આવ્યો. આપણે વાંચ્યે છિયે કે વાનપ્રસ્થો પોતાઉપર કેટલીક જાતની કષ્ટિ ખેંચતા, કે જે **તપ**ના સામાન્ય નામથી જણાયછે; પણ સ્વાર્થને માટે થતું દરેક કામ, અને વિશેષકરીને આવતા ભવમાં બદલો મળવાની આશાથી કીધેલું દરેક કામ, માત્ર નકામું છે, એટલુંજ નહિ, પણ વળી નુકશાનકારક છે, એવો વિચાર

વધારે અને વધારે પ્રસરતો ગયો, અને જે કામ એકલું રહી ગયું તે આત્મ-પરિક્ષા હતું—આત્મ પરીક્ષાના ખરા અર્થમાં—એટલે પોતાના નિરાળા આત્મા તથા અમર આત્મા વચ્ચે જે સત્ય અને નિકટ સંબંધ છે તે જાણવામાં હતું.

આ વનવાસવિષેની ખરી સમજ પડવાથી હિંદુસ્થાનના ઇતિહાસના અભ્યાસીને બીજા ઘણા અત્યંત અગત્યના વિષયો સમજવાનું બની આવશે. પણ એવા વિષયોઉપર હાલ વિસ્તારીને લખવાનું આપણાથી બને નહિ.

માત્ર બેજ બાબદની હિયાં નોંધ લેવી જોઇયે છે. પેહલું એ છે કે, ત્રીજા આશ્રમપછી એક ચોથો અને છેલો સન્નયાસીનો આશ્રમ હતો, કે જે સન્નયાસી સઘળી મનુષ્ય મંડળીથી દૂર થઈ, એકાંતવાસે વનમાં ભટક્યાપછી, મૃત્યને શરણે જતો. સન્નયાસી, જેને વળી જુદા જુદા સત્તાવાન્ લખનારા ભિક્ષુ, યતિ, પરિવ્રાજ્ તથા મુનિ કહેછે, તે અને વાનપ્રસ્થ વચેનો ભેદ શોધી કાઢવો કાંઈ સેહલું નથી, જો કે પેહલાં તેમના વચ્ચે આ એક બહુ અગત્યનો ભેદ હતો, કે પેહલા ત્રણ આશ્રમોના પંથી બીજા ભવમાં કાંઈ બદલો મેળવવાંનો ઉમેદ રાખતા (ત્રય : પુણ્યલોક ભાજ :), ત્યારે સન્નયાસી સઘળાં કામો તજી બેસતો, તે બ્રહ્મમાં ખરી અમરતાને પોંહોંચવાની આશા રાખતો (એકો' મૃતત્વભાક્, બ્રહ્મસંસ્થ :) તથા વનમાં રેહેનારને પરિષદ્ અથવા સંસારમંડળ સાથે સંબંધ ચાલુ રેહતો હતો, ત્યારે સન્નયાસી આ સંસારસાથે કાંઇપણ વ્યવહુવાર રાખવાથી દૂર રેહેતો.

બીજી બાબદ એ કે, આપણે યાદ રાખવું જોઇયે કે ત્રીજો આશ્રમ, એટલે વન-વાસ, જે હિંદુસ્થાનની પ્રાચીન વિદ્યાનું વિશેષ લક્ષણ છે, તથા જેનો મનુસ્મૃતિ અને વીરરસકાવ્યનાં સરખાં પાછળા વખતનાં પુસ્તકોમાં પણ પૂર્ણપણે સ્વિકાર કરેલોછે, તેને પાછળથી કાઢી નાખવામાં આવ્યો, ઘણુંકરીને એવા વિચારથી કે એ વનવાસથી જે મતને આપણે બુદ્ધ ધર્મ કેહુતા આવ્યા છિયે, પણ

જેનેમાટે ઘણીક બાબદમાં કહી શકાય કે વનવાસની નેમ પૂર્ણ રીતે સિદ્ધ કરાવનાર અને પ્રસાર કરાવનાર તથા પ્રાચીન બ્રાહ્મણોના ધારાઓથી બાહલા રખાયા પ્રમાણે દુનિયાં તજી છેલે એકાંતવાસ કરવાનું શિખવનાર તે છે, તે બુદ્ધમતને અઘટીત આધાર મળી જાય. જ્યાંસુધી બ્રાહ્મણો આ પોતાની જુની યુક્તિમાંથી અનુક્રમે પસાર થવાને, તથા પ્રથમ વિદ્યાર્થી અને ઘરધણી દાખલના ધર્મ બજાવ્યાવિના વનની સ્વતંત્ર સ્થિતિ અથવા પૂર્ણ એકાંતવાસના સુખવિષે આગળથી વિચાર નહિ કરવાને માનસોને સમજાવી શકયા, ત્યાંસુધી એ યુક્તિ ખરે સેહલી હતી. મહાભારતમાં (શાંતિપર્વ, અધ્યાય ૧૭૫) એક પિતા અને તેના પુત્રવચ્ચે ચાલેલા સંવાદથી એ અડચણ સારીપેઠે દર્શાવીછે. તે પિતા પોતાના પુત્રને તેના પૂર્વજોને પગલે ચાલવાની શિખામણ દે છે, એટલે પેહલે શિષ્યાવસ્થાના સર્વ કાયદાપ્રમાણે ચાલીને વેદ શિખવાની, ત્યારપછી લગ્ન કરી છૈયાં છોકરાંવાળો થવાની, યજ્ઞ-વેદી બાંધવાની, તથા ઘટતાં બલિદાન કરવાની, પછી જંગલમાં વાસ કરવાની, અને છેલે મુનિ થવાનો યત્ન કરવાની શિખામણ આપેછે. પણ પુત્ર તેની શિખામણ માન્ય કરતો નથી, અને જણાવેછે કે ઘરધણીની જીંદગી, એટલે વહુ, છૈયાં છોકરાં, યજ્ઞો વગેરે બીજું સઘળું વ્યર્થ કરતાં પણ વિશેષ ખરાબ છે. તે કહેછે કે 'જે માનસ ગામમાં વસેછે તેના ઉપભોગ મોતનાં જડબાં છે; વન દેવતાઓનું રેહઠાણ છે એમ શાસ્ત્ર શિખવે છે. જે માનસ ગામમાં વસે છે તેનો ઉપભોગ તેને બાંધવાનું દોરડું છે; ભલાં માનસો એ દોરડું કાપી નાંખીને છુટા થાયછે, ભુંડા માનસો કદી તેને કાપતા નથી. એકાંતવાસ સમાનવૃતિ, સત્યતા, નીતિ સુદ્રઢતા, માયા, સદાચાર અને કામકાજનો ત્યાગ સરખો માલ બ્રાહ્મણનેમાટે (બીજો) નથી. રે બ્રાહ્મણ! જયારે તું મરવા પડેછે, ત્યારે દ્રવ્ય, કે સગાંવહાલાં કે વહુ એ શો લાભ કરેછે? અંતઃકરણમાં ગુહ્ય થઈ રહેલા આત્માને શોધ. તારા પૂર્વજો અને તારો પિતા કયાં ગયા છે?'

આ સઘળું ખાલી તરંગભર્યું, કાવ્યાલંકારી, કે કલ્પિત લાગે, પણ એ હિંદુસ્થાનમાં પ્રાચીન કાળની ખરી જીંદગી દર્શાવેછે. હિંદુસ્થાનના પ્રાચીન ઈતિહાસમાં આ વનવાસની વાત કાંઇ માત્ર ખોટી બનાવટ નહિ હતી, એ આપણે હિંદુસ્થાનના વિદ્યાશાસ્ત્રોથીજ માત્ર નહિ, પણ વળી ગ્રીક ગ્રંથકર્ત્તાઓથી પણ જાણયે છિયે, કે જે ગ્રંથકર્ત્તાને હિંદુસ્થાનના શેહરો અને ગામડાંઓમાં ઉદ્યોગથી જે લોકો જીંદગી ગુજારતાં તેમની પડોસમાં અડોઅડ આ મનન કર્ત્તા-જ્ઞાનિયો જેમને તેઓ **ઉલોબિઑઈ** કેહતા તેમનાં મોટાં સંસ્થાન જંગલોમાં વસેલાં જાણયા કરતાં બીજું કશું વધારે આશ્ચર્યકારક ન હતું.

આપણને આ વનવાસ મુખ્ય કરીને પૃથ્વિઉપર મનુષ્યની હયાતીવિષેની એક નવી કલ્પના દાખલ અગત્યનો છે. ચોથી સદીના ખ્રિસ્તી સાધુઓની જીંદગીસાથે આ વનવાસ થોડીક બાબદમાં ખચીત કાંઇ મળતો આવેછે; માત્ર એટલોજ ભેદ કે હિંદુ મઠોમાં ખ્રિસ્તી જ્ઞાનિયોએ પસંદ કરેલા ગુફા અને શાંતિ સ્થળો કરતાં તન મન એ બંનેના સુખ માટે ઘણી વધારે સ્વચ્છ હવા જાણે પ્રસરેલી લાગેછે. દુનિયાં છોડી એકાંતપણે વનમાં જઈ વસવાનો વિચાર ખ્રિસ્તી સાધુઓને પ્રથમ બુદ્ધ જાત્રાળુઓ, કે જેઓ પોતે હિંદુસ્થાનના વનવાસી જ્ઞાનિયો અથવા વાનપ્રસ્થોથી પરંપરા ઉતરી આવેલા વંશજો હતા, તેમનાથી કેટલી હદસુધી સૂચવાયો હશે; બુદ્ધ ધર્મના વ્યવહાર અને ક્રિયાકર્મો તથા ખ્રિસ્તી રોમનકૅથૉલિક મતના વ્યવહાર અને ક્રિયાકર્મો (જેવાં કે મુંડણ, જપ-માળા, મઠ, જોગનગૃહ, પાપ પ્રકાશન (જોકે જાહેર), અને ધર્મગુરૂની બ્રહ્મચારી સ્થિતિ, એટલાજ માત્ર હું જણાવુંછું) વચ્ચે જે અજાયબ જેવું વિશેષ મળતાપણું દેખાયછે તેમાંના કેટલાંક સમકાળિક ઉત્તપત્તિના હશે કે નહિ—એ પ્રશ્ન એવોછે કેજેનો હજી ખાતરીપૂર્વક જવાબ આપી શકાતો નથી, પણ એ ખ્રિસ્તી સાધુઓસિવાય સુધરેલી પ્રજામાં માત્ર હિંદુઓજ એકલા હોય એવું જણાયછે, કે જેમને માલૂમ પડ્યું કે માનસની જીંદગીમાં એક વખત એવો આ-

વતો હતો, કે જ્યારે તેણે પોતાનાકરતાં વધારે જુવાન માનસને માટે જગ્યા કરવી, અને હાલની તથા. હવે પછીની હયાતી વિષેના મોટા સિધ્ધાંતોનું એકચિત્તથી મનન કરીને મરણ માટે તૈયાર થવું એ તેનમાટે સારૂંછે. જીવતર રચનાનાં આવાં ડહાપણની કદર બુજવા માટે આપણે ભુલવું જોઇતું નથી કે આ પણે યૂરપ નહિ પણ હિંદુસ્થાન વિષે બોલ્યે છિયે. હિંદુસ્થાનમાં જીંદગીની વેઠ બહુ હલકી હતી; ઘણી મેહનત વગર જે સઘળું જોઇયે તે ત્યાંની ભૂમીમાંથી મળતું હતું, અને ત્યાંની હવા એવી હતી કે વનમાં વસવું સંભવિત હતું એટલુંજ માત્ર નહિપણ આનંદકારક હતું. વનને માટે આર્યોએજ આપેલાં કેટલાંક નામોનો અસલ અર્થ આનંદ કે આશિર્વાદ એવો થાયછે. જ્યારે યૂરપ ખંડના દેશોમાં પ્રાચીન કાળના લોકો મહામેહનતે કાળગમન કરતા, અને **સેનેતસ** દાખલ મંડળીમાં તેમની પદવિ જાળવી રાખતા, એટલે વૃદ્ધ ગૃહસ્થોનું એક મંડળ, જેઓ ઉધરતાં વંશની ઉદાર પ્રેરણાને સીધે રસ્તે ચલાવતા, મધ્યમસર રાખતા, અને વળી કોઇ વેળા વિનાકારણે દાબી પણ દેતા હતા, ત્યારે હિંદુસ્થાનમાં વૃદ્ધ માનસો પોતે પિતા થયા પછી પોતાનાં છોકરાં માટે ખુશીથી જગ્યા કરતા, અને પોતાનો બાકીનો જન્મારો શાંતિ અને એકાંતમાં ગુજારવાનો યત્ન કરતા.

વનમાંની જીંદગી (આરણ્યવાસ.)

——oo——

આપણાકરતાં પેલા પ્રાચીન આર્યો ઓછા ડાહ્યા હતા એમ આપણે વિચારવું નહિ. આપણે જેટલું સારીપેઠે સમજયે છિયે તેટલું સારીપેઠે તેઓ પણ જાણતા હતા કે એક માનસ વનમાં વસે તે છતાં તેનું અંતઃકરણ કામ ક્રોધથી કાળું હોય; તેમજ વળી તેઓ આપણી પેઠે એમ પણ સારીપેઠે જાણતા હતા કે એક મા-

નસ પોતાનો જન્મારો જે વેળા બહુ ઉદ્યોગથી કામકાજમાં મચી રહીને કાઢતો હોય તે વેળા પણ તેનું અંતઃકરણ એક આશ્રમ પેરે શાંત હોય કે જયાં તે પોતે તેના સત્યતમ આત્મા સાથે સદા એકાંત હોય.

યાજ્ઞવલ્કયના કાયદા (૩, ૬૫) માં આપણે આ પ્રમાણે વાંચ્યે છિયે:

'સદ્‌ગુણનું કારણ મઠ નથી. સદ્‌ગુણ વર્તવાથીજ માત્ર સદ્‌ગુણ નિપજેછે. માટે જેથી પોતાને દુઃખ થતું હોય તે કોઇ માનસે બીજાને કરવું નહિં' એને એકમળતો વિચાર **મનુ**ના પુસ્તકના ૬. ૬૬ માં (સર. વુલ્યમ જોન્સનું ભાષાંતર) મળી આવેછે:

'ગમે તે વર્ગમાં મનુષ્યને મુકવામાં આવ્યો હોય, જો કે તે વર્ગની દ્રશ્ય ધર્મમુદ્રા તે રાખતો ન હોય, તોપણ તેણે સર્વ પ્રાણી તરફ સરખું મન રાખી પોતાનો ધર્મ પૂર્ણરીતે પાળવો. તેના વર્ગની દ્રશ્ય મુદ્રા કોઇપણ પ્રકારે તેના ધર્મ પાળવાનો અસરકારક ઉપાય નથી.'

મહાભારતમાં વારંવાર એજ વિચારો આવ્યા કરેછે:

'**હે ભારત**, પોતાઉપર અંકુશ ધરાવનાર માનસને વનની શી જરૂર અને નિરંકુશ માનસને વન શા ઉપયોગનું? કયાં પણ નિજ અંકુશ ધરાવનાર માનસ રહે તે વન છે, તે મઠ છે. એક જ્ઞાની, સારાં વસ્ત્ર પેહરી ઓઢીને કદાપિ પોતાનાં ઘરમાં પણ રહે, પણ તે જયાંસુધી જીવે ત્યાંસુધી જો સદા પવિત્ર અને પ્રેમથી ભરપુર માત્ર રહે તો સઘળાં દુષ્ટ કર્મોથી મોકળો થાયછે.

ત્રણ દંડ લઇ ફરવું, મુગા થઇ બેસવું, જટા રાખવી, માથું મુંડાવવું, ઝાડની છાલથી કે ચામડાંથી શરીર ઢાંકવું, બાધા પાળવી અને સ્નાન કરવું, અગ્નિહોત્ર યજ્ઞ કરવો, વનમાં વસવું, તથા શરીર તાવી નાંખવું, એ સઘળું, જો અંતઃકરણ સ્વચ્છ ન હોય તો મથ્યાં છે.'

આવા વિચાર વખત જતાં વધારે વધારે પ્રસરતા ચાલ્યા, અને બુદ્ધ ધર્મ, કે જેમાં બાહરનાં સર્વ કર્મો અને ચિન્હો કાંઇપણ માલ વિનાનાં ગણાતાં હતાં તેને જય પામવામાં નિશ્ચે એ વિચારોથી મદદ મળી હતી. **ધમ્મપદના** બુદ્ધમતના ૧૪૧-૧૪૨ સૂત્રોમાં આપણે આ પ્રમાણે વાંચ્યે છિયે :

'જે માનસે કામાદિ' ઇચ્છાને વશ કીધી ન હોય તેને નગ્નાવસ્થા, જટાભર્યા વાળ, ધૂળ, અપવાસ, ભોંયઉપર સુવું, ધૂળ શરીરે ચોળવી, કે સ્થિર હાલ્યા વગર બેસી રહેવું, એમાંનું કશુંએ પવિત્ર કરી શકશે નહિ.

'જો સારાં વસ્ત્ર પેહરીને પણ જે કોઇ શાંતિ રાખે, ચુપ રહે, મનમારેલો હોય, અંકુશ રાખનાર, નિયમી હોય, અને બીજાં સર્વ પ્રાણિયોમાં તે દોષ જોતો બંધ પડયો હોય, તે ખરેખર બ્રાહ્મણ, શ્રમણ, વૈરાગી, ભિક્ષુ છે.'

આ સઘળા વિચાર, જેમ આપણા મનમાંથી પસાર થાયછે તેમ હિંદુ ઋષિયો (વિચારક)નાં મનમાંથી ફરી ફરી પસાર થયા હતા, અને તેમનાં ધર્મનેલગતાં તથા વીરરસ કાવ્યમાં એ વિચાર સાદા અને સુંદર શબ્દોમાં દર્શાવ્યા હતા. **મહાભારતમાંથી** રાજા **જનક** અને **સુલભા** વચેની વિલક્ષણ વાતચીત મારે હિયાં માત્ર જણાવવી જોઇયે; કે જેમાં સુલભા એક મનમોહન નારીને વેશે રાજા જનકની ખાતરી કરી આપેછે કે એકીજ વેળાએ તે રાજા તથા જ્ઞાની થઇ શકે, અને વિશ્વમાં રહે તોપણ વિશ્વને લગતો ન હોય, એમ વિચારવામાં તે પોતાને ઠગેછે.

આ જનક તેજ **વિદેહનો** જનક રાજા છે કે જે આમ કેહવામાં કીર્તિ લેતો કે તેનું રાજધાની શેહર **મિથિલા** આગથી બળી જાય તોપણ તેનું પોતાનું તો કશુંએ બળે નહિ.

તોપણ પ્રાચીન કાળના બ્રાહ્મણો ખાતરીથી માનતા કે માનસ પોતાની જીંદગીનો પેહલો અને બીજો આશ્રમ પુરો કર્યા પછી, કેજ્યારે તે પચાસ વર્ષની વયે પોંહોંચતો——જે વયને આપણી

પ્રવૃતિને લીધે આપણે માનસની જીંદગીના સર્વથી સરસ કાળ કહિયે છિયે——તે વખતે ઘણું મોડું થયા પેહલાં વિસામો લેવાનો, તેની અંદર, પાછળ અને આગળ જોવાનો તેને અધિકાર હતો.

મનુષ્ય માત્રની જીંદગીની ખરી વૃદ્ધી, તેમાં થતો ખરો સુધારો, અને ખરી નેમ સંપાદન કરવામાં કાંઇ અટકાવ નાખવા અથવા વેગ આપવા આ બે માર્ગથી શા લાભ થયા તે વિષે ઐતિહાસિક વિવાદ ખુલાસા અર્થે ચલાવવો આ જગ્યાએ અઘટિત કેહેવાય. જે આપણને વિચિત્ર લાગે તેને ધિક્કારી કાઢવું અથવા જે પરિચિત હોય તેને શ્રેષ્ઠ કરી બેસાડવું, જેમ આપણેથી બની જવાનો સંભવ છે, તેમ માત્ર આપણે કરવું નહિ. ખચિત, આપણા વડવાઓએ બહુ અગત્યની સેવા બજાવેલી છે. પણ સંસારમાં તેમના અધિકાર અને સત્તા, તેમનાથી તરૂણ મનુષ્યોના અંતઃકરણમાંની સ્વતંત્ર અને લાગણીને અટકાવવા અને મંદ કરી નાંખવા માટે ઘણીક વેળા વાપરવામાં આવ્યાં છે. પેલી કેહેવત છે તે ખરી પણ હોય કે તરૂણ માનેછે કે વૃદ્ધ મૂર્ખ હશે અને વૃદ્ધ તો જાણેછેજ કે તરૂણ મૂર્ખ છે. પણ ઘણાક ધર્માધિકારી અને રાજ્યાધિકારીવિષે આ પ્રમાણે કેહવું શું તેટલુંજ યથાર્થ નથી કે તેમનાં મનની શકિત અને વિચારની નવિનતા જે પ્રમાણમાં ઘટેછે તેજ પ્રમાણમાં બરાબર તેમના અધિકારનું વજન અને સત્તા સુકર્મ કરતાં કુકર્મ માટે વધેછે? અને એટલું સ્મરણમાં રાખજો કે આ વનવાસ કાંઇ દેશનિકાળ ન હતો; એ એક અધિકાર ગણાતો અને જેણે સત્યનિષ્ઠાથી શિષ્યાશ્રમ તથા ગૃહસ્થાશ્રમના સર્વે ધર્મ પાળ્યા ન હોય, તેને એમાં દાખલ કરવામાં આવતો નહિ. મનુષ્યના અંતરના નિરંકુશ વિકારોને વશ કરવા માટે તે પ્રથમની કેળવણીને અવશ્ય ગણવામાં આવતી હતી. પૂર્વાશ્રમ અને પાત્રતાના આ વખતે, એટલે મનુષ્ય જીવતરના સર્વથી શ્રેષ્ઠ કાળે વિચાર અને કાર્યની બાબદમાં તેને ભાગ્યેજ છુટ હતી. જેમ શિષ્યને શિખવવામાં આવે તેમ તેને માનવું

પડે, તેમ તેને પ્રાર્થના કરવી પડે, તેમ તેને દેવતાને ભોગ આપવા પડે. વેદ તેનું ધર્મપુસ્તક હતું અને વેદની અપુરૂષેયં ઉત્પતિ એટલે પ્રકટિકરણ ગણાવાના દાવા ધર્મશાસ્ત્રનાં કોઈપણ ગ્રંથો જે મારા જાણ્યામાં આવ્યાછે તેના કરતાં હિંદુસ્થાનના પ્રતિપાદક ગ્રંથોમાં વધારે કાળજીથી અને ચોકસાઇથી સંભાળ્યામાં આવ્યાછે.

અને તોપણ એકાએક, જેવો કોઇ માનસ ત્રીજા આશ્રમમાં અથવા વનવાસમાં દાખલ થાય કે તરતજ તે આ સઘળાં બંધનમાંથી મોકળો થતો. થોડોક વખત સુધી તે બાહ્ય (દેખીતાં) ક્રિયા કર્મ કર્યો જાય, પોતાની પૂજા પ્રાર્થના કરે, તથા શિષ્યાવસ્થામાં જે ધર્મશાસ્ત્ર શિખ્યો હોય તેનું પુનરાવર્તણ કરે (ભણે) પણ ઉપનિષદ્માં જેવો-અમરાત્મા પ્રગટ કર્યામાં આવેલોછે તેવા આત્માનું મનન કરવા ઉપર પોતાનું ચિત્ત લગાડવાનો તેનો મુખ્ય હેતુ હતો. જેમ જેમ વનવાસમાં તેને પોતાનું ખરૂં ધામ મળતું, જેમ જેમ જે સઘળાંને પૂર્વે તે પોતાનું કરી કહેતો, પોતાના અહંતાનો ત્યાગ કરતો તથા જે સઘળું શારીરિક અને ક્ષણિક હતું તેને તજી દેતો અને પોતાનો સત્યાત્મા તેને અમરાત્મામાં મળ્યો જતો, તેમ તેમ નિયમ, વ્યવહાર અને જ્ઞાતિબંધનના તથા દંતકથા અને બહારથી પાળવામાં આવતા ધર્મ, એ સઘળાં બંધનો તેની આગળ છુટી જતા. હવે વેદ તેને મન માત્ર અપરાવિદ્યા થઈ જતા; યજ્ઞો વચમાં નડતી અડચણ સરખા ગણાતા; જુના દેવતા, અગ્નિ, ઇંદ્ર, મિત્ર, અને વરૂણ, વળી વિશ્વકર્મન્ અને પ્રજાપતિ સઘળા માત્ર ખાલી નામ પેરે અલોપ થઇ જતા. માત્ર **આત્મા** અને **બ્રહ્મ** તેની પાસે રહ્યા અને સર્વોત્તમ જ્ઞાન આ શબ્દોથી દર્શાવવામાં આવવા લાગ્યું, **તત્વમ-તે તું (છે)**; (એટલે) જયારે બીજું સઘળું, જે થોડોક વખત તારૂં હોય એમ લાગતું, તે અલોપ થઈ જાયછે ત્યારે તું પોતેજ તારો પોતાનો સત્યાત્મા છે, જેને કદી પણ તારી કનેથી લઈ શકાતો નથી; જયારે જે સઘળું પેદા થયલું હતું તે એક સ્વપ્નાપેરે ફરી અલોપ થઈ જાયછે, ત્યારે

તારો પોતાનો સત્યાત્મા નિરંતર આત્માને લગતો રહેછે; આત્મન્ એટલે તારા અંતરનો આત્મા ખરો બ્રહ્મન્* છે, કે જેનથી તું જન્મ

---

*આત્મન્ શબ્દને બદલે બ્રહ્મન્ શબ્દ મેં વાપર્યો નથી, કારણકે જો કે તેની પાછળનો અર્થ સ્પષ્ટ માલુમ પડેછે, તોપણ મારે કબુલ કરવું જોઇયે કે હજી સુધી તેના ખરા ધાતુની સ્પષ્ટ કલ્પના મારા મનમાં હું ઉપજાવી શકયો નથી. જેમ બીજા સઘળા માનસિક સંકલ્પની વ્યુત્પતિ માટે કાંઈ સ્પર્શ્ય વસ્તુ હોયછે તેમ બ્રહ્મન્ માટે પણ કોઈ હોવી જોઇયે, પણ તે વસ્તુ તે શું હતી કે જે ઉપરથી એ શબ્દ ઉત્પન્ન થયો હોય તેવિષે હજી મને બહુ શંકા રહેલી છે.

જે ધાતુઉપરથી બ્રહ્મન્ શબ્દ નિકળ્યો છે તે બૃ : અથવા વૃ : છે એવિષે થોડોજ શક છે. આ ધાતુના અર્થ જે દેશી વૈયાકરણીએ આપ્યા છે તે ઉભું કરવું, યત્ન કરવો, ઉગવું છે. આ ત્રણે શબ્દનો અર્થ એકમાં લાવી શકાય, એટલે કે ધક્કો મારવો, કે જે જો અકર્મક દાખલ વપરાય તો તેનો અર્થ ફુટીનિકળવું, ઉગવું, એવો થાય; જો સકર્મક દાખલ વપરાય તો ફુટીનિકળે એમ કરવું, ઉભું કરવું કરીને થાય.

પરંતુ આ અર્થો અને જે અર્થો સર્વથી પ્રાચીન ભાષ્યમાં આપ્યા છે તેમની વચે કાંઈ સંબંધ દેખાતો નથી. બ્રહ્મન્નો જે અર્થ **યાસ્ક** સમજાવે છે તે ખોરાક અથવા દ્રવ્ય છે. **સાયણ** આ અર્થો કબુલ રાખીને બીજા કેટલાક, જેવા કે મંત્ર, સ્તુતિમંત્ર, યજ્ઞ, વળી મહાન (બૃહત) તેમાં વધારે છે. (જુઓ ૧૮૬૮ માં નિકળેલાં હોગનાં Uber die ursprüngl ich Bedeutung des Wortes Brahma, પુસ્તકનું પૃ૦ ૪). પ્રોફેસર **રોથ** બ્રહ્મનો પ્રથમ અર્થ આ પ્રમાણે આપે છે:—દેવનું મનન કરતાં નિકળતા બુદ્ધિનાં વેગ અને પૂર્ણતા અને ઈશ્વરભક્તિવેળા દરેક પવિત્ર દર્શન, દેવતાનો યત્ન (૨) પવિત્ર વિધિ, (૩) પવિત્ર-શબ્દ, ઈશ્વર વાણી, પવિત્ર બુદ્ધિ, ઈશ્વરજ્ઞાનવિદ્યા, ઈશ્વરજ્ઞાન, (૫) પવિત્ર શુદ્ધતા (૬) ઈશ્વર જ્ઞાનનો સર્વોત્તમ હેતુ, નિરાકાર ઈશ્વર, પરબ્રહ્મ (૭) ધર્મગુરુ. એથી ઉલટું, **પ્રોફેસર હાગ** એવું ધારેછે કે બ્રહ્મન્નો પ્રથમ અર્થ એવો થતો હતો કે, કુશ ઘાસની બનાવેલી નાની ઝાડુ, કેજે યજ્ઞ કરતી વેળા આસપાસ એકના હાથમાંથી બીજાના હાથમાં આપવામાં આવેછે, જેને વળી વેદ, એટલે સાથે બાંધેલું, એક પુરી (પોટલી) પણ કહે છે. જેમ બેન્ફી પ્રો૦ હાગની આગળ કહી ગયોછે તેમ આ પ્રો૦ કહે છે કે એ ઝાડુ અથવા વેદ તે ઝંદ **બરેસ્મન** (બરસમ) જે હમેશ **ઈઝશને** ક્રિયા વેળા વપરાય છે તેજ છે, કેજે ક્રિયા વેદના સોમ-યજ્ઞની પ્રતિમાછે. તે ધારેછે કે બ્રહ્મન્, બરેસ્મનનો અસલ અર્થ પાલા અથવા ફણગા (લાતીન Virga) અને પાછળથી વૃદ્ધિ, આબાદી, કરીને થયા હશે. એક યજ્ઞની સફળતા મંત્રો અને પ્રાર્થના ઉપર આધાર રાખતી હતી, માટે એ મંત્ર અને પ્રાર્થના પણ બ્રહ્મન કહેવાયાં, યજ્ઞ બ્રહ્મન્ કહેવાયો, અને છેલે આ સફળતાને સઘળા પદાર્થના પ્રથમ કારણ દાખલ કલ્પવામાં આવી.

આ બંનેમાંનું એકે વ્યુત્પત્તિવૃતાંત મને કેવળ સંતોષકારક લાગતું નથી. બ્રહ્મન્ની વ્યુત્પત્તિ અને વૃદ્ધિ વિષે મારો અભિપ્રાય શો છે તે સમજાવવાનો યત્ન કર્યાવિના હું માત્ર એટલુંજ જણાવું છું કે બૃ : ધાતુનો એક ત્રીજો અર્થ, અવાજ કરવો, બોલવું, એવો થાય છે. વાચાનો સર્વથી સાધારણ અર્થ જે કાંઈ ફુટી અને ઉગી નિકળેછે એવો કલ્પવામાં આવ્યો હોય, ત્યારપછી જે પોતાની વૃદ્ધિ કરેછે એટલુંજ નહિ, પણ વળી તેના પદાર્થો, મુખ્ય કરીને દેવતા, કે જેમને શબ્દો મારફતે નામ આપવામાં અને વખાણવામાં આવે છે, તેમની પણ વૃદ્ધિ કરે એવો કલ્પવામાં આવ્યો હોય. આ પ્રમાણે વૃદ્ધિ થયલી ઠરાવતાં, હું માનું

અને મરણને લીધે થોડીક વાર વિખુટો પડયો હતો, પણ જેવો તું તેને પાછો જઈ મળેછે તેવોજ તે તારો પાછો સ્વિકાર કરેછે.

સમાપ્તિ.

જે લાંબા પ્રવાસનો ઠેઠ મૂળ સુધીનો માર્ગ વર્ણવવાનું આપણે માથે ઉઠાવ્યું હતું તેનો હિયાં અંત આવ્યો. હિયાં પેલો અનંત જે જેમ પરદાપાછળ કાંઇ દેખાય, તેમ પહાડો અને નદિયોમાં, સૂર્ય અને આકાશમાં, અમર્યાદ ઉષામાં, આકાશ–પિતામાં, સર્વ પદાર્થના કર્ત્તા વિશ્વકર્મન્‌માં, સર્વ જીવંત પ્રાણિયોના પતિ પ્રજાપતિમાં જણાયો હતો, તે અંતે જે સર્વથી શ્રેષ્ઠ અને સર્વથી પવિત્ર રૂપાંતરને હિંદુ બુદ્ધિ પોંહોચવાને શક્તિમાન્ થઇ, તેમાં જણાયો. તેઓ પૂછતા કે આપણે તેને વર્ણવવાને અથવા સમજવાને શું શક્તિમાન્ છિયે? તેઓ જવાબ દેતા કે ના, નહિ; જે કાંઇ આપણે તેને વિષે કહી શકુયે તે માત્ર **નહિ, નહિ** છે! તે આ નથી; તે પેલું નથી; તે કર્ત્તા **નથી**, પિતા નથી, આકાશ કે સૂર્ય નથી, નદિ કે

છું કે વૃ: ધાતુ ઉપરથી લાતિન વર્બ-અમ અને ગૉથિક વારડ, એ શબ્દો આપણને મળ્યા છે. (જુઓ Ascoli in Kuhn's Zeitschrift XVII, ૩૩૪). બૃ: તથા બ્રહ્મના મૂળ અર્થનું જ્ઞાન હિંદુઓએ કેટલું રાખ્યું હોય તે કેહવું કઠણ છે, પણ તેઓ એકજ દેવના પર્યાય (Synonym) દાખલ બૃહસ–પતિ અને વાચસ–પતિને કેમ વાપરે છે તે જાણવા જોગ છે. બૃહદારણ્યક, ૧, ૩, ૨૦ માં વાક એટલે વાચા, બૃહતિ (કે બૃ:) અને બ્રહ્મન સાથે એકમળતો છે તે સ્પષ્ટ દેખાય છે. વૃ: ધાતુના ઉગવાના અર્થ ઉપરથી સંસ્કૃત બરહિસ એટલે ફણગા, ઘાસ, ઘાસની પુરી અને લાતિન Virga આપણને મળ્યા છે. વળી લાતિન Verbenae, એટલે fetiales લોકો જે પવિત્ર ડાળીઓ સાથે લઈ ફરેછે તે તથા કદાચ Verbera પણ એજ ધાતુ ઉપરથી નિકળ્યા હોય. બ્રહ્મન્‌ના અન્ય અર્થો જેવાકે શબ્દ, સ્તુતિભજન, પ્રાર્થના, અને યજ્ઞની ઉત્પત્તિ દેખાડવાનો યત્ન કર્યા વિના હું સાથે સાથે એટલીજ સંભાળ માત્ર લઈશ કે બ્રહ્મન્ શબ્દમાં એક જાતનો Logos (શબ્દ) છે એવો વિચાર નહિ આવે. જો કે છેલે બ્રહ્મન્‌નો અર્થ સૃષ્ટિનું કારણ એવો થાયછે, અને વારંવાર સવામત્ત આત્મા સાથે એકમળતો દર્શાવવામાં આવ્યો છે, તોપણ એની વૃદ્ધિ એલેકઝાન્દ્રિયન Logos ની વૃદ્ધિથી જુદા પ્રકારની હતી અને ઇતિહાસ પ્રમાણે ગમે તે રીતે જોતાં વિચારના આ બંને પ્રવાહ કેવળ જુદા છે.

પહાડ નથી. જેને આપણે તેને વિષે કહ્યુંછે તે તે નથી. આપણે તેને સમજી શકતા કે નામ આપી શકતા નથી, તોપણ તે આપણને જણાયછે; તેને જાણવાને આપણે શક્તિમાન્ નથી, તોપણ તેની આપણે કલ્પના કરી શકયે છિયે; અને જો એકાદવેળા તે આપણને જડ્યો તો તે આપણાથી છટકી જવાનો નથી. આપણે ઠરીઠામ પડીશુ, મુક્ત થૈશું, સુખી થૈશું. મોત તેમનો છુટકારો કરે તે આગળનાં થોડાંક વર્ષ તેઓ ધીરજથી વાટજોતા. તેઓ પોતાના ઘડપણના દહાડા લંબાવવાને કશુંએ કરતા નહિ, પરંતુ, પોતાની હયાતીનો અંત પોતાને હાથે લાવી મુકવામાં તેઓ ખોટું સમજતા*. તેમને મન આ પૃથ્વીઉપર જે જીંદગી નિરંતર હતી તેને તેઓ પોહોંચ્યા હતા, અને તેઓને ખાતરીભરેલું લાગતું કે જે નિરંતર આત્મા તેમને જડ્યો છે, તેનાથી કોઇપણ નવો જન્મ કે મરણ તેમને ફરી જુદા પાડી શકશે નહિ.

અને તોપણ આત્માનો ક્ષય થશે એમ તેઓ માનતા નહિ. જે સંવાદમાં આત્માવિષેનું જ્ઞાન સંપાદન કરતો ઇંદ્રને દર્શાવ્યો હતો તે સંવાદ તમે સંભારો. પેહલાંતો ઇંદ્ર પાણીમાંના પડછાયામાં આત્મા છે, એમ માનેછે; ત્યારપછી સ્વપ્ન જોતીવેળા પ્રાણ તે આત્મા છે એમ માનેછે; વળતી, ભરનિદ્રામાં હોય ત્યારે પ્રાણ તે આત્માછે એમ માનેછે, પણ ત્યારેપણ તે અસંતોશી થઇને બોલેછે: 'ના, આમ હોય નહિ, કારણકે તે, એટલે ઉંઘનાર, પોતાનેજ (પોતાના આત્માને) જાણતો નથી કે તે તે હુંજ છું, તેમજ જે કાંઇ હયાત છે તે તે જાણતો નથી. તેનો કેવળ નાશ થયોછે. આમાં હુ કાંઇ સાર જોતો નથી.'

પણ તેનો શિક્ષક શો ઉત્તર વાળેછે? આ દેહ મૃત્ય છે અને સદા મોતને હાથ છે, પણ આત્મા જે અમર અને દેહરહિત છે તેનું

---

* મનુ ૬, ૪૫ ૮. મરવાની ઇચ્છા તેણે રાખવી નહિ; જીવવાની ઇચ્છા તેણે રાખવી નહિ. જેમ એક ભાડુતી મજુર પોતાની મજુરોની આશા રાખે તેમ તેણે નીમેલા વખતમાટે આશા રાખવી.

એ રહેઠાણ છે. જ્યારે આત્મા ઉપાધિમાં અથવા દેહસ્થ હોયછે (જ્યારે આ દેહ તે હું, અને હું તે આ દેહ છે એમ વિચારવામાં આવે) ત્યારે તે સુખ અને દુઃખને વશ હોયછે. જ્યાં સુધી તે આ પ્રમાણે દેહવાન્ હોયછે ત્યાં સુધી સુખ અને દુઃખથી તે મોકળો થઈ શકતો નથી. પણ જયારે આત્મા દેહથી જુદો પડેછે (જ્યારે દેહથી તે પોતાને જુદો સમજે) ત્યારે તેને સુખ અને દુઃખ વધારેવાર લાગી શકે નહિ, તોય આ આત્મા, શાંત જીવ, અથવા પુરૂશોત્તમ મરણ પામતો નથી, તે મીત્ર પાછો પોતાની શુદ્ધિમાં આવેછે, પોતે જન્મ લીધેલા દેહને કદિયે સંભાર્યાવિના તે માત્ર એક સાક્ષી દ્રષ્ટિ દાખલ બહુ આનંદીય થાયછે, હસેછે તથા રમેછે.

આંખનો તે આત્મા છે, આંખ પોતે તો માત્ર એક સાધનછે; જે બોલેછે, સાંભળેછે, વિચારેછે તે આત્મા છે; જીભ, કાન, મન એતો માત્ર સાધન છે. મન તેની દૈવિક દ્રષ્ટિ છે, અને એક દૈવિક દ્રષ્ટિથી જે કાંઇ મનમોહન છે તે જોઇ આત્મા આનંદ માનેછે.

હિયાં આપણે જોઇયેછિયે કે વનમાં વસનાર હિંદુઓના ધર્મ અથવા તત્વજ્ઞાને જે છેલા તથા શ્રેષ્ઠસ્થળે પોહોંચવાની નેમ રાખી હતી તે ખચિત ક્ષયનેમાટે નહિ. ખરો આત્મા પોતાને પાછો મળ્યા પછી તે અચળ રહેનાર હતો.'જેવા આપણે દેખાતા હતા તેવા દેખાતા બંધ પડયા; જેવા આપણે પોતાને હોતા જાણ્યે છિયે તેવા આપણે થઇયે છિયે. જો રાજાના બાળકને એક નાતબહાર પુરૂષના પુત્ર દાખલ જાહેર કરવામાં આવે અને ઉછેરવામાં આવે, તો તે બાળક એક નાતબહાર માનસ છે. પણ તે કોણ છે તેવિષે જે પળે કોઇ મિત્ર તેને જણાવે, કે તેજ પળે પોતે રાજકુવર છે એટલુંજ માત્ર તે જાણેછે, એમ નહિ, પણ તે રાજકુવર થાયછે અને તેના પિતા પાછળ રાજગાદીએ આવેછે. આપણે માટે પણ એમજ છે. આપણે જેવા દેખાઇયે છિયે તેવાજ રહિયે છિયે, પણ જયારે કોઇ દયાળુ મિત્ર આપણે ખરેખુર કોણ છિયે તેવિષે આપણી કને આવી કહેછે, ત્યારે આપણે આંખના એક ચમકારામાં બદલાઇ જઇયે છિયે; (જેમ પેલો તરૂણ

કુવર તેના પિતાને ઓળખવાથી પોતે રાજા થયો તેમજ) આપણે આપણા આત્મરૂપમાં દેખાઇયે છિયે.

ધર્મ વિષયક વિચારનાં રૂપ.

—oo—

હિંયા એક ધર્મને સર્વથી સાદી અને બાળબુદ્ધિ સરખી લાગતી પ્રાર્થનાથી વધતો જતો સર્વથી ચઢતા પ્રકારની મીંમાંસાસુધી હળવે હળવે ગયલો આપણે જોયોછે. વેદના મંત્રોના મોટા ભાગમાં આપણને વેદધર્મની બાળ્યાવસ્થા જણાય; બ્રાહ્મણમાં તથા તેઓના સંસ્કાર, સંસાર, અને નિતિસંબંધી નિયમમાં ગૃહ્યસૂત્ર, ઉદ્યોગી તરૂણાવસ્થા જણાય; અને ઉપનિષદ્‌માં વૃદ્ધાવસ્થા જણાય. હિંદુઓએ, પોતાની બુદ્ધિની ઐતિહાસિક વૃદ્ધિ સાથે જેવા તેઓ બ્રાહ્મણ ગ્રંથોને પૂર્ણ હાલતમાં લાવી શકયા, તેવાજ જો માત્ર બાળિશ પ્રાર્થનાઓને તજી દીધી હોત, તથા યજ્ઞોનો ખાલી ગર્વ અને પ્રાચીન દેવતાનાં ખરાં લક્ષણ એકવાર તેમના જાણવામાં આવ્યા પછી જો ઉપનિષદ્‌ના વધારે શ્રેષ્ઠ ધર્મને એમને બદલે ચલાવ્યો હોત, તો આપણને સારી પેઠે સમજવાને બની આવત. પણ આમ બન્યું ન હતું. જે દરેક ધર્મ વિષયક વિચાર હિંદુસ્થાનમાં એકવાર શબ્દોથી પ્રગટ કરી શકાયો, તથા એકવાર પવિત્ર વારસા દાખલ ઉતરતો આવ્યો તે સાચવી રાખવામાં આવ્યો, અને હિંદુપ્રજાની બાળ્યાવસ્થા, તરૂણાવસ્થા અને વૃદ્ધાવસ્થા એ ત્રણ ઐતિહાસિક કાળના વિચાર, મનુષ્ય માત્રની જીંદગીની ત્રણ અવસ્થામાં સદા કામે લગાડવામાં આવતા હતા. માત્ર આ પ્રમાણેજ આપણે સમજાવી શકયે કે એકજ ધર્મશાસ્ત્ર, એટલે વેદમાં ધર્મ વિચારનાં ભિન્ન પ્રકારનાં રૂપો હોય, એટલુંજ નહિ, પણ જેને આપણે એકેકથી ઘણુંકરી કેવળ વિરૂદ્ધ મત કહિયે તેઓ પણ હોઈ શકે. વેદનાં સાદાં મંત્રોમાં જેઓ દેવતા છે તેઓ, જ્યારે બ્રાહ્મણમાં સઘળાં જીવંત પ્રાણિયોના ધણી

દાખલ પ્રજાપતિને દાખલ કરવામાં આવ્યો, ત્યારે જેને આપણે દેવતા કહિયે તેવા છે; અને જેમ ઉપનિષદ્‌માં છે તેમ જયારે બ્રહ્મને સર્વ વસ્તુના કારણદાખલ જાણવામાં આવ્યો તથા મનુષ્યાત્મા અમરાત્માની માત્ર એક ચીંણગારી જેટલોછે એમ માલમ પડયું, ત્યારે તેઓ દેવતા ગણાતા સમૂળા બંધ પડયા. '

સેંકડોજ નહિ પણ હજારો વર્ષ થયાં આ પ્રાચીન ધર્મ નીભી રહ્યોછે. અને જો કદી તેણેં પોતાંની સત્તા થોડોક વખતસુધી ખોહી દીધી હોય, તો તે પાછી પણ મેળવેલીછે. જુદા કાળ અને જુદા પ્રસંગને એ ધર્મ અનુસરી ટકી રહ્યોછે, અને ઘણાંક વિચિત્ર અને કઢંગાં તત્વો એમાં પ્રવેશ કરી બેઠાંછે. પણ આજદિવસસુધી હજી એવાં બ્રાહ્મણ કૂળ છે, કે જેઓ પોતાની જીંદગી શ્રુતિ, એટલે પ્રાચીન વેદનાં 'પ્રકટિકરણના સત્વ પ્રમાણે, અને સ્મૃતિના નિયમ, એટલે તેમની પરંપરા ઉતરતી આવેલી કથાના નિયમ પ્રમાણે, જેટલી બની શકે એટલી સારી રીતે ગુજારે છે.

હજી પણ એવાં બ્રાહ્મણ કૂળછે, કે જેમાં જયારે પુત્ર પ્રાચીન મંત્રો મોહડે શિખેછે, પિતા નિત્ય પોતાની ધર્મક્રિયા તથા યજ્ઞો કરેછે, ત્યારે પિતામહ (દાદો) ગામમાં વસવા છતાં, સર્વ ક્રિયા કર્મ તથા યજ્ઞ સૌ મિથ્યા સમજેછે; વળી, તે જાણેછે કે વેદના દેવતા પણ કંઇજ નહિ પણ સઘળાં નામની હદ બાહેર જે કાંઇછે (જેમને નામ આપી ન શકાય) તેનાં માત્ર નામ છે, અને માત્ર સર્વોત્તમ જ્ઞાનમાંજ તે શાંતિ શોધેછે, જે જ્ઞાન તેને મન હવે સર્વથી શ્રેષ્ઠ ધર્મ થયોછે, અને એ ધર્મ તે જે વેદાંત કહેવાયછે, એટલે જેમાં આખા વેદનો હેતુ અને સકલ ગુણ ફળ આવેછે, તે છે.

આ ત્રણે વંશ સલાહ સંપજથી સાથે રહેવા શિખ્યાછે. પિતામહ વધારે સુજ્ઞ હોવા છતાં પોતાના પુત્ર કે પૌત્રતરફ ધિક્કારથી જોતા નથી, અને તેઓ ઢોંગ કરેછે એવો સંશય તે જરી લાવતોજ નથી. તે જાણેછે કે તેમની મુક્તિનો વખત આવશે, અને એ વાતની તેઓ આગળથી ચિંતા કરે એવું તે ઇ-

ચ્છતો નથી. તેમજ પુત્ર, જોકે પોતાના ધર્મની પદ્ધતિના બંધનમાં મજબુત બંધાયલોછે, અને પ્રાચીન સંસ્કારકર્મના નાનામાં નાના નિયમ અંતિ સંભાળથી પાળેછે, તોપણ પોતાના પિતાવિષે અઘટિત શબ્દો ઓચરતો નથી. તે જાણેછે કે મારો પિતા વધારે સાંકડા (શ્રમવાળા) માર્ગમાં થઇ આવ્યોછે, અને તેથી મારે તેની સ્વતંત્ર સ્થિતિ તથા વધારે મોકળા અને છુટા વિચાર માટે બડબડવું ન જોઇયે.

હિંશા પણ, જે ઘણીક શિક્ષા ધર્મના ઐતિહાસિક વિદ્યાભ્યાસથી આપણને મળેછે, તેમાંની શું આ એક નથી?

જ્યારે આપણે જોઇયે છિયે કે હિંદુસ્થાનમાં જેઓ અતિપ્રાચીન કાળમાં અગ્નિની પૂજા કરતા તેઓ વરસાદ આપનાર ઈંદ્રની પૂજા કરનારાસાથે અકેકની પડોસમાં કેવી રીતે રેહુતા હતા; જ્યારે આપણે જોઇયેછિયે કે જેઓ સર્વ જીવંત પ્રાણીના એક પતિ પ્રજાપતિની આરાધના કરતા, તેઓ એટલામાટે જે બીજા લોકો હજી નાના દેવતાને ભોગ આપતા તેમની તરફ તુચ્છકાર ન દેખાડતા; જ્યારે આપણે જોઇયેછિયે કે જે લોકો એવું શિખ્યા હતા કે દેવતા માત્ર એક અને સર્વોત્તમ આત્માનું નામછે અને એટલામાટે જે દેવતાની તેઓએ પૂર્વે પ્રાર્થના કરી હતી તેમને માટે ઉભી કીધેલી વેદીને ભાંજી નાખતા ન હતા કે તેમના નામોને શાપ દેતા ન હતા; ત્યારે, જોકે વેદકાળના પ્રાચીન હિંદુઓ જેટલા રૂડા, ડાહ્યા તથા જ્ઞાની હતા અથવા કદી થઇ શકુતે તેમના કરતાં આપણે કેટલીક બાબદમાં બહુ વધારે રૂડા, ડાહ્યા તથા જ્ઞાની હઇશું, તોપણ તેમનાથી શું આપણને કશુંએ શિખવાનું નથી?

હું કાંઇ એમ કેહવા માગતો નથી કે આપણે બ્રાહ્મણોનો દાખલો તાબેદારીથી પકડી ચાલવું જોઇયે, અને જીંદગીના એક પછી એક આવતા ચાર આશ્રમ તથા ધર્મની એક પછી એક ચડતી પંકતી નવેસરથી દાખલકરવાનો યત્ન કરવોજોઇયે. આ અર્વાચીન કાળમાં આપણી જીંદગી એવા કઠણ અંકુશ તળે રેહે

નહિ. થોડોક વખત માત્ર અનુષ્ઠાની (Ritualist) દાખલ રહેવાને અને ત્યાર પછીજ સત્યધર્મિ થવાને કોઈપણ કબુલ કરે નહિ. હિંદુસ્થાનમાં જેટલી એકસરખી કેળવણી હતી તેટલી આપણી નથી, અને અર્વાચીન મંડળીનું મોટામાં મોટું અભિમાન જે દરેક માનસનાં સ્વતંત્રપણાંનો નિયમ છે, તે જે પ્રકારના ધર્મસંબંધી નિયમ હિંદુસ્થાને તેના પ્રાચીન નિયમશાસ્ત્રિયોના હાથથી કબુલ કર્યા હતા, તેવા નિયમ આપણેમાટે કેવળ અસંભવિત છે. હિંદુસ્થાનમાં પણ આપણે તો નિયમવિષેજ જાણયે છિયે, પણ એ નિયમોને અનુસરીને કેમ ચાલવામાં આવતું હતું તેવિષે આપણે જાણતા નથી; વળી ઇતિહાસ આપણને શિખવેછે કે હિંદુસ્થાનમાં પણ પ્રાચીન બ્રાહ્મણોના કાયદાની પીડાકારી બેડી છેલે સરવાલે તોડવામાં આવી હતી, કાંકે આમ કેહવામાં આપણને કશો શક નથી કે બુદ્ધ મત દરેક માનસની સ્વતંત્રતાનો હક જણાવનાર છે અને મુખ્ય કરીને મંડળીના બંધનથી નિકળી ચઢતીસ્થિતિએ પોહોંચવાનો અધિકાર જણાવનાર, જાણેકે, વનવાસ કરવાનો અને જ્યારે પણ ધર્મ સંબંધી સ્વતંત્રતા મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થાય ત્યારે એવી પૂર્ણ સ્વતંત્રતા ભરી જીંદગી ગુજારવાનો અધિકાર જણાવનાર છે, એમ આપણને સમજવાનું છે. અસલ મતના (Orthodox) બ્રાહ્મણો બુદ્ધના શિષ્યો સામે જે એક મુખ્ય દોષ આણતા તે એ હતો કે તેઓ 'બહાર જતા' (પ્રવ્રજ્), કે નિમેલા વખત પેહલાં અને કથા વિદ્યા તથા સંસ્કાર કર્મમાં પુરતા વખતસુધી પ્રથમ કેળવણીના નિયમો જાળવ્યાવિના વિધિના બંધથી છુટા થતા. પણ હિંદુસ્થાનના પ્રાચીન આર્યોની સંકલ્પિક જીંદગીની આપણને નકલ કરવાની જોકે ગરજ નથી, તથા જોકે અર્વાચીન કાળની જીંદગીની હાલત જોતાં જ્યારે આપણે આ જીંદગીની વેઠથી કંટાળી ગયા હોઇયે ત્યારે વનમાં એકાંતવાસ કરવાનું આપણાથી બને નહિ એવુંછે, એટલુંજ નહિ પણ વળી આપણા સંસાર મંડળની સ્થિતિમાં માનસનેમાટે, લોકના બોલવા પ્રમાણે, કેટલીક વખત 'ખાંધે જુસરી સાથે મરવું'

માન ભરેલુંછે, તોપણ હિંદુસ્થાનના પ્રાચીન વનવાસિયો ઉપરથી હજી કાંઈ શિક્ષા લેઇયે; એ શિક્ષા મંદ નિરપેક્ષાની નહિ પણ ભરવસ્તીમાં રહેતાં જેવી જીંદગી આપણને ગુજારવી પડે તેને બાહરથી, અંદરથી, તેમજ ઉપરની બાજુથી તપાસવાવિષેની શિક્ષા છે; તથા ધર્મભેદ સાંખીરહેવાની, મનુષ્યમાત્રનેમાટે સમ્ભાવ ધરાવવાની, સંસ્કૃતમાં જેને દયા કેહતા અને અંગ્રજીમાં જેને આપણે પ્રીતિ કહિયે છિયે, તો જોકે એ પવિત્ર શબ્દના અગાધ ઉંડા અર્થનું આપણને કદાચજ ભાન થાયછે, તે વિષેની શિક્ષા છે. જો આપણે વનમાં નહિં, ને ભરવસ્તીના ચોકમાં રહેતા હોઇયે, તોપણ આપણા પડોસીસાથે એકમળતા થવા કે જુદા પડવાને લીધે તથા આપણી ખાતરજમા કરનાર ધર્મસંબંધી મતને લીધે જે લોકો આપણને ધિક્કારતા હોય તેમને ચાહવા શિખ્યે, અથવા કંઇ નહિતો જેમનાં મત, આશા, ભય તથા વળી નીતિના તત્વો પણ આપણાથી જુદાં પડતાં હોય તેમની પાછળ મંડી તેમને હેરાન કરવા તથા ધિક્કારવાનું છોડી દેતાં શિખ્યે એમ કરવું એ પણ વનવાસ છે, એક ખરા વનવાસી-ઋષિને લાયકની તથા જે માનસ મનુષ્ય શુંછે તે જાણેછે, અને પેલા અમર અને અનંતની હજુરમાં ચુપકીદી રાખવા શિખ્યો છે, તેને લાયકની જીંદગી છે.

બેશક, મનની આવી સ્થિતિને કંઈને કંઇ નામે ધિક્કારી કાઢવું સેહલું છે. કેટલાકો એને અલ્પબુદ્ધિની નિરપેક્ષા કહેછે, ત્યારે બીજા કહેછે કે જુદા જુદા આશ્રમ, એટલે આપણી જીંદગીની બાળ્યાવસ્થા, તરૂણાવસ્થા અને વૃદ્ધાવસ્થાની જુદી જુદી પંક્તીમાટે જુદા ધર્મ-ભેદ રાખવા એ અપ્રમાણિક છે; તથા આપણી મંડળીના વિદ્વાન અને અભણ વર્ગોમાટે એવા ભેદ ચાલવા દેવા એ તેથી પણ વધારે અપ્રમાણિક છે.

પણ આપણી આસપાસ અને આપણા અંતરમાં જેવીછે તેવા ખરેખરી બાબદો, હમણાં છે અને સદા હોવી

જોઇયે એવી ખરેખરી બાબદોતરફ જરા નજર કરયે. **બિશપ બર્કલે** અથવા વળી **ન્યુટનનો** ધર્મ, શું એક ખેડુત છોકરાના ધર્મ જેવોજ હતો? કેટલીક બાબદમાં હા, હતો; સઘળી બાબદમાં ન હતો. જે લોકોને, મુખ્યકરીને આ ઇંગ્લાંન્ડના લોકોને, હજી ખબર ન હોય કે ધર્મસાથે, વળી ધર્મના જીવ પ્રાણસાથે, કેળવણીને કાંઇ લાગતું વળગતું છે તો ખચિત **મેથ્યુ આરનૉલ્ડે** ફોકટ વાદ કર્યા એમ સમજવું. **બિશપ બર્કલેએ** ઠોઠમાં ઠોઠ અને અભણમાં અભણ ખેડુત છોકરા સાથે એકજ ઠેકાણે પ્રાર્થના કરવા ના પાડી નહોત, પણ 'ઇશ્વર, તે પિતા, ઇશ્વર તે પુત્ર, ઇશ્વર તે પવિત્ર આત્મા' એવા શબ્દોવિષે એ મહાનવિદ્વાન જે વિચાર ધરાવતો તે ખચિત તેની પાસેના ખેડુત છોકરાના વિચારથી એટલા જુદા હતા, કે એકનાએકજ શબ્દોથી દર્શાવેલા કોઇ બે વિચાર એથી વધારે જુદા ન હોય.

અને આપણે માત્ર બીજાઓવિષેજ નહિ પણ આપણે પોતાનેવિષે પણ વિચાર કર્યે. મંડળીના જુદા જુદા પ્રકારવિષેજ નહિ પણ આપણી બાળ્યાવસ્થાથી તે વૃદ્ધાવસ્થાસુધીના પ્રવાસમાં જે જુદી જુદી સ્થિતિમાંથી આપણે પસાર થઇયે છિયે તેવિષે વિચાર કર્યે. એવો કોણ છે કે જે પોતાના અંતઃકરણને અનુસરીને એમ કહી શકે કે બાળ્યાવસ્થામાં જેવો ધર્મ હું પાળતો હતો તેવોજ ધર્મ હું તરૂણાવસ્થામાં પણ પાળુંછું, અથવા તરૂણાવસ્થામાં જેવો ધર્મ હું પાળતો તેવોજ વૃદ્ધાવસ્થામાં પણ પાળુંછું! આપણે પોતાને હાથે એમ ઠગાવું કે સર્વથી પૂર્ણ આસ્થા તે બાળકપેરે રાખેલી આસ્થા છે, એ સેહલું છે. એના કરતાં બીજું વધારે સાચું કશું હોય નહિ; અને જેમ જેમ આપણે વૃદ્ધ થતા જઇયે તેમ તેમ બાળકપેરે આસ્થા રાખવાનાં ડહાપણની સમજ આપણે વધારે વધારે શિખતા જઇયે છિયે. પણ એમ કરતાં શિખવા પેહલાં આપણને એક બીજી શિક્ષા લેવાની છે તે એકે આપણી બાળિશ રીતભાત છોડી દેવી. અસ્ત પામતા અને ઉગતા સૂર્યનો એકજ પ્રકારનો ઝળકાટ છે; પણ એ બંને વચ્ચે એક આખી દુનિયાં, આખી પથ્વી ઉપરનો આખા આકાશમાંથી થતો પ્રવાસ અંતર રહે છે.

એટલામાટે દરેક (માનસની) જીદંગીની જુદી જુદી પંક્તીમાં તથા મંડળીની જુદી જુદી પદવિમાં ધર્મના આ મોટા મતભેદ છે કે નહિ એ પ્રશ્ન નથી, પણ પ્રશ્નનો એ છે કે પ્રાચીન કાળના બ્રાહ્મણોએ જેમ ખરી વાત પિછાની લીધી હતી, તેમ આપણે પણ નિષ્કપટપણે પિછાનિયે, અને એ પ્રમાણે જે શબ્દોનો ધર્મમાં આપણે ઉપયોગ કરિયે છિયે તેજ શબ્દો, જોકે બહુ જુદા અર્થમાં, જેઓ વાપરે તેઓ વચેજ માત્ર નહિ પણ વળી જેઓ તે શબ્દો વાવરતા ન હોય તેમના વચે પણ આપણો પક્ષ નક્કી કરવાનો યત્ન કરવો કે નહિ? પણ ત્યારે આ પ્રશ્ન કરવામાં આવેછે કે ઇશ્વરને માટે તેજ શબ્દો આપણે વાપર્યે કેનહિ વાપર્યે અને તેનેમાટે એક કે અનેક નામ વાપર્યે એ સઘળું શું ખરેખર વિસાતવગરનું છે? શું **અગ્નિ** નામ **પ્રજાપતિ** જેટલુંજ સારૂંછે, શું **જેહોવા** જેવોજ **બાઅલ** છે. અથવા **ઓરમઝદ** જેવોજ **અલ્લાહુ** છે? ઇશ્વરના ખરેખરા ગુણોથી આપણે ગમે એવા અજ્ઞાન હોઇયે, તોય કંઇજ નહિતો શું થોડાક ગુણ એવા નથી કે જે કેવળ ખોટા છે એમ આપણે જાણ્યે છિયે! ઇશ્વરને યોગ્ય રીતે કેમ પૂજવો તેવિષે આપણે ગમે એવા અશક્ત દેખાતા હોઇયે, તોપણ પૂજાની ચોક્સ રૂઢીવિષે શું આપણે એમ નથી જાણતા કે તેમને રદ કરવી જોઇયે?

આ પ્રશ્નોના કેટલાક ઉત્તર છે, જે ઉત્તર દરેક જણ જોકે સ્વિકારવાને તૈયાર થશે, તોય દરેક જણ તેમનો અર્થ પૂર્ણપણે સજવાને શક્તિમાન્ ન થાયઃ—'ખરે મને એમ જણાયછે કે ઇશ્વર માનસનું કાંઇયે મોં રાખતો નથી; પણ દરેક પ્રજામાં જે કોઇ તેનો ડર રાખી ચાલે છે તથા સદાચારથી વર્તેછે તેનો ઇશ્વર સ્વિકાર કરેછે'.

'જે દરેક જણ પતિ, પતિ કરીને મને કહેછે તે સઘળાજ સ્વર્ગસ્થાનમાં દાખલ થઇ શકશે નહિં; પણ મારો પિતા જે સ્વર્ગમાં છે તેની ઇચ્છા પ્રમાણે જે ચાલશે તે (સ્વર્ગે જશે)' (સેન્ટ મેથ્યુ ૭, ૨૧)

પણ આવી સાબીતીથી જો ખાતરી ન થાય તો એક ઉપમા કે જે ઇશ્વરને લાગુપાડવામાં આવેલીછે અને જેથી જેમ આપણી પૂર્વેબીજાઓને તેમ

આપણને ઘણીક અડચણો મટાડવાને કોઇ પણ બીજી ઉપમા કરતાં વધારે સારીરીતે સહાયતા મળીછે, તે આપણે તપાસી જોઇયે. ઈશ્વરને પિતાપેરે અને મનુષ્યોને, સર્વ મનુષ્યોને, તેનાં બાળકપેરે સમજો. જ્યારે એક બાળક પોતાના પિતાને કોઇ નામે બોલાવવાનો પ્રથમ વેળા યત્ન કરે ત્યારે તે બાળક તેને કોઇ વિશેષ (ખાસ) અને ભાગ્યેજ સમજી શકાય એવે નામે બોલાવે તો પિતા શું તે નામની પરવા કરવાનો છે? જો આપણે જાણીયે કે આપણા બાળકનો બહુ ધીમો અને તોતડો બોબડો ઉચ્ચાર આપણે માટે છે તો શું આપણે તે ભારે હરખથી માન્ય કરતા નથી? એવુ કોઇ નામ અથવા ખેતાબ છે, પછી તે ગમે એવું મહાન અને માનપૂવક હોય, કે જે આપણને પેલા બાળકના ઉચ્ચારકરતાં વધારે સાંભળવા ગમે!

અને જો એક બાળક આપણને એક નામે અને બીજું બીજે નામે બોલાવે, તો શું આપણે તેમને દોષ દઇયે છિયે? શુ આપણે એકસરખાપણું રાખવાની તેમને જરૂર પાડયે છિયે? તેથી ઉલટું દરેક બાળકને પોતપોતાની વિશેષ બાળિશ રીતે આપણને બોલાવતાં સાંભળવું શું આપણને ગમતું નથી?

આટલું તો નામવિષે થયું. પણ વિચારવિષે શું સમજવું? જ્યારે બાળકો વિચાર કરવા અને માતપિતા વિષે પોતપોતાની કલ્પના મનમાં ઉપજાવવા માંડેછે, ત્યારે જો તેઓ એમ માને કે તેમનાં માબાપ કાંઈપણ કરવાને, કાંઈ પણ આપવાને, આકાશમાંથી તારા પણ લાવી આપવાને શક્તિમાન્ છે, તથા તેમની નાના પ્રકારની પીડા ટાળવાને, તેમના નાના વાંક માફ કરવાને શક્તિમાન છે, તો કોઇ પિતા એવા વિચારમાટે કાંઇએ દરકાર કરેછે? તે શું સઘળી વેળા તેમની ચૂક સુધારે છે? જો બાળકો પોતાના પિતાને વળી બહુ કરડો પણ ધારે, તો તે પિતા શું તેથી રીસે ભરાયછે? જો પોતાની માતાને બાળકો તે જેટલી ખરેખરી હોય તેના કરતાં વધારે દયાળુ, વધારે લાડ લડાવતી, ખરે જાણે તેને સ્રીકરતાં બાળકી વધારે સમજે, તો તે માતા શું તેથી નારાજી થાયછે? ખરું, કે નાનાં

બાળક પોતાના માબાપનો હેતુ સમજી શકે નહિ, તથા વળી તેમની મતલબ પામી શકે નહી; પણ જ્યાંસુધી તેઓ પોતાનાં માબાપઉપર પોતાની વિશેષ બાળિશ રીતે વિશ્વાસ તથા હેત રાખેછે, ત્યાંસુધી આપણે બીજું શું માગ્યે છિયે? અને પૂજાકર્મની બાબદમાં, એક બળદનો ભોગ આપી તે અમરને રાજી કરવાનો વિચાર જ ખરેખર આપણને ત્રાસજનક લાગેછે. પણ એવી કોઈ માતા હશે કે જેને તેનું બાળક પોતાના મોંમાનો સ્વાદિષ્ટ કોળિયો (બુક) કાઢીઆપે, અને વળી કદાચ ગમેતેવે ખરડેલ હાથે કાઢીઆપે તો તે લેવાને નાપાડે?—પછી જોનારને મન તે ગમે એવું કુવડ લાગે. વળી જો તે બુક તે કદી ખાય નહિ તોપણ મેં ખાધો તથા તે મને બહુ ભાવ્યો એવું બાળકને મનાવવા શું ઇચ્છવાની નહિં? ના, આપણાં બાળકની સમજની ભુલથી આયામેમતાનાં ખોટાં નામ, ખોટા વિચાર કે ખોટાં કામ નિપજે; પણ જ્યાં સુધી તેમનું અંતઃકરણ સ્વચ્છ અને નિષ્કપટ હોયછે, ત્યાંસુધી તે ખોટાં છે તેની આપણે દરકાર કરતા નથી.

બાળકોમાં, નાનાં બાળકોમાં પણ, જે ચીજવિષે આપણે ફિકર રાખ્યેછિયે તે જે શબ્દોના અર્થ તેઓ પૂર્ણરીતે સમજે નહિ તે વાપરવાવિષે છે; જે સઘળું કેહવાની તેમની મતલબ ન હોય તેવા શબ્દો બોલવાવિષે છે; અને એ સર્વઉપરાંત એકબીજામાટે કડવાં વચન ઓચરવાવિષે છે. આ સઘળું માત્ર ઉપમા દાખલ ચાલી શકે, કેમકે આપણે સઘળા જાણ્યે છિયે કે બાળકો પોતાના માબાપથી જે અંતરને લીધે જુદાં છે તે અંતરસાથે સરખાવતાં જે અંતર આપણને ઇશ્વરથી છુટાં પાડેછે તે ન્યુનપરિમાણ છે. એ અંતરના વિસ્તારવિષે આપણે ગમે એવા તર્ક કર્યે તે ઓછા. પણ તેવિષે આપણને કાંઈક સમજ આવ્યાપછી, અને માત્ર સમજ આવ્યા પછીજ, હું માનું છું કે ઇશ્વરસાથના આપણા સંબંધમાટે અને બીજા ભવની આપણી આશામાટે આપણે હમણાં જેવા છિયે એવાજ રેહેવાના જેટલા યત્ન કર્યુરીં તેટલા ઓછા, આપણે આપણા

આત્માતરફ જેટલા સાત્વિક રહિયે તેટલા ઓછા, આપણા વિચારમાં જેટલા બાળકસમાન રહિયે તેટલા ઓછા, જેટલા મનુષ્ય-વૃતિવાન્ અથવા જેને હાલ માનુષ કરી કેહેછે તેવા ગમેએટલા રહિયે તેટલા ઓછા. આપણાથી બનીઆવતી, સઘળી રીતે આપણે ભલે જાણ્યે કે ઇશ્વરની આકૃતિનું પ્રતિબિંબ પાડવાને માટે મનુષ્ય સ્વભાવ બહુ અપૂર્ણ (આદર્શ) આરસી છે, પણ એ આરસીના કાળા કાચને ભાંજીનાંખવાને બદલે ઉલટું આપણાથી બનીશકે એટલો તેને ચળકતો રાખવાનો યત્ન કરવોજોઇયે. એ આરસી ગમે એવી અપૂર્ણ છે, પણ આપણા અર્થસારૂ એ સર્વથીપૂર્ણ છે, અને થોડોક વખતસુધી તેનાઉપર આપણે વિશ્વાસ રાખ્યે તે કાંઈ બહુ ખોટું છે એમ નહિ સમજવું.

અને જ્યાંસુધી આપણે સંભવવિષેજ માત્ર બોલ્યે ત્યાંસુધી આપણે યાદરાખવું કે જે સ્વરૂપ અને સંભવીતગુણ આપણે તે અદ્રશ્ય અને અજ્ઞાતને કલ્પવામાં વાપરિયે છિયે તે, જેને આપણે આપણી અશકિત તથા અલ્પદ્રષ્ટિ કરી કહિયે છિયે તે સઘળાંછતાં ખરાં હોય એ કેવળ બનવાજોગ અને સમજીશકાય એવું છે. પ્રાચીન બ્રાહ્મણો માનતા કે મનુષ્યનું અંતઃકરણ ભવિષ્ય સ્થિતિને જેવી પૂર્ણ કે અપૂર્ણ કલ્પે અને ઇચ્છે તેવી થાય. એમ માનવું એ તેમને મન તેમના ધર્મને અનુસરતુંજ હતું. તેઓ વિચારતા કે જેમની સઘળી ઇચ્છાજ સંસારી વસ્તુઓઉપર અટકેલીછે તેઓ સંસારી વસ્તુજ પામશે ; જેમનાં અંતઃકરણ વધારે ઊચ અને વિચાર વધારે ઊચ ઈચ્છાભણી પ્રેરાય તેઓ એ પ્રમાણે વધારે ઊચ અવતાર પોતાના મનમાં ઉભો કરશે.

પણ વળી જો આપણને એવો વિચાર પકડીબેસવો પડે કે જે સ્વરૂપ અને સંભવિત ગુણ આપણે અદ્રશ્ય અને અજ્ઞાતવિષે કલ્પ્યે છિયે, તેજ નહિ પણ વળી, આ પૃથ્વીઉપર જેમ એક વેળા આપણો મેળાપ થયોછે તેમ આપણો ફરી મેળાપ થાય એ વિચારવિષે આપણે પોતે મનમાં જે આશા ઉપજાવ્યેછિયે તે આશા પણ સઘળી રીતે બરાબર પૂર્ણ થાય એવું નથી, તોપણ એમ કોણ સિ-

ઇ કરી શકશે કે નિર્બળ મનુષ્યબુદ્ધિ આ આશા પારપડવાવિષે જે યોજના મનમાં લાવેછે અને તેવિષે જે ઇચ્છા રાખેછે તેના કરતાં તે આશા ખરેખરી ઓછી પારપડશે ?

જે કાંઈ છે તે આપણે અર્થે શ્રેષ્ઠ નિપજશે એવો વિશ્વાસ આસ્થાથી મળેછે, જે આસ્થા સત્ય છે, કારણકે તે અનિવાર્ય છે. ઘણેક ઠેકાણે અને ઘણાક ધર્મોમાં આપણને એ આસ્થાનાં ચિન્હો દેખાયછે, પણ જુની અને નવી તોરાત (Testaments)માં જેવી સરળ તથા સુદ્રઢ ભાષામાં એ આસ્થા દર્શાવીછે તેથી વધારે સરળ અને સુદ્રઢ બીજે કહિંએ દર્શાવવામાં આવી હોય તેવિષે મને સંશય છે.

હે પરમેશ્વર ! વિશ્વના ઉત્પતિકાળથી તારાસિવાય માનસે પોતાનેમાટે જેની તે વાટ જોઇ બેઠો છે તેણે 'જે તૈયાર કર્યું છે તે કાને સાંભળ્યું નથી કે આંખે જોયું નથી'. (ઈસાયાહ ૬૪, ૪)

'પણ જેમ શાસ્ત્રમાં લખી ગયાછે તેમ જે લોક ઈશ્વરઉપર પ્રીતિ રાખેછે તેમનેમાટે તેણે જે જે સઘળું તૈયાર કરી રાખ્યું છે તે તેઓએ નથી આંખે જોયું કે કાને સાંભળ્યું, તેમજ મનુષ્યના અંતઃકરણમાં પણ તે દાખલ થયું નથી' (કારીનથિયન.)

તમારે ગમેતેવા યત્ન કરો, પણ જે માનસ ઉત્તમ શક્તિ સમજી શકશે તે માનસજ. માત્ર એકજ પગલું આગળ ભરી તે એની પેલીમેર જાય અને કહે કે જે કાંઈ પેલીમેર છે તે જુદું હોય, પણ હાલનાકરતાં ઓછું પૂર્ણ હોય નહિ ; કે ભૂતકાળકરતાં ભવિષ્ય વધારેખરાબ હોય નહિ, માનસ અતિ દોષદ્રષ્ટિ(pessimism) ધરાવતો આવ્યોછે, પણ કોઇ દિવસે પણ ભાગ્યેજ કેવળ દોષદ્રષ્ટિ (pejorism) તેણે વાપરી હોય ; અને પ્રસારણ (Evolution) નામનું પેલું અતિદોષપામેલું શાસ્ત્ર, જો આપણને કાંઇએ શિખવતું હોય, તો તે એજ કે વધારે સારાં ભવિષ્યવિષે તથા જે વધારે ચઢિયાતી સંપૂર્ણતાએ પોંહોચવાની માનસની સરજત છે તે ખાતરીથી માનવા શિખવેછે.

જો ઇશ્વર કદીએ આપણીઆગળ પ્રગટ થવાનોજ હશે તો

તે આપણાં પોતાનાં મનુષ્યરૂપમાં સર્વથી સરસરીતે પ્રગટી નિકળશે. દૈવિક સ્થિતિથી ગમેએટલી દૂર મનુષ્યસ્થિતિ હોય, તોય સૃષ્ટિવિશે માનસકરતાં બીજું કશુંએ ઇશ્વરનીજોડે વધારે નિકટ સંબંધ ધરાવતું નથી, માનસ કરતાં બીજું કશુંએ વધારે ઇશ્વર સરખું નથી. અને જેમ માનસ બાળ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થાસુધી વધતા જાયછે, તેમ ઇશ્વરવિષેની કલ્પના પણ આપણા પાળણા (જન્મ)થી તે ઘોર (મરણ)સુધી, એક આશ્રમથી બીજા આશ્રમસુધી, એક સંસ્કારથી બીજા સંસ્કારસુધી, વધવી જોઇયે. જેમ દહાડે દહાડે આપણે મોટા થતા ચાલચે અને જીવ્યે, તેમ આપણીસાથે જે ધર્મ વધવાને અને જીવવાને અશકત છે, તે ત્યાર આગળનો મરણ પામેલો સમજવો. ચોક્કસ અને બદલાયનહિ એવી એકાકારતા એ પ્રમાણિકપણા તથા સત્તા (હયાતી)નું ચિન્હ હોવાને બદલે ઉલટું સદા અપ્રમાણિકપણા તથા મૃત્યનું ચિન્હ છે. ડાહ્યા અને મૂર્ખવચ્ચે, વૃદ્ધ અને તરૂણવચ્ચે દરેક ધર્મ જો મિત્રતાની એક ગાંઠ થવાની હોય તો તે લવચિક હોવો જોઇયે, જાણે ઉંચો, ઉંડો, અને પોહાળો હોવો જોઇયે; સઘળું સહન કરતો, સઘળું માનતો, સઘળાંની આશા રાખતો, સઘળું વેઠીજતો જોઇયે. ધર્મ જેટલો વધારે એવો હોય તેટલો તેમાં દમ વધારે હોય. તથા તે સ્વીકારવાથી તેટલું વધારે બળ અને તેટલી વધારે ઉંફ આપણને મળશે.

બીજા કોઈપણ ધર્મ સ્થાપનારાઓનાં ધર્મમતકરતાં ઇસાના ધર્મમતે દુનિયાંના સર્વથી સરસ ભાગને વશકરીલીધો છે તે માત્ર એજ કારણને લીધે, કે પ્રથમમાં તેમાં એવા પ્રકારના ઉત્તમ સત્યેનાં વચન સમાયલાં હતાં કે જેવિષે યાહુદી સુથાર, રૂમી કલાલ તથા યુનાની તત્વજ્ઞાની કાંઇએ અપ્રમાણીકપણાં વિના એકમત થઇ શકે.

ઘણા પૂર્વ કાળથીજ આપણા ધર્મની બાહરની (દ્રશ્ય) મૂદ્રા તથા વાણીને જાણે સંકડાવી નાંખવા તથા જડ કરી મુકવાના અને વિશ્વાસ તથા પ્રીતિને ઠેકાણે સાંકડા મનના ધર્મ-મત ચલાવવાના યત્ન થયા હતા, તેથી જે લોકો ખ્રિસ્તિ પંથના સર્વથી...

રક્ષણકર્ત્તા થઇપડયા હોત તેમને તે જ્યાર ત્યાર ઓહો ઓહો, અને ઇસુખ્રિસ્તના ધર્મ, જેનો બીજા સઘળા ગુણોમાં વિશ્વમય પ્રીતિ તથા દયાથી ભરપુર થવાનો જે અસલ હેતુહતો તેવો થતો લગભગ સઘળો બંધ પડયોછે.

ગતાવલોકન.

જે માર્ગે આપણે સાથે પ્રવાસ કરીઆવ્યા છિયે, અને જે જુને માર્ગે આપણા આર્ય પૂર્વજો, જેઓ સપ્તસિંધુવાળી ભૂમીમાં આવીવસ્યા હતા, કે જે વાત આજ કદાચ થોડાંક હજાર વર્ષથી વધારે પ્રાચીન કાળની ન હોય, તેઓ અનંત, અદ્રશ્ય અને દૈવિકપાછળના પોતાના શોધમાં પ્રવાસ કરી વળ્યા હતા, તે માર્ગઉપર ફરી એક વાર પાછાફરી નજર કરિયે.

જેમ ધારવામાં આવ્યું હતું તેમ તેઓએ પદાર્થ-પૂજાથી ઇશ્વર ભક્તિનો આરંભ કર્યો નહુતો. પદાર્થ-પૂજા પાછળા કાળની છે જે વેળા તે ઉભી થવાનો સંભવ રહેછે; હિંદુસ્થાનમાં ધર્મ, વિષયક વિચારના સર્વથી પૂર્વકાળના લેખોમાં તેનું કશુંએ ચિન્હ દેખાતું નથી, એટલુંજ નહિં, પણ આપણે આગળ વધીને કહીશકયે કે તેનેમાટે કશી જગ્યાજ નથી; ગ્રૅનિટ પથ્થર બનવા પછી કે તેના બનવા પૂર્વે માટી-ચૂના(lias) ની જેટલી થોડી ગરજ હોય તેટલી ધર્મ બનવા પેહેલાં પદાર્થ-પૂજાની ગરજ જાણવી.

વળી તેમનાં ધર્મપુસ્તકોમાં પણ પ્રથમ પ્રકટિકરણ (મૌલિકશ્રૃતિ) થી સાધારણ રીતે જે કાંઇ સમજવામાં આવેછે તેને મળતું કાંઇએ હોય તેનાં કશાં ચિન્હ આપણને જણાતાં નથી. સઘળું સ્વાભાવિક છે, સઘળું સમજીશકાય એવું છે, અને માત્ર એજ અર્થમાં તેને ખરેખરં પ્રકટ કરવામાં આવેલું કહિયે તો ચાલે. ઇંદ્રિ અને બુદ્ધિથી અલગ્ એક છુટી ધર્મવિષયક પ્રેરણાશક્તિ કબુલ રાખવાની આપણે કાંઇ-

એ ગરજ જોતા નથી, અને જો વળી કદી આપણે એમ કરવા ઇચ્છયું હોત, તોય આપણા સામેવાળિયા, જેઓ, જેમ બીજે ઠેકાણે તેમ હિંયાં પણ આપણા સર્વથીસરસ મિત્રો થઇપડેછે, તેઓ તેમ કરવા દેત નહિ. ધર્મ તે એક ધર્મવિષયક બુદ્ધિ, અથવા બુદ્ધિ-શક્તિ (faculty) થી ઉભો થયોછે એવું સમજાવવું, તે એક સારીરીતે જાણેલી વસ્તુને માત્ર થોડીજાણેલી વસ્તુ મારફતે સમજાવ્યા જેવું થાય. ખરેખરી ધર્મવિષયક બુદ્ધિ અથવા ધર્મ-વેગ છે તે અનંતને સમજવાની શકિત છે. માટે આપણે પોતે જે માગ્યેછિયે, અને જે વિષે કોઇપણ વિરૂદ્ધ મતવાદિ વાંધો ઉઠાવી નહિ શકે તે—એટલે આપણી ઇંદ્રિ અને બુદ્ધિ—અથવા બીજા શબ્દોમાં બોલ્યે તો એમ કે ઇંદ્રિયોમાં જણાતી ગ્રહણ કરવાની આપણી શકિત, અને શબ્દોમાં જણાતી આપણી સમજવાની શક્તિ, તેસિવાય કાંઇએ વધારે મુદ્દાની વાત પ્રાચીન આર્યોમાટે આપણે માગી નથી. મનુષ્યપાસે એ કરતાં વિશેષ કાંઇએ નથી, અને વિશેષ છે એમ વિચાર્યાથી તેને કશો લાભ થતો નથી. તોયપણ આપણે જોઇગયા કે આપણી ઇંદ્રિયો જે વેળા અંતવંત વસ્તુઓનું જ્ઞાન આપણને કરાવે છે, તેજ વેળા તેઓ જાથુક જે કાંઇ અંતવાન્ નથી, અથવા કાંઇ નહિતો જે હજી અંતવાન્ થયું નથી, તેના સંબંધમાં આવ્યા કરેછે; કે ખરૂં જોતાં એ ઇંદ્રિયોનો મુખ્ય હેતુ એ છે કે અનંતમાંથી અંતવાન્‌ને, અદ્રશ્યમાંથી દ્રશ્યને, લૌકિકમાંથી અલૌકિકને, અને જે સૃષ્ટિ હજી રચનાદર્શક નથી તેમાંથી દર્શક દુનિયાંને ઉપજાવી, લંબાવી, ઘડીકહાડવી.

અનંતજોડેના ઈંદ્રિયોના આ જાથુકના સંબંધથી ધર્મવિષેની કલ્પનાને પ્રથમ વેગ મળ્યો; પ્રથમ કાંઈ સંશય ઉભોથયો કે જે કાંઇ ઇંદ્રિયો ગ્રહણ કરીશકે, તથા જે કાંઇ આપણી બુદ્ધિ અને વાચાશક્તિ પકડી શકે, તેની પેલીમેર કાંઇ હયાત છે.

સઘળા ધર્મનું ઉંડાંમાં ઉંડું મૂળ હિંયાં હતું, અને સર્વની આગળ, પદાર્થ-પૂજા આગળ જેનો ખુલાસો કરવો ઘટેછે તે ખુલાસો પણ એજ હતો. અંતવંત ઇંદ્રિયજ્ઞ પદાર્થોના જ્ઞાનથી માનસ કાં નહિ સંતોશ પામ્યો

હોય ; તેના મનમાં કદી પણ એવી કલ્પના કેમ દાખલ થવા પામી કે દુનિયાંમાં જે કાંઇ તે સ્પર્શથી જાણી શકે, સાંભળી અથવા જોઇશકે, તેસિવાય બીજું કાંઈ છે અથવા હોઈ શકે?—પછી તેને તમારે ગમે તો શકિત, આત્મા અથવા દેવતા કહો.

વેદવિદ્યાના ખંડેરમાં ખોદકામ ચલાવતાં જ્યારે આપણે પેલા નક્કર ખડકઆગળ આવી પોહોંચ્યા, ત્યારે આપણે ખોદવાનું કામ એટલામાટેજ ચાલુ રાખ્યું કે તે ખડકઉપર ઉભાકરેલા સર્વથી પ્રાચીન સ્તંભો માંહેના સઘળા નહિતો કેટલાક પણ આપણને હજી મળી આવેછે કે નહિ, તથા હિંદુસ્થાનના ધર્મના પાછલા વખતનાં દેવાલયોને જે ઘૂમટ અને આરકાંથી ટેકો મળ્યોહુતો તે છુટાંપાડીશકાયછે કે નહિ, તે જોવું.

અંતવાનની પેલીમેર કાંઇ છે, એ કલ્પના માનસના મનમાં એકવાર પેઠાપછી, તેને ગ્રહણકરવા અને તેને નામઆપવાના યત્ન કરતાં વિશ્વમાં સઘળે ઠેકાણે, પ્રથમ અર્ધ સ્પર્શ્ય, ત્યારપછી અસ્પર્શ્ય, અને છેલે અદ્રશ્ય પદાર્થોમાં હિંદુએ તેને કેવી રીતે શોધ્યો એ આપણે જોયુંછે.

એક અર્ધ-સ્પર્શ્ય પદાર્થનું ગ્રહણ કરતાં માનસની ઈંદ્રિયો જાણે તેને કેહતા કે તે પદાર્થ તેના કબજામાં થોડોકજ આવી શકે છે:—તોપણ તે હિંયાં છે એમતો તેને લાગતું. એક અસ્પર્શ્ય, અને છેલે એક અદ્રશ્ય પદાર્થનુ ગ્રહણ કરતીવેળા તેની ઇંદ્રિયો તેને કેહતી કે તે પદાર્થ તેના કબજામાં ભાગ્યેજ આવેછે, અથવા સમૂળો આવતો નથી:—અને તોય તે હિંયા છે એમતા તેને લાગતું.

આ પ્રમાણે, અર્ધસ્પર્શ્ય, અસ્પર્શ્ય અને અદ્રશ્ય પદાર્થોથી વસાયલી એક નવી દુનિયાં ઉત્પન્ન થઇ, કે જે સઘળા પદાર્થો એવી કોઈ અમુક શક્તિ દર્શાવતા કે જેમને મનુષ્યની શક્તિસાથે સરખાવી શકાય, અને એ મનુષ્ય શક્તિનાં જે નામ હતાં તે નામ તેમને પણ આપી શકાય. આ નામોમાંહેનાં કેટલાંક નામ, પેલા એક કરતાં વધારે અદ્રશ્ય પદાર્થોને લગાડવામાં આવ્યાં હતાં; ખરેખર તે નામ

સામાન્ય સંજ્ઞા થઇ પડયાં, જેમકે **અસુર**, જીવતી વસ્તુ, **દેવ**, પ્રકાશિત આત્મા, **દેવ અસુર** જીવતા દેવતા, **અમર્ત્ય**, અમરાત્મા, જેવિષે આપણે ગ્રીક **થોઑઇ આથોનેતોઇ**થી, ઇતાલિયન **દીઆઈ ઇમ્મૉરતેલસ**થી, અને પ્રાચીન જર્મન અમુર દેવતાથી બહુ સારીપેઠે જાણયેછિયે.

વળી આપણે જોયું કે બીજાં કલ્પાંતરો, જોકે ખરાંજ ધર્મવિષયક છે અને માનસથી ઘણામાં ઘણી માનસિક કલ્પના જેટલી ઉપજાવીશકાય એટલાં માનસિક આપણને લાગેછે, તોપણ સઘળાં માનસિક કલ્પાંતરોપેઠે, તેમને ઇંદ્રિયજ્ઞ છાપ ઉપરથી કેવી રીતે નિપજાવી કાઢયાં, અનુમાન કરી ઉપજાવ્યાં, અને ઉત્પન્ન કર્યાં—એજ ક્રિયા મારફતે નિયમ, સદ્ગુણ, અનંતતા અને અમરતાની કલ્પના પણ નિકળી હશે. મોંતસાથે મનુષ્ય પોતાની સાવધ સ્થિતિમાં જ્યારે પ્રથમ સંબંધમાં આવ્યો ત્યારે તેના મનઉપર જે અસર થઈ હતી તેજ માત્ર દેખાડવાને, તથા વળી જે કલ્પનાને આપણે હાલ શ્રદ્ધા અને શ્રૃતિને નામે સમજયેછિયે તે કલ્પનાઓની ધીમી પણ અનિવાર્ય વૃદ્ધિ તપાસવાને જો મારા હાથમાં બીજાં થોડાંક વધારે ભાષણો કરવાનાં હોત, તો હું બહુ ખુશી થાત.

ગમે તેટલું આ વાતથી ઉલટું કહેવામાં આવ્યું હોય, તોય એમ જણાય છે કે હિંદુસ્થાનમાં પણ વળી જેમને મોંતે થોડોક વખત આપણાથી જુદા પાડયા હતા તેઓવિષેનાં વિચાર અને લાગણીથી ધર્મના ઘણા પૂર્વકાળનાં અને ઘણા અગત્યનાં કેટલાંક તત્વો ઉત્પન્ન થયાં હતાં, અને આપણા ભવિષ્યના અવતાર તથા ફરીના મેળાપવિષે જે તર્ક અને આશા પોતાની સત્યતાવિષે પોતાનાં અનિવાર્યપણાંથીજ જેમ હજી આપણી ખાતરી કરી આપે છે, તેમ આપણી જ્ઞાતિના વડીલોની ખાતરીકીધીહતી, તે તર્ક અને આશાઉપરથી શ્રદ્ધાને પણ પ્રથમ ટેકો મળ્યો હતો.

છેલે, એક કેવળ સ્વાભાવિક અને સમજપડે એવી રીતથી

અકેકા છુટા શ્રેષ્ઠ આત્મા અથવા દેવતાઉપરની આસ્થા—ઈશ્ટેશ્વર-મત કેમ થયો; જે બીજા દેવતા હવે વધારે વાર શ્રેષ્ઠ રહ્યા ન હતા તેમની ઉપર પ્રમુખ **એક** ઇશ્વરની આસ્થા—અનેકેશ્વર મત કેમ થયો; અથવા બીજા દેવતા હોય એવો સંભવજ મૂળમાં કાઢી નાંખીને એક ઇશ્વર ઉપરની આસ્થા——એકેશ્વરમત કેમ થયો—તે આપણે જોયું છે.

તથા વળી, આપણે જોયું કે સઘળા પ્રાચીન દેવતા માત્ર ખાલી નામ હતાં એમ જણાઈ આવ્યું. પણ જો કે આ શોધ, કેટલીક બાબદમાં નિરીશ્વરમત અને કોઈ પ્રકારના બુદ્ધમત તરફ આપણને લઈ ગયો, તોય બીજી બાબદમાં એ એક નવા આરંભ ભણી લેઇ ગયો, અને જે એક આત્મા દરેક વસ્તુનો આત્મા છે, તથા જે આપણી ઇંદ્રિયોથી ગ્રહણ થાય એવા સઘળા અંતવંત પદાર્થોની પેલીમેર અને હેઠળજ માત્ર નથી, પણ વળી આપણા પોતાના અંતવાન્ અહંકારની (Ego) પેલીમેર અને હેઠળ છે, તેવિષે, એટલે પરમાત્માઉપરની એક નવી આસ્થાભણી આપણને દોરી ગયો.

હિંદુસ્થાનમાં જે સઘળાં મંદીર પાછળા વખતમાં પૂજા અને યજ્ઞ અર્થે ઉભાં કરવામાં આવ્યાં હતાં તે મંદીરો જે નક્કર ખડક ઉપર ટેકો લઈ ઉભાંછે તે ખડકનું સર્વથી હેઠળનું પડ આપણે ખાણીને ખુલ્લું મુકવામાંજ હાલતરત સંતોશપામી આપણું ખોદકામ આપણને બંધ કરવુંપડયું.

હિંદુસ્થાનનાં સર્વથી પ્રાચીન મંદીરોનીચે જેવા પાયા આપણને મળ્યાછે તેવાજ મનુષ્યને હાથે ઉભાં થયલાં સઘળાં મંદીરોના પાયા પણ હોવા જોઇયે એમ વિચારવા સામે મેં તમને ફરી ફરીથી ચેતવવાને યથાર્થ વિચાર્યું હતું. સમાપ્ત કરતાં, મારે ફરી એક વધારેવાર તમને એવિષે ચેતવવા જોઇયે.

ખરેખર, તે નક્કર ખડક, એટલે મનુષ્યનું અંતઃકરણ, સઘળે ઠેકાણે જેનોતેજ હોવો જોઇયે; તથા વળી કેટલાક સ્તંભ તથા પ્રાચીન ઘૂંમટ પણ જે સઘળે ઠેકાણે ધર્મ, શ્રદ્ધા કે પૂજા છે, ત્યાં જેના તેજ હોય,

પણ એની હદબાહેર આપણે જવું નહિ, ગમે તેમ હોય પણ હ- મણા તો નહિંજ જવું જોઇયે. મને આશા છે કે એક વખત એવો આવશે કે જ્યારે મનુષ્ય ધર્મનો સર્વથીપેહેલાંનો વિસ્તાર આવજાવ માટે વધારે અને વધારે સેહેલો કરવામાં આવશે. મને વિશ્વાસ છે કે આ ભાષણો આરંભવાનો જે મને મોટો અધિકાર મ- ળ્યોછે, તે એ કામને માટે ભવિષ્યમાં મારા કરતાં વધારે પ્રવિણ અને વધારે દ્રઢપણે શ્રમ ખેંચી કામ કરનારા ઉભા કરશે; અને ધર્મવિદ્યા, જે હમણા તો માત્ર એક મનેચ્છાજેવી તથા એક બીજસરખી છે, તે વખત જતાં એ ઇચ્છાનું સફળ કાર્ય તથા એ બીજમાંથી ઉત્પન્ન થયલા પુશ્કળ પાક સરખી થશે.

જ્યારે એ પાક ઉતારવાનો વખત આવશે, કે જે વેળા દુનિયાંના સઘળા ધર્મના ઉંડામાં ઉંડા પાયા ખુલા કરીને તેમની અસલ જ- ગ્યાએ પાછા જોડવવામાં આવશે, ત્યારે કોણ જાણેછે કે તેજ પાયા, ભોયરાંપેઠે અથવા આપણાં પ્રાચીન કાળનાં દેવલોનીચેની મુડદાં દાટવાની ગુફાપેઠે, ગમે તે ધર્મનાં હોયાછતાં, જે લોકોની આ પૃથ્વી ઉપર આજના વખતનાં વિધિસ્થાપિત યજ્ઞો, પ્રાર્થના અને ધર્મકથનવિશે સરજત લખાઇછે, તેમાં જે કાંઈ તેમને મળી શકે તેકરતાં કાંઇ વધારે- સારૂં, વધારેસ્વચ્છ, વધારે પ્રાચીન તથા વધારેસત્ય મેળવવાને જેઓ અતિ- આતુર હોય, તેમને એક આશ્રય સ્થળપેરે ફરી એકવાર કામ આવે; તથા કેટલાંક લોકો જે બાળકને છાજતી વસ્તુ, જેને તમારે જોઇયે તો વંશાવળી, દંતકથા, ચમત્કાર (મોજેજા) કે આકાશવાણી કહો, તે છોડી દેવાનું શિખ્યાં છે, તોપણ પોતાના અંતઃકરણની બાળકપેરની શ્રદ્ધાથી છુટાપડી શકતા નથી, તેમને પણ કામ આવે.

હિંદુના મંદીરમાં, બુદ્ધના વિહારમાં, મુસલમાનની મસજી- દમાં, યાહુદીના સિનગાગમાં અને ખ્રિસ્તિ લોકના દેવલમાં જેની પૂજા થતી હોય તથા જેઉપરથી ધર્મોપદેશ થતા હોય તેનો મોટો ભાગ જોકે પાછળ મુકી દેવામાં આવે, તોય દરેક ધર્મવાળો પેલી શાંત

ગુફામાં, જે તેને મન બહુ કિમતી વસ્તુ હોય, જે તેને મન મુલવાન મોતી—તે ભલે સાથે લેતા આવે.

હિંદુ (બ્રાહ્મણ), જેને આ જન્મવિષે સ્વાભાવિક અવિશ્વાસ છે, અને જેને બીજા ભવવિષે નિશ્શંક આસ્થા છે, તે પોતાની આસ્થા સાથે લેતો આવે.

બુદ્ધ મતવાળા એક આનાથંત નિયમવિષે તેને જે ઇન્દ્રિયજ્ઞાન થાયછે તે; એ નિયમને અનુસરતી વર્તણુક, અને તેની શાંતવૃત્તિ લેતો આવે.

મુસલમાન જો કાંઈ નહિ તો તેનો મહાભાવ સાથે લેતો આવે:

યાહુદી, જે એકઇશ્વરને સદાચાર ગમે છે, અને જેનુનામ "હું છું" કરી છે, તેને સુખમાં તેમજ દુ:ખમાં વળગી રેહેવાની પોતાની શકિત લેતો આવે.

ખ્રિસ્તિ આ સઘળાંકરતાં જે વધારેસારૂં છે તે—એ વિષે જેમને શંકા હોય તેઓએ માત્ર પોતાની મેળે તે જોઇલેવાનું છે—એટલે ઇશ્વરઉપરની આપણી પ્રીતિ, પછી એ ઇશ્વરને તમારે ગમે તો અનંત, અદ્રશ્ય, અમર, પિતા, પરમાત્મા! કહો, જે સર્વ વસ્તુનીઉપર, સર્વની ભિતર, સર્વની અંદર રહે છે,——જે પ્રીતિ મનુષ્યઉપરના આપણા ભાવમાં, જીવતાંઉપરના આપણા ભાવમાં, મુવાંઉપરના આપણા ભાવમાં, આપણા જીવંત અને અમર ભાવમાં, પ્રકટી નિકળેછે, તે પ્રીતિભાવ સાથે લેતો આવે.

જો કે તે ગુફા હજી નાની અને અંધારી છે, તોપણ કેટલાક મનુષ્ય, જેઓ બહુ મોંહે થતા ઘોંઘાટ, બહુ દીપકથી થતા ઝળઝળાટ, બહુ મત વચે થતા વિવાદથી કંટાળી દૂર નહાસે છે, તેઓ આજે પણ તે ગુફાના દર્શન કરવા આવેછે. કોણ જાણે એજ ગુફા વખતજતે વધારેપોહોળી અને વધારેપ્રકાશિત થશે, અને ભતકાળની ગુફા તે ભવિષ્યકાળનું મંદીર બની રેહેશે!

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

પૃષ્ટ	ઓળ	અશુદ્ધ	શુદ્ધ
૬	૧	બાકી.	હવે બાકી,
,,	૪	પડશે	પડશે તે આગળ વધીને જોવું
,,	૧૬	ચોથી	ચોથા
,,	૧૭	ત્રીજી	ત્રીજા
૮	૨૧	ધન હન	ધન્ હન્
૧૧	૨૨	ઋચા	મંત્ર
૧૨	૨૨	શકિતઓ	શકિતયો
૧૩	૧૨	પ્રાચિન	પ્રાચીન
૧૮	૨૨	દીવસે	દિવસે
૨૨	૧૮	સમૂલુ	સમુળું
,,	૨૫	સરીત	સરિત્
૨૩	૬	સિંધ	સિંધ
૩૫	૧૯	દીવ	દિવ
૩૬	૫	વૃદ્ધી	વૃદ્ધિ
,,	૧૭	અગર	અજર
૩૭	૫	ચોન્હો	ચિન્હો
,,	૯	અદિત્ય	આદિત્યો
૪૦	૧૦	વીવસ્વત	વિવસ્વત
,,	૨૬	સુતુદ્રી	સુતુદ્રિ
,,	૨૮	મરૂદવિધા, વીતસ્તા.	મરૂદવૃધા વિતસ્તા
,,	૨૯	સુશોમ	સુશોમા

પૃષ્ઠ	ઓળ	અશુદ્ધ	શુદ્ધ
૪૧	૨૦	નહીજ	નહિજ
૪૩	નોટ	ઉપ્નીશદ	ઉપનિષદ્
૪૭	૧૫	સૂર્યમાં	(એ શબ્દ નહિ વાંચવો.)
,,	૧૬	તેમાં	સૂર્યમાં
૪૮	૧૮	અદ્રષ્ય	અદ્રશ્ય
,,	૨૭	એચંદા	ચંદાએ
૫૩	૯	ઈંદ–ઉ	ઈંદ્–ઉ
,,	૧૦	જાતી	જાતિ
,,	૧૬	દિયોસ	દ્યોસ્
૫૮	૨૦	દિઉ	દ્યુ
૬૦	૧	**નિયમના**	**નિયમવિષેના**
,,	૧૫	ભાષાણો	ભાષણો
૬૨	૧૪	સ્થીતિ	સ્થિતિ
,,	૧૯	સ્વિકારવું	સ્વીકારવું
૬૯	૨૮	પ્રકાશીત	પ્રકાશિત
૭૦	૧૯	ધ્રુતી	ધ્રુતિ
૭૯	૧૩	વદન્તી	વદન્તિ
૮૧	૮	ગ્રીક	(ગ્રીક
,,	૯	મેત્રા	મેત્રા)
૮૪	૫	ધાતું	ધાતુ
,,	૧૮	બીંદુ	બિંદુ
૮૭	૨૧	ઋક્	ઋચા
૮૯	હેડીંગ	વિસ્તાર	પ્રસારણ
૯૦	૨	નિતિ	નીતિ
૧૦૦	૩	તત્વશાસ્ત્ર	તત્વજ્ઞાનશાસ્ત્ર
૧૦૬	૨	અસૂર	અસુર
,,	૧૬	પૂશન આદિત્ય.	પૂષન્ આદિત્ય

પૃષ્ટ	ઓળ	અશુદ્ધ	શુદ્ધ
૧૧૪	૧૮	મે	મેં
૧૧૯	૨૭	આકશ	આકાશ
,,	,,	વિષ્ણું	વિષ્ણુ
૧૨૩	૭	ચોરે	ચોરો
૧૨૫	૨૮	જોનો	જેનો
,,	૨૯	હીલવાને	હીલવાનો
૧૨૬	૩	પ્રાંણી	પ્રાણી
૧૨૯	૧૯	ઝીયુસ	ઝિયુસ્
૧૩૧	૧	મત હતું	મત હતાં
૧૩૨	૫	શુરવીર	શૂરવીર
૧૩૮	૫	અભિલાશા	અભિલાષા
૧૪૨	૧૭	પોતાના(vital breath)પ્રાણથી	(એ શબ્દો વાંચવા નહિ)
૧૪૩	૬	પાછળની	પાછળના
૧૪૪	૨૧	તેમાનું	તેમનું
૧૪૬		અભિશેક	અભિષેક
૧૪૯	૨૬	વિશવાસ	વિશ્વાસ
૧૫૧	૨૫	ભેળા	ભેળા
૧૫૩	૧	બાજી તરફ	તથા બીજાતરફ
૧૫૫	૨૪	મનુષ્સ	મનુષ્ય
૧૫૭	હેડીંગ	નારિ	નારી
૧૫૯	૨	સંસકૃત	સંસ્કૃત
,,	૮	થયું,	થયું.
,,	૧૩	અહમ:	અહમ્
૧૬૩	૧	જેએએ	જેઓએ
૧૬૮	૨૬	બળીદાન	બલિદાન
૧૮૪	૧૫	ખાતરીપર્વક	ખાતરીપૂર્વક
૧૯૬	૨૧	વ્યવહવાર	વ્યવહાર
૨૦૦	૨૭	મથ્યા	મિથ્યા

એસિવાય કાંઇ બીજી અશુદ્ધિ રહીગઇ હોય તે સુગ્ન વાંચનાર તપાસી લેશે.

શાહજાદી આલીસના મરણવિષે ત્રણ. ઇંગરેજી બેતો, ધી ઇનડિયન મ્યૂઝ ઇન ઇંગલિશ ગાર્બ, વિલ્સનવિરહ, નીતિવિનોદ, ઇત્યાદી વિષેના મતનો ટુંક સાર.

જેનરલ સર ફ્રેડરિક પોનસોનબી મહારાણી તરફથી લખેછે:—નામદાર મહારાણીને મેં બેતો અને કાગળ આપ્યાં; તે બેતોથી તે બાનુ ઘણાં ખુશી થયાં અને હુકમ ફરમાવ્યો કે મુંબઈવાળા મી॰ બેહેરામજી મલબારીને મારો ઉપકાર લખી વાળે.

———o———

.........કાગળ અને બેતો નામદાર **શેહેનશાહબાનુ**આગળ ધરવામાં આવ્યાંછે. તે નામદાર કેહેછે કે "તમારા પત્રમાં લખેલાં આ ઘણી મેહેરબાની ભરેલાં સંભાવના વચનોની હું દીલોજાનથી કદર બુજુંછું, અને મારી વાહાલી દીકરી, **પરીનસેસ આલીસ**, હેસીની વડી ઉમરાવજાદીના મરણની દલગીરીમાં તમારા દીલાસાને વાસ્તે હું તમારો ઉપકાર માનુંછું."

———o———

દાર્મસંતદનો નવો મેહેલ, તા॰ ૧૯ મી મે ૧૮૭૮.

હેસીની નામદાર **ગ્રાંડ ડચેસ**થી મને લખવાને હુકમ થયોછે કે તમારી "ઇનડિયન મ્યુઝ" ની એક નકલને વાસ્તે તે નામદાર તમારો ઘણોજ દીલોજાનથી ઉપકાર માનેછે. એ કવિતાનો કેટલોક ભાગ નામદાર શાહાજાદીએ અત્યંત દીલસોજીથી વાંચ્યોછે, અને તમે એક પારકા દેશના રેહેવાસી અંગરેજી કવિતા આટલા બધા રસ અને જોશ સાથ, તથા રાજશેવાના આવા વિચાર સાથ લખોછો, તે જોઈ તે નામદાર બહુ ખુશી થઇછે. તમોએ કેવી મતલબથી **મિસ કારપેનટર**ને એ પુસ્તક અર્પણ કીધુંછે, તે પણ તે નામદાર સીરી રીતે સમજી શકેછે, અને એ પુસ્તકની સોગાદ કંબુલ રાખતાં નામદાર શાહાજાદીને બેહદ ખુશી ઉપજેછે.

માનજો મને, પ્યારા સાહેબ, તમારો ઘણો ખરાદીલનો **બેરન નેસેપેક.**

———o———

નામદાર **અર્લ નાર્થબ્રુક** લખેછે:—મને મિસ મેનિંગની મારફતે તમારૂં પુસ્તક પોંહોંચ્યુંછે, તેને વાસ્તે હું ઘણો આભારી થયોછું. હું હીંદુસ્તાનના દેશી વિદ્વાનોમાં સુધારો થતો જોઇને હમેશ ઘણો ખુશી રહીશ; અને મને જોતાં મોટો સંતોષ થાયછે કે મરનાર દાકતર વિલસન મુંબઈમાં જે ભલાઈનું

કામને સારૂ વગ ધરાવતો હતો તે હજીસુધી કાયમ છે, અને તેના મોહોત પછી તેનાં આવાં સારાં ફળ નિપજેછે. હું આપની ભવિષ્યની કારકીરદીમાં દરેક પ્રકારની ફતેહ ચાહુંછું.

———o———

લંડન તા૰ ૨૩ મી ફેબરવારી ૧૮૭૯.

તમે આટલી મેહેરબાની કરી મારી સોગાદ માટે તમારૂં પુસ્તક અને તેની સાથે મમતાળુ કાગળ મોકલ્યો તેને માટે મારો બહુ દીલોજાનનો ઉપકાર કબુલ રાખજો. તમારા પુસ્તકના ઉત્તમપણાવિષે, કવિતા અને વિચારની ઊંચી શક્તિવિષે, એક પારકા દેશના રેહેવાસી થઈ ઈંગરેજી ભાષા ઉપર આવો કાબુ રાખવે જે તમારી અસાધારણ શક્તિ દેખાયછે એ બધા વિષે, તમને એટલી બધીતો સહાદત મળીછે કે, મારો કાંઈપણ સારો વિચારતો દરીઆમાં એક ટીપું પાણી સરખો થઈ પડે.........................

દાકતર વિલ્સનના રૂડા વિચારથી તમે ખુશી છો એ વાજબી છે: કારણ, હિંદુસ્તાનના લોકોનો અને તેના લાભનો એથી વધારે ખરો અને ઉમરાવ મિત્ર બીજો થયો નથી.........

હું છું, પ્યારા સાહેબ, તમારો આજ્ઞાકિત શેવક, શાફ્ત્સબરી.

———o———

પીકડલી, લંડન તા૰ ૧૦ મી માર્ચ ૧૮૭૯.

તમારી મોકલેલી કવિતાની ચોપડીસારૂ હું તમારો ઉપકાર માનુંછું. એ ચોપડી મેં ઉલટભર વાંચી છે. જોકે તમે અમારી ભાષામાં લખોછો, તોપણ હું જોઉં છું કે તમે ઉગમણની શાએરીમાં ભરપુર છો. તમે મારે માટે જે રૂડા વિચાર રાખોછો તેને સારૂ પણ હું તમારો ઉપકાર માનુંછું............

હું છું, તમારો ખરા દીલનો, જાન બ્રાઈટ.

———o———

તમારો તા૰ ૧૪ મી આગસ્ટનો કાગળ અને તમારી "ઈનિડિયન મ્યુઝ" ની મેહેરબાનીભરી સોગાદથી હું ખુશી થઈછું અને મારા દીલઉપર અસર થઈછે. તમારી સોગાદસારૂ મારો દીલોજાનનો ઉપકાર કબુલ રાખજો. તમારી પાને ૪૮ વાળી કવિતા અને તે સાથની નોંધ, અને પાને ૬૪ મે તમે જરતોસ્તવિષે આપેલી નોંધ મેં અત્યંત ઉલટથી વાંચીછે..........

પાને ૮૦ વાળી કવિતા ઘણી તાજુબી પેદા કરનારી છે, તેમજ પાને ૨૫ વાળી. બીજું, મિસ કારપેનટરને ચોપડી અર્પણ કરતાં તમારૂં લખાણ, અને દાકતર વિલસન, જે તમારા અને અમારા બંને દેશો અને તેની જાતોને આવી રીતે ચાહાતો હતો, તેવિષે એસારા ઘણા દીલપીગળાવે તેવા છે; અને એવી બીજી ઘણી કવિતા હું તમને દેખાડું જે હું વખાણુંછું...............

અને હું એટલું પણ માગવાની હીંમત કરૂંછું કે જરતોસ્તની પેલી પવિત્ર વાણીઓ, કે જે કદી જુની થતી નથી, તે થોડી થોડી અમારે માટે તથા હીંદુસ્તાનને માટે પણ જાહેર કરતા રહો. ......ખુદા તમારી મેહેન-

તને જશ આપજો. તે હમેશાનો પિતા હીંદુસતાનને આશીશ દેજો, ઈંગલંડને આશીરા દેજો, અને એકેકનું ભલું કરનાર એકજ કુટુંબ તરીકે આપણને સાથેજ ઉછેરજો. તે દાદગરના પ્યારનો **આતશ** અને તેના સ્વરૂપનો **આફતાબ** આપણો રાહાનુમા થજો. **ફ્લારન્સ નાઈટીંગેલ.**

———o———

નેક નામદાર **મી૦ વિલિયમ ગ્લાડસ્ટન મિસ મેનિંગને** લખેછે. "હું તમોને મારી સલામસાથ કહુંછું કે જે મેહેરબાનીથી તે કેતાબ મોકળી હતી તે મેં ઘણી ખુશી અને હોંસથી તપાસી જોઈછે. ફકત કામના દબાણને લીધે વખતસર ઉપકાર વાળવાની મારી ફરજ મારેથી અદા થઈ નથી. જો તમો તમારા દોસ્તથી મારે વાસ્તે દરગુજર ચાહાશો, અને તમારી મારફતે બે ચોપાનિયાં મોકલવાની રજા લઉંછું તે જો તેમને પોંહચાડશો તો તમારી મારાપર મેહેરબાની થશે."

———o———

આઈલ આવ વાઈટ, તા૦ ૧૯ મી મે ૧૮૭૮.

મારા પ્યારા સાહેબ,

તમારી "ઈનડિયન મ્યુઝ" ની સોગાદને વાસ્તે મારો બહુ બહુ ઉપકાર વાળુંછું. તમે અંગરેજી લેખાસમાં તમારી કવિતાને કેહેવી દીપાવોછો તે જોઈ મારૂં મનરંજન થાય છે, અને એટલુંજ નહી, તમારી પોતાની જબાનમાં તમે કવિતા લખીછે તે વાંચવાનું મને બહુ મન થાયછે, કારણ મને કશો શક નથી કે વર્તમાનપત્રોએ જે જે તમારી તારીફ કરીછે તે તમોને ઘટેછે.

માનજો મને, તમારો દુરદરાજનો પણ દીલોજાન દોસ્ત,

આલફ્રેડ ટેનિસન.

———o———

નોરહામ ગારડન્સ, આક્સફર્ડ.

તમારી મેહેરબાનીભરી સોગાદને વાસ્તે હું ઘણો આભારી થયોછું. તમે અંગરેજી ભાષામાં કવિતા બનાવી શકોછો એ વાત બેશક તમોને ઘણીજ શાબાશી આપનારી છે........જે જે કવિતામાં તમે એક ખરા હીંદી તરીકે ધારોછો અને લખોછો, તે તે કવિતામાં હું તમોને એક ખરા કવિ તરીકે સઘણાજ પીછાનું છું—મારો મોટામાં મોટો ઉપકાર તથા તમો તરફની ભલી મનસની કબુલ રાખજો; અને માનજો મને,

તમારો ખરા દીલનો, **એફ. મેકસ મચ્ચલર.**

———o———

લંડનની પાઠશાળા, તા૦ ૬ ઠી મે ૧૮૭૮.

.... તે ઉપરથી જણાયછે કે અમારી ભાષા અને વિદ્યાનો તમોએ અજાએબ જેવી હદ સુધી અભ્યાસ કરી લાભ લીધોછે, અને અંગરેજ લોકો હીંદુસ્તાનના પોતાના તાબાના મોલકની અંજાવર વસતીને સુખી કરવાને ખાહેશ રાખેછે, એવું તમો સારી રીતે સમજોછો. મારી મરહુમ ફોઈ

હેનને તમો માન અને મેહોબતથી યાદ કરેછો, તેથી અમારા કુટુંબને ઘણો દીલાસો મળેછે, જેઓ એવા વિચારથી પોતાનું મન મનાવેછે કે, તે મરનારે હીંદુસ્તાનતરફ જે જેહમત ખેંચીછે તેનાં જમાનો જતાં વધારે ને વધારે સારાં ફળ નીપજશે, અને હીંદુસ્તાનની ઓરતો ખશુરા કરીને **મેરી કારપેન-ટરે** તેઓને વાસ્તે શું શું કીધુંછે તે લાંબો વખત યાદ રાખશે.

હું છું, પ્યારા સાહેબ, તમારો ખરા દીલનો, **વિલિયમ બી. કારપેનટર.**

——0——

લંડન તા૦ ૭ મી મે ૧૮૭૮.

....કવિતાસંબંધી લખાણ કરતાં જે બેહદ અને ગુચવણભરેલી બારીકી જોઇએછે તે પુરી પાડવાની તમારાંમાં અજાયબ જેવી શક્તિછે એવું જણાયછે. **વરડઝવરથ** કવિવિષે જે તમોએ કવિતા લખીછે તે ઉપરથી એવું સાબેત થાયછે કે ચાલુ સદીમાં આ દેશમાં જે ઊંડામાં ઊંડી કવિતાની અસરછે તેનો ભેદ તમે પાંમી ચુક્યાછો, અને મને જોઇને હરખ ઉપજેછે કે તે કવિની ગંભીર શિખામણ ભેદી નાખતા સંભાવથી તદન નવી જાતના વિચાર અને જોસ્સાનો મારગ લીધેછે. તમારી સઘળી કવિતાઓમાં હું તમારા દીબાચામાં જે ઉમદા ઉમેદો આપીછે તે જોઈ શકુંછું, અને આ નાજુક ઉમરે તમે આવી કવિતાની ચતુરાઈ દેખાડી છે તેને વાસ્તે દીલોજાનથી તમને મુબારકબાદી આપુંછું. **જે. એસ્તલીન કારપેનટર.**

——0——

મુંબઈના પ્રસિદ્ધ કવિ અને જાહેર લખનાર મી૦ બેહરામજી મેરવાનજી મલબારીએ થોડુંકની વાતઉપર અમને ત્રણ ઈંગરેજી બેતો મોકલ્યા હતા. આ બેતો મરહુમ **શાહજાદી આલીસની** યાદમાં લખેલા છે, જે બાઇએ મી૦ મલબારીની "ઇનિડિયન મ્યુઝ" નામની ચોપડીની ભેટના બદલામાં જે જોસ્સાદાર જવાબ કર્તા ઉપર મોકલ્યો હતો તેથી આ મીઠી મેહેનત માથે લેવાનું એને મન થયું. કર્તા સુશોભીત ઈંગરેજી કવીતામાં ઈંગલંડની માનીતી **શાહાજાદીનું** ઘણું સરસ ચિત્ર રંગવામાં ફતેહ પામ્યોછે. મી૦ મલબારી જન્મ કવિછે, કારણ તેણે ટુંક વયમાં ગુજરાતી ભાષામાં એક પુસ્તક લખ્યું હતું જેવું પુસ્તક કોઈ પણ પારસીએ હજીસુધી લખ્યું નથી. વળી તે ઈંગરેજી વર્તમાન પત્રો અને ચોપાનીયામાં હમેશ લખાણો કરેછે, અને એવાં લખાણોનું લક્ષણ એછે કે તેની ભાષા ઘણી સરળ અને તેના વિચાર બહુ દમદાર છે. એના સ્વદેશીઓના સંસારી અને નીતિ સંબંધી સુધારા વિષે એને બહુજ કાળજી છે; અને એ વિષયો ઉપર જેવાં જોસ અને હીમતથી એ લખાણો ચલાવે છે, તેમજ હીંદુસ્તાનના ઈંગલંડ સાથે શા સંબંધોછે તે ખરી રીતે સમજાવવામાં જે મેહેનત લીએછે, તેને માટે બંને દેશોમાં એ કર્તાની કદર બુજાવી જોઇએ. આ દેશમાં આવા માણસો મળવાજ મુશકેલ છે.

ઈંગલિશમન, તા૦ ૫ મી એપરેલ **૧૮૭૯.**

——0——

નીચે અમે એક અતિસુંદર બેત છાપીયે છીયે, જે મી૦ બેહેરામજી મે-
રવાનજી મલબારી નામના એક બુદ્ધિમાન જવાન પારસીની કલમથી લખા-
યલીછે. એ બેત મરહુમ શાહાજાદી આલીસની યાદદાસ્ત માટે લખેલીછે.
તેમાં જે કરૂણારસ અને સંભાવ છે તે ઘણા ઊંડા તેમજ અંતઃકરણના છે.
સ્ત્રીજાતની શ્રેષ્ટતાની જે લખનારને મન પ્રતિમા છે તેનો એણે જે ઉમરાવ
ચિતાર કહાડયોછે તે વખાણયાવિના આપણને ચાલે નહી. મી૦ બેહેરામજીએ
એ અને કેટલાક બીજા બેતો નામદાર શેહેનશાહબાનુને મોકલ્યા, જેઓ તર-
ફથી તેમને બે ઘણા કદરદાન ઉત્તર મળ્યા ....
એક જુવાન પારસી લખનારને એ બહુ મોટું માન છે, અને બેશક જે મોટી
બુદ્ધિ તે ધરાવેછે તે ખીલવવામાં અને એથી પણ મોટી ફતેહ મેળવવામાં
એથી એને ઉત્તેજન મળશે. મુંબઈ ગેઝેટ, તા૦ ૫મી માર્ચ ૧૮૭૯.

—0—

.....આથી કરી કર્ત્તાની બુદ્ધિ અને લાયકીને ઘણો જશ મળેછે.
આ જુવાન શાહેર અને જાહેર લખનારની કારકીરદી વિષે અમે સૌથી સરસ
આશા બાંધીયે છીએ. કલકતા સ્ટેટસમેન.

—0—

......જે વિચારમાં ઉમદા અને ઈબારતમાં સાફ અને સોહામણાછે.
~~આ બેતોની~~ એક નકલ મી૦ બેહેરામજીએ નામદાર શેહેનશાહબાનુ ઉપર
મોકલી, જેઓએ જ્યારે જોયું કે હિંદુસ્તાનનો એક દેશી આ રીતે શુદ્ધ અને દી-
લપજીર ઈંગરેજી કવિતામાં પોતાના જીગરથી તેઓને દીલાસો આપેછે, ત્યારે
તે નવાઈ જેવા બનાવથી નામદાર શેહેનશાહબાનુના દીલ ઉપર બહુ અસર
થઈ * * મી૦ બેહેરામજીમાં બુદ્ધિ અને લાયકીનું મોટું અસલપણું છે, અને
કુદરતે તેમાં કવિતાની જન્મથીજ ઘણી તિક્ષણ બુદ્ધિ મૂકેલીછે. અંગરેજી
ભાષા ઉપર એમનો કાબુ ઘણો અજાયબ જેવો છે. અમારાં જાણવામાં છે કે
મી૦ બેહેરામજી પશ્ચિમ હિંદુસ્તાનના જાહેર લખાણ સાથે નીસબત ધરાવેછે;
અને જો મી૦ ગ્લાડસ્ટન, પ્રોફેસર મેકસમલર, ડાકટર કારપેનટર, મી૦ ટે-
નીસન અને એવા બીજાઓની સહાદતની કાંઈ પણ કિમત હોય, તો તે પ્રમાણે
સારી સલાહથી મી૦ બેહેરામજી દુનીઆમાં એક દીવસ નામ કરશે. દેશી-
ઓએ ખરેખર એઓથી મગરૂબ રેહેવું જોઈએ.

મદરાસ એથીનીયુમ, તા૦ ૧૫ મી માર્ચ ૧૮૭૯.

—0—

....
મી૦ મલબારીને વિલાયતના કેટલાક કેળવણીખાતાના તથા વિદ્વાનમંડળના
મહાન પુરૂષો તરફથી માનપત્રો મળ્યાંછેઃ પણ ખરૂં જોતાં એમને એવાં માન
પત્રોની કશી જરૂર નથીઃ કારણ એમનામાં જાતી બુદ્ધિ ઘણી જોવામાં આવેછે.
જ્યારે આપણે એ વાત યાદ રાખ્યે કે, મી૦ મલબારી એક પારકા દેશનો લ-
ખનાર છે, અને હજી એ ફકત છોકરવાદી વયમાં છે, ત્યારે આપણે એની કલ્પ-

મથી સારાં કામની આશા રાખી શકયે. એના એક માનપત્રમાં લખ્યુંછે કે મી० મલબારી વર્ડઝવર્થ કવિનો બહુ મોટો આશક છે. આ એક જુવાન કવિમાં સૌથી ઉત્તમ ગુણ કહેવાય........ ....

મદરાસ મેલ, તા० ૨૨મી માર્ચ ૧૮૭૯.

—o—

ભાષા સ્વચ્છ છે, ઉપમાઓ ઘટતી છે, અને ઝમક અચ્છી ફતેહમંદ છે. આ રીતે જોતાં મી० મલબારીની કવિતા બીજા સઘળા હીંદી કવિઓના લખાણથી સરસછે એટલુંજ નહી, પણ ઘણાક અંગરેજ કવિઓ, જેઓ સહરાવી મુકેલી અને કઢંગી ઇબારતમાં લખેછે, અને જેઓને પ્રજાતરફથી બહુ માન મળેછે, તેમના કરતાં પણ સારી છે. આ દેશના લખનારને અંગરેજી જાહેર લખાણ કરતાં જે સ્વાભાવિક મુસીબતો નડેછે તે મી० મલબારીએ અજાયબ જેટલે દરજજે પસાર કરીછે.

ટાઇમ્સ આફ ઇનડિયા, તા० ૨૭ મી માર્ચ ૧૮૭૯.

—o—

મી० મલબારીની ઉમરદરાજ અને બોલબાલા!

હીંદુ પેટરિયટ.

—o—

સરકારી મેહેલ, સીમલા, તા० ૧૮ મી જુન ૧૮૭૮.

નામદાર શેહેનશાહબાનુના ફરમાનની રૂહે, નામદાર ગવરનર જેનરલ મને લખવાને ફરમાવેછે કે, તમોએ નામદાર શેહેનશાહબાનુની મુબારક કબુલાતને વાસ્તે તમારી "ઇનડિયન મ્યુઝ" ની એક નકલ મોકળી હતી, તે કબુલ રાખી નામદાર શેહેનશાહબાનુ તમારો ઉપકાર માનેછે.

હું છું, સાહેબ, તમારો તાબેદાર, **જી. પોમરોઇ કોલી**, કરનલ.

—o—

ગવરનર જેનરલની કાંપ, પરેલ તા० ૨૦ મી ડીસેમબર ૧૮૭૯.

તમારા સોલમીના કાગજની પોંહોંચ ઉપકાર સાથે કબુલ રાખવાને મને નામદાર ગવરનર જેનરલે ફરમાવ્યુંછે, અને તેના જવાબમાં જણાવવાને મને તે નામદારે ફરમાવ્યું કે તમારી કવિતાની કીતાબ કબુલ રાખતાં તે નામદારને મોહોટી ખુશી ઉપજેછે.

હું છું, સાહેબ, તમારો તાબેદાર, **ઓ. ટી. બર્ન**, કરનલ.

—o—

નામદાર શેહેનશાહબાનુની વડી દીકરી અને જરમનીના શેહેનશાહની વડી વહુનો ખાનગી સેક્રેટરી લખેછેઃ— "................ બીજું એજે, નામદાર **શેહેનશાહજાદી** તમારી ઘણી મેહેરબાની ભરી એનાયતને વાસ્તે તમારો દીલોજાનથી ઉપકાર માનેછે."

—o—

આરગિલ લોજ, કેનસિંગટન તા૦ ૨૫ મી મે ૧૮૭૯.

તમોએ મારા ઉપર આટલી મેહેરબાની કરી તમારી અંગરેજી કવિતાની એક નકલ મોકલી તેને વાસ્તે હું તમારો ઘણો આભારી થયો છું.

હું છું તમારો હેરાંમંદ શેવક, આરગીલ.

મને હાલ કહેતાં પરમસંતોષ થાયછે કે હું એને ઘણીજ ઉતકૃષ્ટ બુદ્ધિ અને ચાલચલણનો તથા અસાધારણ વિદ્યાસંબંધી લક્ષણ ધરાવતો જુવાન સમજુંછું. મી૦ મલબારીએ હાલ મને પોતાની ઈંગરેજી કવિતાના થોડાક નમુના વાંચવા આપ્યાછે. આ કવિતા ઉપરથી દેખાયછે કે આ બુદ્ધિમાન જુવાન કર્ત્તાને ઈંગરેજી ભાષાનું અસાધારણ રીતે બારીક જ્ઞાન છે, અને મને લાગેછે કે એ કવિતા એક જાતિબુદ્ધિમાન મગજ, કે જેને ઊંડા વિચાર કરવાની અને નવિન તેમજ સુયુક્ત ભાષા વાવરવાંની ટેવ હોય, તેવા મગજની પેદાસ છે.

૨૩ મી અક્ટોબર ૧૮૭૪. જાન વિલ્સન, ડી. ડી.

...... એ કવિતા ઉપરથી જણાયછે કે કર્ત્તામાં એક અસાધારણ સ્વતઃકલ્પના તથા કવિત્વભાવ છે; અને એણે ઈંગરેજી કાવ્યરચના અતિ સ્તુતીપાત્ર રીતે વસ કરી છે.......હું ધારૂંછું કે મી૦ મલબારીને પોતાની કવિત્વબુદ્ધિ ખીલવવાને દરેક જાતનો આશરો ઘટેછે.

૧૫ મી જાનેવારી ૧૮૭૬. ટી. બી. કર્કહમ.

......એક પારકી ભાષાની કવિતા બનાવવામાં તમે જે ચતુરાઈ દેખાડીછે તે તમારી બુદ્ધિની મોટી સાબીતી છે; અને તમારી કવિતામાં જે જે વિચારો સમાવ્યાછે-તે તમને ઘણા જસ આપનાર છે.

તા૦ ૧૬ મી ડીસેમ્બર ૧૮૭૭. વિલિયમ વર્ડઝવર્થ.

......હું તમારી ઈંગરેજી કવિતા વાંચી ગયોછું, અને દેશી કર્ત્તાની કલમથી ઈંગરેજી કવિતા જે જે મારા વાંચવામાં આજ દીન સુધી આવીછે તેમાં તમારી શ્રેષ્ઠ છે એમાટે તમને દિલોજાનથી મુબારકબાદી આપુંછું.

તા૦ ૭ મી જાનેવારી ૧૮૭૭. જેમસ ગિબ્સ.

..... મને કશો શક નથી કે તમને જેઓએ માનપત્ર આપ્યાંછે તેઓએ તમારી પિછાન બરાબર કરીછે. તમારી ભાષા સુધારવામાં તમે જે શુભ દાખલો તમારા સ્વદેશિઓને આપ્યોછે તેને માટે તમને મોટી સાબાશી ઘટેછે.એવું હું માનુંછું. મોનયિર વિલિઅમ્ઝ.

......એ પુસ્તક ઉપરથી જણાયછે કે તમને ઈંગરેજી ભાષાની કવિતા ઉપર જાતિભાવ ઘણો છે. ...... જુવાનીના પ્રયત્નો જે આશા આપેછે તે પાર પડશે એટલુંજ નહિ, પણ તેથી પણ વધારે સારાં ફળ નિપજશે.

રેમન્ડ વેસ્ટ.

—o—

બેરામજી મેરવાનજી મલબારી એ નામ આજકાલ પારસી આલમમાં મશહુર થઇ રહ્યુંછે. હીંદુઓ એ નામને પોતાની જાતના જેવું ગણેછે, પારસીઓ એ નામથી મગરૂબછે, અને ઈંગ્રેજોબી એ નામના અવાજથી મગન છે. એવા માણસની તવારીખ જાણવા જોગ હોવી જોઈએ. .... થોડાક વખત પછી સુરતના લાએકીવાલા અને વીદ્‌વાન પાદરી તેલરને હાથ એ કવીતા આવી. તેને એટલી તો તે પસંદ પડી કે મરહુમ ડાકટર વીલસનને ચીઠી લખી. ડાકટર વીલસનની દસતગીરીથી કવીતાનું પુસ્તક છપાયું. તેના ઉમદા વીચારો અને લખવાની છટાને લીધે એક જવાન પારસી આવું લખે એ મનાએ તેવું લાગીઉં નહીં. પણ પાછલથી એના કરતાં વલી સારાં પુસ્તકો નીકલ્યાં તારે સઉની ખાત્રી થઈ. ડાકટર વીલસને મી૦ બેરામજીની પારસી, હીંદુ અને અંગરેજ ન્યાતમાં આગેવાંનોની ઓળખાણ કરાવી. આ સઘલાઓમાં એવોને મોટું માનછે. તેમજ વીલાએતના શેનશાહાબનુથી તે મોટામાં મોટા ઉમરાવો અને વીદ્વાનોથી એ ગરહસ્થને કેવાં માનો મલીયાંછે તે આગે કટારોમાં બે વખત લખી જણાવીયું છે. એવાં માનો મેળવવામાં દેશીઓ શું પણ અંગરેજો ઘણાં ફાંફાં મારેછે. એવાં માનો ૨૫–૨૬ વરસની નાજુક જવાનીમાં મેળવીઆં છતાં શેઠ બેરાંમજીમાં જરાબી તકોબરી આવી નથી. તેઓ ખરી રીતે ઘણા રાંક, એકમારગી અને દયાલુછે. હજીસુધી પોતાની સાદાઈ છોડી નથી. તેઓ મોટા અભયાસીછે, અને કેટલાક ભાષાઓનું અછું ન્યાન ધરાવેછે. પોતાની બુદ્ધિને વાસ્તે તેઓ જરા મગરૂરી રાખતા નથી.... એઓની મારફતે ઘણાઓના કાંમ થાએછે, પણ તે બધાંથી પોતાનું નામ અલગ રાખેછે. પોતાની હલાલ મેહેનતની કમાઇનો મોટો ભાગ તેઓ ગરીબ ગુરબાઓ અને અભીઆસીઓપર ખરચેછે....... તેઓ ઘણાએક મોટા અને વગવાળા ગરહસ્થો સાથે કાગજ પતરનો વેહવાર રાખેછે અને પોતાના વખતનો મોટો ભાગ પારકાનાં ભલા ખાતર રોકેછે. એવી જીંદગી ખરે નકલ કરવા જોગછે..................................

તા૦ ૫ મી એપ્રીલ ૧૮૭૯. જામે જમશેદ.

—o—

..... એક ઉધરતા પારસી લખનાર તરફ યુરોપ અને હીંદુસ્તાનના નામીચા નરો કદરદાની બતાવે એ એક નવાઈ સરખો બનાવછે. એ કાગજોમાંના કેટલાક વીચારો જાણવા જોગછે, અને જેઓનાં તે કાગજો લખેલાં છે તે મહાપુરૂશોના નામથી એ વીચારો વધારે જાણવા જોગ થઈ પડેછે....

જે મહાપુરૂશોના મત ઉપર ટાંકયાછે તે મત ફકત મેળવવા એજ એક મગરૂરી ભરેલા હકછે. એ હક પઇસાથી મળતો નથી. એ હક ધનવાંનો જાણતાખી નથી. એતો વીદ્યાનો હકછે. એ વીદ્યાનંદ વીદ્વાંનોજ સમજેછે. ધનવાનોના વારસા કરતાં વીદ્વાનોની પ્રસંનતા વધારે કીમતી વારસોછે.

તા૰ ૨૭ મી અકટોબર ૧૮૭૮. રાસ્ત ગોફતાર.

એક પારસી ગૃહસ્થ જેની કવિ અને ગદ્ય લખનાર તરીકે શકિતે ઘણા વખતથી અને ઘણા બોહોળી પીછાન.પામીછે.

માર્ચ ૧૮૮૦. થીઓસોફીસ્ટ.

એક ઘણોજ શકિતમાન અને જનુની જાહેર લખનાર જેની બુદ્ધિએ અ-તારથીજ વિદ્વાન મંડળમાં નામ કીધુંછે. જાહેર લખનાર તરીકે એણે બહુ લાભકારક અનુભવ મેળવ્યોછે, અને એનાં જાતી બુદ્ધિ, ખુશમીજાજ અને હાસ્યરસની શકિતને સંપૂર્ણ રીતે વાપરવાને મનુષ્ય સ્વભાવની એની પ્રેરણા-થીજ તપાસ કરી લેવાની શકિતથી સારી તક મળેછે.

ફેબરવારી ૧૮૮૦. દખણ હેરલડ.

શોર્ય અને ઉમંગથી ભરેલા એક જવાન જાહેર લખનાર જેને અમે ઘણી મોટી વિદ્યા સંબંધી બુદ્ધિ ધરાવતો જાણીએ છીએ ....પશ્ચિમ હીંદુ-સ્તાનના જુદા જુદા વર્ગો અને જાતો વિષે એનું જ્ઞાન પૂર્ણ અને ચોકસ છે; અને સંસારી સવાલો વિષે તકરાર કરવાની ચતરાઇમાં મનમોહક ચિતાર શકિત અને રમુજી સ્વભાવ સાથ તે જે વિવેક અને યોગ્યતા દેખાડેછે તે ઘણાજ થોડા લખનારમાં મળી આવે.

ફેબરવારી ૧૮૮૦. બોમ્બે રિવયુ.

મી૰ બેહેરામજી મેરવાનજી મલબારી, જેઓ પેહેલા પારસી કવિ તરીકે પ્રખ્યાત છે, તેમણે થોડા વખત ઉપર "ધી ઇનડિયન મ્યુઝ" નામનું ઈંગ્રેજી પુસ્તક છપાવ્યું હતું........એ કવિતા બહું રસીક છે અને લખાણ સરળ અને મધુરૂં છે. મુંબઈ ગેઝેટ.

અમે મી૰ મલબારીને "ઇનડિયન મ્યુઝ" ના કર્ત્તા અને "ઇનડિયન સ્પેકટેટર" ના અધિપતિ તરીકે એની કિર્ત્તિથી ઓળખતા આવ્યા છીયે. એમની કવિતા એક અજાયબ જેવી પેદાસ છે, ભ્યારે આપણે જોઇએ છીએ કે તે એક પારસીની અને ફકત એકવીસ વરસના પારસીની લખેલીછે. ઈં-ગ્રેજી ભાષા ઉપર જે એમનો કાબુ છે તે નહી મનાય તેટલો બહોળોછે, અને

એમની ઊચી બુદ્ધિ, પરમાર્થ દેશાભિમાન અને એકનિષ્ટા વિષે અમારી એમની જોડે ખાસ ઓળખાણથી સાક્ષી આપોએ છીએ. અમને લાગેછે કે જો એમને બરાબર ઉત્તેજન મળેતો એક દાહાડે મુંબઈમાં એક આગેવાન થઈ પડશે.

૧૮૭૭. **અમરત બઝાર પત્રિકા.**

....

એની કવિતા સાબેત કરેછે કે એનું મન ઉમરાવ વિચારોથી ઉસકેરાયલુંછે, અને આ દુનિયામાં શું યોગ્ય છે અને શું અયોગ્ય છે તે સારી પેઠે સમજતો દેખાય છે, અને મિત્રાચાર અને સાનંદાશ્ચર્યની એમાં બહુજ જોસદાર શક્તિ છે. આ સઘળા ગુણો કવિના કામ માટે સારો પાયો છે. એની કલ્પના વળી સંભાવિક અને ચપળછે. અને કવિતા બનાવામાં એને સુલભતા છે. * * * એના લખાણો સઘળાં અસલ છે. ઈંગ્રેજી ભાષા ઉપર એનો કાબુ અજાયબ જેવો છે.

૧૮૭૮. **જરનલ નેશનલ ઇનડિયન એસોસીએશન.**

મી૦ મલબારી દેખીતી રીતે મોટી બુદ્ધિ ધરાવેછે; ઈંગ્રેજી ભાષાનું એને પરિપૂર્ણ જ્ઞાનછે, અને ઈંગ્રેજી ભાષા સાથે એણે ઈંગ્રેજ લોકોમાંના સૌથી શ્રેષ્ટ સદગુણો અને જુસ્સાનો અનુભવ મેળવ્યો છે.

૧૮૭૮ **ઇન્ડીઆ હેરલ્ડ.**

એક પારકા દેશનો રેહેવાસી ઈંગ્રેજી, અને વળી ઈંગ્રેજી કવિતા, આવા સ્વચ્છ રસ અને ઉંડા વિચારોથી લખે એ જોઈ ઈંગ્રેજોને બહુ સંતોષ થતો હશે. એ કવિતા બહુ આરાજનકછે, ભાષા શુદ્ધ છે, અને વિચાર પેહેલાંથી છેલાં સુધી ઉમદા છે. કર્ત્તા મોટી બુદ્ધિની આશા આપેછે.

૧૮૭૮ **પુના આબઝરવર.**

.. ..એની ઈંગ્રેજી કવિતા કુદરતમાં જે જે ભલી અને ખુબસુરત બાબદ છે તેનો બહુજ ઊંડો સંભાવ દરશાવેછે. એના વિચાર મનને ઊંચા કરે તેવાછે. અને એની વાણી સ્વતઃકલ્પિત છે. * * * કર્તાએ મહાન દાકતર વિલ્સનની મિત્રતાનો મોટો લાભ ભોગવેલો દેખાયછે. પોતાના કાંઈક લખાણસમે તે અસર કારક રીતે કહેછે કે "મારૂં જે છે તે સઘળું તેને પ્રતાપે". આવા મિત્રના ગુણ ગાતાં કવિના હૃદયના સૌથી સરસમાં સરસ જોસ્સા ઉભરાઈ આવવા જોઇએ; અને કેટલાંક ભાષાંતર આપણી આગળ છે તે ઉપરથી જોતાં દેખાયછે કે એ પુસ્તક દેશી ભાષાનું એક ભુષણ છે. પારસીઓએ પોતાના જુવાણ કવિથી મગરૂબ રહેવું જોઇએ.

૧૮૭૮ **બીકન.**

"વિલ્સન વિરહ" નામનું રચેલું ગુજરાતી કવિતાનું પુસ્તક તમે મારા અભિપ્રાય શારૂ મોકલ્યું તે પોહોચ્યું. આ કવિતારૂપ પુસ્તકની ભાષા ઘણી સરળ, શુદ્ધ અને રસીકછે. આ પુસ્તકમાં "સતિ શિરોમણી" એ મથાલા નીચેની લાવણી અને એમાંનાં બીજાં કવિતો એકથી વધારે વાર વાંચવાને મન લલચાવે એવાં છે.

૧૮૭૮ વિનાયક વાસુદેવ.

—o—

એવા મહા વિદ્વાનનું ચરિત્ર ટુંકમાં આપે જે લખ્યું છે, તેમાં હીદુસ્તાનની બધી રૈયત તરફથી એક જરૂરનું કામ કર્યું છે. એ કવિતાની ભાષા શુદ્ધ ગુજરાતી છે. ચોપડી ઘણી વખાણવા લાયકછે, માટે હું આશા રાખુંછું કે એનો બોહોળો ફેલાવ થશે.

૧૮૭૮ દલપતરામ ડાહ્યાભાઈની આશીષ.

—o—

એ પુસ્તક વાંચી હુ પ્રસન થયો છું; કારણ, દાકતર ઉલસનનું નામ તેના બહુ શુભ ગુણોને લીધે બહુ માનને યોગ્ય છે. તેની કીર્ત્તિ ગાઈ તમે કૃતજ્ઞતા બતાવી છે, તેથી તમને પણ ધન્ય છે. તમારી ગુજરાતી અને ઈંગ્રેજી લખવાની શક્તિ તો હવે પ્રસિદ્ધ છે. તમારા પ્રથમ પુસ્તક "નીતિ વિનોદ" પછી [illegible] સંવૃદ્ધિનાં સારાં ચિન્હ દૃષ્ટિએ પડેછે. સારા વિચાર, સારી રચના, અને સારી કલ્પના એ સર્વમાં વૃદ્ધિ જોઈ સંતોષ થાયછે. દેશ કલ્યાણના શુભ કામોમાં તમારી સંવૃદ્ધિ અધિકાધિક થાવો એવી ઈશ્વરને પ્રાર્થના છે.

મનસુખરામ સુર્યરામ.

—o—

મી૦ મલબારીનું ત્રીજુ પુસ્તક મરનાર દાકતર વિલસનની યાદદાસ્તમાં ગુજરાતી કવિતામાં કરેલું છે. એ જાતનું એક અજાયબ જેવું પુસ્તકછે; અને અમે આશા રાખ્યે છીએ કે કર્ત્તાએ પોતાનીજ ભાષામાં એ મહાન પુરૂષની જીંદગીનો હેવાલ મનમોહક આકારમાં આપ્યોછે તેથી વાંચનાર ઉપર અસર થયા વિના રહેશે નહી.

૧૮૭૭ મુંબઈ ગેઝેટ.

—o—

મુંબઈ હજી પોતાના પ્રખ્યાત પાદરી, જે ગયા જમાનામાં તેનો એક મોટામાં મોટો ભલું ઈચ્છનાર અને મહા પ્રતાપી ભુષણ હતો, તેને ભુલી ગઈ નથી. ધર્મોપદેશક, વિદ્યાન, અને જગતપ્રેમી તરીકે આ કવિએ પોતાના નાયકને સ્તુત્ય પણ સુશોભિત ભાષામાં ચિતાર્યોછે. એના કવિતામાં દેખાયછે કે કર્તાએ ભાષાને વસ કરીછે. ભાષા મધુરીછે, અને વર્ણન, ઉપમા, રૂપક, આદી કવિત્વ સાધનોથી પુસ્તક પ્રફુલિત કર્યું છે. આ શેહેરના દેશી ગૃહસ્થો જેઓ બુદ્ધિમાન જવાનોને ઉત્તેજન આપવામાં મગરૂબી માને છે, તેઓ મી૦ મલબારીના ગ્રંથોની કદર બુજશેજ; અને જેઓ ભાષાવેત્તાછે

તેઓ જોઇને આનંદ પામશે કે આ જરતોસ્તી કવિએ ગુજરાતી ભાષાના ખરા હીંદુ ગુણને કેવા પીછાન્યા છે અને તેને માન આપ્યું છે.

૧૮૭૭ ઇનડિયન ડેલી ન્યુસ.

—o—

...... એમનું "વીલસન વીરહ" એમના માનમાં લખનાર તરીકેજ નહીં પણ શાએર તરીકે વધારો કરનારૂંછે. પીંગલને બારીક કાયદે કવીતાઓ કરવી મુશકેલછે, પણ તેમાં શાએરી અથવા સહરાગત અને અલંકારનો રસ ઉતારવો વધારે કઠણ કામ છે. વીલસન વીરહમાં મી૦ બેહેરામજીએ આ બંને મુશકેલો સાંમે હાંમ ભીડીછે અને તેમાં એવી જીત મેલવીછે કે આ ગ્રંથની થોડીક નાહાની ખાંમીઓ ઉપર નજર ન કરતાં પ્રજાના કદરદાન આસરાને માટે એ પુસ્તકની ભલામણ કરતાં અમને ખુશી ઉપજેછે.

તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૮૦. રાસ્ત ગોફતાર.

—o—

...... અને તેના વાંચનારાઓ માત્ર આનંદ પામતા પારસીજ નહીં, પણ સાનંદાશ્ચર્ય પામતા હીંદુઓ પણ હોય તેમાં કંઈ નવાઈ નહીં. મી૦ મલબારીની ગુજરાતી ભાષા ફકત શુધજ નહીં, પણ શુધમાં શુધ કહીયે તો ચાલે, જેનો નમુનો બીજો કોઈજ નહીં પણ એક ઊંચી જાતના બરાહમણ અથવા સંસકરૂત શીખેલા બીજા હીંદુની કલમથી આશા રાખી શકાય........ પણ "વીલસન વીરહ" ના કર્તા મી૦ બેહેરામજી મેરવાનજી મલબારીની ગ્રંથકર્તા તરીકેની સઘળી ખુબી એકલી શુધ ગુજરાતી ભાષામાંજ આવી રહીછે એમ નથી. તેના પુસ્તકે હમને કેટલાંક બીજાં કારણસર તૃપ્ત કીધાછે. ...... અમે ખરેખર કહીયેછ કે કાવ્ય જેવી નાજુક વસ્તુની ખરી તુલના કરવાને પણ ઇશ્વરી અંશની અગત્ય રહેછે; અને કાવ્ય રચના જેમ સેહેલી નથી તેમ કાવ્ય રચનાની સમજણ પડવી એ હાંસીખેલ નથી. વળી કવીતાનું પ્રયોજન માત્રા મેળવવામાં કે રાગડા બેસાડવામાં નથી રહ્યું. અને ખરી કવીતાનાં લક્ષણમાં કાનની મીઠાશ એ મુદ્દાની વાત નથી. પણ કવીતા નામ તેનેજ આપવું ઘટારતછે કે જે મનને તથા જ્ઞાનેંદ્રીઓને હીલવે, વીચાર તીવ્ર કરી સૃષ્ટીની ઓળખ, કુદરતનું ભાન, ઇશ્વરી મહતા અને સંસારી વાતોને ખુશનુમાં આકારથી આંખ આગળ ધરે, અને જેથી કે ટુંકમાં માણસ જાત શ્રેષ્ટ અને ઉત્તમ દશાને પહોંચે. આવી એક કવીતા બેશક મી૦ મલબારી રચતો જણાયછે, અને પારસી કોમના સઉ સુજ્ઞ માણસોને એ ખુશી પેદા કરવા સરજ્યુંછે. .... પણ તેના વીચાર જ્યારે હમે ઘણા ઉમદા દીઠા અને કુદરતને તેણે સારી રીતે પીછાનેલી જોઈ, ત્યારે બચીત અમને તેને વાસતે ઊંચો વીચાર પેદા થયો. મી૦ મલબારીનું તો ગદ્ય પણ કાવ્ય પ્રકારમાં ભળતું દેખાયછે, અને "વીલસન વીરહ" ગ્રંથની જે તેણે અરપણપત્રીકા લખીછે તે એક નમુનોછે.

૩ જી ફેબરવારી ૧૮૭૮. ગુજરાત મિત્ર.

મી૦ બેહેરામજી મેરવાનજી મલબારીએ થોડુંકની વાત ઉપર એક સુંદર ગુજરાતી કવિતાનુ પુસ્તક છપાવી બહાર પાડયું છે. હમે સાંભળ્યુંછે કે કર્ત્તા પોતાના દેશની ભાષામાં એક વિદ્યાન અને રસીક જુવાન ગ્રંથકાર છે. એ કવિતાઓ ત્રણ ભાગમાં વેહેચીછે, ઉપદેશરૂપી, કરૂણારૂપી અને વિનોદરૂપી; અને એ દરેક જાતની કવિતામાં કર્ત્તા પ્રવિણ છે. એ પુસ્તકમાં એક ચિજ ધ્યાનમાં રાખવા જોગ છે, અને તે એ કે આ જુવાન કવિએ દેશી કર્ત્તાઓના પુસ્તકમાં અવલોકન શકિત જે ઘણી જુજ જોવામાં આવેછે, તે પોતામાં પુશકલ બતાવી આપીછે.

તા૦ ૧ લી માર્ચ ૧૮૭૬. બામ્બે ગેઝેટ.

—o—

નીતિવિનોદ સાનંદાશ્ચર્ય ઉપજાવનારૂં પુસ્તક છે. આ પુસ્તકમાં જેવું ગુજરાતી લખાયુંછે તેવું લખાણ કરવાને મુઠીભર પારસીયો પણ શોધી કહાડવા મુશકેલ પડશે. બાર બાર સદી સુધી ફોકટ ફાંફાં મારી જે ભાષા શિખવાને તેમને કુદરતે શકિત નથી આપી, કાંતો તેઓ આલસુ રહ્યા છે, તેવી ભાષામાં પણ આવી પ્રવિણતા મેળવી શકાય; અને ફકત અભ્યાસ અને આગ્રહથી શું રૂડાં પરિણામ નિપજે, તેના દાખલા તરીકે હમો **નીતિવિનોદ** પુસ્તક શિક્ષકો અને સઘળી પ્રજાની હજુર નિર્ભયપણે મુકિયે છિએ, તેમજ એ પુસ્તક વિષે વિદ્યાર્થીઓને અને કુટુંબોને ભલામણ કરિયે છિયે.

તા૦ ૧૨ મી જુન ૧૮૭૫. ઈનડિયન સ્ટેટસમન.

—o—

ગુજરાતી ભાષામાં શુદ્ધ અને મનને ઉંચું કરે એવાં પુસ્તકની મોટી અછત તરફ જોતાં, ગુજરાતી કવિતાના આ સુંદર પુસ્તકને રૂડે માર્ગે ચલાવેલો એક સ્તુતિપાત્ર યત્ન સમજવો જોઇએ. યૂરપખંડના ઘણાજ પસંદ પડતા વિદ્વાનોના પુસ્તકમાં જે પ્રૌઢ વિચારશીલતા તથા કરૂણા આવેછે તેમાંનું કંઈક આ દેશના લોકના મનમાં પેદા કરવું એ કામ આ કાબેલ જુવાન ગ્રંથકર્ત્તાએ આ ચોપડીમાં માથે લીધુંછે. * એક પારસી વિદ્યાર્થીએ બનાવેલો છે એ જોતાં, એ ગ્રંથકર્ત્તાને ગુજરાતી ભાષામાં તાજુબ કરે એટલી પ્રવિણતા છે, એમ બતલાવી આપેછે.

તા૦ ૨૨ મી મે ૧૮૭૫. ટાઇમ્સ આફ ઇનડિયા.

—o—

મી૦ બેહેરામજી મેરવાનજી મલબારીની બનાવેલી 'નીતિવિનોદ' નામની ઉતકૃષ્ટ ગુજરાતી કવિતાની બીજી આવૃત્તિ બહાર પડી ચૂકીછે. શુદ્ધ હિંદુ ગુજરાતીમાં કર્ત્તાને કેટલી અજાયબ જેવી પ્રવિણતાછે તે આ કવિતાઓ ઘણી અચ્છી રીતે દેખાડી આપેછે. પણ આટલામાંજ એ કવિતાના વખાણ પૂરા થતા નથી. એ કવિતાઓ કર્ત્તાની મોટી સ્વતઃકલ્પના દેખાડેછે, અને પ્રૌઢ નીતિમાન શિખામણ આપેછે, જે વાત કર્ત્તાના મગજ તેમજ દિલ બંન્નેને

માન આપતી છે. જે જાતનો અભ્યાસ મી૦ મલબારીએ માંડયોછે તેમાં તેની ફતેહ જોઈ આપણને સાનંદાશ્ચર્ય ઉપજ્યા વગર રેહેતો નથી.

તા૦ ૨૩ મી મે ૧૮૭૬. **ટાઈમ્સ આફ ઈનડિયા.**

———o———

અમે જોઇને ખુશી છીએ કે કર્ત્તા એક પારસી હોવાછતાં તે શુદ્ધ ગુજરાતીમાં એવું સરલ અને સ્વાભાવિક લખાણ કરવાને ફતેહ પામ્યોછે....ત્યારે એક પારસી ગ્રંથકર્ત્તા નાના નાના મિઠા શબ્દોથી લખાણ કરે એ સ્તુતિપાત્ર છે. * અનુપ્રાસપર વધારે ધ્યાન આપવાથી લખાણ ચમકવાળું બન્યું છે. જુદા જુદા છંદો તેમની જોડણીમાં પૂર્ણ હોય એમ લાગેછે, તથા ઘણી ખરી લીટીઓ સરળ કે થડકતી બનીછે. થોડાક ભાગ ખરેખર ઉત્તમ પ્રકારના છે. થોડાક વિષય ઘણાજ અસરકારક લખાયાછે, અને કોઈકવિતામાં તો એક ચીતારાની શક્તિ જણાયછે.—**વિદ્યા મિત્ર.**

———o———

મી૦ મલબારીએ ઘણી ઘણી જાતના છંદો વાવર્યાછે, અને દરેકમાં તે ફતેહમંદ થયોછે. જે જે વિષયો ઉપર લખાણ ચલાવ્યું છે તે સઘળા ઉપયોગી છે. તેઓમાંથી નિકળતો ભાવાર્થ ઘણો ખરો સારો છે. આખાં પુસ્તકમાં એક પાનું પણ એવું નથી કે જેમાં ઘણીજ સરસ અને યશદાયક લીટી નહિ હોય. કવિતાનું બંધાણ તો હમે કહ્યું છે તેમ સંપૂર્ણ છે.

તા૦ ૩૦ મી મે ૧૮૭૫. **ગુજરાત મિત્ર.**

———o———

"નીતિ વિનોદ" ના બનાવનાર મી૦ બેહેરામજી મલબારીએ પોતાની કવિતાના એ ગ્રંથની બીજી આવૃતી બાહેર પાડી છે. કાવીયશાસ્ત્રમાં ખરાં જશ અને ફતેહ પારસી લેખે પેહેલીજવાર મી૦ બેહેરામજીને મળ્યાંછે.

તા૦ ૧૪ મી મે ૧૮૭૬. **રાસ્ત ગોફતાર.**

———o———

પારસીઓમાં કવિતા બનાવનારો ખરો કવિ આજસુધી કોઈ થયો નથી, માટે એ માન મી૦ બેહેરામજી મેરવાનજી મલબારીએ પોતાના "નીતિવિનોદ" નામના કવિતાના ગ્રંથથી મેળવ્યું છે. * * * * * * શુદ્ધ અને સરસ કવિતામાં ફતેહ પામવાનું માન મી૦ બેહેરામજીને છે, * * શુદ્ધ ગુજરાતીમાં આ ઉઘરતા પારસી કવિએ કલંમ ચલાવીછે, જેમા પીંગલના કાયદા પ્રમાણે તરેહવાર પરચુરણ વીશયો ઉપર નાહાની પણ સુંદર અને રસીક કવિતાઓનો આ ૨૧૫ સફાનો ગ્રંથ પારસીઓમાં પેહેલવેહેલોજ બાહાર પડયોછે.

તા૦ ૩૧ મી મે ૧૮૭૫. **રાસ્ત ગોફતાર.**

———o———

તમારા 'નીતિવિનોદ' પુસ્તકની ભેટ ઉપકાર સહિત કબુલ રાખુંછું....
....પણ ઓગણીસ વરશના એક ગ્રંથકર્ત્તા એટલી બધી ભાષાની માહેતગારી અને કવિતાની ચતરાઈ મેળવે, કે જેથી તે સંખ્યાબંધ નિરાળી અને

શુદ્ધ ગુજરાતી કવિતા બનાવી શકે, એ ઘણુંજ સ્તુતિપાત્ર છે, અને મારા વિચારમાં એવું કદી બન્યું નથી.

તા૦ ૨૦ મી સપટેમ્બર ૧૮૭૬. તમારો શુભેચ્છ,

પેસોતન દસ્તુર બેહેરામજી સંજાના.

---o---

શેઠ રણછોડભાઇ ઉદયરામ કહેછે કે * * તમારી કવિતા વાંચી મને ઘણો સંતોષ થયોછે—વધારે એટલામાટે કે પારસીને હામે આવી કવિતાની મેં આશા રાખી ન હોતી * પણ તમારૂં લખાણ તો સરળ અને સ્વાભાવિક થયેલું છે. તમારા લખાણમાં અમારામાં ચાલતા કેટલાક સેહેલા પણ મીઠા શબ્દો વાવર્યાછે, તે ઉપરથી તમે ગુજરાતી ભાષા પછવાડે કેટલું બધું રટણ કર્યું હશે તે તરતજ જણાઈ આવશે. તા૦ ૨૫ મી ડીસેમ્બર ૧૮૭૩.

---o---

શેઠ સોરાબજી શાપુરજી બંગાલી કહે છે કે—મને કહેતાં કશો સંદેહ નથી કે ગુજરાતી ભાષામાં કર્ત્તાનું જ્ઞાન ઘણું અજાયબ જેવું છે, જેવું પારસી લખનારમાં તો ભાગ્યેજ મળે. એ પુસ્તક સઘળી રીતે આશ્રયને યોગ્ય છે, અને તેને પ્રસિદ્ધ થયેલું જોઈ મને સંતોષ થશે. ૧૮૭૪.

---o---

રેવરંડ જે. વિ. એસ. ટેલર કહેછે કે,—* * કર્ત્તા ગુજરાતી કવિતાના નિયમો સારી પેરે સમજેછે, અને તે નિયમોને અજાયબ જેવા અનુસરણથી વળગી રહ્યોછે. બીજા ઘણાકોએ ગુજરાતી કવિતા લખવાને યત્ન કર્યોછે, તેમાં એ વધારે પાર પડયો છે. એની ભાષા શુદ્ધ છે, અને એનું લખાણ સરળ અને કોમળ છે. ૧૯ મી આગસ્ટ ૧૮૭૪.

---o---

મરહુમ દાકતર જાન વિલસન કહેછે કે—મને કેહેતાં બહુ હર્ષ થાયછે કે કર્ત્તાની કાવ્યરચના ઘણી ઊંચી જાતિની છે, અને પુસ્તકમાં સમાવેલા વિચારો દેખાડી આપેછે કે કર્ત્તા એક કવિની કલ્પના તથા તે કલ્પનાને રૂપ આપવાની શક્તિ ધરાવેછે.

૧૮૭૪.

મુંબઈ મધે,

યુનિયન પ્રેસમાં ન્હાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ છાપ્યું.

૧૮૮૧.